બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા જિલ્લાની અંડર-૧૯ ક્રિકેટ ટીમની પસંદગી માટે એક ભવ્ય ઓપન સિલેક્શન ટ્રાયલનું આયોજન બુધવારે ડીસા સ્પોર્ટ્સ ક્લબ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના પ્રમુખ શશીકાન્ત એમ. પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ખેલાડીઓને સંબોધતા શશીકાન્તભાઈ પંડ્યાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે હવે ટીમમાં સ્થાન મેળવવા માટે માત્ર અને માત્ર ખેલાડીની 'સ્કિલ' (આવડત) જોવામાં આવશે. ભૂતકાળમાં જે રીતે બંધ બારણે કે ભલામણોથી પસંદગી થતી હતી, તે પ્રથા હવે ભૂતકાળ બની ગઈ છે. મેદાન પર જે ખેલાડી શ્રેષ્ઠ પ્રદર્શન કરશે અને જેનામાં સાચી સ્પોર્ટ્સમેનશિપ હશે, તેને જ પ્રાથમિકતા આપવામાં આવશે સરહદી જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં રહેતા પ્રતિભાશાળી યુવાનોને પણ પૂરતી તક મળે તેવો અમારો નિર્ધાર છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ? ''હું ક્યારેય ખોટું ચાલવા દઈશ નહીં. જેની પાસે ટેલેન્ટ છે, તેને આગળ આવતા કોઈ રોકી શકશે નહીં.''આ ટ્રાયલ દરમિયાન ડીસા સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ અશોકભાઈ જોશી, લલિતભાઈ પ્રજાપતિ બીસીસીઆઈના સિલેક્ટરો તેમજ જેકીભાઈ જોશી વિશેષ રૂપે હાજર રહ્યા હતા.

# અંકલેશ્વર GIDC પોલીસે ૧૦ જેટલા ગુમ-ચોરી થયેલ મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકને પરત કર્યા



અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના પી.આઈ. આર.એચ. વાળા અને સેકન્ડ પી.આઈ. એમ.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલ ૧૦ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧.૪૮ લાખનો મુદ્દામાલ શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યો હતો. આ કામગીરી તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત કરવામાં આવી હતી. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરી ભાવનગરના સંયુક્ત ઉપક્રમે

# ભાવનગર ખાતે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૧૯

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ભાવનગર ખાતે 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત ''ડિજિટલ યુગમાં બદલાતું સાહિત્ય અને પત્રકારત્વનું સ્વરૂપ'' વિષયક એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. અધેવાડા ખાતે આવેલ જગાભાઈ ગોપનાથ રેસ્ટોરન્ટ ખાતે યોજાયેલ આ સેમિનારમાં સૌરાષ્ટ્ર સમાચારના વરિષ્ઠ પત્રકાર તારકભાઈ શાહે ડિજિટલ મીડિયાના વધતા પ્રભાવ, ફેક્ટ-ચેકિંગની આવશ્યકતા અને જવાબદાર પત્રકારત્વની ભૂમિકા વિશે જણાવી કહ્યું હતું કે, આજનો સમય હરિફાઈ અને ગતિનો છે. છાપું સવારમાં વાચકો સુધી પહોંચે છે, જ્યારે સોશિયલ મીડિયા દ્વારા સમાચાર મિનિટોમાં લોકો સુધી પહોંચી જાય છે, પરંતુ ઝડપ સાથે વિશ્વસનીયતા જાળવવી અત્યંત જરૂરી છે. મહારાજા કૃષ્ણકુમાર સિંહજી યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા તથા જાણીતા સાહિત્યકાર ડૉ. મહેન્દ્રસિંહ પરમારે ડિજિટલ યુગમાં સાહિત્ય અને પત્રકારત્વના બદલાતા સ્વરૂપ વિષે જણાવ્યું કે, ડિજિટલ પ્લેટફોર્મના વધતા પ્રભાવને કારણે સાહિત્યમાં સર્જનાત્મકતા અને અભિવ્યક્તિના નવા આયામો ઉમેરાયા છે અને લેખકોને વૈશ્વિક વાચકવર્ગ સાથે સીધું જોડાવાની અનોખી તક મળી છે. સંયુક્ત માહિતી નિયામક અને પ્રેસ અકાદમીના સચિવ જયેશભાઈ દવેએ પ્રસંગોચિત ઉદબોધન કરતાં કહ્યું કે, સંવાદ માત્ર વિચારોની આપ-લે નથી, પરંતુ સંવેદનાનું વાવેતર કરનાર સશક્ત માધ્યમ છે. ગુજરાત પ્રેસ અકાદમીનો ઉદ્દેશ્ય સંવેદનાસભર વિચાર મૂકવાનો નહીં, પરંતુ સમાજને વિચારતા કરવાનો પણ છે. તેમણે ભાષાના મહત્ત્વ પર ભાર મૂકતાં કહ્યું કે, ભાષા બળૂકી હશે તો સાહિત્ય પણ બળૂકુ હશે. સાહિત્ય અને સંસ્કૃતિ એકબીજાથી અભેદ રીતે જોડાયેલા છે અને સંસ્કૃતિના સંરક્ષણ તથા વિકાસ માટે ભાષા અત્યંત જરૂરી છે. સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયાએ પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, આજના સમયમાં પ્રચાર-પ્રસારના વિવિધ માધ્યમોમાં ટ્રાન્સફોર્મેશન સ્પષ્ટ રીતે જોવા મળે છે. ડિજિટલ પ્લેટફોર્મ તથા એઆઈના પ્રભાવથી ડિજિટલ ક્રાંતિ આવી છે. કાર્યક્રમના પ્રારંભે ભાવનગર જિલ્લા માહિતી કચેરીના ઈ.ચા. નાયબ માહિતી નિયામક રેસુંગ ચૌહાણે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે આભારવિધિ જૂનાગઢના નાયબ માહિતી નિયામક નરેશભાઈ મહેતાએ કરી હતી. કાર્યક્રમના અંતે શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ઉપસ્થિત પત્રકારમિત્રો અને વિદ્યાર્થીઓ સક્રિય રીતે સહભાગી થયા હતાં. કાર્યક્રમનું સંચાલન સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસ અને માહિતી મદદનીશ કૌશિક શીશાંગીયાએ કર્યું હતું. કાર્યક્રમમાં નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વ સુનિલ પટેલ, પારુલ આડેસરા, પ્રિયંકા પરમાર, પત્રકારમિત્રો, સાહિત્યકારો, જૂનાગઢ તથા રાજકોટ ઝોનનાં અધિકારીઓ-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# શિહોરના આંબલા ખાતે માતૃભાષા મહોત્સવ અંતર્ગત પરિસંવાદ યોજાયો



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૧૯

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા માતૃભાષા સપ્તાહ અંતર્ગત ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા ખાતે શિક્ષણવિદ્ મહાનુભાવો દ્વારા માતૃભાષાના મહિમા વિષય પર પરિસંવાદ કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓને સંવાદસભર અને પ્રેરણાદાયી માર્ગદર્શન મળ્યું હતું. ગોહિલવાડની વિરાસત સમાન ગણાતી આ શાળામાં ભાષા, સાહિત્ય અને કેળવણી સંબંધિત સુંદર પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગૌરાંગભાઈ વોરાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં માતૃભાષા પ્રત્યે સજાગ રહેવાની ભાવનાને ઉજાગર કરી આયોજન પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સંસ્થાના નિયામક મેહુલભાઈ ભટ્ટએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ભરતભાઈ વાઘેલાએ રસાળ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમના વક્તા વિશાલભાઈ જોષીએ 'માં મને કક્કો શિખવાડ...'ની રજૂઆત દ્વારા માતૃભાષાને માતૃત્વરૂપે સમજાવી હતી તેમજ વક્તા ઘનશ્યામસિંહ રાઠોડે ગુજરાતી ભાષાના કાવ્ય વૈભવને આખ્યાન ગાન અને હળવી શૈલીમાં રૂપકો દ્વારા વ્યક્ત કરી હતી. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના ધ્વનિમુદ્રિત સંદેશામાં માતૃભાષાના મહાત્મ્ય સાથે રાજ્યભરમાં યોજાયેલા કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. અકાદમી મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ દ્વારા સમગ્ર આયોજન દરમિયાન જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. અંતે ભારતીબેન વોરાએ આભારવિધિ કરી હતી.

# ભરૂચ પાસે અકસ્માતમાં સેન્ટિંગનું લાકડું વાગતાં ટ્રેક્ટરચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૯

ભરૂચના તવરા રોડ પર આવેલાં ગોલ્ડન લક્ઝરીયા ખાતે રહેતાં અને ગુરૂકૃપા કન્સ્ટ્રક્શનમાં સાઇડ એન્જિનિયર તરીકે ફરજ બજાવતાં રોહિત જેરામ કુકડિયા સાયખા જીઆઈડીસીમાં તેમની સાઈટ પર હતાં. તે વેળાં તેમની સાયખાની સાઈટ પરથી ટ્રેક્ટરમાં સેન્ટીંગનો સામાન ઝંઘાર લઈ જવામાં આવી રહ્યો હતો. ટ્રેક્ટર તેમના ડ્રાઈવર દિનેશ કટિયા સિંગાડીયા ટ્રેક્ટર લઈને ઝંઘાર જઈ રહ્યાં હતાં. તે વેળાં નેશનલ હાઈવે પર ભાગ્યોદય હોટલની સામે પહોંચતાં એક ટ્રકના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાનો ટ્રક હંકારી લાવી ટ્રેક્ટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. જેના પગલે ટ્રેક્ટરમાં ભરેલાં સેન્ટીંગના સામાન પૈકીનો સેન્ટીંગના લાકડાના ટેકો ફેંકાઈને ડ્રાઈવર દિનેશના માથામાં વાગતાં ગંભીર રીતે ઘવાયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે પાલેજ આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર વેળાં મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે નબીપુર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માળિયાની ભોળી જનતાને અંધારામાં રાખીને

# માળિયામિયાણા સ્ટેટ વખતની હજારો એકર જમીન મીઠા ઉદ્યોગોને ફાળવી દેવાતા કલેક્ટરને પાઠવ્યું આવેદનપત્ર

## મીઠા ઉદ્યોગોના મગરમચ્છો ઉપર કોના ચાર-ચાર હાથ ? જોરદાર ચર્ચા-ઉગ્ર આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

માળીયા મિયાણા, તા.૧૯

માળીયામિયાણાના ગૌચરની જમીનમાં મીઠા ઉત્પાદન માટે મંજુર કરવામાં આવેલ ગેરકાયદેસર થયેલ પ્રમાણિત નોંધો તાત્કાલિક ધોરણે રદ કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે માળીયા(મી)માં સર્વે નં-૨૩૫ પૈકીની ગૌચરની જમીનમાં મીઠા ઉત્પાદન માટે ગેરકાયદેસર રીતે પ્રમાણિત થયેલ નોંધ નં-૮૭૧૫/૮૭૧૬/૮૭૧૭ અને ૮૭૧૮ નંબરની નોંધ પ્રમાણિત કરવામાં આવેલ છે તે જમીન માળીયા(મી) ગામની ગૌચરની જમીન હોય અને તે રાજાશાહી સમયથી ગૌચર જમીન તરીકે જ તેનો ઉપયોગ હતો. આ જમીન ઉપર મીઠાના ગોરખધંધા કરનારાએ ધાક જમાવી તંત્ર સાથે તાલમેલ કરીને મૂંગા પશુઓ માટે નિયત કરાયેલ ફળદ્રુપ જમીનમાં ગેરકાયદેસર રીતે સરકારના નિયમો અને શરતોને નેવે મુકીને આવી ફળદ્રુપ જમીનમાં મીઠાના કાળા ધંધા માટે મંજુરી મેળવેલ છે જે જમીન અભ્યારણની બાજુની તથા ખેતીની ફળદ્રુપ જમીન તથા મચ્છુ નદીના નિકાલ કાંઠે આવેલ હતી પણ આ જમીન તાજેતરમાં શરત ફેર કરી મીઠા ઉત્પાદન માટે લીઝ પર ગામની જ એક વ્યક્તિના પરિવારના નામે કરવામાં આવેલ છે તો આવી ફળદ્રુપ જમીન પર મીઠા ઉદ્યોગ થવાથી જમીનની ફળદ્રુપતા તથા આજુબાજુની ખેતીની જમીન નદી તથા પર્યાવરણ પર વિપરીત અસર થશે તેથી આવી ગંભીર બાબતે વહેલીતકે યોગ્ય કાર્યવાહી કરી તે નોંધો રદ કરવામાં આવે અને જમીનનો પ્રકાર જૂની ગૌચર યથાવત રાખવામાં આવે તથા આવી ગૌચરની જમીન પર ભ્રષ્ટાચાર કરનાર ગેરકાયદેસર પંચનામા તથા માપણીઓ કરી નિયમ વિરુદ્ધ કામગીરી કરનારા સામે યોગ્ય કડક પગલા ભરવામાં આવે તેવી લાગણી અને માંગણી આવેદનપત્રમાં વ્યક્ત કરવામાં આવી છે. જો ઉપરોક્ત બાબતે વહેલી તકે યોગ્ય ન્યાય નહી મળે તો અમે તમામ ખેડૂતો પશુપાલકો માલધારીઓ તથા ગામ લોકોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે ચાલી આમારા ઢોર-ઢાંખર સહીત રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડશે અને તેમ છતા પણ યોગ્ય ન્યાય નહી મળે તો અમારે ના છુટકે કોર્ટ થકી ન્યાય મેળવવાની ફરજ પડશે. આ દરમ્યાન જો મીઠાના ધંધાર્થીઓ દ્વારા ગેરકાયદેસર રીતે મંજુર થયેલ પ્લોટ પર કોઈ કામગીરી કરવામાં આવશે તો ગામ લોકો સાથે કાયદા વિરુદ્ધ સંઘર્ષ થશે તો તેની તમામ જવાબદારી તંત્રની રહેશે તેથી વહેલીતકે અમારી રજૂઆત બાબતે યોગ્ય કાર્યવાહી કરવા માંગણી કરી છે. અન્યથા જન આંદોલન સાથે કાયદા સાથે ઘર્ષણ થાય તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાશે તેવી ચીમકી ઉચ્ચારતા ખળભળાટ મચી ગયો છે.



કોડીનારની નાગરિક બેંકના કર્મચારીઓની પ્રામાણિકતા

# મહિલા ગ્રાહકના રહી ગયેલા રૂ.૫૦,૦૦૦ પરત કરી વિશ્વસનીયતાનું ઉદાહરણ પૂરું પાડ્યું



(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૧૯

વર્તમાન સમયમાં જ્યારે લોકો એક-એક રૂપિયા માટે લાલચ રાખતા હોય છે, ત્યારે કોડીનાર નાગરિક બેંકના મેનેજર અને કેશિયરે પ્રામાણિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કર્યું છે.

જાણવા મળતી વિગત મુજબ કોડીનારના ખોડીયાર નગર વિસ્તારમાં રહેતા ભારતીબેન ખીમાભાઈ મેરના વૃદ્ધ માતા બીમાર હોય, તેમની સારવાર માટે નાણાંની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. આ માટે ભારતીબેને ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ કોડીનાર નાગરિક બેંકમાં પોતાના સોનાના દાગીના ગીરો મૂકી રૂ.૧,૪૦,૦૦૦નું ધિરાણ મેળવ્યું હતું. માતાની ગંભીર સ્થિતિ અને ઉતાવળમાં ભારતીબેન કેશિયરે આપેલા નાણાં ગણ્યા વગર જ થેલામાં નાખીને સીધા દવાખાને રવાના થઈ ગયા હતા. બેંકના કેશિયરે સાંજે જ્યારે હિસાબ મેળવ્યો ત્યારે કેશમાં રૂ.૫૦,૦૦૦નો વધારો જોવા મળ્યો હતો. બીજા દિવસે પણ આ રકમ બાબતે કોઈ દાવો કરવા ન આવતા, કેશિયરે બેંક મેનેજર બિપિનભાઈ જાનીને જાણ કરી હતી. મેનેજર અને સ્ટાફે સતર્કતા દાખવી બેંકના CCTV કેમેરા તપાસ્યા હતા, જેમાં ભારતીબેન રકમ ભૂલી ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. બેંક દ્વારા ભારતીબેનનો સંપર્ક કરી તેમને બેંકમાં બોલાવવામાં આવ્યા હતા. શરૂઆતમાં ગભરાયેલા ભારતીબેનને નાણાં વિશે પૂછતા તેમણે જણાવ્યું કે નાણાં તો દવાખાનામાં વપરાઈ ગયા છે. જોકે, બેંક સત્તાવાળાઓને ખાતરી થતા, ધિરાણ અપાવનાર સોની જીગ્નેશભાઈ સાગરની ઉપસ્થિતિમાં આ રૂ.૫૦,૦૦૦ની રકમ મૂળ માલિક ભારતીબેનને પરત કરી હતી.

# મોડાસામાં સુરાના બંગલામાં આગથી ઘરવખરી ખાખ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૧૯

મોડાસા શહેરની આઈટીઆઈને અડીને આવેલ સુરાના બંગલા તરીકે જાણીતા રહેણાંક વિસ્તારમાં રહેતા હિંમતસિંહ શંકરસિંહ ચૌહાણના મકાનમાં હાઈ વોલ્ટેજથી શોર્ટ સર્કિટ થતા ઘરમાં આગ લાગી હતી. આ આગને લીધે ઘરમાં રહેલી ઘરવખરી અને વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા પરિવારજનો સમય સૂચકતા વાપરી ઘરની બહાર દોડી આવતા સદનસીબે જાનહાનિ ટળી હતી. ઘરમાં લપકારા મારતી આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા મકાન માલિકે મોડાસા ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ બ્રાઉઝર સાથે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમત બાદ કાબૂ મેળવ્યો હતો. આગ પર કાબૂ મેળવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો આગમાં ૪થી ૫ લાખની ચીજવસ્તુઓ અને ઘરવખરી ખાખ થતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારને જવાબદાર તંત્ર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે તેની માંગ પ્રબળ બની છે. મોટી સંખ્યામાં લોકો સુરાના બંગ્લોમા દોડી આવ્યા હતા.

# ઠાસરાના આગરવામાં બંધ મકાનમાં તસ્કરોનો હાથ ફેરો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

ઠાસરા તાલુકાના આગરવાના જીતપુરા વિસ્તારમાં રહેતા રમીલાબેન દિનેશભાઈ ક્રિસ્તી ગત તા.૧૩ ફેબ્રુઆરીના રોજ પોતાના મકાનને તાળું મારી પરિવાર સાથે અમદાવાદ ખાતે ગયા હતા. ત્યારે તેમના ઘરની જાળીનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરના બેડરૂમમાં રહેલી તિજોરીના લોક તોડી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો અને તેમાંથી સોના-ચાંદીના કિંમતી ઘરેણાંની ચોરી કરી હતી.

ચોરી થયેલા મુદ્દામાલની વિગતો મુજબ, તસ્કરો તિજોરીમાંથી અંદાજે ૨૪ ગ્રામની સોનાની માળા, સોનાની ચેઈન, સોનાની બુટ્ટી, સોનાની વીંટી તથા ચાંદીના કડલા અને ઝાંઝર મળી કુલ ૧,૨૨,૪૦૦ રૂપિયાની મત્તા ચોરી ગયા છે. પડોશીએ દરવાજો તૂટેલો જોઈ પરિવારને ફોન દ્વારા જાણ કરી હતી. ઉપરાંત પડોશમાં રહેતા અન્ય બે મકાનોમાં પણ ચોરીનો પ્રયાસ થયો હોવાની વિગતો ફરિયાદમાં ઉલ્લેખવામાં આવી છે. સમગ્ર મામલે ડાકોર પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# કાલાવડમાં સગપણ માટે યુવતીને જોવા ગયેલા માલધારી પરિવારના પાંચ સભ્યોને માર પડ્યો

## દસ શખ્સો સામે હુમલાની પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૧૯

જામનગર તાલુકાના મોડપર ગામમાં રહેતા માલધારી પરિવારના પાંચ સભ્યો સગપણ કરવા માટે કાલાવડ ટાઉનમાં ગયા હતા, જ્યાં ૧૦ જેટલા શખ્સોએ ઉશ્કેરાઈ જઈ પાંચેય વ્યક્તિ પર હુમલો કરી દીધાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે, જે મામલે કાલાવડ ટાઉન પોલીસ વધુ તપાસ ચલાવે છે. જામનગર તાલુકાના મોડપર ગામમાં રહેતા અને માલધારી તરીકેનો વ્યવસાય કરતા લાલસુરભાઈ ઉર્ફે લાલાભાઈ હીરાભાઈ ઘોડા નામના ૪૬ વર્ષના ગઢવી ચારણ ટુવાન કે જેઓ ગઈકાલે પોતાના પરિવારના અન્ય સભ્યો મેરાભાઈ, હાજાભાઈ, અમરાભાઈ વગેરેને સાથે રાખીને કાલાવડ ટાઉનમાં રહેતા હેમશીભાઈ પોલાભાઈના ઘેર તેમની બહેન રામીબેનના સગપણની વાત કરવા માટે ગયા હતા. જે દરમિયાન કાનાભાઈ દેપાળભાઈ માલાણી સહિત ૧૦ જેટલા સભ્યોએ આવીને હંગામો કર્યો હતો અને તમામને ધોકા લાકડી વડે હુમલો કરી ઈજાગ્રસ્ત બનાવ્યા હતા, જેથી આ મામલો કાલાવડ પોલીસમાં લઈ જવાયો હતો. જ્યાં પોલીસે લાલસુર ભાઈની ફરિયાદના આધારે કાનાભાઈ માલાણી, ગોગન દેપાળભાઈ માલાણી, રણછોડ દેવપાલભાઈ માલાણી, દાનાભાઈ ગોગનભાઈ માલાણી, પીઠાભાઈ સોમનાથભાઈ માલાણી હેલારભાઈ ખીમકરણ માલાણી, રાજલ નાથાભાઈ માલાણી માણસી પાતાભાઈ માલાણી, ૪૩ હરજુગ પાતાભાઈ માલાણી, અને જખરા પોલાભાઈ માલાણી સામે ગુ નોંધ્યો છે અને તમામ આરોપીઓને પોલીસ શોધી રહી છે. ફરિયાદી અને તેના પરિવારના સભ્યો રામિબેનના સગપણની વાત કરવા માટે ગયા હતા, ત્યાં આરોપીઓને આ સંબંધ પસંદ ન હોવાથી હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

મહિલા સશક્તિકરણ પ્રોજેક્ટ હેઠળ

# અંજાર ખાતે ડિજિટલ સાક્ષરતા અને કમ્પ્યુટર શિક્ષણ વિષયક જાગૃતિ સેમિનારો યોજાયા

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૧૯

મહિલાઓને ડિજિટલ યુગમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા મહિલા સશક્તિકરણ પ્રોજેક્ટ ૨૦૨૫-૨૬ના ભાગરૂપે મદીનાનગર અને એકતાનગર અંજાર ખાતે તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ ડિજિટલ સાક્ષરતા તથા કમ્પ્યુટર શિક્ષણ વિષયક જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં અંજાર તથા આસપાસના વિસ્તારોની અનેક મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટ્રસ્ટના કચ્છ મહિલા વિભાગના પ્રમુખ શબનમબેન મલિકના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ આયોજિત આ સેમિનારોમાં મુખ્ય વક્તા તરીકે અંજારના પ્રખ્યાત કમ્પ્યુટર ક્લાસના સંચાલક કૌશલ્યાબેને ભાગ લીધો હતો. તેમણે મહિલાઓને આધુનિક ડિજિટલ દુનિયામાં કમ્પ્યુટર જ્ઞાનની અનિવાર્યતા ઓનલાઈન સુરક્ષા ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ, ઈ-કોમર્સ, ઓનલાઈન બેન્કિંગ, સરકારી યોજનાઓની ઓનલાઈન અરજીઓ તથા તેના દ્વારા મળી શકતી આર્થિક તકો અને સ્વરોજગારની અનેક સંભાવનાઓ વિશે વિસ્તૃત અને ઉત્સાહભર્યા રીતે સમજાવ્યું હતું. મદીનાનગર ખાતેના સેમિનારનું સંચાલન સમીરાબેને કર્યું હતું જ્યારે એકતાનગર ખાતેના કાર્યક્રમની જવાબદારી મેમુનાબેન ખત્રીએ સંભાળી હતી. બંને સેમિનારોમાં મહિલાઓએ પોતાના પ્રશ્નો પૂછીને સક્રિય ભાગીદારી દર્શાવી હતી અને ટ્રસ્ટની આ પ્રશંસનીય પહેલની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી.

સંસ્થાના પ્રમુખ હાજી મોહંમદભાઈ આગરિયાએ ઉપરોક્ત પ્રોજેક્ટ શરૂ થતા તમામ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી તથા સંસ્થા મહિલા સશક્તિકરણ માટે હમેશા અથાક પ્રયાસો કરતી રહેશે તેવી ખાતરી આપી હતી તેમ સંસ્થાના પ્રવક્તા જલાલશા સૈયદે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મોડાસામાં ત્રણ હોટલ માલિકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી હોટલ, ઢાબા અને ગેસ્ટહાઉસમાં સીસીટીવી કેમેરા નહીં લગાવનાર સંચાલકો સામે પોલીસ સખ્ત કાર્યવાહી કરી રહી છે મોડાસા ટાઉન પોલીસે બાયપાસ રોડ પર રાણાસૈયદ સર્કલ પર આવેલ ત્રણ હોટલ અને ઢાબા માલિક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પીઆઈ ડી.બી.વાળા અને તેમની ટીમે રાજ્ય ગૃહ વિભાગે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ ગુણવત્તા સભર સીસીટીવી કેમેરા નહીં લગાવનાર અને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાંનો ભંગ કરનાર હોટલ, ઢાબા અને ગેસ્ટ હાઉસ સંચાલકો સામે તપાસ હાથધરતા રાણાસૈયદ સર્કલ પર આવેલ ન્યુ હરિયાણા મેવાત, ન્યુ નેશનલ મેવાત અને ન્યુ અલવર મેવાત હોટલ પર ગુણવત્તા સભર સીસીટીવી કેમેરાનો અભાવ જોવા મળતા પોલીસે ૧) સુબાન ઈશાક મિયાંસાબ (રહે, આધંકા, રાજ), ૨) અબ્બાસ સરફખા પઠાણ (રહે,જીવત-હરીયાણા) અને ૩) રાશીદખાન ઈલિયાસ ખાન મેવ (રહે,પાપડા-રાજ)ની અટકાયત કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# મોડાસા : NSS કેમ્પમાં અગ્નિસુરક્ષા અંગે માર્ગદર્શન

મોડાસા, તા.૧૯

મોડાસા તાલુકાના પાલનપુર (સબલપુર) ખાતે ગુજરાત ઈન્જીનિયરીંગ કોલેજ દ્વારા તા.૧૬થી તા.૨૨ ફેબ્રુઆરી એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પ અંતર્ગત મોડાસા ફાયર વિભાગ દ્વારા અગ્નિસુરક્ષા તથા આપત્તિ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા હાજર વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોને આગ લાગવાની ઘટનામાં કેવી રીતે પોતાનો અને અન્ય લોકોનો બચાવ કરી શકાય ? તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ગુજરાત ઈન્જીનિયરીંગ કોલેજના પ્રો. અંકિત પટેલ તથા જિલ્લા કાર્યક્રમ અધિકારી (ડી.પી.ઓ.)ના માર્ગદર્શન અને આયોજન હેઠળ સફળતાપૂર્વક કાર્યક્રમ યોજાયો હતો.

### સ્કૂલ બોર્ડની ચર્ચા દરમ્યાન મામલો ગરમાયો

# AMCની બજેટ બેઠકમાં એકબીજાની પાર્ટીની સ્થાપના સહિતના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ આમને-સામને

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ ૨૦૨૬-૨૭ની બજેટલક્ષી સભા બેઠક ગુરૂવારના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે યોજાઇ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, વીએસ હોસ્પિટલ, AMTS અને માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના બજેટ પર ચર્ચા કરવામાં આવી હતી.



નેતાઓએ કહ્યું હતું કે અમે સ્કૂલ બોર્ડની વાત નથી કરી, ભાજપના શાસનમાં જે બન્યું છે એની વાત કરી છે. ભાજપના શાસન દરમિયાન અપમાનો અને આવા બનાવો અંગે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો ઉગ્ર બની ગયા હતા.

બજેટ બેઠકની સૌપ્રથમ શરૂઆત સ્કૂલ બોર્ડના બજેટ પર ચર્ચાથી શરૂ કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડની સ્કૂલો ખાનગી સ્કૂલો કરતા ખૂબ સારી અને સ્માર્ટ સ્કૂલો બની ગઈ છે. મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા બાળકોને સ્માર્ટ રૂમ, લેબોરેટરી, પ્લેગ્રાઉન્ડ સહિતની સારી સુવિધાઓ સાથે શિક્ષણ મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પ્રવેશોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. આજે ખાનગી શાળામાંથી બાળકો હવે સરકારી શાળામાં અભ્યાસ કરવા માટે એડમિશન લઈ રહ્યા છે અને તેમાં પણ વેઈટિંગ હોય છે.

સ્કૂલ બોર્ડના બાળકોને પાયાનું શિક્ષણ મળે છે. પાણી, ટ્રાફિક સહિતની અનેક બાબતો શીખવાડવામાં આવી રહી છે. બાળકોને લીડરશીપના ગુણ આપવામાં આવે છે. આજના આધુનિક જમાનામાં AI ટેકનોલોજી પણ શીખવાડવામાં આવે છે.

## ૭૦ વર્ષના કોંગ્રેસના શાસનમાં શું હતું તે અંગે BJPના કોર્પોરેટરો અને હોદ્દેદારો બોલતા હતા ત્યારે વિપક્ષના નેતાએ કહ્યું- દેશને આઝાદી અપાવવામાં કોંગ્રેસનો મહત્ત્વનો ફાળો હતો

સવારે ૯:૪૫ વાગ્યાથી બજેટ બેઠક શરૂ થઈ હતી. મેયર પ્રતિભા જૈને ચારેય બજેટ બેઠક પર ચર્ચા કરવા અંગેની મંજૂરી આપી હતી.

સ્કૂલ બોર્ડની ચર્ચામાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ આમને-સામને આવી ગયા હતા. દાણીલીમડા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર રમીલાબેન પરમારે જાહેરમાં નિવેદન કર્યું હતું કે તમારા શાસનમાં શિક્ષકો દ્વારા બાળકો ઉપર બળાત્કારો થાય છે. આ નિવેદનને લઈને ભાજપના કોર્પોરેટરો ઉગ્ર થઈ ગયા હતા. મણીનગર વોર્ડના ભાજપના મહિલા કોર્પોરેટર ઈલાક્ષીબેન શાહે સદનમાં બળાત્કારનો શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે શબ્દ પાછો ખેંચવા માટેની માગ કરી હતી. અમદાવાદ સ્કૂલ બોર્ડના એક પણ શિક્ષકો બળાત્કાર કરતા નથી તમે આ નિવેદન કર્યું એ યોગ્ય નથી એવી રજૂઆત કરી હતી.

કોંગ્રેસના કોર્પોરેટરો અને

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને કહ્યું AIથી ભણાવીએ છીએ, કોંગ્રેસનો સવાલ : કેટલા કોર્પોરેટર અને તેમના પડોશીના છોકરા ભણે છે ? ૧૦૨ શાળામાં તો શૌચાલય પણ નથી

સામને આવી ગયા હતા. સ્ટેન્ડિંગ ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું કે કોર્પોરેશનની સ્કૂલોમાં AIથી ભણાવીએ છીએ, તો કોંગ્રેસે પૂછી લીધું કે કેટલા કોર્પોરેટરોના અને તેમના પડોશીના છોકરા ભણે છે ?, ૧૦૨ શાળામાં તો શૌચાલય પણ નથી.

બજેટ બેઠકમાં ખ્યાતિ કાંડનો મુદ્દો ઉઠ્યો હતો. સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા માં કાર્ડ યોજનાની વાત કરવામાં આવી હતી. વિપક્ષે કહ્યું કે તમારા શાસનમાં ખ્યાતિ કાંડ જેવા કાંડ થાય છે. લોકોના ખોટા ઓપરેશન કરવામાં આવે છે. હોસ્પિટલમાં લોકોને લૂંટવામાં આવે છે. જરૂર વગર લોકોના ઓપરેશન થાય છે. લોકોને હવે સરકારી યોજનાઓ પર વિશ્વાસ કરતા બીક લાગે છે. વીએસ હોસ્પિટલ હાલ બંધ હાલતમાં છે.

સ્કૂલ બોર્ડના બજેટની ચર્ચા દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો તેમજ નેતાઓ આમને-સામને આવી ગયા હતા. દાણીલીમડા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર રમીલાબેન પરમારે જાહેરમાં નિવેદન કર્યું હતું કે તમારા શાસનમાં શિક્ષકો દ્વારા બાળકો ઉપર બળાત્કારો થાય છે. આ આવે છે. સ્કૂલ બોર્ડના બજેટની ચર્ચા દરમિયાન ૭૦ વર્ષના કોંગ્રેસના શાસનમાં શું હતું તે અંગે ભાજપના કોર્પોરેટરો અને હોદ્દેદારો બોલતા હતા જેને લઈને વિપક્ષના નેતાએ ટિપ્પણી કરી હતી જેથી ભાજપ અને કોંગ્રેસના નેતાઓ એકબીજાની પાર્ટીની સ્થાપનાથી લઈ અને શું કરે છે તે બાબતે આમને સામને આવી ગયા હતા. વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે કહ્યું હતું કે દેશને આઝાદી અપાવવામાં કોંગ્રેસનો મહત્વનો ફાળો હતો.

પૂર્વ મેયર અને કોર્પોરેટર કિરીટ પરમાર તેમજ ભાજપના પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણાએ પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડમાંથી જ અભ્યાસ કર્યો હોવાનું સ્ટેન્ડિંગ ચેરમેને કહ્યું તો વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે ત્વરિત કહ્યું કે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનો પાયો કોંગ્રેસે નાખ્યો છે. સદનમાં કોર્પોરેટર કિરીટ પરમાર પોતે જવાબ આપે કે તેમને કોંગ્રેસના શાસનમાં કેવું શિક્ષણ મળતું હતું. ભાજપના સાંસદ દિનેશ મકવાણાને પણ પૂછો કે કોંગ્રેસના શાસનમાં કેવું શિક્ષણ આપવામાં આવતું હતું.

## બજેટ સભામાં ઈકબાલ શેખે VS હોસ્પિટલ મુદ્દે કાગળો ઉછાળી વોકઆઉટ કર્યું

### વિકાસના નામે ફક્ત આંકડાનો ખેલ : શેખ



અમદાવાદ,તા.૧૯

AMCના બજેટ સત્ર દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા વી.એસ. હોસ્પિટલનું બજેટ રજૂ કરવામાં આવી રહ્યું હતું. તે સમયે સિનિયર મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખએ તીખા શબ્દોમાં સત્તાધારી પક્ષ પર ગંભીર આક્ષેપો કર્યા. ઈકબાલ શેખે જણાવ્યું કે વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂા.૨૫૭.૫૯ કરોડ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂા.૨૦૧૨.૫૭ કરોડ જેવા ભવ્ય આંકડાઓ ફક્ત કાગળ ઉપર દેખાડવા માટે છે. તેમણે સત્તાધારી તંત્રને સીધો સવાલ કર્યો: "કરોડો રૂપિયાનું બજેટ મંજૂર થાય છે, તો પછી અમદાવાદના ગરીબ દર્દીઓને સારવાર કેમ નથી મળતી? કેમ વી.એસ. હોસ્પિટલને જાણે ઈરાદાપૂર્વક ખોખલી બનાવી દેવામાં આવી રહી છે ?" તેમણે આક્ષેપ કર્યો કે વી.એસ. હોસ્પિટલમાં એકપણ સુપર સ્પેશિયાલિટી વિભાગ કાર્યરત નથી. ગાયનેક, ઓર્થોપેડિક, પીડીયાટ્રિક કે અન્ય ગંભીર દર્દીઓને સીધા એસ.વી.પી.માં રિફર કરવામાં આવે છે. આ સ્થિતિ ગરીબોની સારવારને ખાનગીકરણ તરફ ધકેલવાનો પ્રયાસ હોવાનું તેમણે જણાવ્યું. ઈકબાલ શેખે વધુમાં જણાવ્યું કે "વી.એસ. હોસ્પિટલ એક સમયે ગરીબોની જીવનદોરી હતી. આજે તેને ફક્ત પગાર-પેન્શન અને કોન્ટ્રાક્ટની વ્યવસ્થામાં સીમિત કરી દેવામાં આવી છે. વિકાસના નામે ફક્ત આંકડાનો ખેલ ચાલી રહ્યો છે." તેમણે ચેરમેનને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "હું તમારા જૂઠના બજેટનો ભાગ નહીં બનું. ગરીબોના હિત સાથે દગો થાય ત્યારે મૌન રહેવું પાપ છે." આ સાથે જ ઈકબાલ શેખે બજેટના કાગળો મેયરના ડેસ્ક પર ફેંકી બજેટ સત્રમાંથી વોકઆઉટ કર્યો અને સત્તાધારી તંત્ર સામે ખુલ્લો રાજકીય બળવો નોંધાવ્યો.

## ક્રિપ્ટોકરન્સીમાં રોકાણથી પૈસા કમાવવાની લાલચમાં યુવકે પાંચ લાખ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

શહેરના બોપલ વિસ્તારમાં મોબાઈલ રિપેરિંગનો વ્યવસાય કરતા એક યુવકને ક્રિપ્ટોકરન્સીમાં ઓછું રોકાણ કરી વધુ વળતર મેળવવાની લાલચ એટલી મોંઘી પડી કે તેણે પોતાની પરસેવાની કમાણીના ૫.૫૬ લાખ રૂપિયા સાયબર ઠગોને હવાલે કરી દીધા પ્રાપ્ત માહિતી અનુસાર, ઘાટલોડિયામાં રહેતા ૩૪ વર્ષીય શક્તિસિંહ ઠાકોર સાથે થયેલી આ છેતરપિંડીની શરૂઆત એક ઈન્ટરનેશનલ વોટ્સએપ નંબરથી થઈ હતી. ૯-૮-૨૦૨૫ના રોજ 'માયા શર્મા' નામની યુવતીએ શક્તિસિંહનો સંપર્ક કરી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવાની લિંક મોકલી હતી. યુવકે શરૂઆતમાં લિંક ઓપન કરી ૯,૫૦૦ રૂપિયા ભરીને રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ઠગોએ બનાવેલી ફેક એપ્લિકેશનમાં શક્તિસિંહના રોકાણ સામે ડોલરમાં મોટો નફો બતાવવામાં આવતો હતો, જેનાથી લલચાઈને યુવકે અલગ-અલગ બેંક ખાતામાં કુલ ૫,૫૬,૩૫૦ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. જ્યારે શક્તિસિંહે પોતાનો નફો વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગોએ નવો પેંતરો રચ્યો. જેમાં તેમને કહેવામાં આવ્યું કે, તમારા ખાતામાં ૧૨ લાખ રૂપિયા જમા થઈ ગયા છે, પરંતુ આ રકમ ઉપાડવા માટે તમારે વધારાના ૫,૨૯,૫૨૬ રૂપિયા ટેક્સ પેટે ભરવા પડશે. આ સાંભળતા જ શક્તિસિંહને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો અને તેમણે વધુ નાણાં ભરવાને બદલે પોલીસનો સંપર્ક કર્યો હતો. ભોગ બનનાર યુવકે આ અંગે બોપલ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધીને જે બેંક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર થયા છે તેની વિગતો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## સગીરાના દુષ્કર્મ-અપહરણ કેસમાં આરોપી અને તેને આશરો આપનાર બહેન-બનેવીને પણ ૨૦ વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વિજાપુર તાલુકાની ૧૬ વર્ષીય કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના ચકચારી કેસમાં મહેસાણાની સ્પેશિયલ પોક્સો કોર્ટે મુખ્ય આરોપી ભાવેશ રાઠોડ ઉપરાંત તેને ગુનામાં સાથ આપી આશરો આપનાર તેની બહેન કોમલ રાઠોડ અને બનેવી કિશન રાઠોડને પણ તકસીરવાન ઠેરવી ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આરોપી ભાવેશ રાઠોડ વિજાપુરની સગીરાને લગ્નની લાલચ આપી ભરૂચ બસ સ્ટેન્ડ ખાતે બોલાવી ભગાડી ગયો હતો. ત્યારબાદ તે સગીરાને પોતાની બહેન કોમલ અને બનેવી કિશનના ઘરે લઈ ગયો હતો. ત્યાં સગીરાની મરજી વિરૂદ્ધ વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ સમગ્ર કૃત્યમાં બહેન અને બનેવીએ આરોપીને આશરો આપી ગુનામાં મદદગારી કરી હતી, જે અંગે વિજાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

## હાટકેશ્વર બ્રિજ તોડવાની માંગ સાથે માનવ અધિકાર ગ્રુપના ધરણા



અમદાવાદ,તા.૧૯

માનવ અધિકાર ગ્રુપ અને નાગરિકો દ્વારા હાટકેશ્વર બ્રિજ તોડવાની ઉગ્ર માંગ સાથે ધરણા પ્રદર્શન કરળામાં આવ્યા હતા. માનવ અધિકાર ગ્રુપના પ્રમુખ જયોર્જ ડાયસે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ભ્રષ્ટાચારના પ્રતિક સમાન હાટકેશ્વર છત્રપતિ શિવાજી મહારાજ ફલાય ઓવરબ્રિજ નબળી અને હલકી ગુણવત્તામાં બનાવેલ હોય ક્યારે પડે અને મોરબી પુલ કરતા પણ મોટી હોનારતનું પ્રતિક બને તેવી દહેશત હોય નાગરિકો દ્વારા બ્રિજ તોડો..હોનારત રોકો... આંદોલન કરવામાં આવ્યું હતું જેના પરિણામે તોડવાનો નિર્ણય લઈ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું તે બ્રિજ તોડવાનું કામ શરૂ થતો થયું પરંતુ અધુરૂં મુકી દેવામાં આવ્યું છે આ અધુરા બ્રિજના બે મોટા વિશાળ સ્પાન હાલમાં ત્રણ ટેકા પર ટકેલા છે. મોરબીના ઝુલતા પુલ કરતા પણ મોટી હોનારત સર્જાય તેવી દહેશત રહેલી છે. છતાં આઈઆઈટી ગાંધીનગર દ્વારા સ્પાન તોડવાની મંજુરીમાં ઉદાસીનતા સેવી રહ્યા છે. માંગ સાથે માનવ અધિકાર ગ્રુપના પ્રમુખ અને પૂર્વ મ્યુનિ. કાઉન્સિલર જયોર્જ ડાયસની આગેવાની હેઠળ હાટકેશ્વર સર્કલ, બ્રિજ નીચે આક્રોશ સાથે ઉગ્ર ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેને લઈ મ્યુનિ. કાઉન્સિલર જયોર્જ ડાયસ, બળદેવભાઈ દેસાઈ, કૌશલ તિવારી, રાશ ચૌધરી, પ્રકાશ નાયડુ, રાજેન્દ્ર પટેલ, સંજય સામેત્રિયા, પુષ્પાબેન ડિકોસ્ટા, દુરઈ સ્વામી ગ્રામીણ, આસીફ શેખ, મહેન્દ્ર બીજવા, શેખર રાજપુત, હેમંત ગુરવ, ભરત પુરોહિત, સમીર અન્સારી, શૈલેષ માંડલીયા, મહેશ જીલ્પે વગેરેની અટકાયત કરી ખોખરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

### ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વધારાની ૧૩૦૦ બસો દોડાવવા નિર્ણય

## રાજ્યમાં હોળી-ધૂળેટીના તહેવારોમાં એસ.ટી. નિગમ વધારાની બસો દોડાવશે

### તા.૨૭ ફેબ્રુ.થી ૫ માર્ચ દરમ્યાન વધારાની ૭૫૦૦ ટ્રીપોનું થશે સંચાલન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન નાગરિકો પોતાના પરિવાર સાથે વતનમાં તહેવાર ઉજવી શકે તે માટે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વધારાની બસોનું સંચાલનનું કરવામાં આવશે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વધારો કરીને કુલ ૧૩૦૦ વધારાની બસો દ્વારા ૭૫૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જનારા મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. હોળીના તહેવારમાં ડાકોરમાં ફૂલડોલોત્સવ તથા દ્વારકામાં પણ લાખો ભાવિભક્તો દર્શનાર્થે જતા હોય છે. ભક્તોને પરીવહનમાં કોઈપણ અગવડ ન પડે તે હેતુથી દ્વારકા અને ડાકોર જનારા દર્શનાર્થીઓ માટે ૪૫૦ બસો દ્વારા ૩૫૦૦ ટ્રીપો ફાળવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિશેષ સેવાઓ તા. ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ દરમિયાન કાર્યરત રહેશે. મુસાફરોની સુવિધા અને ભીડને ટાળવા માટે નિગમ દ્વારા ઓનલાઈન બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરો નિગમની વેબસાઈટ www.gsrtc.in અથવા GSRTC મોબાઈલ એપ્લિકેશન દ્વારા એડવાન્સ બુકિંગ કરાવી શકે છે. આ સમગ્ર સંચાલન સંબંધિત કોઈપણ પૂછપરછ માટે મુસાફરો નિગમના ટોલ ફ્રી નંબર પર ૨૪ કલાક સંપર્ક કરી શકે છે. દરેક ડેપો ખાતેથી પણ આ વધારાની સર્વિસોની માહિતી અને ટિકિટ ઉપલબ્ધ રહેશે. રાજ્યના નાગરિકોને આ પરિવહન સેવાનો મહત્તમ લાભ લેવા અને મુસાફરી સુરક્ષિત બનાવવા એસ. ટી. નિગમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

### રાજ્યના વિવિધ તાલુકાઓના તાલુકા વિકાસ અધિકારી માટે ફરમાન જારી

## સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા રાજ્યમાં ૫૯ TDOની બદલી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

આવનારા સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. એ પૂર્વે ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે મોટો વહીવટી નિર્ણય લીધો છે. રાજ્યભરમાં કાર્યરત તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) સહિતના અધિકારીઓની વ્યાપક બદલીના આદેશ બહાર પાડવામાં આવ્યા છે. તાજેતરમાં જાહેર કરાયેલા આ હુકમ મુજબ 59 TDOની એક તાલુકા અથવા જિલ્લાથી બીજા તાલુકા-જિલ્લામાં બદલી કરવામાં આવી છે. કેટલાક અધિકારીઓને સ્વવિનંતી આધારે, જ્યારે કેટલાકને જાહેરહિત અને વહીવટી સુચારૂતા માટે નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ૫૯ ટીડીઓની બદલીના આદેશ કરાયા છે.

આગામી સમયમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી હોઈ તે અગાઉ સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી હાથ ધરાયેલ બઢતી-બદલીઓના દોરમાં હવે વધુ અધિકારીઓની બદલીઓ કરવાના હુકમો જારી કરાયા છે આ વખતે ૫૯ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની એકસાથે બદલીઓ કરવામાં આવી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકાઓના ટીડીઓને બદલીને અન્ય તાલુકાઓમાં મૂકવામાં આવ્યા છે.

## CETની ફાઈનલ આન્સર કી જાહેર - વિદ્યાર્થીઓને ૧ ગુણ ગ્રેસ અપાશે

### ફાઈનલ આન્સર કીમાં એક પ્રશ્નમાં ભુલ જણાતા ૫.૮૮ લાખ વિદ્યાર્થીઓને ગ્રેસનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

જ્ઞાનશક્તિ-રક્ષાશક્તિ જેવી પ્રોજેક્ટ સ્કૂલોમાં પ્રવેશ તથા જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ માટે સમગ્ર રાજ્યમાં લેવામાં આવેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં એક પ્રશ્નમાં ભુલ હોવાનું જણાતા તમામ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમમાં ૪ અને અંગ્રેજી માધ્યમમાં ૧ પ્રશ્નના જવાબમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા વિદ્યાર્થીએ જે પણ વિકલ્પ લખ્યો હશે તે સાચો ગણી ગુણ અપાશે.

રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના માટે CET આધારિત મેરિટ પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા CETનું જાહેરનામું બહાર પાડ્યા બાદ નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૭,૫૨,૭૬૯ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. ત્યારબાદ ૩૧ જાન્યુઆરીના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં આવેલા કુલ ૨,૯૬૪ પરીક્ષા કેન્દ્રોના ૨૬,૨૯૯ બ્લોકમાં CET લેવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૫,૮૭,૬૯૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે ૧,૬૫,૦૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ફાઈનલ આન્સર કી જાહેર કરી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલી ફાઈનલ આન્સર કી અનુસાર, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નપત્રમાં એક પ્રશ્નમાં ભુલ હોવાના પગલે તે પ્રશ્ન માટે તમામ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમના પ્રશ્નપત્રમાં ચાર પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પો સાચા હોવાનું જણાતા વિદ્યાર્થીએ ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે તેના ગુણ અપાશે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં પણ એક પ્રશ્નમાં ભુલ જણાતા તેના ગ્રેસ ગુણ આપવાનું નક્કી કરાયું છે. જ્યારે એક પ્રશ્નમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે તો વિદ્યાર્થીઓને ગુણ મળશે.

## હોમગાર્ડ જવાનોને પોલીસ જેવી નોકરીના લાભો આપી શકાય નહીં, પરંતુ લઘુત્તમ પે સ્કેલ આપવા હાઈકોર્ટની ભલામણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે હોમગાર્ડ જવાનોને પોલીસ કર્મચારીઓ સમાન સેવાકીય લાભો આપવાનો ઈન્કાર કર્યો છે, પરંતુ સાથે જ તેમના દૈનિક ભથ્થામાં સુધારો કરવા માટે રાજ્ય સરકારને મહત્વનું સૂચન કર્યું છે. જસ્ટિસ મૌલિક જે.શેલતની ખંડપીઠે આ મામલે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, જો હોમગાર્ડ જવાનોને મળતું દૈનિક ભથ્થું પોલીસ કર્મચારીઓના લઘુત્તમ વેતન કરતા ઓછું હોય, તો સરકારે આ બાબતે વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવો જોઈએ જેથી તેમને સમાન સ્તરે દૈનિક ભથ્થું મળી શકે. આ કેસની વિગતો મુજબ, વિવિધ અરજદારો દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી કે તેમની નિમણૂક બોમ્બે હોમગાર્ડ એક્ટ હેઠળ પોલીસ સત્તાધીશો દ્વારા જ કરવામાં આવી છે. આ નિમણૂક પૂર્વે તેઓએ પોલીસ ભરતીની જેમ જ શારીરિક અને લેખિત પરીક્ષાઓ પાસ કરી છે અને જરૂરી તાલીમ પણ મેળવી છે. હોમગાર્ડના જવાનો મહિનામાં અંદાજે ૨૭ દિવસ ફરજ બજાવે છે અને તેમની કામગીરીનું સ્વરૂપ પણ પોલીસ જેવું જ હોવાથી, તેઓને પોલીસ કર્મચારીઓ જેવો જ પગાર અને અન્ય સેવાકીય લાભો મળવા જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી. સામે પક્ષે રાજ્ય સરકાર દ્વારા આ દલીલોનો વિરોધ કરવામાં આવ્યો હતો. સરકારે રજૂઆત કરી હતી કે હોમગાર્ડ એ એક સ્વૈચ્છિક સંસ્થા છે અને તેની કામગીરી પોલીસ કર્મચારીઓ જેવી કાયમી કે સમાન નથી. હાઈકોર્ટે સરકારની દલીલો અને કાયદાકીય જોગવાઈઓને ગ્રાહ્ય રાખતા સ્પષ્ટ કર્યું કે, હોમગાર્ડ એક્ટ અને ગુજરાત પોલીસ એક્ટ મુજબ બંનેની ફરજો અને કાર્યો અલગ-અલગ છે. અદાલતે જણાવ્યું કે જ્યાં કામ અને ફરજ સમાન ન હોય ત્યાં 'સમાન કામ, સમાન વેતન'નો સિદ્ધાંત લાગુ કરી શકાય નહીં. કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે હોમગાર્ડના જવાનો કટોકટીના સમયે સેવા આપતા સ્વૈચ્છિક સભ્યો છે અને તેઓ તેમની ફ્રી સમયમાં અન્ય વ્યવસાય પણ કરી શકે છે. આથી તેમને બોર્ડર વિંગ હોમગાર્ડ્સની જેમ કાયમી ગણીને સમાન લાભો આપી શકાય નહીં. જોકે, માનવીય અભિગમ દાખવતા કોર્ટે રાજ્ય સરકારને તેમના દૈનિક ડ્યુટી એલાઉન્સ (DDA)ના દરોમાં સુધારો કરવા માટે નિર્દેશ આપ્યો છે, જેથી આ જવાનોને આર્થિક રીતે ન્યાય મળી રહે.

### ગુજરાત સરકાર એક્શન મોડમાં

## બોર્ડની પરીક્ષામાં હવે ધમકી મળશે તો શાળા તરત જ ખાલી નહીં કરાવાય

### ચાલુ પરીક્ષામાં ધમકીભર્યો મેઈલ આવે તો શું કરવું તે અંગે ગૃહ તથા શિક્ષણ વિભાગની મળી બેઠક

(સવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ કોર્ટ અને શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો સિલસિલો ચાલુ જ છે, અને અટકવાનું નામ નથી લઈ રહ્યો. પરંતુ હવે તંત્રને ટેન્શન પરીક્ષાઓનું છે. થોડા દિવસમાં શાળા-કોલેજોમાં પરીક્ષાઓ શરૂ થશે. તેમજ બોર્ડની પરીક્ષાઓ પણ આવશે. આવામાં ચાલુ પરીક્ષામાં જો બોમ્બનો કોલ આવ્યો તો શું કરવું? ત્યારે વારંવાર મળતી ધમકીઓને પગલે ગુજરાત સરકારના ગૃહ, પોલીસ અને શિક્ષણ વિભાગની એક મહત્વની બેઠક મળી હતી. જેમાં સ્કૂલમાં ચાલુ પરીક્ષા દરમિયાન જો બોમ્બની ધમકી કે મેસેજ મળે ત્યારે તાત્કાલિક પરીક્ષા કેન્દ્રો ખાલી નહીં કરાવાય તેવો નિર્ણય લેવાયો છે. હવે થોડા દિવસોમાં જ બોર્ડની પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. ત્યારે ધમકીભર્યા મેઈલ મળવાના સિલસિલાથી તંત્ર પણ વિચારમાં મૂકાયું છે કે, ગમે ત્યારે આવી જતા ધમકીભર્યા મેઈલ ચાલુ પરીક્ષા દરમિયાન આવે તો શું કરવું. ત્યારે આ અંગે ગુજરાત સરકાર દ્વારા એક મહત્વની બેઠક ગાંધીનગરમાં આયોજિત કરાઈ હતી. જેમાં આવા મેસેજ સમયે શું કરવું તે અંગે ચર્ચા કરાઈ હતી, અને કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં નિર્ણય લેવાયો કે, બોમ્બની ચેતવણીનો મેઈલ મળે તો તાત્કાલિક પરીક્ષા કેન્દ્રો ખાલી નહિ કરાવાય. આ પ્રકારના મેસેજના ગંભીરતાની ચકાસણી કરાશે તેના બાદ જ ચોક્કસ નિર્ણય લેવામાં આવશે. જોકે, સાથે એ પણ નક્કી કરાયું કે, કોઈ પણ બોમ્બની ધમકીને હળવાશથી નહિ લેવાય. જે સ્થળ માટે એલર્ટ હશે ત્યાં પૂરતું ચેકિંગ અને તપાસ કરવામાં આવશે તેવું રાજ્યના શિક્ષણ સચિવ મિલિન્દ તોરવણેએ જણાવ્યું. આ બેઠકના અંતે નક્કી કરાયું કે, દરેક શાળા પોતાના સ્ટાફમાંથી નોડલ ઓફિસની નિમણૂંક કરશે. તો પોલીસ કમિશનર પણ પોતાના વિસ્તારમાં નોડલ ઓફિસર નિયુક્ત કરશે. ચેતવણીના મેસેજ દરમિયાન બંને નોડલ ઓફિસર સંકલન સાધશે. આ બાદ યોગ્ય નિર્ણય લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ વડોદરામાં સ્કૂલ અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો મામલે નવા અપડેટ સામે આવ્યા છે. કોર્ટમાં આપવામાં આવેલ ધમકીનો ઈ-મેઈલ કેલિફોર્નિયાના સર્વરથી રૂટ થયો હોવાનું ખૂલ્યું છે. કોર્ટમાં ૧૯ બ્લાસ્ટ તેમજ શ્રીલંકાના ઈસ્ટર આત્મઘાતી ઓપરેશનની જેમ વિસ્ફોટનો ઉલ્લેખ કરાયો છે. પોલીસને ગેરમાર્ગે દોરવા મેલ ગુજરાતીમાં મોકલ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. તેમજ વડોદરા કોર્ટને કેલિફોર્નિયાના સર્વરથી રૂટ કરી મેલ મોકલાયો છે. તે સાચો કે ખોટો તે દિશામાં પોલીસની તપાસ ચાલુ છે. અગાઉ સ્કૂલને આપવામાં આવેલ ધમકી પણ નેધરલેન્ડ સહિતના યુરોપિયન દેશના આઈપી એડ્રેસથી મેઈલ મોકલાયા છે. પ્રોક્ષી, વીપીએનનો ઉપયોગ કરાયો કે કેમ તેની પણ પોલીસ તપાસ કરી રહી છે.

## શહેરકોટડામાં SMCએ ૩ લાખના હશીશ સાથે બે શખ્સોને ઝડપ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

શહેરના પૂર્વ વિસ્તારમાં નશીલા પદાર્થોના વેચાણ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ લાલ આંખ કરી છે. શહેરકોટડા પોલીસ સ્ટેશનની હદમાં ગત મોડી રાત્રે ઓપરેશન હાથ ધરી પોલીસે લાખોની કિંમતનું 'હશીશ' જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, SMCને મળેલી ચોક્કસ બાતમીના આધારે શહેરકોટડા વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ ઓપરેશન દરમિયાન ૧.૪૫૬ કિલોગ્રામ હશીશનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની અંદાજે ૩,૬૪,૦૦૦ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ અને અન્ય સાધનો મળી કુલ ૪,૪૩,૨૪૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ કેસમાં ડ્રગ્સની હેરાફેરી કરતા ઉત્તર પ્રદેશના રામમૂરત ચમાર અને કુબેરનગરના રાકેશ ઉર્ફે રોકીની ધરપકડ કરી છે, જ્યારે અયોધ્યાના વિજયકુમાર વિશ્વકર્માને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો અમદાવાદના સ્થાનિક સપ્લાયર્સને પહોંચાડવાનો હતો.

# ગાઝામાં મૃત્યુઆંક ૭૫,૦૦૦થી વધુ : સ્વતંત્ર અભ્યાસ ડેટા દ્વારા ભયાનક નુકસાનની પુષ્ટિ

**ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધની માનવીય કિંમત અગાઉના સત્તાવાર અંદાજો કરતાં ઘણી વધી ગઈ છે, વિશ્વના અગ્રણી તબીબી જર્નલોમાં પ્રકાશિત સ્વતંત્ર સંશોધનમાં ૨૦૨૫ની શરૂઆતમાં ૭૫,૦૦૦થી વધુ ''હિંસક મૃત્યુ''ની પુષ્ટિ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક પેપર્સના તારણો સૂચવે છે કે ગાઝા આરોગ્ય મંત્રાલય (MoH)ના વહીવટી રેકોર્ડ વધુ પડતી ગણતરીને બદલે રૂઢિચુસ્ત ''માળખું'' રજૂ કરે છે અને પેલેસ્ટીનના નુકસાનના સ્કેલ માટે એક ડેટા પૂરો પાડે છે**

(એજન્સી) તા.૧૯

ધ લેન્સેટ ગ્લોબલ હેલ્થમાં પ્રકાશિત વસ્તી-પ્રતિનિધિ ઘરગથ્થુ અભ્યાસ, ગાઝા મોર્ટાલિટી સર્વે (GMS)માં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ અને ૫ જાન્યુઆરી, ૨૦૨૫ની વચ્ચે ૭૫,૨૦૦ ''હિંસક મૃત્યુ''નો અંદાજ છે. આ આંકડો ગાઝાની સંઘર્ષ પહેલાની ૨.૨ મિલિયન વસ્તીના આશરે ૩.૪ ટકા છે અને તે જ સમયગાળા માટે MoH દ્વારા નોંધાયેલા ૪૯,૦૯૦ ''હિંસક મૃત્યુ'' કરતા ૩૪.૭ ટકા વધારે છે. ગાઝા આરોગ્ય મંત્રાલયનો અંદાજ છે કે આ વર્ષે ૨૭ જાન્યુઆરી સુધીમાં, યુદ્ધની શરૂઆતથી ઓછામાં ઓછા ૭૧,૬૬૨ લોકો માર્યા ગયા છે. તેમાંથી, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામની ઘોષણા પછી ૪૮૮ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલ સતત મંત્રાલયના આંકડાઓ પર પ્રશ્ન ઉઠાવતું રહ્યું છે, પરંતુ ઈઝરાયેલી સૈન્યના એક અધિકારીએ જાન્યુઆરીમાં દેશના પત્રકારોને જણાવ્યું હતું કે સેનાએ સ્વીકાર્યું છે કે યુદ્ધ દરમિયાન ગાઝામાં લગભગ ૭૦,૦૦૦ લોકો માર્યા ગયા છે. આ ઉચ્ચ આંકડો હોવા છતાં, સંશોધકોએ નોંધ્યું છે કે જાનહાનિની વસ્તી વિષયક માહિતી (માર્યા ગયેલા લોકોમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે) સત્તાવાર પેલેસ્ટીની રિપોર્ટિંગ સાથે નોંધપાત્ર રીતે સુસંગત છે. ૯,૭૨૯ વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરતા ૨,૦૦૦ પરિવારોના ઈન્ટરવ્યુ લેનાર GMS દ્વારા મૃત્યુઆંક માટે એક કઠોર પ્રયોગમૂલક આંકડો આપે છે. લંડનની રોયલ હોલોવે યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર અને અભ્યાસના મુખ્ય લેખક માઈકલ સ્પાગેટે શોધી કાઢ્યું કે જ્યારે MoH રિપોર્ટિંગ વિશ્વસનીય છે, તે સ્વાભાવિક રીતે યોગ્ય છે કારણ કે મૃત્યુનું દસ્તાવેજીકરણ કરવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ નષ્ટ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ સંશોધન જાન્યુઆરી ૨૦૨૫માં ધ લેન્સેટમાં પ્રકાશિત થયેલા તારણો છે, જેમાં યુદ્ધના પ્રથમ નવ મહિના દરમિયાન ૬૪,૨૬૦ મૃત્યુનો અંદાજ લગાવવા માટે આંકડાકીય ''કેપ્ચર-રિકેપ્ચર'' મોડેલિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અગાઉનો અભ્યાસ અંડરકાઉન્ટને ચિહ્નિત કરવા માટે સંભાવના પર આધાર રાખતો હતો, ત્યારે આ અહેવાલ ગાણિતિક અંદાજથી ઘરગથ્થુ ઈન્ટરવ્યુ દ્વારા પ્રયોગમૂલક ચકાસણી કરે છે. તેમાં જાન્યુઆરી ૨૦૨૫ સુધી હિંસક મૃત્યુઆંક ૭૫,૦૦૦થી વધુ હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. એ જ પ્રકાશનમાં એક અલગ ટિપ્પણી મુજબ, હોસ્પિટલો અને વહીવટી કેન્દ્રોના વ્યવસ્થિત વિનાશથી એક ''કેન્દ્રીય વિરોધાભાસ'' સર્જાયો છે જ્યાં આરોગ્ય પ્રણાલીને જેટલું વધુ વિનાશક નુકસાન થશે, તેમ કુલ મૃત્યુઆંકનું વિશ્લેષણ કરવું તેટલું જ મુશ્કેલ બનશે. કાટમાળ નીચે દટાયેલા અથવા ઓળખી ન શકાય તેવા હજારો મૃતદેહો દ્વારા ચકાસણીમાં વધુ અવરોધ આવે છે. સીધી હિંસા ઉપરાંત, સર્વેક્ષણમાં ૧૬,૩૦૦ ''અહિંસક મૃત્યુ''નો અંદાજ છે, જેમાં ૮,૫૪૦ એવા મૃત્યુનો સમાવેશ થાય છે જે જીવનશૈલી અને તબીબી ક્ષેત્રના પતનને કારણે થયા છે. સંશોધકોએ કહ્યું કે MoHના આંકડા વિશ્વસનીય લાગે છે. બહુવિધ સ્વતંત્ર પદ્ધતિઓ દ્વારા MoH રિપોર્ટિંગની માન્યતા આત્યંતિક પરિસ્થિતિઓમાં પણ તેની વહીવટી અકસ્માત રેકોર્ડિંગ સિસ્ટમ્સની વિશ્વસનીયતાને સમર્થન આપે છે. મૃત્યુઆંક સતત વધી રહ્યો છે, ત્યારે બચી ગયેલા લોકો જટિલ ઈજાઓનો સામનો કરી રહ્યા છે જેનો સામનો ગાઝાની ક્ષતિગ્રસ્ત આરોગ્યસંભાળ પ્રણાલી હવે કરી શકતી નથી. ડ્યુક યુનિવર્સિટી અને ગાઝાની અલ-શિફા હોસ્પિટલના સંશોધકોના નેતૃત્વ હેઠળના અભ્યાસમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે આ ઈજાઓમાંથી



૨૯,૦૦૦થી ૪૬,૦૦૦ વચ્ચે જટિલ પુનર્નિર્માણ શસ્ત્રક્રિયાની જરૂર છે. આ ઈજાઓમાંથી ૮૦ ટકાથી વધુ ઈજાઓ વિસ્ફોટો, મુખ્યત્વે હવાઈ હુમલાઓ અને ગીચ વસ્તીવાળા શહેરી વિસ્તારોમાં ગોળીબારથી થઈ હતી. બેકલોગનું પ્રમાણ આશ્ચર્યજનક છે. સર્જન અને અભ્યાસના સહ-લેખક એશ પટેલે નોંધ્યું હતું કે જો સર્જિકલ ક્ષમતા ચમત્કારિક રીતે યુદ્ધ પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરવામાં આવે, તો પણ અનુમાનિત પુનર્નિર્માણ કેસોના અંદાજિત બેકલોગમાંથી કામ કરવામાં લગભગ એક દાયકો લાગશે. ગાઝા પાસે ૨.૨ મિલિયનથી વધુ લોકોની વસ્તી માટે ફક્ત આઠ પ્રમાણિત પ્લાસ્ટિક સર્જનો હતા.

સંશોધકો તબીબી માળખાના ''વિનાશ'' તરીકે વર્ણવે છે તેના કારણે પુનર્નિર્માણની જરૂરિયાત અને ક્ષમતા વચ્ચેનો તફાવત વધુ છે. મે ૨૦૨૫ સુધીમાં, ગાઝાની ૩૬ હોસ્પિટલોમાંથી ફક્ત ૧૨ હોસ્પિટલો મૂળભૂત કટોકટીની સારવાર ઉપરાંત સંભાળ પૂરી પાડવા સક્ષમ રહી છે, જેમાં સમગ્ર વસ્તી માટે આશરે ૨,૦૦૦ હોસ્પિટલ બેડ ઉપલબ્ધ હતા, જે યુદ્ધ પહેલા ૩,૦૦૦થી વધુ બેડ હતા. આ ઈજાઓની લાંબા ગાળાની અસર વધુ છે. તાત્કાલિક તબીબી સારવાર વિના, દર્દીઓને ઘાના ચેપ, સેપ્સિસ અને કાયમી અપંગતાના ઉચ્ચ જોખમોનો સામનો કરવો પડે છે. ડેટા સૂચવે છે કે જ્યાં સુધી પુનર્નિર્માણ ક્ષમતા અને સહાયમાં આંતરરાષ્ટ્રીય વધારો ન થાય ત્યાં સુધી હજારો પેલેસ્ટિનિયનો જીવનભર શસ્ત્રક્રિયા વિના અપંગ રહેશે. દર્દીઓ વિસ્ફોટના મહિનાઓ પછી સેપ્સિસથી મૃત્યુ પામે છે, અથવા સ્વચ્છ પાણી અથવા શસ્ત્રક્રિયા કરી શકતા નથી તે ઈજા પછી રેનલ નિષ્ફળતાથી મૃત્યુ પામે છે. ડેટા સંગ્રહના સમયગાળા પછી પરિસ્થિતિઓ વધુ ખરાબ થઈ છે. ૨૦૨૫ના અંત સુધીમાં, બળજબરીથી સ્થળાંતર ગાઝાના ૮૦ ટકાથી વધુ વિસ્તારને આવરી લે છે, જેમાં ઉત્તરી ગાઝા અને રફાહ ગવર્નરેટ ઈઝરાયેલી દળો દ્વારા સંપૂર્ણ વિનાશનો સામનો કરી રહ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૫માં ઉત્તરી ગાઝામાં દુષ્કાળ જાહેર કરવામાં આવ્યો હતો, જેનાથી ઘાયલ અને બચી ગયેલા લોકોના શારીરિક સ્વાસ્થ્યમાં વધુ ઘટાડો થયો હતો. સ્વતંત્ર અભ્યાસો કહે છે કે, ''આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા દ્વારા રક્ષણ હોવા છતાં ગાઝામાં આરોગ્યસંભાળ માળખાને વારંવાર હુમલાઓ દ્વારા નાશ કરવામાં આવી રહ્યો છે. તેને અટકાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે નાગરિકો અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ પરના હુમલાઓ તાત્કાલિક બંધ કરવા જોઈએ.

# ઈઝરાયેલના યુદ્ધ અને નરસંહાર પછી ગાઝામાં લોકોએ મસ્જિદના તૂટેલા મિનારા પાસે રમઝાનની બીજી તરાવીહની નમાઝ અદા કરી

**૨ વર્ષના યુદ્ધ દરમિયાન નાશ પામેલી મસ્જિદોમાં ઉપાસકો એકઠા થયા છે અને લગભગ સંપૂર્ણ વિનાશ છતાં અલ-ઓમારી મસ્જિદ આંશિક રીતે ફરી ખોલવામાં આવી છે**



(એજન્સી) ગાઝા સિટી, તા.૧૯

આ વર્ષે રમઝાન શરૂ થઈ ગયું છે અને મંગળવારે ગાઝામાં સાંજ પડતાં જ, નમાઝ અદા કરનારાઓની હરોળ મસ્જિદોની અંદર નહીં, પરંતુ તેમના ખંડેરો પર હતી. ઈઝરાયેલના આ એક્લેવ પરના બે વર્ષના યુદ્ધ પછી પહેલી વાર, પેલેસ્ટીનીઓએ યુદ્ધવિરામ હેઠળ મુસ્લિમ પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત સાથે કાટમાળથી ભરેલા આંગણામાં અને નાયલોનની ચાદર અને લાકડાના પાટિયાથી બનેલા કામચલાઉ પ્રાર્થના સ્થળોએ તરાવીહની નમાઝ અદા કરી હતી.

ઘણી મસ્જિદો હવે અસ્તિત્વમાં જ નથી. ગાઝાના સરકારી મીડિયા કાર્યાલય અનુસાર, યુદ્ધ દરમિયાન ૧,૦૧૫થી વધુ મસ્જિદો નાશ પામી હતી અથવા નુકસાન થયું હતું. ઓછામાં ઓછા ૮૩૫ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ છે, જ્યારે અનેક આંશિક રીતે કાર્યરત છે. ગુંબજ અને મીનારાઓ નષ્ટ થયા છે અને આરસપહાણના ફ્લોરની જગ્યાએ, મુસ્લિમો અસમાન કોંક્રિટ અને રેતી પર સજદો કરે છે.

નમાઝ શરૂ થતાં જ એક્લેવના કેટલાક ભાગોમાં ઈઝરાયેલી સર્વેલન્સ ડ્રોન ઉપરથી ચક્કર લગાવતા રહ્યા હતા. ગાઝા શહેરના જૂના ભાગમાં, રહેવાસીઓ ઐતિહાસિક અલ-ઓમારી મસ્જિદમાં પાછા ફર્યા, જે પેલેસ્ટાઈનની સૌથી મોટી અને સૌથી જૂની મસ્જિદમાંની એક છે. સૌપ્રથમ ૧૪ સદી પહેલાં સ્થાપિત થયેલી, આ મસ્જિદ ડિસેમ્બર ૨૦૨૩માં દસ્તાવેજીકૃત બોમ્બમારામાં મસ્જિદ લગભગ સંપૂર્ણ નાશ પામી હતી. ત્યારથી માળખાના ભાગોને ભક્તો માટે મર્યાદિત પ્રવેશ માટે કામચલાઉ સામગ્રીથી ઢાંકવામાં આવ્યા છે. વ્યાપક નુકસાન છતાં, સેંકડો લોકો સાંજની નમાઝ માટે ત્યાં ભેગા થયા હતા. આ બધું થયા પછી પણ, લોકો અહીં પ્રાર્થના કરવાનું પસંદ કરે છે, યુદ્ધ દરમિયાન, અમે દરરોજ મરી રહ્યા હતા. પરંતુ આ હજુ પણ અમારી મસ્જિદ છે.

અન્ય એક ઉપાસક, અબુ અબ્દુલ્લા ખલાફે કહ્યું કે સ્થળ પર પાછા ફરવાનો પ્રતીકાત્મક અર્થ છે. અમે વિનાશ છતાં અહીં ઉભા છીએ, અમે રાહત ઈચ્છીએ છીએ. અમે સ્થિરતા ઈચ્છીએ છીએ.

ગાઝામાં, અન્ય સ્થળોએ પણ સમાન દૃશ્યો હતા. કાટમાળ પર બાંધવામાં આવેલા પ્રાર્થના તંબુ ઝડપથી ભરાઈ ગયા. કેટલાકને મર્યાદિત કલાકો સુધી કાર્યરત નાના જનરેટર દ્વારા થોડા સમય માટે પ્રકાશિત કરવામાં આવ્યા. પશ્ચિમ ગાઝા શહેરમાં ભારે નુકસાન પામેલી અલ-અમીન મોહમ્મદ મસ્જિદના ઈમામ શેખ રામી અલ-જરોશાએ કહ્યું કે આ વર્ષે રમઝાન નોંધપાત્ર રીતે અલગ લાગે છે. લોકો યુદ્ધથી, નુકસાનથી, વિસ્થાપનથી થાકી ગયા છે. તેમ છતાં તેઓ નમાઝનો દૃઢ નિર્ધાર રાખે છે. અમે ગમે ત્યાં પ્રાર્થના કરીશું, ભલે તે ખંડેર પર હોય.

૬૫ વર્ષીય રમીઝ અલ-મશહરાવી કહે છે કે, આ વર્ષે, હું એકલો છું, તેમ છતાં, હું રિમલ જિલ્લામાં અલ-કાન્ઝ મસ્જિદના અવશેષો પર બનેલા કામચલાઉ સ્થળે રાત્રિની પ્રાર્થનામાં હાજરી આપું છું. જેરુસલેમના મુફ્તીએ જાહેરાત કરી કે બુધવાર રમઝાનનો પહેલો દિવસ હશે, ત્યારે ગાઝામાં ઘણા લોકોએ આ ક્ષણને ખુશી તરીકે વર્ણવી હતી.

પાછલા બે રમઝાન બોમ્બમારા અને તીવ્ર ભૂખમરા હેઠળ પસાર થયા, અને પરિવારોને ઈફ્તાર – (પરંપરાગત રોઝા છોડવા માટેનું ભોજન) - અથવા સુહૂર – (પવિત્ર મહિના દરમિયાન દિવસના ઉપવાસ શરૂ થાય તે પહેલાં સવારનું ભોજન) માટે તૈયાર કરી શક્યા નહીં.

હવે, મોટા પાયે લડાઈ ઓછી થઈ ગઈ છે, ત્યારે પણ વિસ્થાપન વ્યાપક છે અને પુનર્નિર્માણ અનિશ્ચિત છે. વીજળી હજુ પણ મોટા પ્રમાણમાં બંધ છે અને હજારો પરિવારો કાટમાળ વચ્ચે તંબુઓમાં રહે છે. ગાઝામાં ઘણા લોકો માટે, આ રમઝાન સામાન્ય નથી. લડાઈ ઓછી થઈ ગઈ છે, ત્યારે વિસ્થાપન, વિનાશ અને અનિશ્ચિતતા ચાલુ છે, જેના કારણે રહેવાસીઓ નુકસાન અને નાજુક આશા વચ્ચે રમઝાન પસાર કરી રહ્યા છે. ગાઝામાં ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫થી યુએસ-સમર્થિત યુદ્ધવિરામ કરાર અમલમાં છે, જે ઈઝરાયેલના બે વર્ષના યુદ્ધમાં ૭૨,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે, અને ઓક્ટોબર ૨૦૨૩થી ૧૭૧,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ૧૦ ઓક્ટોબરથી કરાર અમલમાં આવ્યો ત્યારથી, ઈઝરાયેલી દળોએ તોપમારો અને ગોળીબાર દ્વારા સેંકડો ઉલ્લંઘનો કર્યા છે, જેમાં ૬૦૩ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને ૧,૬૧૮ અન્ય ઘાયલ થયા છે.

# ઈઝરાયેલી પોલીસે અલ-અક્સા મસ્જિદના ઈમામની ધરપકડ કરી

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૯

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી પોલીસે સોમવારે સાંજે કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમમાં મસ્જિદ કમ્પાઉન્ડની અંદર અલ-અક્સા મસ્જિદના ઈમામ શેખ મુહમ્મદ અલી અલ-અબ્બાસીની ધરપકડ કરી હતી.

સાક્ષીઓએ જણાવ્યું હતું કે અધિકારીઓએ ધરપકડના કારણો અથવા તેમની સામે લેવામાં આવતા કાનૂની પગલાં તાત્કાલિક સ્પષ્ટ કર્યા વિના, અલ-અક્સા મસ્જિદ સંકુલમાં શેખ અલ-અબ્બાસીને અટકાયતમાં રાખ્યા હતા.



આ ઘટના પેલેસ્ટીની અધિકારીઓ દ્વારા અલ-અક્સા મસ્જિદમાં ઈઝરાયેલી પગલાંમાં વધારો તરીકે વર્ણવવામાં આવી છે, જેમાં ઈમામ અને ઉપદેશકો પર પ્રતિબંધો વધારવા, ઉપાસકોના પ્રવેશ પર કડક નિયંત્રણો અને ભારે પોલીસ સુરક્ષા હેઠળ વસાહતીઓની મુલાકાતોમાં વધારો શામેલ છે.

જેરૂસલેમના જૂના શહેર અને અલ-અક્સા કમ્પાઉન્ડની આસપાસ પણ તણાવ વધ્યો છે, ધાર્મિક વ્યક્તિઓ અને સ્થાનિક કાર્યકરોને લક્ષ્ય બનાવીને ધરપકડ અને દેશનિકાલના આદેશોના અહેવાલો છે.

ઈઝરાયેલી અધિકારીઓએ શેખ અલ-અબ્બાસીની અટકાયતની પરિસ્થિતિઓ અંગે તાત્કાલિક નિવેદન જારી કર્યું નથી.

# પેલેસ્ટીન સંપૂર્ણ યુએન સભ્યપદ માટે આફ્રિકન યુનિયનના સમર્થનનું સ્વાગત કરે છે

(એજન્સી) રામલ્લાહ, તા.૧૯

પેલેસ્ટીનના વિદેશ મંત્રાલયે રવિવારે ૩૯મી આફ્રિકન યુનિયન (AU) સમિટના પેલેસ્ટીન માટે સંપૂર્ણ યુએન સભ્યપદને સમર્થન આપવા અને પેલેસ્ટીનીઓના બળજબરીથી વિસ્થાપન માટેની યોજનાઓને નકારી કાઢવાના નિર્ણયનું સ્વાગત કર્યું. એક નિવેદનમાં, મંત્રાલયે સમિટમાં વ્યક્ત કરાયેલા સ્પષ્ટ અને મક્કમ વલણોને પ્રોત્સાહક ગણાવ્યા, જે પેલેસ્ટીની લોકોના અવિભાજ્ય અધિકારો માટે આફ્રિકન ખંડના સમર્થનને પ્રતિબિંબિત કરે છે. પેલેસ્ટીને ઈઝરાયેલી કબજાને સમાપ્ત કરવા અને પેલેસ્ટીન રાજ્યના સંપૂર્ણ યુએન સભ્યપદને માન્યતા આપવાના સમિટના આહ્વાન માટે પણ પ્રશંસા વ્યક્ત કરી, ભાર મૂક્યો કે આ માંગ એક કાયદેસર અને કુદરતી રાજકીય અને કાનૂની અધિકાર છે. રવિવારે ઈથોપિયાની રાજધાની અદીસ અબાબામાં AUએ તેના ૩૯મા સત્રનું સમાપન એક વ્યાપક અંતિમ નિવેદન સાથે કર્યું જેમાં પેલેસ્ટીન રાજ્યને યુએનમાં પૂર્ણ સભ્યપદ આપવાની હાકલ કરવામાં આવી હતી, જેમાં પુષ્ટિ આપવામાં આવી હતી કે આ પગલું પેલેસ્ટીનના લોકોના સ્વ-નિર્ણયના કાયદેસર અધિકારનું પ્રતિનિધિત્વ કરે છે. શિખર સંમેલનના નિવેદનમાં પેલેસ્ટીની વસ્તીને બળજબરીથી વિસ્થાપિત કરવાના કોઈપણ પ્રયાસોની પણ સખત



નિંદા કરવામાં આવી હતી અને આવા કાર્યોને 'આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન' ગણાવવામાં આવ્યું હતું. પેલેસ્ટીન યુએનમાં 'બિન-સભ્ય નિરીક્ષક રાજ્ય'નો દરજ્જો ધરાવે છે, જેને ૨૯ નવેમ્બર, ૨૦૧૨ના રોજ યુએન જનરલ એસેમ્બલી દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો. મે ૨૦૨૪માં, જનરલ એસેમ્બલીએ પેલેસ્ટીનની સંપૂર્ણ યુએન સભ્યપદ માટેની અરજીને સમર્થન આપતો ઠરાવ પણ અપનાવ્યો હતો.

# યુએન એજન્સી કહે છે કે ગાઝાના કાટમાળને દૂર કરવામાં ૭ વર્ષ લાગી શકે છે કારણ કે ૯૦% લોકો ખતરનાક પરિસ્થિતિઓમાં રહે છે

(એજન્સી) સંયુક્ત રાષ્ટ્રસંઘ, તા.૧૯

યુએન ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)એ મંગળવારે જણાવ્યું હતું કે હાલની ગતિએ ગાઝાના કાટમાળને સાફ કરવામાં સાત વર્ષ લાગી શકે છે, કારણ કે મોટાભાગના રહેવાસીઓ અત્યંત જોખમી પરિસ્થિતિઓમાં જીવી રહ્યા છે, એનાડોલુ અહેવાલ આપે છે. ગાઝા પટ્ટીની તાજેતરની મુલાકાત બાદ જેરુસલેમથી વર્ચ્યુઅલ બ્રીફિંગમાં, UNDPના વડા એલેક્ઝાન્ડર ડી ક્રૂએ માનવતાવાદી પરિસ્થિતિને તેમના વિકાસ કાર્યના વર્ષોમાં તેમણે જોયેલી સૌથી ખરાબ પરિસ્થિતિ ગણાવી. આ સૌથી ખરાબ રહેવાની સ્થિતિ છે જે મેં ક્યારેય જોઈ છે, રહેવા માટે અત્યંત પીડાદાયક પરિસ્થિતિઓ છે, ડી ક્રૂએ કહ્યું, ઉમેર્યું કે 'આજે ગાઝાના ૯૦% લોકો તે કાટમાળની વચ્ચે રહે છે, જે અત્યંત ખતરનાક છે.' યુએનડીપીના પુનઃપ્રાપ્તિ પ્રયાસો ત્રણ મુખ્ય ક્ષેત્રો પર કેન્દ્રિત છે તે નોંધતા, તેમણે કહ્યું કે પહેલો કાટમાળ અને ઘન કચરો દૂર કરવાનો છે. 'કાટમાળ દૂર કરવા, અમે કુલના લગભગ ૦.૫% કામ કર્યું છે,' ડી ક્રૂએ કહ્યું, ઉમેર્યું કે 'વર્તમાન ગતિએ, બધા કાટમાળ દૂર કરવામાં અમને સાત વર્ષ લાગશે.' તેમણે કાટમાળ દૂર કરવા અને રિસાયક્લિંગને ઝડપી બનાવવા માટે સત્તા અને ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડી ક્રૂએ કહ્યું કે કામચલાઉ રહેઠાણ એ બીજી પ્રાથમિકતા છે, કારણ કે '૯૦% વસ્તી એવી જગ્યાએ રહે છે જેને તમે તંબુ પણ કહી શકતા નથી. મારો મતલબ, આ ખૂબ જ પ્રાથમિક તંબુ છે.' યુએનડીપીએ ૫૦૦ રિકવરી હાઉસિંગ યુનિટ બનાવ્યા છે અને ૪,૦૦૦ તૈયાર છે, પરંતુ જરૂરિયાતો વર્તમાન પુરવઠા કરતાં ઘણી



વધારે છે, તેમણે સમજાવ્યું. 'લોકોને સારું જીવનનિર્વાહ આપવા માટે ૨૦૦,૦૦૦-૩૦૦,૦૦૦ યુનિટની જરૂર છે, જે તેમને મળવું જોઈએ તે જીવનનિર્વાહ માટે નહીં, પરંતુ હાલ જે ઉપલબ્ધ છે તેના કરતાં વધુ સારું જીવનનિર્વાહ માટે જરૂરી છે,' તેમણે ઉમેર્યું. તેમણે કહ્યું કે ત્રીજો ક્ષેત્ર ગાઝાના ખાનગી ક્ષેત્રને ફરીથી શરૂ કરી રહ્યું છે, જે મોટાભાગે શીતનિદ્રામાં છે. તેમણે કહ્યું કે પુનઃપ્રાપ્તિ કાર્યક્રમોમાં મર્યાદિત રોકાણ અને રોકડ-માટે-કામ યોજનાઓનો સમાવેશ થાય છે. સહાય વધારવા માટે, ડી ક્રૂએ જણાવ્યું હતું કે યુએનડીપી પાસે ઈઝરાયેલી અધિકારીઓને 'એક મોટી માંગ છે અને તે છે સામગ્રી, રહેઠાણ એકમો અને ખાનગી વ્યવસાયો માટે સહાય માટે વધુ ઍક્સેસ'. ડી ક્રૂએ ભાર મૂક્યો હતો કે ઈઝરાયેલની કથિત સુરક્ષા ચિંતાઓ યુએનડીપી અને અન્ય યુએન સંગઠનો અને આંતરરાષ્ટ્રીય એનજીઓ માટે વધુ ઍક્સેસને અવરોધિત કરવાનું કારણ ન હોવી જોઈએ. ૧૦ ઓક્ટોબરથી ગાઝામાં યુએસ-સમર્થિત યુદ્ધવિરામ કરાર અમલમાં છે, જે ઈઝરાયેલના બે વર્ષના યુદ્ધને અટકાવે છે જેમાં ૭૨,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે અને ઓક્ટોબર ૨૦૨૩થી ૧,૭૧,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ૧૦ ઓક્ટોબરથી કરાર અમલમાં આવ્યો ત્યારથી, ઈઝરાયેલી દળોએ તોપમારો અને ગોળીબાર દ્વારા સેંકડો ઉલ્લંઘનો કર્યા છે, જેમાં ૬૦૩ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૬૧૮ અન્ય ઘાયલ થયા છે, ગાઝાના આરોગ્ય મંત્રાલય અનુસાર.

# વેસ્ટ બેંકમાં ઈઝરાયેલની આક્રમકતા અવિરત ચાલુ

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૯

વેસ્ટ બેંકમાં ઈઝરાયેલની વધતી જતી ગતિવિધિઓ અને નવા નિયમોને કારણે વૈશ્વિક સ્તરે ચિંતા અને વિરોધનો વંટોળ ઊભો થયો છે. પેલેસ્ટીન ઓથોરિટીના ક્ષેત્રોમાં ઈઝરાયેલના વધતા પ્રભુત્વને કારણે શાંતિની પ્રક્રિયા જોખમમાં મુકાઈ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. ઈઝરાયેલ વેસ્ટ બેંકમાં પોતાની વિસ્તારવાદી નીતિને અટકાવ્યા વગર આગળ વધારી રહ્યું છે. ઈઝરાયેલની સુરક્ષા કેબિનેટે રવિવાર, ૮ ફેબ્રુઆરીના રોજ કેટલાક વિવાદાસ્પદ નિર્ણયોને મંજૂરી આપી છે, જેમાં યહૂદી ઈઝરાયેલીઓને વેસ્ટ બેંકની જમીન સીધી ખરીદવાની છૂટ આપવામાં આવી છે. આ પગલાથી પેલેસ્ટીન ઓથોરિટીના અંકુશ હેઠળના વિસ્તારોમાં પણ ઈઝરાયેલનું નિયંત્રણ વધશે.



આ નિર્ણયો સામે સંયુક્ત રાષ્ટ્ર (UN), અમેરિકા અને અનેક આરબ દેશોએ આકરો વિરોધ નોંધાવ્યો છે:

**વ્હાઈટ હાઉસ :** અમેરિકી વ્હાઈટ હાઉસના અધિકારીએ પુનરોચ્ચાર કર્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયેલ દ્વારા વેસ્ટ બેંકના જોડાણ (Annexation)ના વિરોધમાં છે. તેમણે ઉમેર્યું કે સ્થિર વેસ્ટ બેંક જ ઈઝરાયેલની સુરક્ષા અને શાંતિ માટે જરૂરી છે.

**સંયુક્ત રાષ્ટ્ર (UN):** UN સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે આ પરિસ્થિતિ અંગે 'ગંભીર ચિંતા' વ્યક્ત કરી છે. તેમણે ચેતવણી આપી છે કે ઈઝરાયેલનો આ માર્ગ 'ટુ-સ્ટેટ સોલ્યુશન' (બે દેશોના નિર્માણનો ઉકેલ)ની આશાને ખતમ કરી રહ્યો છે.

**બ્રિટન (UK) :** યુકેએ આ પગલાની સખત નિંદા કરી છે અને ઈઝરાયેલને આ નિર્ણય પાછો ખેંચવા અપીલ કરી છે. ઈઝરાયેલના નાણામંત્રી બેઝલેલ સ્મોટ્રિચે જણાવ્યું હતું કે સરકાર પેલેસ્ટાઈન રાજ્યના વિચારને 'ખતમ' કરવાનું ચાલુ રાખશે. ઈઝરાયેલે જૂનો કાયદો રદ કરીને જમીન રજિસ્ટ્રીને ગુપ્ત રાખવાને બદલે જાહેર કરવાનો નિર્ણય લીધો છે, જેથી યહૂદી વસાહતીઓ માટે જમીન ખરીદવી સરળ બનશે. ઓસ્લો કરાર મુજબ જે વિસ્તારો (Area A અને B) પેલેસ્ટીનના નિયંત્રણમાં હોવા જોઈએ, ત્યાં હવે ઈઝરાયેલી દળો તોડી પાડવાની અને અમલીકરણની કાર્યવાહી કરી શકશે. હેબ્રોનમાં આવેલી ઈબ્રાહિમી મસ્જિદનું સંચાલન જે પહેલા પેલેસ્ટીન ઓકાફ પાસે હતું, તે હવે યહૂદી ધાર્મિક કાઉન્સિલને સોંપવામાં આવ્યું છે.

પેલેસ્ટીન પ્રેસિડેન્ટ મહમૂદ અબ્બાસે આ પગલાંને 'ખતરનાક' ગણાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ઈઝરાયેલ પેલેસ્ટીનની સંપત્તિઓ જપ્ત કરવા અને વસાહતોના વિસ્તરણને કાયદેસર બનાવવા માટે ખુલ્લેઆમ પ્રયાસ કરી રહ્યું છે. ઈઝરાયેલી NGO 'પીસ નાઉ'એ પણ ચેતવણી આપી છે કે આ નિર્ણયથી પેલેસ્ટીન ઓથોરિટી પતનના આરે આવી શકે છે. વેસ્ટ બેંકમાં ૫ લાખથી વધુ ઈઝરાયેલીઓ ગેરકાયદેસર વસાહતોમાં રહે છે, જ્યારે ૩૦ લાખ પેલેસ્ટીનીઓ ત્યાં વસે છે. ઈજિપ્ત, જોર્ડન, UAE, પાકિસ્તાન, તુર્કી અને સઉદી અરેબિયા જેવા દેશોએ આ નિર્ણયને પેલેસ્ટીનીઓને વિસ્થાપિત કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. નિષ્ણાતો માને છે કે જો આંતરરાષ્ટ્રીય સમુદાય મૌન રહેશે, તો ઈઝરાયેલ સમગ્ર વેસ્ટ બેંક પર કબ્જો જમાવી શકે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ભારતની વિશાળતા અને ફ્રાન્સની કુશળતાનું જોડાણ વધુ ફળદાયી બની રહેશે

વર્તમાન રાજકીય ઉથલપાથલ અને અનિશ્ચિતતાના બદલાતા સમયમાં ભારત આર્થિક અને વ્યૂહાત્મક સહયોગ વધારવા માટે વિવિધ દેશો સાથે તેની ભાગીદારીને વિસ્તૃત કરવા માટે આગળ વધી રહ્યું છે. અમેરિકા, યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથેના વેપાર કરારો પછી, ભારતે હવે ફ્રાન્સ સાથેના તેના દ્વિપક્ષીય સંબંધોને ''વિશેષ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી''માં અપગ્રેડ કર્યા છે. આ કરાર હેઠળ, બંને દેશોએ સંરક્ષણ, વેપાર અને રોકાણ સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાનું વચન આપ્યું છે.

મુંબઈમાં નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચેની વાટાઘાટો દરમિયાન થયેલી સર્વસંમતિ બાદ, એકવીસ કરારોને મંજૂરી આપવામાં આવી હતી. આ ભાગીદારીને વૈશ્વિક સ્થિરતા અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે દ્વિપક્ષીય વેપાર અને આધુનિક ટેકનોલોજીના આદાનપ્રદાન માટે નવા માર્ગો ખોલશે જ, પરંતુ સંરક્ષણ મોરચે ભારતની સ્થિતિને પણ મજબૂત બનાવશે.

તાજેતરમાં, ભારતે યુકે અને ઓમાન સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ ન્યુઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરારોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. તાજેતરમાં, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે એક વચગાળાનો વેપાર કરાર જાહેર કરવામાં આવ્યો, જેના પરિણામે અમેરિકાએ ભારત પર લાદવામાં આવેલ ૫૦% ટેરિફ ઘટાડીને ૧૮% કર્યો. ભારત પર લાદવામાં આવેલા ભારે યુએસ ટેરિફથી દેશના નિકાસ વ્યવસાયને અસર થઈ હતી તેમાં કોઈ શંકા નથી.

આ કટોકટીનો સામનો કરવા માટે, ભારતે વિશ્વભરના વિવિધ દેશોમાં તેના ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવા માટે નવેસરથી પ્રયાસો કર્યા, અને તેના વેપાર કરારોના સ્વરૂપમાં સફળ પરિણામો મળ્યા છે. હવે, ફ્રાન્સ સાથે એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વેપાર, ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રોમાં ભારતની મજબૂતાઈની સંભાવનાને વધુ મજબૂત બનાવશે. ભારત અને ફ્રાન્સે પરસ્પર રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી બંને દેશોના નાગરિકો અને કંપનીઓને બેવડા કર ચૂકવવાની જરૂરિયાત દૂર થશે. આ દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને અવરજવરને નવી ગતિ આપશે.

ઉલ્લેખનીય છે કે ફ્રેન્ચ સહાયથી, કર્ણાટકના વેમાગલમાં એરબસ H-૧૨૫ હેલિકોપ્ટરના ઉત્પાદન માટે એક ઘટક એસેમ્બલી પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાં હવે કામ શરૂ થયું છે. વિશ્વના સૌથી શક્તિશાળી હેલિકોપ્ટર, જે વિશ્વના સૌથી ઊંચા પર્વત શિખર માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડવા માટે સક્ષમ છે, તેનું ઉત્પાદન અહીં કરવામાં આવશે.

દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ વધારવા માટે, ભારત અને ફ્રાન્સે ''હેમર'' મિસાઈલોના ઉત્પાદન પર પણ એક મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ફ્રેન્ચ સંરક્ષણ કંપની સફ્રાન એક સંયુક્ત સાહસ સ્થાપિત કરશે. ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે અને બંને દેશો વચ્ચે હવે સહયોગનો એક નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે. સ્પેશિયલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપની પહેલ ફ્રાન્સની કુશળતા અને ભારતની વિશાળ ક્ષમતાઓને એકસાથે લાવવાનો પ્રયાસ કરે છે અને આનાથી ચોક્કસપણે આ નિઃશંકપણે ભારતની ઉત્પાદન અને નિકાસ ક્ષમતાઓમાં વધારો થશે.

# રમઝાન અને યુવાનો - વિચારાત્મક અને વ્યવહારિક માર્ગદર્શન

## રમઝાનનું મહત્ત્વ

**- જાવેદ કુરૈશી**

રમઝાનનું નામ સાંભળતાં જ ખૈર, બરકત અને રહેમતનું ચિત્ર મનમાં તરત જ ઊભું થઈ જાય છે. હકીકતમાં પણ આ પવિત્ર મહિનામાં અલ્લાહ તઆલા દરેક ઈન્સાન પર પોતાની રહેમતો અને બરકતો વરસાવે છે — શરત એટલી જ છે કે આપણે પોતાના દિલ અને દિમાગને તેની બરકતોમાંથી લાભ લેવા માટે તૈયાર કરીએ અને પૂરી એકાગ્રતા સાથે તેની તરફ વળી જઈએ.

રમઝાન સાથે લોકોનો સંબંધ અલગ અલગ પ્રકારનો હોય છે — મહિલાઓ, બાળકો, યુવાનો અને વડીલો. દરેક પોતપોતાની રીતે આ મહિનાથી લાભ લે છે. અહીં ખાસ કરીને આપણે વિચારશું કે એક યુવાન રમઝાનના મહિને પોતાની વ્યક્તિગત ઘડતર અને વિકાસ કેવી રીતે કરી શકે અને તેના માટે કયા પ્રકારનું આયોજન જરૂરી છે.

રમઝાનનો સૌથી વધુ લાભ જો કોઈ લઈ શકે તો તે યુવાનો છે. કારણ કે રોજાના કારણે ક્યારેક મહિલાઓ, બાળકો અને વડીલોને નબળાઈ અનુભવાય છે, જ્યારે યુવાનોમાં ઉત્સાહ, ઉમંગ, હિંમત અને શક્તિ સામાન્ય રીતે વધુ હોય છે. તેથી યુવાનો રમઝાનનો સંપૂર્ણ લાભ લઈ શકે — સિવાય તેઓ જે આળસ અને ગફલતમાં ગરકાવ થઈ ગયા હોય.

રમઝાનથી સાચો લાભ લેવા માટે સૌથી પ્રથમ અને મૂળભૂત જરૂર છે યોગ્ય આયોજન. રમઝાનની મહત્તા અને સ્થાનને સમજતા, ગંભીરતા સાથે તેની તૈયારી કરવી જોઈએ. જેમ એક નોટબુક બનાવતો વેપારી શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં જ સંપૂર્ણ તૈયારી કરે છે, જેથી સમય આવે ત્યારે તેને પૂર્ણ લાભ મળે — તેમજ આપણે પણ પહેલેથી જ આત્મિક તૈયારી કરવી જોઈએ.

ઘણા યુવાનોમાં એવો પણ વર્ગ છે જે વ્યર્થ બાબતો અને બુરાઈઓમાં ડૂબેલો છે. તેમની માટે રમઝાન એવી રીતે પસાર થઈ જાય છે જેમ વરસાદનું પાણી કઠોર પથ્થર પર વરસીને વહે જઈએ — કારણ કે જમીન નરમ અને તૈયાર નથી. તેથી સૌપ્રથમ આપણે આપણા દિલનું મૂલ્યાંકન કરવું જોઈએ કે શું તે રમઝાનની બરકતો સ્વીકારવા માટે તૈયાર છે ? જો નહીં, તો તેને તૈયાર કરવું એ પહેલી ફરજ છે.

દિલને તૈયાર કરવાની શરૂઆત શુદ્ધિકરણથી થાય છે — ગંદા વિચારોમાંથી, ભૌતિક લાલસામાંથી, ડિજિટલ મનોરંજનમાંથી અને ખાસ કરીને લાલચ અને ઈચ્છાઓની ગુલામીમાંથી. કારણ કે આ બધું આપણને આધ્યાત્મિકતા તરફથી દૂર લઈ જાય છે. જેમ ખેડૂત વરસાદ પહેલાં ખેતરને સાફ અને સમતલ બનાવે છે, તેમ આપણે પણ રમઝાન પહેલાં દિલ અને દિમાગને તૈયાર કરવું જોઈએ.

**ડિજિટલ ડિસ્ટ્રેક્શન અને યુવાનો**

આજના યુવાનો માટે સૌથી મોટું ફિત્ના ''ડિજિટલ ડિસ્ટ્રેક્શન'' છે. મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા, શોર્ટ વીડિયોઝ, ગેમ્સ અને બિનજરૂરી સ્ક્રોલિંગ મનને વિખેરાઈ જવા મજબૂર કરે છે અને દિલને ગફલતમાં મૂકી દે છે. રમઝાનમાં આ લત આપણા રોજા અને આધ્યાત્મિક જીવન માટે ખૂબ જ ખતરનાક બની શકે છે.

**આ બાબતમાં ત્રણ મુદ્દા ખાસ યાદ રાખવા યોગ્ય છે :**

૧. મોબાઈલનો અતિશય ઉપયોગ રોજાની રૂહને કમજોર બનાવે છે.

ખાવા-પીવાથી દૂર રહેવાથી માત્ર શરીરનો રોજો થાય છે; પરંતુ જો આંખ અને મન વ્યર્થ કે ગેરજરૂરી બાબતોમાં મશગૂલ હોય, તો રોજાનો અસલ અસર ઘટી જાય છે.

૨. ડિજિટલ લત એકાગ્રતા નષ્ટ કરે છે.

કુર્આનની તિલાવત, નમાઝમાં ખશૂ અને દુઆમાં હાજરી ત્યારે જ શક્ય છે જ્યારે મન સતત નોટિફિકેશન અને સ્ક્રોલિંગનો આદી ન હોય.

૩. આધ્યાત્મિક આનંદની જગ્યાએ ક્ષણિક મજા આવી જાય છે.

સતત ડિજિટલ મનોરંજન દિલને કઠોર બનાવી દે છે અને ઈબાદતમાં સ્વાદ અનુભવાતો નથી.

જેમ આપણે રમઝાનમાં શારીરિક રોજો રાખીએ છીએ, તેમ ''ડિજિટલ ફાસ્ટિંગ'' પણ જરૂરી છે. નિશ્ચિત સમય સિવાય મોબાઈલનો ઉપયોગ ટાળો, બિનજરૂરી એપ્સ દૂર કરો, સોશિયલ મીડિયાનો સમય ઓછો કરો અને કુર્આન, ઝિક્ર અને ઉપયોગી વાંચનને પ્રાથમિકતા આપો.

**હવે જોઈએ કે રમઝાનમાં આયોજન કેવી રીતે કરવું.**

**રમઝાનના અમલ બે ભાગમાં વહેંચી શકાય :**

**૧. હકૂકુલ્લાહ (અલ્લાહના હક)**

૨. હકૂકુલ ઈબાદ (બંદાઓના હક)

રમઝાન આપણને બંનેમાં સંતુલન શીખવે છે.

**હકૂકુલ્લાહ**

**(૧) રોજો**

હદીસે કુદસીમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ ''રોજો મારો છે અને હું જ તેનો બદલો આપીશ.''

રોજો એવી ઈબાદત છે જે સીધી બંદા અને અલ્લાહ વચ્ચે છે. તેથી તેને સાચી ભાવના સાથે અદા કરવો જોઈએ.

ઈમામ ગઝાલી (રહ.) મુજબ રોજાના ત્રણ દરજ્જા છેઃ

૧. સામાન્ય લોકોનો રોજો (માત્ર ખાવા-પીવાથી રોકાવું)

૨. ખાસ લોકોનો રોજો (આંખ, જીભ અને અંગો ગેરકાર્યોમાંથી બચાવવાં)

૩. મુકર્રબીનનો રોજો (વિચાર અને ભાવનાઓને પણ નિયંત્રિત કરવાં)

આપણે ત્રીજા દરજ્જા સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૨) નમાઝ**

રમઝાનમાં મસ્જિદો ભરાઈ જાય છે, પરંતુ થોડા દિવસોમાં ખાલી થવા લાગે છે. આ રમઝાનમાં સંકલ્પ કરીએ કે બધી નમાઝ બાજમાત અદા કરીશું.

**(૩) કુર્આન**

રમઝાન અને કુર્આનનો ગાઢ સંબંધ છે. તિલાવત સાથે અર્થ અને સમજણ પર પણ ધ્યાન આપવું જોઈએ.

**(૪) ઝિક્ર અને દુઆ**

ઈફતાર સમયે, નમાઝ પછી અને ખાસ કરીને શબે કદ્રની રાતે દુઆનો ખાસ એહતેમામ કરવો જોઈએ.

**હકૂકુલ ઈબાદ**

રમઝાન સહાનુભૂતિ અને બલિદાનનો મહિનો છે. ગરીબોને મદદ કરવી, ઈફતાર પહોંચાડવું, જરૂરિયાતમંદોને કપડા આપવા આ બધું પણ ઈબાદત છે. યુવાનો પોતાના મનોરંજન ખર્ચ ઘટાડીને ઈનફાક કરે તો તે વધારે અલ્લાહને પ્રિય બને છે.

રમઝાનમાં શૈતાન કેદ કરવામાં આવે છે, પરંતુ નફસે અમ્મારા હજુ પણ મનુષ્યને ભટકાવે છે. તેથી વ્યર્થ અને ગંદી બાબતોથી પોતાને બચાવવું અત્યંત જરૂરી છે.

આ રમઝાનને એવા રીતે જીવીએ જાણે કે આ આપણો છેલ્લો રમઝાન હોય.

ખરેખર આપણે દુઆ કરીએ છીએ કે અલ્લાહ અમને અનેક રમઝાન નસીબ કરે, પરંતુ આ અનિશ્ચિત દુનિયામાં કોઈ ખાતરી નથી. તેથી જ્યારે પણ રમઝાન મળે, તેને સંપૂર્ણ ખલૂસ, ગંભીરતા અને ઉત્સાહ સાથે જીવવો જોઈએ. એ જ યુવાનોની સાચી સફળતા છે.

# વિસનગર મન્સુરી પિંજારા જમાત દ્વારા ઈનામ વિતરણ તથા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વિસનગર, તા.૧૯

વિસનગર મન્સુરી પિંજારા જમાત દ્વારા વાર્ષિક સ્નેહમિલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ વિસનગર કમાણારોડ મન્સુરી સોસાયટી ખાતે યોજાઈ ગયો. કાર્યક્રમમાં પધારેલ ડો.સાફિન મુસ્તુફાભાઈ મન્સુરી જકરિયા ટ્રસ્ટ માહી ડો.હાજી ઈરફાનભાઈ, હાજી મોહસિનભાઈ, ડો.જાવેદ સુલેમાનભાઈ, એડવોકેટ ઈકબાલભાઈ તેમજ શિક્ષક સાજીદ અબ્બાસભાઈ જેવા મહાનુભાવો હાજર રહી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જેમાં ડો. P.H.D. થયેલ સુફીયા બેને પોતાના પ્રવચનમાં જણાવેલ કે શાદી બાદ બાળકો થયા પછી પણ અભ્યાસ કરી પોતાની કારકિર્દી બનાવી શકાય છે. બહેનો માટે ખૂબ સમજ આપી હતી. ડો. શાફીન મન્સુરીએ જણાવેલ કે બાળકીના વિકાસ માટે માતા બહેનો ખૂબ ઉપયોગી હોય છે. આ સાથે કાર્યક્રમમાં બાળકો, વાલીઓ તેમજ સમાજના અગ્રણીઓ હાજર રહી ખૂબ મહેનત કરી સમાજના પ્રમુખ બશીર અહેમદ તેમજ અલ્તાફભાઈ વારોણવાળા સાથે ગામ તેમજ તાલુકાના સાથી મિત્રોએ મહેનત કરી કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો.



(તસવીર : જી.એ. મન્સુરી, વિસનગર)

# વડોદરા : પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી લાખોનો ગાંજો પકડાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે વડોદરા પશ્ચિમ રેલવે પોલીસે કેફી દ્રવ્યોની હેરાફેરી અટકાવવા માટે ચલાવેલી ઝુંબેશમાં મોટી સફળતા મળી છે. વડોદરા રેલવે સ્ટેશન પર આવેલી પૂરી – ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી રેલવે પોલીસે ૨૦.૯૭૫ kg બિનવારસી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે, જેની બજાર કિંમત આશરે ૧૦.૪૮ લાખ હોવાનું અંદાજવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, પશ્ચિમ રેલવે પોલીસની ટીમ સ્ટેશન પર પેટ્રોલિંગ અને શંકાસ્પદ વસ્તુઓનું ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન પુરીથી ગાંધીધામ તરફ જતી એક્સપ્રેસ ટ્રેનમાં તપાસ હાથ ધરતા બિનવારસી હાલતમાં પડેલો નશીલા પદાર્થનો આ મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતા તે ગાંજો હોવાનું માલુમ પડ્યું હતું. આ કેસની ગંભીરતાને જોતા રેલવે SOG અને NDPS ડેડીકેટેડ ટીમ દ્વારા સંયુક્ત રીતે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ જથ્થો કોણે મોકલ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોડાસા પ્રાથમિક શાળા નં-૭ના આંગણે 'પરવાઝ'ની ઊંચી ઉડાન

## વાર્ષિકોત્સવમાં ભૂલકાઓના કૌશલ્યએ જમાવ્યું આકર્ષણ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત મોડાસા પ્રાથમિક શાળા નંબર-૭ દ્વારા ચોથા વાર્ષિકોત્સવ 'પરવાઝ'ની અત્યંત ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાહીકોટ વિસ્તારમાં આવેલી આ શાળાના બાળકોએ પોતાની સુષુપ્ત શક્તિઓનું પ્રદર્શન કરી ઉપસ્થિત મહેમાનો અને વાલીઓના દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન નિવૃત્ત એડિશનલ કલેકટર જનાબ અબ્દુલરજાકભાઈ સુથારે શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઈરફાનભાઈ બેલીમ (નાયબ કાર્યપાલક ઈજનેર), કાસીમભાઈ દાદુ (બિઝનેસમેન)અને તારીકભાઈ બાંડી (સેન્ટ્રલ કમિટી મેમ્બર, મોહસીને આઝમ મિશન) ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે વિવિધ બેંકોના અગ્રણી નઈમભાઈ મેઘરેજી, ઈમ્તિયાઝભાઈ સુથાર અને મંજુરહુસેન આખુનજી સહિત મોડાસા નગરપાલિકાના કોર્પોરેટરો ગુલામહુશેનભાઈ ખાલક, મોહ્યુદ્દીનભાઈ મલેક અને શાહીદહુશેન બેલીમ (ગોલ્ડી) અગ્રણીઓએ હાજરી આપી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. બાળકો દ્વારા શિક્ષણનું મહત્ત્વ, સામાજિક સંદેશ આપતા વિવિધ નાટક, જુદા-જુદા ગીતો, નઆત પર રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડામબેલ્સ, લેઝીમ, કવ્વાલી, ફેન્સી ડ્રેસ, દેશભક્તિ ગીતો, પિરામિડ, ડાન્સ ગ્લોબઈઝસન જેવી વિવિધ ૧૭ કૃતિ બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ તમામ કૃતિમા એક પર્ફોર્મન્સ એ પણ હતું જેણે સૌની આંખો ભીની કરી દીધી હતી એ હતું શાળાના દિવ્યાંગ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ સ્વાગત ગીત. કાર્યક્રમની શરૂઆતમાં જયારે શાળાના આચાર્ય મોહંમદહનીફ સૈયદે આ વર્ષે શાળામાં સૌથી વધુ દિવસ હાજર રહેનાર વિદ્યાર્થિની આલિયા મો. હનીફ ઘોરીને સ્ટેજ પર આવી આચાર્યની જગ્યાએ સોફા પર સ્થાન આપતાં ઉપસ્થિત સૌ અવાક બની ગયા હતા. કાર્યક્રમમાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય મોહંમદહનીફ સૈયદે શાળાની પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો તથા આ કાર્યક્રમને સફળ બનાવવા ખડેપગે રહેનાર એસ.એમ.સી. સમિતિના સભ્યો અલ્તાફહુશેન કાઝી, હનીફભાઈ કાંકરોલીયા, તૌસીફભાઈ શેખ, નઈમભાઈ સૌંદા અને તમામ મહેમાનો તેમજ વાલીઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ઉપશિક્ષક એફ. એમ. દાદુ અને વિદ્યાર્થિનીઓ સાલેહા શેખ અને ઝોયા મકરાણીએ કર્યો હતો. રવિવારની રજા અને મહાશિવરાત્રીનો તહેવાર હોવા છતાં ખડેપગે રહેનાર શાળામાં ફરજ બજાવતા હિન્દૂ શિક્ષકોની કર્તવ્ય નિષ્ઠા જોતાં ઉપસ્થિત સૌએ ઉભા થઈ તાલીઓ પાડી સન્માનિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમ બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની કલાને 'પરવાઝ' (ઉડાન) આપવાના ઉમદા હેતુ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

# વિપક્ષના નેતા શાકીરહુસેન દ્વારા જંબુસરમાં સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્ટેચ્યુ પાર્ક બનાવવા રજૂઆત કરાઈ

(સંવાદદાતા દ્વારા)જંબુસર, તા.૧૯

જંબુસર શહેરમાં સ્વતંત્ર સેનાનીઓ અને સમાજના મહાન યોદ્ધાઓનું સ્ટેચ્યુ પાર્ક બનાવવા વિપક્ષના નેતા શાકીહુસેન મલેક દ્વારા પાલિકાના મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવ્યા અનુસાર જંબુસર શહેરમાં દેશના મહાન સ્વતંત્ર સેનાનીઓ અને મરાઠા સમાજના સ્થાપક અને વીર યોદ્ધાના સન્માનમાં એક સુંદર અને પ્રેરણાદાયી સ્ટેચ્યુ પાર્ક (રાષ્ટ્રીય પ્રેરણા ઉદ્યાન) બનાવવાની તાતી જરૂરિયાત છે. આવા પાર્કના નિર્માણથી શહેરના નાગરિકો, વિદ્યાર્થીઓ અને યુવાનોમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસ્તાના મૂલ્યો વિકસશે તેમજ શહેરની સુંદરતામાં પણ વધારો થશે.

આ પાર્કમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકર જેવા મહાનુભાવોની પ્રતિમાઓ સ્થાપિત કરવાની માગણી કરી છે. જંબુસર નગરપાલિકા દ્વારા શહેરમાં યોગ્ય સ્થળ પસંદ કરી આધુનિક સુવિધાઓ સાથે આ સ્ટેચ્યુ પાર્કનું આયોજન કરવામાં આવે તો તે સમગ્ર જંબુસર માટે ગૌરવની બાબત બનશે અને આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત સાબિત થશે.

# વડોદરામાં બે સ્થળે લૂંટના બનાવ : મોપેડ પર આવેલા ગઠિયાઓએ મહિલા અને વૃદ્ધને નિશાન બનાવ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

તાજેતરમાં શહેરના અલગ-અલગ બે સ્થળે બનેલી લૂંટની ઘટનાઓએ પોલીસ પેટ્રોલિંગની અસરકારકતા પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. મોપેડ પર આવેલા ગઠિયા મહિલા તથા વૃદ્ધને ટાર્ગેટ બનાવી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ભરેલા પર્સ ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, ઉંડેરા વિસ્તારમાં આવેલી ઈશાનીયા ફ્લોરેન્ઝાના રહેવાસી અનુરાધા ગોપાલ દત્તા (ઉંમર ૪૧) તેમની માતા સાથે બપોરે ચકલી સર્કલ પાસેના કલ્યાણ જ્વેલર્સમાં સોનાની ખરીદી માટે ગયા હતા. સોનાની બંગડી ખરીદી પર્સમાં મૂકી તેઓ બપોરે અંદાજે ૩:૧૫ વાગ્યે સ્કૂટર પર ઘરે પરત ફરવા નીકળ્યા હતા. તે દરમિયાન બે ગાંઠિયા સ્કૂટર પર આવી પાછળ બેઠેલા વ્યક્તિએ માતાના હાથમાંથી પર્સ ઝૂંટવી લીધું અને લક્ષ્મીપુરા રોડ તરફ ફરાર થઈ ગયા હતા. પર્સમાં રૂા.૨.૨૧ લાખની કિંમતની સોનાની બંગડી, એક મોબાઈલ, રૂા.૩ હજાર રોકડા તથા એટીએમ કાર્ડ હતું.

બીજા બનાવમાં ઓ.પી. રોડ પર આવેલી રાજપથ સોસાયટીમાં રહેતા કલ્પેશકુમાર કૈલાસગીરી મહંત એક્ટિવા પર મહારાજ ફાર્મ (સનફાર્મા રોડ, તાંદલજા)થી ઘરે પરત ફરી રહ્યા હતા. તેમના ખભે લટકાવેલા કાળા રંગના પર્સમાં બેંકમાંથી ઉપાડેલા રૂા.૧.૫૦ લાખ રોકડા, બે મોબાઈલ અને ડાયાબિટીસની દવાઓ હતી. રાત્રે ચરોતર પાર્ક સોસાયટી પાસે પહોંચતા જ પાછળથી મોપેડ પર આવેલા ત્રણ ગાંઠિયાઓએ છેલ્લે બેઠેલા વ્યક્તિ દ્વારા પર્સ ઝૂંટવી લીધું અને ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી. બંને ઘટનાઓ અંગે પોલીસે ફરિયાદ નોંધી ગઠિયાઓની શોધખોળ શરૂ કરી છે. શહેરમાં વધતી લૂંટની ઘટનાઓને પગલે નાગરિકોમાં ભયનો માહોલ ફેલાયો છે અને પેટ્રોલિંગ વધુ કડક કરવાની માંગ ઉઠી રહી છે.

# અંકલેશ્વર પોલીસ મથક ખાતે ટ્રિપલ તલાકની ફરિયાદ નોંધાઈ

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકની હદમાં આવેલ એક ગામમાં રહેતી પીડિતાના લગ્ન મુસ્લિમ રીતિ રિવાજ મુજબ ઓલપાડની બાગે મદીનામાં રહેતા ઈરફાન હુસેન સિકંદન શેખ સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન દંપતીને બે સંતાનોનું સુખ મળ્યું હતું પરંતુ ઓલપાડ ગામના શેરડી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઈરફાન શેખ એ પત્ની પર આડા સંબંધ બાબતે ખોટી શંકા રાખી અવાર નવાર ધમકીઓ આપી ઘરની બહાર કાઢી મુકતા હતા. પતિના માનસિક ત્રાસથી કંટાળેલ મહિલા પિયરમાં આવી હતી. પરણીતાના સંબંધીઓ મહિલાને ફરી સાસરીમાં મૂકવા આવ્યા હતા. જે સમયે પતિએ બધાની વચ્ચે મારે તને રાખવી નથી બોલી ત્રણ વાર તલાક કહી તલાક આપી દીધા હતા અને મહિલાને સ્વીકારવાની ના પાડી દીધી હતી. માનસિક ત્રાસ આપતા પતિ વિરૂદ્ધ મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે મુસ્લિમ મહિલા લગ્ન અધિકારોનું રક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં હોમગાર્ડઝને અનોખી સજા કરતાં જિલ્લા કમાન્ડન્ટ

જામનગર, તા.૧૯

જામનગર જિલ્લામાં પોલીસની સાથે ખભેખભો મિલાવી દિવસ-રાત પોતાની ફરજ કરતાં હોમગાર્ડઝ સભ્યોનો ક્યારેક સંજોગવશ ગેરહાજરીનો રિપોર્ટ આવતો હોય છે. ! જે રિપોર્ટના આધારે જિલ્લા કચેરીએથી હોમગાર્ડઝને સજા સ્વરૂપ ફરજ મોકુફ રાખવામાં આવે છે અને તેનો ખુલાસો આવ્યાં બાદ ફરી વખત તેને ફરજ સોંપવામાં આવે છે. !

હોમગાર્ડઝ સભ્યો આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતાં હોય છે અને હોમગાર્ડઝની સાથે અન્ય ધંધો નોકરી પણ કરતાં હોય છે.! તેમજ સરકારી દરેક કાર્યક્રમમાં હોમગાર્ડઝ અગ્રેસર હોય છે તેથી હોમગાર્ડઝને આર્થિક નુકસાન ન થાય અને તેમના હાથે સેવાકીય પ્રવૃત્તિઓ પણ થાય એવાં ઉમદા હેતુથી જિલ્લાના કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ નવો વિચાર અમલમાં મુક્યો છે. ! આવા ગેરહાજરીનો રિપોર્ટ આવતાં હોમગાર્ડઝના સભ્ય ના હાથે સ્વેચ્છાએ બ્લડ ડોનેશન કરાવે છે, અને એ રીતે હોમગાર્ડઝ સભ્યોને સજા સાથે પુણ્યનું ભાથું પણ બંધાય એવી અનોખી સજા કરે છે.!

# ભરૂચ જિલ્લામાં યોજાનાર ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગ સજ્જ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૯

આગામી ૨૬ ફેબ્રુઆરીથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓની ભરૂચ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે બોર્ડ પરીક્ષા સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે ભરૂચ જિલ્લામાં ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૩૨ કેન્દ્રો, ૮૬ બિલ્ડીંગ અને ૭૮૮ બ્લોકમાં ૨૩૬૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨ કેન્દ્રો ખાતે ૩૮ બિલ્ડીંગના ૩૨૫ બ્લોકમાં ૯૭૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪ કેન્દ્રો ખાતે ૧૯ બિલ્ડીંગ ૧૬૯ બ્લોકમાં ૩૩૮૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે.આ માટે તમામ કેન્દ્રના સંચાલકો સાથે મિટિંગ કરી તેમને જરૂરી સૂચના આપવામાં આવી છે. સાથે જ દક્ષિણ ગુજરાત વીજ કંપની, એસ.ટી.વિભાગ અને પોલીસ વિભાગ સહિત સંબંધિત વિભાગોને પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને અગવડતા ન પડે એ માટે વિશેષ ધ્યાન રાખવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ તરફ ભરૂચના જય ભારત ઓટો રીક્ષા એસોસિએશન દ્વારા પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા દરમિયાન આકસ્મિક પરિસ્થિતિમાં વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવાની જાહેરાત જય ભારત એસોસિએશનના પ્રમુખ આબિદ મિર્ઝા બેગ દ્વારા કરવામાં આવી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ભારતની વિશાળતા અને ફ્રાન્સની કુશળતાનું જોડાણ વધુ ફળદાયી બની રહેશે

વર્તમાન રાજકીય ઉથલપાથલ અને અનિશ્ચિતતાના બદલાતા સમયમાં ભારત આર્થિક અને વ્યૂહાત્મક સહયોગ વધારવા માટે વિવિધ દેશો સાથે તેની ભાગીદારીને વિસ્તૃત કરવા માટે આગળ વધી રહ્યું છે. અમેરિકા, યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથેના વેપાર કરારો પછી, ભારતે હવે ફ્રાન્સ સાથેના તેના દ્વિપક્ષીય સંબંધોને ''વિશેષ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી''માં અપગ્રેડ કર્યા છે. આ કરાર હેઠળ, બંને દેશોએ સંરક્ષણ, વેપાર અને રોકાણ સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાનું વચન આપ્યું છે.

મુંબઈમાં નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચેની વાટાઘાટો દરમિયાન થયેલી સર્વસંમતિ બાદ, એકવીસ કરારોને મંજૂરી આપવામાં આવી હતી. આ ભાગીદારીને વૈશ્વિક સ્થિરતા અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તે દ્વિપક્ષીય વેપાર અને આધુનિક ટેકનોલોજીના આદાનપ્રદાન માટે નવા માર્ગો ખોલશે જ, પરંતુ સંરક્ષણ મોરચે ભારતની સ્થિતિને પણ મજબૂત બનાવશે.

તાજેતરમાં, ભારતે યુકે અને ઓમાન સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ ન્યુઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરારોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. તાજેતરમાં, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે એક વચગાળાનો વેપાર કરાર જાહેર કરવામાં આવ્યો, જેના પરિણામે અમેરિકાએ ભારત પર લાદવામાં આવેલ ૫૦% ટેરિફ ઘટાડીને ૧૮% કર્યો. ભારત પર લાદવામાં આવેલા ભારે યુએસ ટેરિફથી દેશના નિકાસ વ્યવસાયને અસર થઈ હતી તેમાં કોઈ શંકા નથી.

આ કટોકટીનો સામનો કરવા માટે, ભારતે વિશ્વભરના વિવિધ દેશોમાં તેના ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવા માટે નવેસરથી પ્રયાસો કર્યા, અને તેના વેપાર કરારોના સ્વરૂપમાં સફળ પરિણામો મળ્યા છે. હવે, ફ્રાન્સ સાથે એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વેપાર, ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રોમાં ભારતની મજબૂતાઈની સંભાવનાને વધુ મજબૂત બનાવશે. ભારત અને ફ્રાન્સે પરસ્પર રોકાણને પ્રોત્સાહન આપવા માટે એક ખાસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી બંને દેશોના નાગરિકો અને કંપનીઓને બેવડા કર ચૂકવવાની જરૂરિયાત દૂર થશે. આ દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને અવરજવરને નવી ગતિ આપશે.

ઉલ્લેખનીય છે કે ફ્રેન્ચ સહાયથી, કર્ણાટકના વેમાગલમાં એરબસ H-૧૨૫ હેલિકોપ્ટરના ઉત્પાદન માટે એક ઘટક એસેમ્બલી પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાં હવે કામ શરૂ થયું છે. વિશ્વના સૌથી શક્તિશાળી હેલિકોપ્ટર, જે વિશ્વના સૌથી ઊંચા પર્વત શિખર માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડવા માટે સક્ષમ છે, તેનું ઉત્પાદન અહીં કરવામાં આવશે.

દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ વધારવા માટે, ભારત અને ફ્રાન્સે ''હેમર'' મિસાઈલોના ઉત્પાદન પર પણ એક મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ફ્રેન્ચ સંરક્ષણ કંપની સફ્રાન એક સંયુક્ત સાહસ સ્થાપિત કરશે. ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે અને બંને દેશો વચ્ચે હવે સહયોગનો એક નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે. સ્પેશિયલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપની પહેલ ફ્રાન્સની કુશળતા અને ભારતની વિશાળ ક્ષમતાઓને એકસાથે લાવવાનો પ્રયાસ કરે છે અને આનાથી ચોક્કસપણે આ નિઃશંકપણે ભારતની ઉત્પાદન અને નિકાસ ક્ષમતાઓમાં વધારો થશે.

# રમઝાન અને યુવાનો - વિચારાત્મક અને વ્યવહારિક માર્ગદર્શન

**રમઝાનનું મહત્ત્વ**

**- જાવેદ કુરૈશી**

રમઝાનનું નામ સાંભળતાં જ ખૈર, બરકત અને રહેમતનું ચિત્ર મનમાં તરત જ ઊભું થઈ જાય છે. હકીકતમાં પણ આ પવિત્ર મહિનામાં અલ્લાહ તઆલા દરેક ઈન્સાન પર પોતાની રહેમતો અને બરકતો વરસાવે છે — શરત એટલી જ છે કે આપણે પોતાના દિલ અને દિમાગને તેની બરકતોમાંથી લાભ લેવા માટે તૈયાર કરીએ અને પૂરી એકાગ્રતા સાથે તેની તરફ વળી જઈએ.

રમઝાન સાથે લોકોનો સંબંધ અલગ અલગ પ્રકારનો હોય છે — મહિલાઓ, બાળકો, યુવાનો અને વડીલો. દરેક પોતપોતાની રીતે આ મહિનાથી લાભ લે છે. અહીં ખાસ કરીને આપણે વિચારશું કે એક યુવાન રમઝાનના મહિને પોતાની વ્યક્તિગત ઘડતર અને વિકાસ કેવી રીતે કરી શકે અને તેના માટે કયા પ્રકારનું આયોજન જરૂરી છે.

રમઝાનનો સૌથી વધુ લાભ જો કોઈ લઈ શકે તો તે યુવાનો છે. કારણ કે રોજાના કારણે ક્યારેક મહિલાઓ, બાળકો અને વડીલોને નબળાઈ અનુભવાય છે, જ્યારે યુવાનોમાં ઉત્સાહ, ઉમંગ, હિંમત અને શક્તિ સામાન્ય રીતે વધુ હોય છે. તેથી યુવાનો રમઝાનનો સંપૂર્ણ લાભ લઈ શકે — સિવાય તેઓ જે આળસ અને ગફલતમાં ગરકાવ થઈ ગયા હોય. રમઝાનથી સાચો લાભ લેવા માટે સૌથી પ્રથમ અને મૂળભૂત જરૂર છે યોગ્ય આયોજન. રમઝાનની મહત્તા અને સ્થાનને સમજતા, ગંભીરતા સાથે તેની તૈયારી કરવી જોઈએ. જેમ એક નોટબુક બનાવતો વેપારી શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં જ સંપૂર્ણ તૈયારી કરે છે, જેથી સમય આવે ત્યારે તેને પૂર્ણ લાભ મળે — તેમજ આપણે પણ પહેલેથી જ આત્મિક તૈયારી કરવી જોઈએ.

ઘણા યુવાનોમાં એવો પણ વર્ગ છે જે વ્યર્થ બાબતો અને બુરાઈઓમાં ડૂબેલો છે. તેમની માટે રમઝાન એવી રીતે પસાર થઈ જાય છે જેમ વરસાદનું પાણી કઠોર પથ્થર પર વરસીને વહે જઈએ — કારણ કે જમીન નરમ અને તૈયાર નથી. તેથી સૌપ્રથમ આપણે આપણા દિલનું મૂલ્યાંકન કરવું જોઈએ કે શું તે રમઝાનની બરકતો સ્વીકારવા માટે તૈયાર છે? જો નહીં, તો તેને તૈયાર કરવું એ પહેલી ફરજ છે.

દિલને તૈયાર કરવાની શરૂઆત શુદ્ધિકરણથી થાય છે — ગંદા વિચારોમાંથી, ભૌતિક લાલસામાંથી, ડિજિટલ મનોરંજનમાંથી અને ખાસ કરીને લાલચ અને ઈચ્છાઓની ગુલામીમાંથી. કારણ કે આ બધું આપણને આધ્યાત્મિકતા તરફથી દૂર લઈ જાય છે. જેમ ખેડૂત વરસાદ પહેલાં ખેતરને સાફ અને સમતલ બનાવે છે, તેમ આપણે પણ રમઝાન પહેલાં દિલ અને દિમાગને તૈયાર કરવું જોઈએ.

**ડિજિટલ ડિસ્ટ્રેક્શન અને યુવાનો**

આજના યુવાનો માટે સૌથી મોટું ફિત્ના ''ડિજિટલ ડિસ્ટ્રેક્શન'' છે. મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા, શોર્ટ વીડિયોઝ, ગેમ્સ અને બિનજરૂરી સ્ક્રોલિંગ મનને વિખેરાઈ જવા મજબૂર કરે છે અને દિલને ગફલતમાં મૂકી દે છે. રમઝાનમાં આ લત આપણા રોજા અને આધ્યાત્મિક જીવન માટે ખૂબ જ ખતરનાક બની શકે છે.

**આ બાબતમાં ત્રણ મુદ્દા ખાસ યાદ રાખવા યોગ્ય છે :**

૧. મોબાઈલનો અતિશય ઉપયોગ રોજાની રૂહને કમજોર બનાવે છે.

ખાવા-પીવાથી દૂર રહેવાથી માત્ર શરીરનો રોજો થાય છે; પરંતુ જો આંખ અને મન વ્યર્થ કે ગેરજરૂરી બાબતોમાં મશગૂલ હોય, તો રોજાનો અસલ અસર ઘટી જાય છે.

૨. ડિજિટલ લત એકાગ્રતા નષ્ટ કરે છે.

કુર્આનની તિલાવત, નમાઝમાં ખશૂ અને દુઆમાં હાજરી ત્યારે જ શક્ય છે જ્યારે મન સતત નોટિફિકેશન અને સ્ક્રોલિંગનો આદી ન હોય.

૩. આધ્યાત્મિક આનંદની જગ્યાએ ક્ષણિક મજા આવી જાય છે.

સતત ડિજિટલ મનોરંજન દિલને કઠોર બનાવી દે છે અને ઈબાદતમાં સ્વાદ અનુભવાતો નથી.

જેમ આપણે રમઝાનમાં શારીરિક રોજો રાખીએ છીએ, તેમ ''ડિજિટલ ફાસ્ટિંગ'' પણ જરૂરી છે. નિશ્ચિત સમય સિવાય મોબાઈલનો ઉપયોગ ટાળો, બિનજરૂરી એપ્સ દૂર કરો, સોશિયલ મીડિયાનો સમય ઓછો કરો અને કુર્આન, ઝિક્ર અને ઉપયોગી વાંચનને પ્રાથમિકતા આપો.

**હવે જોઈએ કે રમઝાનમાં આયોજન કેવી રીતે કરવું.**

**રમઝાનના અમલ બે ભાગમાં વહેંચી શકાય :**

**૧. હકૂકુલ્લાહ (અલ્લાહના હક)**

૨. હકૂકુલ ઈબાદ (બંદાઓના હક)

રમઝાન આપણને બંનેમાં સંતુલન શીખવે છે.

**હકૂકુલ્લાહ**

**(૧) રોજો**

હદીસે કુદસીમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ ''રોજો મારો છે અને હું જ તેનો બદલો આપીશ.''

રોજો એવી ઈબાદત છે જે સીધી બંદા અને અલ્લાહ વચ્ચે છે. તેથી તેને સાચી ભાવના સાથે અદા કરવો જોઈએ.

ઈમામ ગઝાલી (રહ.) મુજબ રોજાના ત્રણ દરજ્જા છેઃ

૧. સામાન્ય લોકોનો રોજો (માત્ર ખાવા-પીવાથી રોકાવું)

૨. ખાસ લોકોનો રોજો (આંખ, જીભ અને અંગો ગેરકાર્યોમાંથી બચાવવાં)

૩. મુકર્રબીનનો રોજો (વિચાર અને ભાવનાઓને પણ નિયંત્રિત કરવાં)

આપણે ત્રીજા દરજ્જા સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૨) નમાઝ**

રમઝાનમાં મસ્જિદો ભરાઈ જાય છે, પરંતુ થોડા દિવસોમાં ખાલી થવા લાગે છે. આ રમઝાનમાં સંકલ્પ કરીએ કે બધી નમાઝ બાજમાત અદા કરીશું.

**(૩) કુર્આન**

રમઝાન અને કુર્આનનો ગાઢ સંબંધ છે. તિલાવત સાથે અર્થ અને સમજણ પર પણ ધ્યાન આપવું જોઈએ.

**(૪) ઝિક્ર અને દુઆ**

ઈફતાર સમયે, નમાઝ પછી અને ખાસ કરીને શબે કદ્રની રાતે દુઆનો ખાસ એહતેમામ કરવો જોઈએ.

**હકૂકુલ ઈબાદ**

રમઝાન સહાનુભૂતિ અને બલિદાનનો મહિનો છે. ગરીબોને મદદ કરવી, ઈફતાર પહોંચાડવું, જરૂરિયાતમંદોને કપડા આપવા આ બધું પણ ઈબાદત છે. યુવાનો પોતાના મનોરંજન ખર્ચ ઘટાડીને ઈનફાક કરે તો તે વધારે અલ્લાહને પ્રિય બને છે.

રમઝાનમાં શૈતાન કેદ કરવામાં આવે છે, પરંતુ નફ્સે અમ્મારા હજુ પણ મનુષ્યને ભટકાવે છે. તેથી વ્યર્થ અને ગંદી બાબતોથી પોતાને બચાવવું અત્યંત જરૂરી છે.

આ રમઝાનને એવા રીતે જીવીએ જાણે કે આ આપણો છેલ્લો રમઝાન હોય.

ખરેખર આપણે દુઆ કરીએ છીએ કે અલ્લાહ અમને અનેક રમઝાન નસીબ કરે, પરંતુ આ અનિશ્ચિત દુનિયામાં કોઈ ખાતરી નથી. તેથી જ્યારે પણ રમઝાન મળે, તેને સંપૂર્ણ ખલૂસ, ગંભીરતા અને ઉત્સાહ સાથે જીવવો જોઈએ. એ જ યુવાનોની સાચી સફળતા છે.

# EDએ અનિલ અંબાણીને ૨૬ ફેબ્રુઆરીએ હાજર થવા નવું સમન્સ પાઠવ્યું; પત્ની ટીના અંબાણીએ સમય માંગ્યો

(એજન્સી) નવી દિલ્હી, ત.૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને મની લોન્ડ્રિંગના એક કેસમાં પૂછપરછ માટે ફરી એકવાર સમન્સ પાઠવવામાં આવ્યું છે. આ અઠવાડિયે અગાઉના સમન્સ પર હાજર ન થયા બાદ તપાસ એજન્સીએ તેમને હવે ૨૬ ફેબ્રુઆરીએ હાજર થવા જણાવ્યું છે. બીજી તરફ, તેમના પત્ની અને પૂર્વ અભિનેત્રી ટીના અંબાણીએ પણ અત્યાર સુધી બે વખત મુદ્દત માંગી છે અને ૧૦ ફેબ્રુઆરી તથા ૧૭ ફેબ્રુઆરીની નિર્ધારિત તારીખે તેઓ હાજર થયા ન હતા. જો કે, તેમને નવી કોઈ તારીખ અપાઈ છે કે નહીં તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) હેઠળ આ દંપતીના અલગ-અલગ નિવેદનો નોંધવા માટે બોલાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અનિલ અંબાણી અગાઉ ઓગસ્ટ ૨૦૨૫માં પણ ED સમક્ષ હાજર થયા હતા. આ સમગ્ર મામલો ન્યૂયોર્કના મેનહટનમાં એક લક્ઝરી કોન્ડોમિનિયમની ખરીદી સાથે જોડાયેલા મની ટ્રેલ (પૈસાની લેવડદેવડ) સાથે સંબંધિત હોવાનું મનાય છે.

**ન્યૂયોર્ક પ્રોપર્ટી અને છેતરપિંડીના આક્ષેપો :** EDએ તાજેતરમાં આ જ કેસમાં રિલાયન્સ કોમ્યુનિકેશન (RCOM)ના પૂર્વ પ્રેસિડેન્ટ પુનિત ગર્ગની ધરપકડ કરી છે. એજન્સીનો દાવો છે કે, ૨૦૨૩માં જ્યારે RCOMની નાદારી પ્રક્રિયા (CIRP) ચાલી રહી હતી, ત્યારે ગર્ગ દ્વારા ન્યૂયોર્કની આ મિલકત 'છેતરપિંડી'થી વેચી દેવામાં આવી હતી. RCOM દ્વારા આ છેતરપિંડીયુક્ત વેચાણ અંગે ૨૦૨૫માં સ્ટોક એક્સચેન્જને જાણ કરવામાં આવી હતી.

તપાસમાં જાણવા મળ્યું છે કે, આ મિલકતના વેચાણથી મળેલી અંદાજે ૮૩ લાખ ડૉલર (આશરે રૂ.૬૯.૫૫ કરોડ)ની રકમને એક નકલી રોકાણ વ્યવસ્થા હેઠળ અમેરિકાથી બહાર મોકલવામાં આવી હતી. આ વ્યવહાર દુબઈ સ્થિત એક એન્ટિટી દ્વારા કરવામાં આવ્યો હતો જે પાકિસ્તાન સાથે જોડાયેલી વ્યક્તિ દ્વારા સંચાલિત હતી. ખાસ વાત એ છે કે, આ સમગ્ર વ્યવહાર રેઝોલ્યુશન પ્રોફેશનલ (RP)ની જાણ કે સંમતિ વગર કરવામાં આવ્યો હતો.

**SIT દ્વારા તપાસ અને મિલકતોની જપ્તી :** સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ EDએ અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપ (ADAG) વિરુદ્ધ બેંક છેતરપિંડી અને નાણાકીય ગેરરીતિઓના અનેક કેસોની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. એજન્સીએ આ તપાસના ભાગરૂપે અત્યાર સુધીમાં રૂા.૧૨,૦૦૦ કરોડની મિલકતો જપ્ત કરી છે અને રિલાયન્સ ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ ત્રણ અલગ-અલગ ફરિયાદ (ECIR) નોંધવામાં આવી છે.

# પૂર્વ પતિએ ૩૦ વર્ષીય ટેકીની છરી મારી હત્યા કરી, ફૂલના કુંડાથી માથું તોડી નાખ્યું

## આરોપીએ કથિત રીતે તેની ૩૦ વર્ષીય ટેકી પત્ની પર અનેક વાર છરીના ઘા કર્યા અને ફૂલના કુંડાથી તેના માથા પર પ્રહાર કર્યા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

પોલીસે જણાવ્યું હતું કે, હૈદરાબાદમાં એક ૩૦ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયરની તેના પૂર્વ પતિ, જે સોફ્ટવેર એન્જિનિયર પણ છે, તેના એપાર્ટમેન્ટમાં કથિત રીતે હત્યા કરવામાં આવી હતી. આરોપીએ તેના પર અનેક વાર છરી મારી અને ફૂલના કુંડાથી માથા પર પ્રહાર કર્યો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. પોલીસને શંકા છે કે, હત્યા તેના તાજેતરના પુનર્લગ્ન અને તેણીએ તેની સામે દાખલ કરેલા કેસ પ્રત્યેના રોષને કારણે થઈ હતી. વિદેશમાં કામ કરતો પૂર્વ પતિ મહેશે કથિત રીતે એપાર્ટમેન્ટમાં ઘૂસીને સુનિતા પર બે તીક્ષ્ણ હથિયારો, જે છરી અને દાતરડા હોવાનું માનવામાં આવે છે, વડે હુમલો કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર ઈજાઓને કારણે તેણીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. આ ઘટના બુધવારે બપોરે લગભગ ૧૨:૧૫ વાગ્યે બની હતી. આ દંપતીએ ૨૦૨૨માં લગ્ન કર્યા હતા અને ૨૦૨૪માં પરસ્પર છૂટાછેડા લીધા હતા. સુનિતાએ એપ્રિલ ૨૦૨૫માં ફરીથી લગ્ન કર્યા હતા.

પોલીસને શંકા છે કે, મહેશ તેમના અલગ થવા, તેના તાજેતરના બીજા લગ્ન અને તેણે તેની સામે દાખલ કરેલા ઘરેલુ હિંસાના કેસને કારણે તેના પ્રત્યે દ્વેષ રાખતો હતો. તપાસકર્તાઓ એવા દાવાઓની પણ તપાસ કરી રહ્યા છે કે, પેન્ડિંગ કેસથી તેની વિદેશ મુસાફરી કરવાની ક્ષમતા પર અસર પડી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ભારતમાં લગ્ન કર્યા પછી મહેશ કેનેડા ગયો હતો અને સુનિતા પાછળથી ત્યાં તેની સાથે જોડાઈ ગઈ હતી. જો કે, દંપતી વચ્ચે મતભેદો ઊભા થયા અને પાંચ દિવસ તેની સાથે રહ્યા પછી, તે ભારત પરત ફરી અને ત્યારબાદ મહારાષ્ટ્રમાં તેની સામે ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો. ગયા વર્ષે માર્ચમાં આરોપી તેની માતાના મૃત્યુ પછી ભારત પાછો ફર્યો હતો પરંતુ સુનિતાના કેસના સંદર્ભમાં તેની સામે લુક-આઉટ નોટિસ જારી કરવામાં આવી હોવાથી અને તેનો પાસપોર્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાથી તે પાછો ફરી શક્યો ન હતો. ત્યારથી તે તેલંગાણામાં તેના વતન ગામમાં બેરોજગાર રહે છે, એમ સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીએ તેના પ્રત્યે દ્વેષ રાખ્યો હતો અને તેને મારી નાખવાનો નિર્ણય લીધો હતો. તેણે કથિત રીતે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા તેનું રહેઠાણનું સરનામું શોધી કાઢ્યું હતું, બે મહિના પહેલા હૈદરાબાદ આવ્યો હતો અને નજીકની હોસ્ટેલમાં રહ્યો હતો. હત્યા બાદ પોલીસે આરોપીને એપાર્ટમેન્ટ પરિસરમાંથી ઝડપથી શોધી કાઢ્યો અને પકડી લીધો. તે બે છરીઓ, એક ડ્રિલિંગ મશીન અને પાંચ લિટર પેટ્રોલ સાથેનો કેન અને અન્ય વસ્તુઓ સાથે લઈ ગયો હતો. પીટીઆઈના અહેવાલ મુજબ ફરિયાદમાં પીડિતાના પતિએ જણાવ્યું હતું કે, સુનિતા ત્રણ મહિનાની ગર્ભવતી હતી. જો કે, પોલીસે કહ્યું કે, આ વાતની પુષ્ટિ હજુ સુધી થઈ નથી, કારણ કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. હૈદરાબાદમાં ૩૦ વર્ષીય ટેકીની તેના પતિ દ્વારા હત્યા અને તેના તરફ દોરી જતા સંજોગો અંગે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

# T20 વર્લ્ડકપ : ઝિમ્બાબ્વેએ શ્રીલંકાને હરાવીને સુપર આઠમાં અપરાજિત પ્રવેશ મેળવ્યો

## ICC T20 વર્લ્ડકપ : ઝિમ્બાબ્વેએ શ્રીલંકાને હરાવીને ગ્રુપ-બીમાં અજેય રહ્યું, ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડ સહિતની ટીમમાં ટોચ પર રહ્યું

**સ્કોર : ઝિમ્બાબ્વે (૧૯.૩ ઓવરમાં ૧૮૨/૪)એ કોલંબોમાં શ્રીલંકાને (૨૦ ઓવરમાં ૧૭૮/૭) છ વિકેટથી હરાવ્યું. (બ્રાયન બેનેટ ૬૩*, સિકંદર રઝા ૪૫; દુષણ હેમંથા ૨/૩૬).**



કોલંબો, તા.૧૯ બ્રાયન બેનેટના સંયમ અને સિકંદર રઝાના વિસ્ફોટક સ્ટ્રોકપ્લેને કારણે ઝિમ્બાબ્વેએ ગુરૂવારે ગ્રુપ-બીમાં ટોચ પર રહીને શ્રીલંકા પર છ વિકેટથી જોરદાર વિજય મેળવ્યો અને T20 વર્લ્ડકપના સુપર આઠમાં પોતાનું સ્થાન સીલ કર્યું. તેમની અંતિમ લીગ મેચમાં ૧૭૯ રનનો પીછો કરતા ઝિમ્બાબ્વેએ ૧૯.૩ ઓવરમાં લક્ષ્યને પાર કરીને યજમાન ટીમને સ્તબ્ધ કરી દીધી અને અણનમ ગ્રુપ-સ્ટેજ ઝુંબેશ પૂર્ણ કરી. શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા અને આયર્લેન્ડથી ઉપર રહીને આફ્રિકન ટીમે તેમના સતત પુનરૂત્થાનમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સ્થાન મેળવ્યું. તે T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં તેમનો બીજો સૌથી વધુ સફળ પીછો પણ હતો. સંતુલનની માંગ કરતી સુસ્ત સપાટી પર ઝિમ્બાબ્વેએ સંયમ અને ગણતરીપૂર્વકની આક્રમકતાને જોડી દીધી. બેનેટે ૪૮ બોલમાં અણનમ ૬૩ રન બનાવી ઈનિંગને મજબૂત બનાવી, જ્યારે રઝાના ૨૬ બોલમાં ૪૫ રન બનાવીને મહત્ત્વપૂર્ણ ક્ષણોમાં ગતિ આપી. ઝિમ્બાબ્વેએ આત્મવિશ્વાસપૂર્ણ શરૂઆત કરી, બેનેટ અને તાદિવાનાશે મારૂમાની (૨૬ બોલમાં ૩૪) દ્વારા પાવરપ્લેમાં કોઈ નુકસાન વિના ૫૫ રન બનાવ્યા. ઓપનિંગ જોડીએ ૮.૩ ઓવરમાં ૬૯ રન બનાવ્યા પરંતુ મારૂમાની ડુનિથ વેલાલેજના બોલ પર પડી ગયો, જેનાથી સ્પિનરને રિટર્ન કેચ મળ્યો. રાયન બર્લે ૧૨ બોલમાં ૨૩ રન ફટકારીને ગતિ ગુમાવી ન હતી. લોંગ-ઓન પર વેલાલેજની બોલ પર તેનો ૧૦૩ મીટરનો છગ્ગો નોંધપાત્ર રહ્યો, જો કે, પાછળથી તે દાસુન શનાકાના ધીમા બાઉન્સર પર પડ્યો. રાયન બર્લે ૧૨ બોલમાં ૨૩ રન ફટકારીને ગતિ ગુમાવી ન હતી. લોંગ-ઓન પર વેલાલેજ બોલ પર તેનો ૧૦૩ મીટરનો છગ્ગો નોંધપાત્ર રહ્યો, જો કે, પાછળથી તે દાસુન શનાકાના ધીમા બાઉન્સર પર પડી ગયો. બેનેટે એક છેડો મજબૂત રાખ્યો, રઝા જ્યારે મેદાનમાં ઉતર્યો ત્યારે સ્પર્ધા નિર્ણાયક રીતે નમેલી. ઝિમ્બાબ્વેના કેપ્ટને તાકીદનો સંકેત આપ્યો, ૧૫મી ઓવરમાં દિલશાન મદુશંકાને સતત બે છગ્ગા અને એક બાઉન્ડ્રી ફટકારીને પીછો પર નિયંત્રણ મેળવ્યું. પોતાની ઈનિંગના અંતમાં ખેંચાણનો સામનો કરતા રઝાએ હુમલો કરવાનું ચાલુ રાખ્યું, ૧૬મી ઓવરમાં મહિશ થીકશનાની બોલ પર એક છગ્ગો અને એક ચોગ્ગો ફટકારીને આસ્કિંગ રેટને નિયંત્રિત સ્તર પર લાવ્યો. ૧૯મી ઓવરમાં દુશાન હેમંથા દ્વારા રઝાને આઉટ કરવામાં આવ્યો અને તાશિંગા મુસેકિવા બે બોલ પછી આઉટ થયા, અંતિમ ઓવરમાં આઠ રનની જરૂર હતી. ટોની મુન્યોંગાએ થીકશનાને છ વિકેટે આઉટ કરીને પરિણામ સીલ કર્યું ત્યારે કોઈપણ ચિંતા અલ્પજીવી રહી. અગાઉ શ્રીલંકાના બેટ્સમેનોએ ધીમી પિચ પર મધ્ય ઓવરોમાં ઝિમ્બાબ્વેના સ્પિનરો સામે સંઘર્ષ કર્યો હતો પરંતુ તેમ છતાં ગુરૂવારે ગ્રુપ-બીના તેમના મુકાબલામાં સાત વિકેટે ૧૭૮ રનનો સ્પર્ધાત્મક સ્કોર કર્યો હતો. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા શ્રીલંકાએ મજબૂત શરૂઆત કરી કારણ કે, ઓપનર કુસલ પરેરા (૨૨) અને પથુમ નિસાન્કા (૬૨)એ માત્ર ૪.૫ ઓવરમાં ૫૪ રન ઉમેર્યા. પરેરા સંપૂર્ણપણે આરામદાયક દેખાતા નહોતા પરંતુ પેસર બ્લેસિંગ મુઝારાબાનીની બોલ પર બે બાઉન્ડ્રી ફટકારી શક્યા. જો કે, આ જબરદસ્ત ઝડપી બોલરનો અંતિમ નિર્ણય હતો. પરેરાએ મુઝારાબાનીના બાઉન્સર પર પુલ શોટ ચૂક્યો અને શોર્ટ ફાઈન લેગ પર ગ્રીમ ક્રેમર દ્વારા કેચ આઉટ થયો. શ્રીલંકાએ પાવરપ્લેનો અંત ૧ વિકેટે ૬૧ રનના સ્વસ્થ સ્કોર પર કર્યો પરંતુ ત્યારબાદ સ્કોરિંગ વધુને વધુ મુશ્કેલ બન્યું. ઝિમ્બાબ્વેના સ્પિન ચોકડી સિકંદર રઝા, ગ્રીમ ક્રેમર, રાયન બર્લ અને વેલિંગ્ટન મસાકાડ્ઝાએ મધ્ય ઓવરોમાં સ્ક્રૂ કડક કર્યા, આગામી ચાર ઓવરમાં માત્ર ૨૧ રન આપ્યા અને યજમાન ટીમને મુક્ત થવા માટે થોડી જગ્યા આપી.

# પાકિસ્તાનના કરાચીમાં ગેસ લીકેજ બાદ પ્રચંડ બ્લાસ્ટ થતાં ઈમારત ધરાશાયી; ૧૬ લોકોનાં મોત

(એજન્સી) કરાચી, તા.૧૯

પાકિસ્તાનના કરાચીમાં એક મોટા એપાર્ટમેન્ટમાં ગેસ લીકેજ બાદ પ્રચંડ બ્લાસ્ટ થતાં ઈમારતનો એક હિસ્સો જ ધરાશાયી થઈ ગયો હતો. જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૬ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. જો કે, ૧૪થી વધુ ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે. સ્થાનિક પોલીસના વડા રિઝવાન પટેલે આ મામલે જણાવ્યું કે, વિસ્ફોટની ઘટના રાજધાની કરાચીના એક રહેણાંક વિસ્તારમાં બની હતી. હજુ પણ કાટમાળમાં કોઈ ફસાયેલો છે કે, તે જાણવા માટે બચાવકર્મીઓ કાટમાળ હટાવી રહ્યા છે. પહેલા કુલ ૧૩ લોકોનાં મોત થયાની પુષ્ટિ થઈ હતી પણ રેસ્ક્યુ દરમિયાન વધુ ૩ મૃતદેહો મળતાં કુલ મૃત્યુઆંક ૧૬ને સ્પર્શી ગયો હતો. આ ઘટના મામલે પોલીસ અધિકારી જમશેદ અશરફે જણાવ્યું કે, આ વિસ્ફોટ સવારે આશરે ૪:૩૦ વાગ્યે ઓલ્ડ સોલ્જર બજાર વિસ્તારમાં આવેલી એક ઈમારતના પહેલા માળે થયો હતો. આ એ જ સમય હતો જ્યારે લોકો રમઝાન મહિનાના પહેલા રોઝા માટે જાગીને સહેરી કરી રહ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું કે, ગેસ લીકેજના કારણે જ બ્લાસ્ટ થયો હતો. હાલ આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે અને પછી જ વધુ જાણકારી શેર કરવામાં આવશે. તેમજ વધુમાં ફાયરબ્રિગેડના મુખ્ય અધિકારી હુમાયુ ખાને જણાવ્યું કે, મૃતકોમાં ઓછામાં ઓછા ૯ બાળકો સામેલ છે જેમની વય ૨થી ૧૭ વર્ષની હોવાની જાણકારી છે. જો કે, ઘાયલોમાં પણ સાત બાળકો જ છે. તેમણે કહ્યું કે, વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે એક જર્જરિત ઈમારતનો આખો સ્લેબ ધસી પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના સૌથી મોટા શહેર કરાચીમાં ગેસની અછતને કારણે નીચલી આવકવાળા વિસ્તારોમાં લોકો પોતાના ઘરોમાં એલપીજી સિલિન્ડરનો ઉપયોગ કરે છે.

# બિહારના ઘર પર દરોડા દરમિયાન સક્રિય શસ્ત્ર કારખાનું મળી આવ્યું, પાંચ લોકોની ધરપકડ

## ધરપકડ કરાયેલા ચાર લોકો નિષ્ણાત શસ્ત્ર બનાવનારા હોવાનું કહેવાય છે, જ્યારે એક બિહારના ભાગલપુર વિસ્તારમાં દરોડા પાડવામાં આવેલા ઘરનો સહ-માલિક હોવાનું કહેવાય છે

ભાગલપુર : મંગળવારે સાંજે સંયુક્ત પોલીસ ટીમે બિહારના ભાગલપુર વિસ્તારમાં સ્થિત મધુસદનપુરમાં એક ઘર પર દરોડો પાડ્યો હતો અને પહેલા માળે સક્રિય ઈમ્પ્રુવાઈઝ્ડ હથિયારોની ફેક્ટરી મળી આવી હતી. કોલકાતા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF), બિહાર STF અને મધુસદનપુર પોલીસની સંયુક્ત ટીમ દ્વારા મળેલા ગુપ્તચર માહિતીના આધારે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં એમ. નાસિર અંસારી નામના ઘરમાંથી પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમની ઓળખ એમ. મોનાઝીર, એમ. શાદાબ અલી (ઉર્ફે સદ્દામ), એમ. અસલમ (ઉર્ફે ટિંકુ), એમ. સમશેર આલમ (ઉર્ફે છોટુ) અને એમ. શાહનવાઝ તરીકે થઈ છે. તેમાંથી ચાર નિષ્ણાત હથિયાર બનાવનારા હોવાનું કહેવાય છે, જ્યારે એક ઘરનો સહ-માલિક હોવાનું કહેવાય છે, જે ગ્રાઉન્ડ ફ્લોર પર સ્પિનિંગ મિલના વ્યવસાયની આડમાં કાર્યરત હતો. ધરપકડ કરાયેલા બધા મુંગેર જિલ્લાના કાશીમબજાર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારના રહેવાસી હોવાનું કહેવાય છે. પોલીસ સૂત્રો કહે છે કે શોધ દરમિયાન, તેમની પાસેથી નીચેની વસ્તુઓ મળી આવી હતીઃ ૨૦ અર્ધ-તૈયાર ભારતીય બનાવટની ૭.૬૫ મીમી પિસ્તોલ, આઠ પિસ્તોલ બેરલ, બે મિલિંગ મશીન, એક ડ્રિલ મશીન, એક ગ્રાઈન્ડીંગ પોલિશિંગ મશીન અને એક હેન્ડ ગ્રાઈન્ડર, અન્ય વસ્તુઓ. તેમણે ઉમેર્યું હતું કે ફેક્ટરીના સપ્લાય



નેટવર્કને શોધવા અને ગેરકાયદેસર હથિયારો બનાવવાના રેકેટ સાથે સંભવિત કડીઓ શોધવા માટે હાલમાં તપાસ ચાલી રહી છે. મધુસુદનપુર પોલીસ સ્ટેશનના વડા, સફદર અલીના જણાવ્યા અનુસાર, ઘર આઠ મહિના પહેલા એમ. ફૈઝલ નામના વ્યક્તિ દ્વારા ભાડે લેવામાં આવ્યું હતું, જે કથિત રીતે ફેક્ટરી ચલાવતો હતો અને હાલમાં ફરાર છે. જાગરણ રિપોર્ટમાં જણાવાયું છે કે પોલીસ ટીમો હાલમાં ફૈઝલ અને ધરપકડ કરાયેલા લોકોના સાથીઓને શોધવામાં રોકાયેલી છે. અહેવાલમાં ઉમેરાયું છે કે ૨૦૨૨માં, પોલીસે ચંપાનગરમાં એક મીની-ગન ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો, તે સમયે ફૈઝલ સામે કેસ પણ નોંધવામાં આવ્યો હતો. તે STFથી છટકી ગયો અને ફરાર રહ્યો. જોકે, અહેવાલમાં ઉમેરાયું છે કે લગભગ બે મહિના પછી, ફૈઝલે કોર્ટમાં આત્મસમર્પણ કર્યું હોવાના અહેવાલ છે, અને જેલમાંથી મુક્ત થયા પછી, તેણે ફરીથી ગેરકાયદેસર શસ્ત્રો બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો.

## અમેરિકા સાથે ઘર્ષણ વચ્ચે ઈરાનના સૈન્ય મથકો પાસે વિસ્ફોટથી તંગદિલી વધી

# અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધનું કાઉન્ટડાઉન શરૂ થવાની તૈયારીમાં ??

(એજન્સી) તેહરાન, તા.૧૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની સામે બીજું પ્રચંડ વિમાન વાહક જહાજ અને તેના સાથી જહાજો ઈરાન સામે મોકલવાનો નિર્ણય લેતાં હવે ઈરાનના નેતા ખામેનેઈની સામે ચેતવણી આપી હતી, અમેરિકાએ છેલ્લા ૨૪ કલાકમાં ૫૦થી વધુ આધુનિક યુદ્ધ વિમાનો તૈનાત કરી દીધા છે. જેમાં એફ-૨૨, એફ-૩૫ અને એફ-૧૬ જેવા ઘાતક વિમાનો સામેલ છે સાથે આકાશમાં જ ઈંધણ ભરી શકે તેવાં કેટલાએ ટેન્કરો પણ મોકલ્યા છે જે લાંબા સમય સુધી ચાલનારા યુદ્ધની પૂર્વ તૈયારી દર્શાવે છે. એટલુ જ નહીં મોટા પ્રમાણમાં વિસ્ફોટકો સાથે ૧૫૦ કાર્ગો વિમાન પણ રવાના કર્યા છે. એક મોટા અને મહત્ત્વના ઘટનાક્રમમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે, તેઓ કેટલાએ આધુનિક યુદ્ધ જહાજો મધ્ય-પૂર્વમાં મોકલી રહ્યા છે. આશ્ચર્ય તો તે વાતનું છે કે, એક તરફ મંત્રણાની વાતચીત ચાલે છે, બીજી તરફ યુદ્ધની તડામાર તૈયારીઓ ચાલે છે. ઈરાને પણ હોર્મુઝ-સ્ટ્રેઈટમાં તેનું શક્તિ પ્રદર્શન કર્યું છે. ઈરાનના સર્વેસર્વા ખામેનેઈએ સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટમાં પ્રમુખ ટ્રમ્પના દાવાનો જવાબ આપતા લખ્યું હતું કે, 'અમેરિકાના પ્રમુખ વારંવાર કહે છે કે, તેમણે ઈરાન તરફ યુદ્ધ જહાજો મોકલ્યા છે. યુદ્ધ જહાજો ખતરનાક શસ્ત્રો છે પરંતુ તે યુદ્ધ જહાજોથી પણ ઘણાં પ્રબળ શસ્ત્રો છે જે તેને સમુદ્રનાં તળીયે પહોંચાડી શકે તેમ છે.' તેમજ આ પોસ્ટ ઉપર એક 'નાટકીય' રચના કરી, ખામેનેઈએ અમેરિકાનાં પ્રચંડ વિમાન વાહક જહાજ 'ગેરાલ્ડ આર. ફોર્ડ'ને ડૂબતું દર્શાવ્યું હતું. ટૂંકમાં આવી કાર્યવાહીઓ ઈરાનની મજબૂત સંરક્ષણ ક્ષમતા અને જવાબી કાર્યવાહીની તૈયારીઓ રેખાંકિત કરે છે. એક તરફ ઓમાનની મધ્યસ્થતાને લીધે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે જીનીવામાં રાજદ્વારી માર્ગ શોધવા મંત્રણા ચાલી રહી છે. અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વાન્સ કહે છે કે, મંત્રણામાં પ્રગતિ થઈ રહી છે, ત્યાં બીજી તરફ ઈરાન કોઈ પણ હુમલાનો જડબાતોડ જવાબ આપવા તૈયારીઓ કરી રહ્યું છે. ટૂંકમાં મધ્ય-પૂર્વમાં મહાયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકાએ યુદ્ધ વિમાન વાહક જંગી જહાજને રવાના કર્યું છે જે હાલ ઓમાન નજીક પહોંચ્યું હોવાની સેટેલાઈટ તસવીરો સામે આવી હતી.

**હદીસ બોધ**

માણસે કદી ઘમંડ કરવો જોઈએ નહીં.
(હદીસ બોધ)

**બોધ વચન**

સત્યને જાણતા હોવા છતાં તેને અમલમાં ન મૂકવું તે હિંમતની કમી છે. -કોન્ફ્યુશિયસ

**આજની આરસી**

૨૦ ફેબ્રુઆરી શુક્રવાર ૨૦૨૬
૨ રમઝાન હિજરી ૧૪૪૭
ફાગણ સુદ ત્રીજ સંવત ૨૦૮૨
સુબ્હે સાદિક ૫-૪૯
ખત્મે ઝવાલ ૧૨-૫૪
તુલુએ આફતાબ (સૂર્યોદય) ૭-૦૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૮

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# મોદી સરકાર મહત્વપૂર્ણ ડેટા શા માટે છુપાવી રહી છે? આ ડેટા જાહેર ન કરવાથી કોને લાભ થઈ રહ્યો છે ?




## વસ્તી ગણતરી, નફરતના ગુનાઓ, વાસ્તવિક GDP વૃદ્ધિ, નોકરીઓ, કોવિડ-૧૯માં મૃત્યુ, AQI અને 'વોટ ચોરી'ના ડેટામાં શું સામાન્ય છે ?

(એજન્સી) તા.૧૯ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર દ્વારા વસ્તી ગણતરીમાં વિલંબ, ઘરગથ્થુ સર્વેક્ષણો, કોવિડ-૧૯ મૃત્યુ, ગુનાના રેકોર્ડ, દિલ્હીમાં AQI ડેટાનો ઇનકાર કેવી રીતે કલ્યાણ લક્ષ્યીકરણ, પારદર્શિતા અને શાસનને અસર કરે છે. શા માટે આટલો મહત્વપૂર્ણ ડેટા ગુમ છે અથવા છુપાવવામાં આવે છે ? વસ્તી ગણતરી, ગુના ડેટા, નફરતના ગુનાઓ, ઘરગથ્થુ વપરાશ, ભારતનો વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન (GDP), રોજગાર, કોવિડ-૧૯ મૃત્યુ, હવા ગુણવત્તા સૂચકાંક (AQI) અને કોંગ્રેસના વોટ ચોરીના આરોપોમાં શું સામાન્ય છે ? નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સરકાર દ્વારા ઈરાદાપૂર્વક ડેટાનો ઈનકાર કરવામાં આવે છે. કાં તો સરકારે આટલા લાંબા સમયથી ડેટા એકત્રિત કર્યો નથી, અથવા ખરેખર કોઈ ડેટા નથી, અથવા ક્યારેક તેને એવી રીતે ગણતરી કરવામાં આવે છે જે વૈશ્વિક ધોરણો સાથે સુસંગત નથી, અન્ય સમયે સરકાર વૈશ્વિક તારણોને નકારી કાઢે છે. હકીકતમાં, કેન્દ્ર સરકારે તાજેતરમાં સંસદને જાણ કરી હતી કે છેલ્લા પાંચ વર્ષમાં માહિતી અધિકાર (RTI) અરજીઓની સંખ્યા અંગે કોઈ ડેટા નથી કારણ કે કેન્દ્રીય માહિતી આયોગ (CIC) આવા ડેટાનું સંકલન કરતું નથી. પ્રશ્ન એ છે કે મોદી સરકાર મહત્વપૂર્ણ ડેટા કેમ જાળવી રહી નથી ? ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમ સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ ઘણી વખત મોદીના NDA સરકાર પર કટાક્ષ કર્યો છે કે : 'કોઈ ડેટા ઉપલબ્ધ નથી.' પરંતુ, કોઈ ડેટા નથી તેનો અર્થ કોઈ કટોકટી નથી. આ ડેટા સેટની ગેરહાજરીમાં, મોદી સરકાર કેવી રીતે સંવેદનશીલ જૂથોને ઓળખી રહી છે અને ખાતરી કરી રહી છે કે કલ્યાણકારી યોજનાઓ (જે કરદાતાઓના પૈસા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે) લાભાર્થીઓ સુધી પહોંચી રહી છે. આ વાર્તામાં, આપણે જાણીશું કે NDA સરકાર દ્વારા ડેટા નકારવાથી સામાન્ય નાગરિકોને કેવી કિંમત ચૂકવવી પડી રહી છે :

**વસ્તી ગણતરી :** તાજેતરમાં, ભારત ૪ જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું. પરંતુ જો હું તમને કહું કે આપણી ૪.૧૮ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા તેના મોટાભાગના આંતરિક નીતિગત નિર્ણયો ફક્ત અંદાજોના આધારે લઈ રહી છે, કે તેની કલ્યાણકારી યોજનાઓ અનુમાન અને જૂના ડેટા પર આધાર રાખે છે? શા માટે ? કારણ કે ૨૦૨૭માં ભારતની અપડેટેડ વસ્તી ગણતરી થાય ત્યારે ૧૫ વર્ષથી વધુ સમય થઈ ગયો હશે. છેલ્લી દશક વસ્તી ગણતરી ૨૦૧૧ માં પ્રકાશિત થઈ હતી; આગામી ૨૦૨૧ માં થવાની હતી પરંતુ કોવિડ-૧૯ રોગચાળાને કારણે તેને મુલતવી રાખવી પડી હતી અને હજુ સુધી હાથ ધરવામાં આવી નથી. ડિસેમ્બર ૨૦૨૫માં, કેન્દ્રીય મંત્રીમંડળે ૧૧,૭૧૮.૨૪ કરોડ રૂપિયાના ખર્ચે ભારતની વસ્તી ગણતરી ૨૦૨૭ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી. તેણે એ પણ જાહેરાત કરી કે ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં વસ્તીની જાતિ ગણતરીનો પણ સમાવેશ થશે.

**વસ્તી ગણતરી શાસનનો આધાર છે. તે સરકારને જણાવે છે કે :**

- તેના નાગરિકોની ઉંમર, લિંગ, (અને હવે) જાતિની ઘરે ઘરે ગણતરી;
- રહેઠાણ, શહેરીકરણ, સ્થળાંતર અને કાર્યબળ માળખું;
- કલ્યાણકારી યોજનાઓ ક્યાં લક્ષ્ય મુજબ બનાવવી જોઈએ;
- વિધાનસભા અને સંસદીય બેઠકો કેવી રીતે સીમાંકિત કરવી જોઈએ; અને
- રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓને કેટલા પૈસા ફાળવવા જોઈએ.
- વસ્તી ગણતરી વિના, નીતિ માત્ર અંદાજો પર બનેલી છે.

ભારતે કોવિડ-૧૯ના કારણે લોકડાઉનમાં વિલંબ થવાનું કારણ ગણાવ્યું હોવા છતાં, અમેરિકા, યુકે, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશ સહિત ઘણા દેશોએ ૨૦૨૦ અને ૨૦૨૨ ના રોગચાળાના વર્ષો દરમિયાન તેમની વસ્તી ગણતરી હાથ ધરી હતી. વરિષ્ઠ પત્રકાર અને રાજકીય અર્થશાસ્ત્રી અનિંદ્યો ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ભારતના ડેટા સંગ્રહમાં સૌથી મોટી નિષ્ફળતા વસ્તી ગણતરીનો અભાવ છે. વસ્તી ગણતરી કોઈ સર્વેક્ષણ નથી. તે ઘરે ઘરે જઈને ડેટાનો સંપૂર્ણ સંગ્રહ છે અને તે વિના, આપણે ફુગાવાનો અંદાજ પણ લગાવી શકતા નથી કારણ કે વસ્તી ગણતરી ખરેખર લોકો શું ખર્ચ કરે છે તે એકત્રિત કરે છે. તે પેટર્ન નક્કી કરે છે. તેના વિના, આપણે કેવી રીતે જાણી શકીએ?

**ઘરગથ્થુ વપરાશ :** આવો જ એક મહત્વપૂર્ણ ડેટા સેટ છે જે ગ્રાહક ખર્ચ સર્વે છે, જે સરકારને લોકો કેવી રીતે રહે છે, તેઓ શું ખાય છે, તેઓ કેવી રીતે કમાય છે અને ખર્ચ કરે છે તે વિશે માહિતી આપે છે. આ સર્વે ૨૦૧૧ સુધી દર પાંચ વર્ષે એક વાર હાથ ધરવામાં આવતો હતો. છેલ્લો સર્વે, જે ૨૦૧૭-૧૮ માટે હાથ ધરવામાં આવ્યો હતો અને ૨૦૧૯ માં પ્રકાશિત થયો હતો, તેને સરકારે 'ડેટા ગુણવત્તાના મુદ્દાઓ' ટાંકીને રદ કર્યો હતો. જોકે, ઉપરોક્ત સર્વેના લીક થયેલા ડ્રાફ્ટમાં ગ્રામીણ ભારતમાં ગ્રાહક ખર્ચમાં ઘટાડો અને ગરીબી સ્તરમાં વધારો દર્શાવવામાં આવ્યો હતો. ૨૦૨૨માં, કેન્દ્રએ આ સર્વેક્ષણને એક નવા સર્વેક્ષણ સાથે બદલ્યું -૨૦૨૨-૨૦૨૩ માટે પહેલો ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો અને ફેબ્રુઆરી ૨૦૨૪માં બહાર પાડવામાં આવ્યો. દસ વર્ષ સુધી, મોદી સરકાર પાસે કોઈ સત્તાવાર, અદ્યતન ઘરગથ્થુ વપરાશ અથવા ગરીબી ડેટાસેટ ન હતો, તેમ છતાં તે દેશના ગરીબો માટે એક પછી એક કલ્યાણકારી યોજનાઓનું વિતરણ કરતી રહી. આ લાંબા શૂન્યાવકાશમાં ૨૦૨૦થી ૨૦૨૨ સુધીના કોવિડ-૧૯ રોગચાળાના વર્ષોનો સમાવેશ થાય છે, જ્યારે આવા ડેટાની સૌથી વધુ જરૂર હતી જેથી આ મૂલ્યાંકન કરી શકાય :

- રોગચાળા દરમિયાન કેટલા વધુ લોકો ગરીબીમાં સરી ગયા ?
- સૌથી વધુ સંવેદનશીલ સમુદાયોમાં વપરાશ કેટલો હતો ?
- કેટલા લોકો કાર્યબળમાંથી બહાર નીકળી ગયા ?

પરિણામ-કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને ફક્ત એટલા માટે બાકાત રાખવામાં આવ્યા કારણ કે તેમની ગણતરી કરવામાં આવી ન હતી. આ મહત્વપૂર્ણ ડેટા સેટની ગેરહાજરીમાં કેન્દ્ર સરકારે કલ્યાણકારી યોજનાઓ લાભાર્થીઓ સુધી કેવી રીતે પહોંચાડી તે અંગે ખાતરી કરવી જોઈએ. ચક્રવર્તીએ દલીલ કરી કે, મને લાગે છે કે ડેટા ઉપલબ્ધ છે અને તે ચૂંટણી પરિણામો છે. ખૂબ જ સ્પષ્ટ છે કે, જો દરેક જગ્યાએ ગરીબોએ હાલની સરકારને મત આપ્યો છે, તો તમે જાણો છો કે તે તેમના સુધી પહોંચ્યો છે. આપણે જાણીએ છીએ કે જ્યારે બિહારમાં ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા, ત્યારે વર્તમાન સરકાર ફરીથી સત્તામાં આવી હતી. મને લાગે છે કે લોકોને લક્ષ્ય બનાવવામાં અને સબસિડી આપવામાં ચોક્કસ હદ સુધી સફળતા મળી છે, જે વિવિધ સ્થળોએ હાલની સરકારોને મળતા સમર્થનમાં દેખાય છે અને જ્યારે તે નિષ્ફળ જાય છે, ત્યારે સરકારોને ફેંકી દેવામાં આવે છે. જો કે, ચક્રવર્તીએ જણાવ્યું હતું કે પ્રશ્ન ડેટાની ઍક્સેસનો હતો. સર્વેક્ષણો થઈ રહ્યા છે. પરંતુ તે જાહેર થતાં નથી. ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે પણ તે ડેટાની ઍક્સેસ કોને છે, તે મોટો પ્રશ્ન છે.

**કોવિડ-૧૯ મૃત્યુઆંકનો ડેટા**

દેશના રોજિંદા કામકાજની સાથે, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મોદી સરકારે સંબંધિત તમામ ડેટા પણ બંધ કરી દીધા હતા. યાદ કરો કે કેવી રીતે સમગ્ર ભારતમાં લોકડાઉનને કારણે સ્થળાંતરિત કામદારોને લાખો કિલોમીટર ચાલીને તેમના ગામડાઓ પાછા ફરવાની ફરજ પડી હતી. જ્યારે સંસદમાં આ પરિવહન દરમિયાન જીવ ગુમાવનારા સ્થળાંતરિત કામદારોની સંખ્યા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે સરકારે જવાબ આપ્યો કે તેની પાસે આવો કોઈ ડેટા નથી.

કોવિડ-૧૯નો ચેપ લાગ્યો અને ફરજ દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા આરોગ્ય કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ અને સ્વચ્છતા કામદારોની સંખ્યા વિશે સરકારને પૂછવામાં આવ્યું, ત્યારે તેની પાસે કોઈ ડેટા ન હતો. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ફેબ્રુઆરી ૨૦૨૧માં સંસદમાં જણાવ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન બંધ થયેલા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ની સંખ્યા અંગે સરકાર પાસે કોઈ ડેટા નથી, જ્યારે ભાજપ સરકારે કોવિડથી પ્રભાવિત MSMEsને પુનઃપ્રાપ્ત કરવા માટે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ ઘણી યોજનાઓની જાહેરાત કરી હતી. માર્ચ ૨૦૨૫માં જ MSMEs માટેના કેન્દ્રીય રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે ૨૦૨૦ થી ૨૦૨૪ની વચ્ચે ૭૫,૦૦૦થી વધુ MSME બંધ થઈ ગયા હતા. ૨૦૨૨માં ફરીથી, જ્યારે આરોગ્ય મંત્રાલયને ઓક્સિજનની અછતને કારણે કોવિડ-૧૯થી થતા મૃત્યુના ડેટા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે કેન્દ્ર સરકારે કહ્યું કે તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી આ જ માહિતી માંગી હતી અને અમુક લોકોએ જવાબ આપ્યો છે પરંતુ કોઈએ પણ ઓક્સિજનની અછતને કારણે મૃત્યુની પુષ્ટિ કરી નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે વધારાનો મૃત્યુદર COVID-૧૯ મૃત્યુને કારણે હોય તે જરૂરી નથી, અને તેમાં 'નોંધાયેલા અને બિન-નોંધાયેલા COVID-૧૯ મૃત્યુ, અન્ય તમામ કારણોથી થતા મૃત્યુ અને COVID-૧૯ ની સંભવિત પરોક્ષ અસરો' શામેલ છે.

**આર્થિક વૃદ્ધિ**

વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના મહિનાઓ પછી, મોદી સરકારે આધાર વર્ષ તેમજ ભારતના વાસ્તવિક GDPની ગણતરી કરવાની પદ્ધતિમાં ફેરફાર કર્યો. તાત્કાલિક પરિણામ GDP અંદાજો વધારે હતા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના UPA વર્ષો દરમિયાન ભારતના વિકાસ ડેટાની તુલના કરવાનો કોઈ રસ્તો ન હતો (કારણ કે નવેમ્બર ૨૦૧૮ સુધી બેક-સિરીઝ GDP ડેટા જાહેર કરવામાં આવ્યો ન હતો)

અરવિંદ સુબ્રમણ્યમ, જે તે સમયે મુખ્ય આર્થિક સલાહકાર હતા, તેમણે દલીલ કરી હતી કે GDP ગણતરી કરવાની પદ્ધતિમાં ફેરફારથી ભારતના વિકાસ દરમાં ઓછામાં ઓછો ૨.૫ ટકાનો વધારો થયો છે. નવેમ્બર ૨૦૨૫ માં, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF)એ ભારતને તેના નાણાકીય ડેટા ગુણવત્તા અને રાષ્ટ્રીય ખાતાના આંકડા પર 'C' ગ્રેડ આપ્યો. તેણે નિર્દેશ કર્યો કે ભારત હજુ પણ વાસ્તવિક GDPના અંદાજ માટે ૨૦૧૧-૧૨ને આધાર વર્ષ તરીકે ઉપયોગ કરી રહ્યું છે – અને આ એક દાયકા પછી અર્થતંત્રનું માળખું નોંધપાત્ર રીતે બદલાઈ ગયું છે અને પદ્ધતિગત ખામીઓ અર્થશાસ્ત્રીઓ અને નીતિ નિર્માતાઓને ભારતીય અર્થતંત્રનું સચોટ અને સમયસર ચિત્ર મેળવવામાં અવરોધ છે.

જો કે, અમારી પાસે જૂની સિસ્ટમ નથી. અમારી પાસે અપડેટેડ સિસ્ટમ છે; પરંતુ તે સિસ્ટમ ખામીયુક્ત છે. અમે IMF એ જે અનુસરવાનું કહ્યું છે તેનું પાલન કર્યું છે જે ખોટું છે. યુએસ અથવા યુકે સાથે સરખામણી કરવામાં આવે તો, એવું જોવા મળે છે કે ભારત GDPની ગણતરી કરવા માટે જૂના આધાર વર્ષ, ખામીયુક્ત ડિફ્લેશન પદ્ધતિ અને પ્રોક્સી સૂચકાંકો પર આધાર રાખે છે.

ચક્રવર્તીએ દલીલ કરી કે, "જો નફો ખૂબ જ વધે છે, તો GDP વધશે. પરંતુ તે નફો ન તો રોકાણ પર ખર્ચવામાં આવી રહ્યો છે અને ન તો તે મધ્યમ વર્ગના વ્યાવસાયિકોને પગાર તરીકે આપવામાં આવી રહ્યો છે. જો કે, તેમણે કહ્યું કે ગરીબ લોકો માટે GDP વધ્યો છે. ગામડાઓમાં પાછા ફરવાની હકીકત એ સૂચવે છે કે ગામડાઓમાં ગરીબ લોકો માટે જીવન બાંધકામ સ્થળ પર દિવસમાં ૧૨-૧૬ કલાક કામ કરતા થોડું સારું છે. સૌથી ગરીબ લોકો વધુ સારું કરી રહ્યા છે; પરંતુ કઈ રીતે?

નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી કે વાસ્તવિક જીડીપી ગણતરી માટેનો આધાર વર્ષ ફેબ્રુઆરી ૨૦૨૫ માં સુધારવામાં આવશે.

ક્રાઈમ ડેટા

ડેટાસેટ્સ પર પાછા આવીએ. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના ક્રાઈમ ઈન ઈન્ડિયા રિપોર્ટ, જે ગુનાના ડેટાનો વ્યાપક સમૂહ પ્રદાન કરવાની અપેક્ષા રાખે છે, તેને વારંવાર વિલંબનો સામનો કરવો પડ્યો છે. ૨૦૨૩ વર્ષનો અહેવાલ ૨૦૨૫ના અંતમાં પ્રકાશિત થયો હતો. દાખલા તરીકે, ભારતમાં ૨૦૨૩માં સાયબર ક્રાઈમના કેસોમાં ૩૦ ટકાથી વધુનો વધારો થયો છે, જે રાજ્ય સરકારોને ફક્ત ૨૦૨૫માં જ ખ્યાલ આવ્યો છે. પ્રશ્ન એ છે કે, શું સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોની સંખ્યા તે મુજબ વધી છે? શું સાયબર સેલ્સને સાયબર ક્રાઈમના સ્વભાવમાં પરિવર્તન પર નજર રાખવા અને તેને રોકવા માટે પૂરતા સંસાધનો આપવામાં આવ્યા છે?

એટલું જ નહીં, NCRBના ભારતમાં ગુનાના અહેવાલમાં ગરીબી, બેરોજગારી અથવા તો ધ્રુવીકરણ જેવા ચોક્કસ ગુનાના મૂળ કારણો પર મહત્વપૂર્ણ સંદર્ભ ચૂકી ગયો છે. આ જ કારણ છે કે, જ્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ મોબ લિંચિંગ અને નફરતના ગુનાઓની સંખ્યા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે સંસદમાં જણાવ્યું હતું કે "આ ગુનાઓ પર કોઈ અલગ ડેટા રાખવામાં આવ્યો નથી." આ ઉપરાંત, તે સમયે મોબ લિંચિંગને ગુનો તરીકે પણ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો ન હતો. અને ભલે મોબ લિંચિંગને હવે ભારતના નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે, છેલ્લા દસ વર્ષમાં આવા ગુનાઓમાં વધારો કે ઘટાડો થયો છે તેનો કોઈ ડેટા હજુ પણ ઉપલબ્ધ નથી.

ચૂંટણી ડેટા

ડેટા ન રાખવો એ એક વાત છે. જે કંઈ પણ થોડું અસ્તિત્વમાં છે તેની ઍક્સેસને સક્રિય રીતે નિયંત્રિત કરવી એ બીજી વાત છે. જ્યારે રાહુલ ગાંધીએ કર્ણાટક અને હરિયાણામાં નકલી, ડુપ્લિકેટ અથવા બલ્ક-રજિસ્ટર્ડ મતદારો સહિત મોટા પાયે મતદાર છેતરપિંડીનો આરોપ લગાવ્યો અને માંગ કરી :

- મશીન-રીડેબલ મતદાર યાદી,
- CCTV/વેબકાસ્ટ ફૂટેજનો લાંબા સમય સુધી સંગ્રહ, અને
- પરિણામોનું ઓડિટ અને ચકાસણી કરવા માટે ફોર્મ ૬ અને ૭ ડેટાની ઍક્સેસ, ત્યારે ચૂંટણી પંચે શું કર્યું? તેણે પોતાની જવાબદારી સહિત બધું જ ફગાવી દીધું હતું.

દિલ્હીનો AQI ડેટા

અત્યાર સુધી આપણે જોયું કે મહત્વપૂર્ણ ડેટા કાં તો ગુમ હતો અથવા લાંબા સમય સુધી વિલંબ થયો હતો. પરંતુ આ એક ઉત્તમ ઉદાહરણ છે કે સરકાર ડેટા સંગ્રહથી શરૂ કરીને, પછી ગણતરી, માનકીકરણ અને દાવો કરીને ડેટાનો કેવી રીતે ઉપયોગ કરે છે. મુદ્દો એ છે કે દિલ્હીમા PM ૨.૫ સાંદ્રતા WHOની નિર્ધારિત મર્યાદા કરતા ૧૮ ગણી વધારે હતી. ભારતની રાજધાનીમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધો દર વર્ષે ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી ઝેરી હવાના સંપર્કમાં રહી રહ્યા છે. સરકારે તાજેતરમાં સંસદને જણાવ્યું હતું કે તેની પાસે કોઈ નિર્ણાયક ડેટા નથી જે બગડતા AQI અને ફેફસાના રોગો વચ્ચે જોડાણ સ્થાપિત કરે. આ ત્યારે થયું જ્યારે લેન્સેટના એક અભ્યાસમાં કહ્યું છે કે, ૨૦૨૧ થી ભારતમાં લાખો લોકોના મોત વાયુ પ્રદૂષણને કારણે થયા છે.

# ઝારખંડ ભયાનક : મેલીવિદ્યાના આરોપમાં મહિલા અને પુત્રને જીવતા સળગાવી દેવામાં આવ્યા, ૧૨ આરોપીઓની શરણાગતિ



(એજન્સી) ચૈબાસા, તા.૧૮ ઝારખંડમાં હચમચી ઉઠેલી એક ભયાનક ઘટનામાં પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં ગામલોકોના એક જૂથે મેલીવિદ્યાના શંકામાં એક મહિલા અને તેના સગીર પુત્રને જીવતા સળગાવી દીધા, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. આ ઘટના મંગળવારે મોડી રાત્રે કુમારડુંગી પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ કથિત રીતે પરિવારના ઘરમાં ઘૂસીને મહિલા અને તેના બાળક પર પેટ્રોલ રેડ્યું અને તેમને આગ લગાવી દીધી. બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજયા. મહિલાને બચાવવાના પ્રયાસમાં તેના પતિને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. પ્રાથમિક તપાસ સૂચવે છે કે, ગામમાં ઘણા દિવસોથી પરિવારને અમુક બીમારીઓ અને અન્ય ઘટનાઓ સાથે જોડતી અફવાઓ ફેલાઈ રહી હતી. કેટલાક ગ્રામજનો દ્વારા મહિલાને 'ડાકણ' ગણાવવામાં આવી હતી, જેના કારણે આખરે આ ક્રૂર હુમલો થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, લગભગ ૧૨ ગ્રામજનોએ આ ગુનાને અંજામ આપવાનું કાવતરૂં ઘડ્યું હતું. નાટકીય વળાંકમાં બુધવારે સવારે ૧૨ આરોપીઓ કુમારડુંગી પોલીસ સ્ટેશનમાં હાજર થયા અને આત્મસમર્પણ કર્યું. ત્યારબાદ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. વધુ અશાંતિ અટકાવવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ગામમાં વધારાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ગુનાના સ્થળેથી પુરાવા એકત્રિત કરવા માટે ફોરેન્સિક ટીમને પણ સેવામાં મૂકવામાં આવી છે. ખૂન, હત્યાનો પ્રયાસ, ગુનાહિત કાવતરૂં અને અન્ય ગંભીર ગુનાઓ સંબંધિત સંબંધિત કલમો હેઠળ FIR નોંધવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનાઓનો ચોક્કસ ક્રમ નક્કી કરવા અને તેમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓને ઓળખવા માટે વિગતવાર તપાસ ચાલી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર ચોક્કસ ગ્રામીણ વિસ્તારોમાં ડાકણ-શિકારના સતત ભયને ઉજાગર કર્યો છે, જો કે, આવી પ્રથાઓ સામે કડક કાનૂની જોગવાઈઓ છે.

**ઝારખંડના ચૈબાસામાં એક મહિલા અને તેના સગીર પુત્રને ગામલોકોએ કથિત મેલીવિદ્યાના આરોપમાં જીવતા સળગાવી દીધા હતા, જ્યારે પતિ તેમને બચાવવાનો પ્રયાસ કરતા ગંભીર રીતે દાઝી ગયો હતો, બાર આરોપીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું, આ ઘટના ગ્રામીણ વિસ્તારોમાં ચાલી રહેલા ડાકણ-શિકારને ઉજાગર કરે છે, જેના કારણે હત્યા, કાવતરૂં અને સંબંધિત આરોપો હેઠળ વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે**

# તામિલનાડુના દલિત યુવકની આત્મહત્યાની ધીમી તપાસ બદલ પોલીસ ઈન્સ્પેક્ટરને બરતરફ કરાયા

(એજન્સી) કડ્ડલોર, તા.૧૯ સેથિયાથોપ પોલીસ ઈન્સ્પેક્ટર પી જયશંકરને ૨૦૨૨માં વિલ્લુપુરમ જિલ્લામાં કાદર ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા દલિત યુવકની આત્મહત્યાની ધીમી તપાસ બદલ સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા છે. ડીઆઈજી (વિલ્લુપુરમ રેન્જ)એ અરૂલારાસુએ સોમવારે આ સંદર્ભમાં આદેશ આપ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ૨૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ કાદર પોલીસ સ્ટેશનની હદ હેઠળના સૂરાપટ્ટુ ગામમાં એક નાની બાબતને લઈને વિવિધ સમુદાયના બે જૂથો વચ્ચે ઝઘડો થયો હતો. ફરિયાદો અને વળતી ફરિયાદો બાદ જયશંકરે અથડામણમાં સામેલ બે સમુદાયના સભ્યો સામે કેસ નોંધ્યા હતા. બે દિવસ પછી, એમ રાજા, એક દલિત, જેના પર પણ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, તેનું આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું.

કાદર પોલીસે દલિત યુવકને આત્મહત્યા માટે મજબૂર કરવાના આરોપમાં વણિયાર સમુદાયના બે સભ્યોની ધરપકડ કરી હતી. જો કે, તપાસ અધિકારી જયશંકર કેસની અસરકારક અને કાર્યક્ષમ રીતે તપાસ કરવામાં નિષ્ફળ ગયા, જેના પગલે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. થોડા મહિના પછી, તેમનું સસ્પેન્શન રદ કરવામાં આવ્યું. તેમને કુડ્ડલોર જિલ્લાના સેથિયાથોપ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. નિરીક્ષક સામેના આરોપોની તપાસ કરી રહેલી સમિતિએ ડીઆઈજી (વિલ્લુપુરમ રેન્જ)ને અંતિમ અહેવાલ સુપરત કર્યો.

# ઉત્તરપ્રદેશમાં દલિત છોકરી પર બળાત્કાર એક વ્યક્તિને આજીવન કેદની સજા

(એજન્સી) બલિયા, તા.૧૯ બલિયાની એક સ્થાનિક કોર્ટે મંગળવારે એક વર્ષ જૂના દલિત છોકરી પર બળાત્કારના કેસમાં આરોપીને દોષિત ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી. પીપીઓ અધિકારી વિમલ કુમાર રાયે બુધવારે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૨૫માં, પુર ગામના મનજીત ગુપ્તા ઉર્ફે નીરજ ગુપ્તાએ પાકડી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામની ૧૪ વર્ષની દલિત છોકરીને લલચાવીને લગભગ ત્રણ મહિના સુધી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. છોકરીના પરિવારને આ ઘટનાની જાણ તે ગર્ભવતી થયા પછી જ થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે છોકરીની માતાની ફરિયાદના આધારે ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પાકડી પોલીસ સ્ટેશનમાં ગુપ્તા વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. તપાસ બાદ, પોલીસે આરોપી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. રાયે જણાવ્યું હતું કે મંગળવારે કેસની સુનાવણી કરતા એડિશનલ સેશન્સ જજ ફર્સ્ટ કાંતની કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો, તેને આજીવન કેદની સજા ફટકારી હતી અને ૭૫,૦૦૦ રૂ.નો દંડ પણ ફટકાર્યો હતો.

# સપા ધારાસભ્યએ દલિત કાર્યક્રમો માટે મંજૂરી આપવા અંગે નીતિ વિશે પ્રશ્ન ઉઠાવ્યા

(એજન્સી) લખનૌ, તા.૧૯ જસરાનાના સમાજવાદી પાર્ટી (સપા) ના ધારાસભ્ય સચિન યાદવે ધાર્મિક કાર્યક્રમો, જયંતીઓ અને મુખ્યત્વે દલિત વિચારધારાઓ સાથે સંબંધિત સરઘસો માટે રાજ્ય સરકારની પરવાનગી અંગે રાજ્ય સરકારની નીતિ પર પ્રશ્ન ઉઠાવ્યા બાદ યુપી વિધાનસભામાં ઉગ્ર ચર્ચા થઈ. પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા યાદવે પૂછ્યું કે શું સરકાર દલિત સમુદાયો દ્વારા યોજાતા ધાર્મિક કાર્યક્રમો અને શોભા યાત્રાઓમાં કથિત વહીવટી અનિયમિતતાઓને દૂર કરવા માટે 'સરળ અને સલામત નીતિ' ઘડવાનો વિચાર કરશે. તેમણે જાણવા માંગ્યું કે શું સરકાર 'પરંપરાગત પોલીસ રજિસ્ટરમાં હાજરી'ની શરત દૂર કરશે અને સમાજના 'દરેક વર્ગ'ને ભેદભાવ વિના તેમના નેતાઓની સરઘસો કાઢવાની મંજૂરી આપશે. યાદવે સરકારને પૂછ્યું કે શું પરવાનગી મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવશે અને શું ગ્રામ્ય સ્તરના સરઘસો માટે મંજૂરી સ્થાનિક સ્તરે આપી શકાય છે. પ્રશ્નના જવાબમાં, રાજ્યના સંસદીય બાબતોના મંત્રી સુરેશ ખન્નાએ સપા ધારાસભ્ય દ્વારા લગાવવામાં આવેલા ભેદભાવના આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા.

[પરિશિષ્ટ -IV-A જુઓ પ્રોવિસો નિયમ ૮(૬) આર/ડબ્લ્યુ ૯(૧)]

**સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.
**૧૫/૩૦ દિવસ**ની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. દેણદાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/ સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | ૧૭-૦૨-૨૦૨૬ના રોજ કુલ બાકી દેવા ભા.રૂ. | અનામત રકમ (ભા.રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) ભા.રૂ. | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| LAHMST H0000028292/ ઈએચએફએલ | શ્રી સૌરભ દિલીપભાઈ શેઠવાલા (દેણદાર), શ્રી ફેનીલ દિલીપભાઈ શેઠવાલા (સહ-દેણદાર), શ્રીમતી જયશ્રીબેન દિલીપભાઈ ખત્રી (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૫૧ | રૂ. ૨૯,૪૪,૦૫૯.૬૫/- | રૂ. ૧૭,૦૦,૦૦૦/- | રૂ. ૧,૭૦,૦૦૦/- | ૧૨-૦૩-૨૦૨૬ અને બપોરે ૧૨:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું યુનિટ નં.એ૧-૩૦૬, વૈકુંઠ દર્શન, દુન સ્કૂલની સામે, ન્યુ મણિનગર, રામોલ, અમદાવાદ-૩૮૨૪૨૪ અને કહેવાતી મિલકત સ્થિત અત્રે યુનિટ નં.૩૦૬, ત્રીજો માળ, બ્લોક નં.એ૧, "વૈકુંઠ દર્શન", સર્વે નં.૬૧૩, ટીપીએસ નં.૧૦૭, એફપી નં.૬૯/૧, મોજે : રામોલ, તા.વટવા, જિ. અને સબ જિ. અમદાવાદ, ક્ષેત્રફળ લગભગ ૧૧૮૩૭ ચો.મી. અને આ મુજબ ખૂંટ : પૂર્વ તરફ : માર્જિન, પશ્ચિમ તરફ : ફ્લેટ નં.એ૧-૩૦૫, ઉત્તર તરફ : ફ્લેટ નં.એ૧૩૦૭, દક્ષિણ તરફ : ફ્લેટ નં.એ૧-૩૦૯ | | | | | | | |
| *૬૪૨૩૭૬૦૩૪ અને *૬૪૨૩૭૫૯૩૦ | શ્રી ચતુરવેદી રમેશભાઈ રાજબાલી (દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૬૯ | રૂ. ૧૦,૮૩,૦૬૫.૦૩/- એલએએન નં.૬૪૨૩૭૫૯૩૦ માટે અને રૂ.૮,૬૭,૭૦૩.૨૦/- એલએએન નં.૬૪૨૩૭૬૦૩૪ માટે | રૂ. ૧૨,૫૦,૦૦૦/- | રૂ. ૧,૨૫,૦૦૦/- | ૧૨-૦૩-૨૦૨૬ અને બપોરે ૧૨:૩૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** ફ્લેટ નં.૪૧, ચોથો માળ, બ્લોક નં.એફ-૨, ટાઈપ-બી, ઓમ શાંતિનગર-૨ ફેઝ-૧, સર્વે નં.૪૭૯/કે, ફાઈનલ પ્લોટ નં.૧૫(૧+૨)/૨ પૈકી, સબ પ્લોટ નં.૨, ટીપીએસ નં.૫૮, મોજે : વટવા, તા.વટવા, અમદાવાદ-૧૧ (અસલાલી) | | | | | | | |
| ૦૦૦૧૦૧૮૫૫ ૦૦૦૦૭૮૩૧૬૯ અને ૬૩૩૬૧૮૯૯૬ | શ્રી રાજપૂત કુલદીપ મહેશભાઈ (દેણદાર) શ્રી રાજપૂત હરદીપસિંહ મહેશસિંહ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૬૯ | રૂ.૧૭,૨૮,૪૭૭.૫૦/- એલએએન નં.૬૩૩૬૧૮૯૯૬ માટે | રૂ. ૧૪,૦૦,૦૦૦/- | રૂ. ૧,૪૦,૦૦૦/- | ૧૨-૦૩-૨૦૨૬ અને બપોરે ૦૨:૦૦ વાગે | ભૌતિક |
| **મિલકતનું વર્ણન :** એસ નં.૩૦૧/૧+૨, ૩૦૨/૧+૨, ૨૯૮ એફપી ૧૨૧, ટીપી :૧૧(બાપુનગર), સોનીની ચાલી પાસે, નેશનલ હાઈવે નં.૮, રખિયાલ, પીનકોડ-૩૮૦૦૦૪ | | | | | | | |

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટ**ની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. એકાઉન્ટનું નામ **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ*** ઈએમડી એકાઉન્ટ નં.**000405158602**, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક ; આઈએફએસસી કોડ : **IFSC ICIC0000004** | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ :** ૨૦-૦૨-૨૦૨૬
**સ્થળ :** મુંબઈ

**અધિકૃત અધિકારી**
**વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# રામકૃષ્ણ પરમહંસની જન્મજયંતી પર મોદી દ્વારા 'સ્વામી' ટૅગના ઉપયોગ અંગે મમતા વિરૂદ્ધ મોદીનો વિવાદ

(એજન્સી) તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગુરુવારે રામકૃષ્ણ પરમહંસની જન્મજયંતિ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રદ્ધાંજલિ આપતી વખતે રામકૃષ્ણ પરમહંસના નામમાં 'અભૂતપૂર્વ અને અયોગ્ય ઉપસર્ગ' ઉમેરવા બદલ ટીકા કરી હતી. મમતાએ મોદી પર બંગાળના મહાન વ્યક્તિઓ પ્રત્યે તેમની સાંસ્કૃતિક અસંવેદનશીલતા દર્શાવવાનો આરોપ મૂક્યો છે. તેમણે કહ્યું કે, "ફરી એકવાર, આપણા વડાપ્રધાન બંગાળના મહાન વ્યક્તિઓ પ્રત્યે આક્રમક રીતે પોતાની સાંસ્કૃતિક અસંવેદનશીલતા દર્શાવે છે. આજે યુગાવતાર (આપણા યુગમાં ભગવાનનો અવતાર) શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની જન્મતિથિ છે. આ પ્રસંગે મહાન સંતનું સન્માન કરવાનો પ્રયાસ કરતી વખતે, આપણા વડાપ્રધાને મહાન સંતના નામ, 'સ્વામી' શબ્દનો એક અભૂતપૂર્વ અને અયોગ્ય ઉપસર્ગ ઉમેર્યો!. બંગાળના મુખ્ય પ્રધાને મોદીને બંગાળી વિદ્વાનોના નામ પહેલાં નવા 'ઉપસર્ગ' અને 'પ્રત્યય'નો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. શ્રી રામકૃષ્ણને ઠાકુર (શાબ્દિક અર્થમાં, ભગવાન) તરીકે વ્યાપકપણે પૂજનીય માનવામાં આવતા હતા. જ્યારે તેમના ગુરુના અવસાન પછી તેમના તપસ્વી શિષ્યોએ રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનની રચના કરી હતી અને ભારતીય પરંપરાઓ અનુસાર તે સાધુઓને 'સ્વામી' કહેવામાં આવતા હતા, ત્યારે ગુરુ, આચાર્ય, પોતે ઠાકુર તરીકે ઓળખાતા રહ્યા. રામકૃષ્ણ સંપ્રદાયમાં તેમના શિષ્યો માટે 'સ્વામી' ઉપસર્ગ હતો; પરંતુ સંપ્રદાયના પવિત્ર ત્રિમૂર્તિ ઠાકુર-મા-સ્વામીજી રહ્યા હતા. ઠાકુર શ્રી શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ છે, મા એ મા શારદા છે અને સ્વામીજી સ્વામી વિવેકાનંદ છે. હું પ્રધાનમંત્રીને વિનંતી કરું છું કે આધુનિક ભારતને આકાર આપનારા બંગાળના મહાન વ્યક્તિઓ માટે નવા ઉપસર્ગ અને પ્રત્યય શોધશો નહીં. આજે સવારે, મોદીએ સ્વામી રામકૃષ્ણ પરમહંસને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે તેમના ઉમદા વિચારો હંમેશા પ્રેરણાનો સ્ત્રોત રહેશે. તેમણે કહ્યું કે, 'સ્વામી રામકૃષ્ણ પરમહંસને તેમની જન્મજયંતિ પર નમ્ર શ્રદ્ધાંજલિ. તેમણે જે રીતે આધ્યાત્મિકતા અને ધ્યાનને એક મહત્વપૂર્ણ જીવનશક્તિ તરીકે સ્થાપિત કર્યું તે દરેક યુગમાં માનવજાતને લાભદાયક રહેશે. તેમના ઉમદા વિચારો અને સંદેશાઓ હંમેશા પ્રેરણાસ્ત્રોત રહેશે. ગયા વર્ષે, વંદે માતરમના ૧૫૦ વર્ષ પર લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા, મોદીએ રાષ્ટ્રીય ગીત વંદે માતરમના લેખકનો ઉલ્લેખ 'બંકિમ દા' તરીકે કર્યો હતો. ટીએમસી સાંસદ સૌગત રોયના હસ્તક્ષેપ પછી, મોદીએ 'બંકિમ બાબુ' તરીકે લખ્યું પરંતુ મમતાએ કહ્યું કે સાંસ્કૃતિક પ્રતિમાને 'બંકિમ દા' તરીકે ઓળખાવવા એ અપમાનજનક છે.



**બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે 'સ્વામી' શબ્દ રામકૃષ્ણ સંપ્રદાયના સાધુઓ માટે છે, જ્યારે રામકૃષ્ણ માટે ઠાકુર, શારદા માટે મા અને સ્વામી વિવેકાનંદ માટે સ્વામીજી ત્રિમૂર્તિ છે. બંગાળના મુખ્યમંત્રીએ મોદીને બંગાળી વિદ્વાનોના નામ પહેલાં નવા 'ઉપસર્ગ' અને 'પ્રત્યય'નો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે**

# મહારાષ્ટ્ર : અજિત પવારના પુત્ર જય પવારે બારામતી વિમાન દુર્ઘટનાની તપાસની માંગ કરી

**તેમણે બારામતી હવાઈ પટ્ટી નજીક દુર્ઘટનાગ્રસ્ત થયેલા લિયરજેટ 45XR વિમાનનું સંચાલન કરતી ઉડ્ડયન કંપની VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ પર પણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી**

(એજન્સી) પુણે, તા.૧૯

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નાના પુત્ર જય પવારે, જે ગયા મહિને વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા, તેમણે બુધવારે, ૧૮ ફેબ્રુઆરીના રોજ અકસ્માતમાં પરિણમેલા 'સંભવિત ગંભીર ભૂલો'ની સંપૂર્ણ તપાસની માંગ કરી અને કહ્યું કે વિમાનના બ્લેક બોક્સનો સરળતાથી નાશ કરી શકાતો નથી. તેમણે VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ પર પણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી, જે ઉડ્ડયન કંપની હતી જે લિયરજેટ 45XR વિમાનનું સંચાલન કરતી હતી જે ૨૮ જાન્યુઆરીએ બારામતી હવાઈ પટ્ટી નજીક ક્રેશ થયું હતું, જેમાં તેમના પિતા અજિત પવાર અને ચાર અન્ય લોકો માર્યા ગયા હતા. 'બ્લેક બોક્સ સરળતાથી નાશ પામી શકાતું નથી. મહારાષ્ટ્રના લોકોને દુર્ઘટનાનું પારદર્શક અને સંપૂર્ણ સત્ય જાણવાનો અધિકાર છે,' પવારે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું. VSR એવિએશન ફર્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતા તેમણે કહ્યું કે, 'વિમાન કંપનીની સંભવિત ગંભીર ભૂલો અને અનિયમિતતાઓની વિગતવાર તપાસ વિગતવાર અને નિષ્પક્ષ રીતે થવી જોઈએ.' તેમનું નિવેદન મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર અને NCPના નેતાઓએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા અને વિમાન દુર્ઘટનાની CBI તપાસની માંગણી કર્યાના એક દિવસ પછી આવ્યું છે. વિમાન અકસ્માત તપાસ એજન્સી, AAIBએ કહ્યું છે કે જીવલેણ દુર્ઘટનામાં સામેલ Learjet ૪૫ વિમાનના કોકપિટ વોઈસ રેકોર્ડર (CVR)માંથી ડેટા મેળવવા માટે ખાસ સમર્થન માંગવામાં આવ્યું છે.



**મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને વિમાન દુર્ઘટનામાં ૪ અન્ય લોકોના મોત**

અગાઉ, NCP (SP)ના ધારાસભ્ય રોહિત પવારે આરોપ લગાવ્યો છે કે તેમના કાકા અજિત પવારનું મૃત્યુ થયેલા દુઃખદ હવાઈ દુર્ઘટનામાં તોડફોડની શંકા કરવાનું કારણ હતું અને બહુવિધ નિષ્ણાત એજન્સીઓ દ્વારા વ્યાપક તપાસની પણ માંગ કરી હતી. ગયા અઠવાડિયે એક પત્રકાર પરિષદને સંબોધતા, રોહિત પવારે કેપ્ટન સુમિત કપૂરના ટ્રેક રેકોર્ડ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જે ૨૮ જાન્યુઆરીએ ઘટનાના દિવસે વિમાન ચલાવી રહ્યા હતા, ભૂતકાળમાં દારૂ પીવા માટે તેમને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# 'આ સાંસ્કૃતિક અસંવેદનશીલતા છે' : મમતા બેનરજીએ રામકૃષ્ણ માટે 'સ્વામી' ઉપસર્ગ લખવા બદલ મોદી પર પ્રહાર કર્યા

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ નરેન્દ્ર મોદી પર સંત રામકૃષ્ણને યોગ્ય રીતે સંબોધિત ન કરવા બદલ પ્રહાર કર્યા હતા**

(એજન્સી) કોલકાતા,તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીએ ગુરુવારે સંત રામકૃષ્ણ પરમહંસના જન્મજયંતી પર તેમના નામનો ઉલ્લેખ કરવામાં કથિત ગેરરીતિ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી હતી. બેનરજીએ વડાપ્રધાનને 'સાંસ્કૃતિક રીતે અસંવેદનશીલ' ગણાવ્યા હતા.

તેણીએ લખ્યું કે, "મને ફરીથી આઘાત લાગ્યો! ફરી એકવાર, આપણા વડાપ્રધાન બંગાળના મહાન વ્યક્તિઓ પ્રત્યે આક્રમક રીતે તેમની સાંસ્કૃતિક અસંવેદનશીલતા દર્શાવે છે. આજે યુગાવતાર (આપણા યુગમાં ભગવાનનો અવતાર) શ્રી શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની જન્મતિથિ છે. આ પ્રસંગે મહાન સંતનું સન્માન કરવાનો પ્રયાસ કરતી વખતે, આપણા વડાપ્રધાને મહાન સંતના નામ, "સ્વામી" સાથે એક અભૂતપૂર્વ અને અયોગ્ય ઉપસર્ગ ઉમેર્યો છે". ગુરુવારે, મોદીએ બંગાળના પ્રખ્યાત સંતને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. નરેન્દ્ર મોદીએ તેમના ટ્વિટમાં રામકૃષ્ણને સંબોધતા પહેલા "સ્વામી" ઉપસર્ગનો ઉપયોગ કર્યો, જેની માત્ર મમતા બેનરજી જ નહીં પરંતુ પાર્ટીના પ્રવક્તા કુણાલ ઘોષ સહિત અનેક મુખ્ય તૃણમૂલ નેતાઓએ પણ ટીકા કરી હતી. પશ્ચિમ બંગાળમાં, રામકૃષ્ણ પરમહંસને 'ઠાકુર' અથવા 'શ્રી' તરીકે ઓળખવામાં આવે છે. પત્રકારો સાથે વાત કરતા કુણાલ ઘોષે કહ્યું, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઠાકુર શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવની જન્મજયંતિ પર એક પોસ્ટ કરી. સામાન્ય રીતે, પૂજા અથવા ગુરુદેવ સંબંધિત કિસ્સાઓમાં સ્વામી શબ્દનો ઉપયોગ થાય છે. શ્રી રામકૃષ્ણ દેવના કિસ્સામાં, તે સમાનાર્થી અર્થમાં ઉપયોગમાં લેવાતો નથી. બંગાળની પરંપરામાં, તેમને ઠાકુર શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ તરીકે ઓળખવામાં આવે છે." તેમણે વડાપ્રધાનને તેમના ટ્વીટમાં ઉપસર્ગનો ઉપયોગ સુધારવા માટે પણ વિનંતી કરી હતી. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં, તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ ફરી એક વાર સામસામે આવી ગયા છે. અગાઉ, મમતા બેનર્જીની પાર્ટીએ ભાજપ પર બંગાળ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો હતો.



# 'રોહિત પવારની સલામતી સુનિશ્ચિત કરો' : અજિત પવારના વિમાન દુર્ઘટના અંગેના પ્રશ્નો વચ્ચે સુલેએ સરકારને કહ્યું

(એજન્સી) મુંબઈ, તા.૧૯

NCP (SP)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ ગુરુવારે મહારાષ્ટ્ર સરકાર પાસે માંગ કરી હતી કે તેઓ તેમના પક્ષના ધારાસભ્ય રોહિત પવારને સુરક્ષા પૂરી પાડે, નોંધ્યું કે તેઓ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના હવાઈ દુર્ઘટનામાં મૃત્યુને પગલે ચિંતાઓ અને પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. X પોસ્ટમાં સુલેએ કહ્યું કે પુણેના બારામતી શહેરમાં ૨૮ જાન્યુઆરીના રોજ થયેલા વિમાન દુર્ઘટના, જેમાં અજિત પવાર અને અન્ય ચાર લોકોના મોત થયા હતા, તેનાથી સમગ્ર મહારાષ્ટ્રમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે, લોકો હજુ પણ ઊંડા શોકમાં છે અને સોશિયલ મીડિયા પર અસંખ્ય શંકાઓ અને શંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. રોહિત પવાર સારી રીતે સંશોધન અને વિચારશીલ રીતે તથ્યો, મુદ્દાઓ અને પ્રશ્નો રજૂ કરી રહ્યા છે જે જાહેર ભાવનાને પ્રતિબિંબિત કરે છે, તેમણે ભાર મૂક્યો કે લોકો અધિકારીઓ પાસેથી સ્પષ્ટ જવાબો મેળવવાના હકદાર છે. 'જો અધિકારીઓ જવાબ આપવામાં વિલંબ કરશે, તો ચિંતા વધુ વધશે. આ ઘટનાને વધતી અટકાવવા માટે, ઘટનાનું સત્ય સંપૂર્ણપણે પારદર્શક રીતે જનતા સમક્ષ બહાર આવે તે જરૂરી છે,' બારામતી લોકસભાના સભ્યએ જણાવ્યું. સિસ્ટમ પર પ્રશ્ન ઉઠાવવો એ દરેક ભારતીય નાગરિકનો બંધારણીય અધિકાર છે તેના પર ભાર મૂકતા, સુલેએ કહ્યું કે રોહિત પવાર લોકોના મનમાં રહેલી શંકાઓ અને ચિંતાઓને અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરી રહ્યા છે. 'તેમને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવે અને તેમની સલામતી સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકાર દ્વારા લેવી જોઈએ તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે,' તેણીએ કહ્યું. બે ટર્મના ધારાસભ્ય અને સુલે અને સ્વર્ગસ્થ અજિત પવારના ભત્રીજા રોહિત પવારે તાજેતરમાં બે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને દાવો કર્યો હતો કે હવાઈ દુર્ઘટનામાં તોડફોડની શંકા કરવાનું કારણ છે. પવારે માંગ કરી છે કે નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ વિમાન દુર્ઘટનાની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમના પદ પરથી રાજીનામું આપે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે વીએસઆર કંપની, જેનું લિયરજેટ વિમાન ગયા મહિને પુણેના બારામતી શહેરમાં તેમના કાકાને લઈ જતું હતું, તેને સુરક્ષિત રાખવામાં આવી રહી છે.



**રોહિતે સારી રીતે સંશોધન અને વિચારશીલ રીતે તથ્યો, મુદ્દાઓ અને પ્રશ્નો રજૂ કર્યા છે જે જાહેર ભાવનાને પ્રતિબિંબિત કરે છે, તેમણે ભાર મૂક્યો કે લોકો અધિકારીઓ પાસેથી સ્પષ્ટ જવાબો મેળવવાના હકદાર છે**

# યુપી બોર્ડની પરીક્ષાઓ શરૂ : કેટલાક વિદ્યાર્થીઓ માટે તિલક અને ફૂલો, અન્ય માટે હિજાબ ઉતારો

**વારાણસીમાં ૧૧૮ કેન્દ્રો પર ૯૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી રહ્યા છે, મુસ્લિમ છોકરીઓ કહે છે કે તેમને પ્રવેશદ્વાર પર હિજાબ ઉતારવાનું કહેવામાં આવ્યું હતું**

(એજન્સી) વારાણસી, તા.૧૯

વારાણસીમાં ઉત્તરપ્રદેશ બોર્ડની પરીક્ષાઓનો પ્રથમ દિવસ કોઈ મોટા વિક્ષેપ વિના પસાર થયો, પરંતુ મુસ્લિમ છોકરીઓએ કહ્યું કે તેમને હિજાબ ઉતાર્યા પછી જ પ્રવેશ આપવામાં આવ્યો હતો તે પછી ઘણા કેન્દ્રોમાંથી આવેલા અહેવાલોએ ચર્ચા જગાવી છે. સમગ્ર ઉત્તરપ્રદેશમાં, હાઇ સ્કૂલ અને ઇન્ટરમીડિયેટની પરીક્ષાઓ બુધવારે ૮,૦૩૩ કેન્દ્રો પર શરૂ થઈ હતી. સત્તાવાર આંકડાઓ અનુસાર, આ વર્ષે ૫૩,૩૭,૭૭૮ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે - ધોરણ ૧૦માં ૨૭,૬૧,૬૯૬ અને ધોરણ ૧૨માં ૨૫,૭૬,૦૮૨. એકલા વારાણસી જિલ્લામાં, ૧૧૮ પરીક્ષા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે, જ્યાં ૯૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. પ્રથમ દિવસે, હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓ હિન્દીના પેપર માટે બેઠા હતા. પીએમ શ્રી ગવર્નમેન્ટ ગર્લ્સ ઇન્ટર કોલેજ સહિત અનેક કેન્દ્રો પર, વિદ્યાર્થીઓનું કપાળ પર તિલક અને ફૂલોની પાંખડીઓથી સ્વાગત કરવામાં આવ્યું. માતાપિતા અને વિદ્યાર્થીઓએ વાતાવરણને સકારાત્મક અને ઉત્સાહજનક ગણાવ્યું. એક કેન્દ્રની બહાર હાજર એક વાલીએ કહ્યું, "બાળકોનું આદર અને આશીર્વાદ સાથે સ્વાગત થતું જોઈને સારું લાગ્યું. તેનાથી પરીક્ષાનો ડર ઓછો થાય છે." અધિકારીઓએ જણાવ્યું કે પરીક્ષાઓ શાંતિપૂર્ણ રીતે શરૂ થઈ હતી અને કાયદો અને વ્યવસ્થા અંગે કોઈ મોટી ફરિયાદો નહોતી. જોકે, કેટલાક મુસ્લિમ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોએ આરોપ લગાવ્યો છે કે હિજાબ પહેરેલી છોકરીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ધોરણ ૧૨ની એક વિદ્યાર્થીનીએ કહ્યું, "મને ગેટ પર રોકવામાં આવી હતી અને પ્રવેશતા પહેલા મારો હિજાબ ઉતારવાનું કહેવામાં આવ્યું હતું. હું ગભરાઈ ગઈ હતી કારણ કે પરીક્ષા શરૂ થવાની હતી. હું દલીલ કરવા અને સમય ગુમાવવા માંગતી ન હતી." અન્ય વાલીએ કહ્યું, "અમારી દીકરીઓ પરીક્ષા માટે તૈયાર થઈને આવી હતી. તેઓ કોઈ અન્યાયી સામગ્રી લઈને નહોતી આવી. જાહેરમાં તેમનો હિજાબ ઉતારવાનું કહેવાથી શરમ આવી." પ્રશાસને જણાવ્યું છે કે ન્યાયીતા જાળવવા અને છેતરપિંડી અટકાવવા માટે તમામ વિદ્યાર્થીઓ પર સમાન સુરક્ષા નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. પરીક્ષા પ્રક્રિયા સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે, "દરેકને સમાન નિયમો લાગુ પડે છે. કોઈપણ ઉમેદવારને પરીક્ષાની અખંડિતતા સાથે ચેડા કરી શકે તેવી કોઈપણ વસ્તુ લઈ જવાની મંજૂરી નથી. સુરક્ષા તપાસ ફરજિયાત છે." ઉત્તરપ્રદેશ માધ્યમિક શિક્ષણ બોર્ડે નિષ્પક્ષ અને પારદર્શક પરીક્ષાઓ યોજવા માટે કડક વ્યવસ્થા કરી છે. બધા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. સ્ટ્રોંગ રૂમ ૨૪ કલાક દેખરેખ હેઠળ છે. પ્રયાગરાજમાં બોર્ડના મુખ્યાલય ખાતે એક કેન્દ્રીય નિયંત્રણ ખંડ જિલ્લાઓમાં પરીક્ષા પ્રક્રિયા પર નજર રાખી રહ્યો છે. સંવેદનશીલ કેન્દ્રોને વધારાની સુરક્ષા કવચ આપવામાં આવી છે. ગેરરીતિના કોઈપણ પ્રયાસને રોકવા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને લોકલ ઈન્ટેલિજન્સ યુનિટ (LIU)ની ટીમો પણ સક્રિય છે. અધિકારીઓએ સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે કે જે કોઈ પણ અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સત્તાવાર સ્થિતિ હોવા છતાં, મુસ્લિમ સમુદાયના કેટલાક સભ્યોએ સમાન વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી છે. એક સ્થાનિક સમુદાય પ્રતિનિધિએ કહ્યું, "જો નિયમ અયોગ્ય સામગ્રીની તપાસ કરવાનો છે, તો તે આદરપૂર્વક અને સમાન રીતે થવો જોઈએ. ધાર્મિક વિધિઓ સાથે કેટલાક વિદ્યાર્થીઓનું સ્વાગત કરવાથી અને અન્ય લોકોને ધાર્મિક પોશાક ઉતારવાનું કહેવાથી મિશ્ર સંદેશ મળે છે." અન્ય એક રહેવાસીએ કહ્યું, "પરીક્ષાઓ શિક્ષણ અને તક વિશે છે. બધા વિદ્યાર્થીઓએ સુરક્ષિત અને આદર અનુભવવો જોઈએ." કાનૂની નિરીક્ષકો નોંધે છે કે શૈક્ષણિક વાતાવરણમાં પહેરવેશ અને ધાર્મિક પ્રતીકોને લગતા મુદ્દાઓ તાજેતરના વર્ષોમાં દેશના વિવિધ ભાગોમાં ચર્ચાઓનું કારણ બન્યા છે. ઘણા પરિવારો માટે, મોટી ચિંતા સ્પષ્ટતા છે. જેમ એક વાલીએ કહ્યું, "બાળકો પરીક્ષાઓ દરમિયાન પહેલાથી જ દબાણ હેઠળ હોય છે. નિયમો સ્પષ્ટ, સુસંગત અને એવી રીતે લાગુ કરવા જોઈએ કે જેથી કોઈપણ વિદ્યાર્થીને એકલવાયું ન લાગે." વારાણસીની પરિસ્થિતિએ જાહેર સંસ્થાઓમાં સુરક્ષા, સમાનતા અને ધાર્મિક અભિવ્યક્તિ વિશે ચાલી રહેલી ચર્ચાઓમાં એક નવો સ્તર ઉમેર્યો છે.



# રમઝાનની પૂર્વ સંધ્યાએ ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી મસ્જિદને ધમકી મળી

**રમઝાનની પૂર્વ સંધ્યાએ આપવામાં આવેલી ધમકી બાદ એસોસિએશને લેકેમ્બા મસ્જિદ માટે સુરક્ષા વધારવાની વિનંતી કરી છે**

(એજન્સી) સિડની, તા.૧૯

ઓસ્ટ્રેલિયાની સૌથી મોટી સિડનીની લેકેમ્બા મસ્જિદને ૧૮ ફેબ્રુઆરી, બુધવારના રોજ પવિત્ર રમઝાન મહિનાની પૂર્વ સંધ્યાએ ધમકીભર્યો પત્ર મળ્યો હોવાના અહેવાલ છે. ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનના અહેવાલ મુજબ, બુધવારે મળેલો પત્ર આ પ્રકારનો ત્રીજો પત્ર હતો. મસ્જિદ ચલાવતા લેબેનીઝ મુસ્લિમ એસોસિએશનના સેક્રેટરી ગેમેલ ખીરે એબીસીને જણાવ્યું હતું કે આવા પત્રોને કારણે સમુદાયમાં અસ્વસ્થતાની લાગણી છે. ખિરે એબીસીને જણાવ્યું હતું કે, 'અમને નમાઝમાં જવું સલામત છે કે નહીં તે અંગે ઘણી પૂછપરછ થઈ છે.' એબીસી દ્વારા ઍક્સેસ કરાયેલા પત્રમાં ડુક્કરનું ચિત્ર અને 'મુસ્લિમ સમુદાયને મારી નાખવાની' હાથથી લખેલી ધમકી હતી. આ ઘટના બાદ, ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં, લેકેમ્બા મસ્જિદને મેઈલ દ્વારા એક પત્ર મળ્યો હતો જેમાં આગ લાગતી ઈમારતનો ફોટો હતો.

**ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૪માં સહાયક કાર્યકરો પર ઈઝરાયેલી હવાઈ હુમલા અંગે ફોજદારી આરોપો લગાવ્યા**

જાન્યુઆરી ૨૦૨૬માં, એક ધમકી પત્રમાં મધ્ય પૂર્વીય અને પ્રથમ રાષ્ટ્ર સમુદાયો તેમજ અનેક રાજકીય વ્યક્તિઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ પત્રના સંદર્ભમાં ૭૦ વર્ષીય એક વ્યક્તિ પર આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

**એસોસિએશને સુરક્ષાની માંગ કરી**

રમઝાનની પૂર્વસંધ્યાએ આપવામાં આવેલી ધમકી બાદ, એસોસિએશને લેકેમ્બા મસ્જિદ માટે સુરક્ષા વધારવાની વિનંતી કરી છે. લેખિત વિનંતીમાં, એસોસિએશને વધુ ભંડોળની માંગ કરી છે, જેનો ઉપયોગ મસ્જિદની આસપાસ વધારાના સુરક્ષા રક્ષકો અને સીસીટીવી કેમેરા માટે કરવામાં આવશે. ખીરે કહ્યું કે પોલીસ સહકારી છે અને પ્રાર્થના સ્થળ પર તેમની હાજરી વધારી છે, પરંતુ સુરક્ષા વધારવાથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવશે નહીં.

**પ્રિમેરે ધમકી પત્રો પર પ્રતિક્રિયા આપી**

ઘટના પર પ્રતિક્રિયા આપતા, NSW પ્રીમિયર, ક્રિસ મિન્સે કહ્યું કે ઓસ્ટ્રેલિયાના તમામ લોકોનું રક્ષણ કરવું સરકારની ફરજ છે... મને લાગે છે કે આ ક્ષણે શું થઈ રહ્યું છે તેની કોઈપણ પ્રકારનું સત્તાવાર નિવેદન અથવા નિંદા કરવામાં મૌન અને એક પ્રકારની આશંકા છે. તેમણે કહ્યું કે રમઝાન ઓસ્ટ્રેલિયામાં મુસ્લિમો માટે એક મહત્વપૂર્ણ સમય છે. 'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે NSW પોલીસ અને સરકાર દરેકની સાથે છે, તમારી જીવનશૈલીનું રક્ષણ કરવા માટે, ખાતરી કરવા માટે કે તમે તમારા ધાર્મિક પ્રથાઓ કરી શકો અને આ સમયે તમે તમારા પરિવાર અને સમુદાય સાથે રહી શકો.' મિન્સે સમાપન કર્યું.



# મેયરની ગેરહાજરી વચ્ચે જૂનાગઢ મનપાનું જનરલ બોર્ડ મળ્યું : વિપક્ષ આકરા પાણીએ

## અગાઉના બજેટમાં દર્શાવેલા કામો પૂરા કરાયા નથી ત્યાં નવી જાહેરાતો સામે રોષ : રસ્તા, ગટર, પાણી તેમજ પ્રાથમિક સુવિધાના પ્રશ્ને વિપક્ષે ઉગ્ર રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ મહાનગરપાલિકાના જનરલ બોર્ડની એક મહત્ત્વની બેઠક ગરૂવારે મળી હતી. આ બેઠકમાં નોંધવા જેવી બાબત એ હતી કે, મેયર ધર્મેશ પોશીયાની ગેરહાજરીમાં આ બેઠક મળી. આ બેઠકની કાર્યવાહી દરમ્યાન તેમની ગેરહાજરી સુચક જણાતી હતી. આજે મળેલી આ બેઠકમાં તાજેતરમાં જ કમિશ્નર દ્વારા જે બજેટ મુકવામાં આવ્યું હતું અને તે બજેટને સ્ટેન્ડિંગ કમિટીએ સુધારા-વધારા સાથેનું રજૂ કર્યું હતું. તે બજેટને ખાસ સર્વાનુમતે મંજૂર કરવાની પ્રક્રિયા પણ કરવામાં આવી હતી. બીજી તરફ શાસક પક્ષ સામે વિરોધ પક્ષ-કોંગ્રેસ દ્વારા પ્રજાકીય પ્રશ્ને મોરચો ખોલ્યો હતો અને ખાસ તો ગત બજેટમાં જે ફાળવેલા કામો હજુ પુરા થયા નથી ત્યાં નવા કામોની જાહેરાત સામે પણ ભારે વિરોધ ઉઠાવ્યો હતો તેમજ રૂા.૬ કરોડના કરભારણ સામે પણ વિરોધ દર્શાવ્યો હતો. વિરોધપક્ષે પ્રજાકીય પ્રશ્ને પ્રશ્નોની જડી વરસાવી અને રજૂઆતો કરી હતી. આ ઉપરાંત વિપક્ષનાં નેતા લલિત પણસારા તેમજ વિપક્ષ દ્વારા રસ્તા, પાણી, ગટર સહિતના પ્રશ્ને સવાલ ઉઠાવ્યા હતા. શાસક પક્ષની ઢીલી કામગીરી સામે નિશાન તાકતા વિપક્ષના નેતા લલિત પણસારાએ જણાવ્યું હતું કે, ગત બજેટમાં જે કામો અંગે જાહેરાત કરવામાં આવી હતી તેમાંથી મોટાભાગના કામો થયા જ નથી તેમજ રૂા.૨૭૫ કરોડના કામો પૈકીના વર્કઓર્ડર પણ થયા નથી. જૂનાગઢ શહેરની જનતા, રસ્તા, પાણી, ગટર સહીતના પ્રશ્ને ભારે મુશ્કેલીઓ ભોગવી રહી છે. પરંતુ શાસકો દ્વારા યોગ્ય કાર્યવાહી થતી નથી. કોર્પોરેશનને ડીજીટલાઈઝેશન કરવાની કામગીરી આઠ માસમાં પુરી કરવાની હતી પરંતુ આજે બે વર્ષ જેવો સમય થયો છતાં પણ જે તે એજન્સી કામ કરી શકી નથી. જેને કારણે લોકોને ઓનલાઈન સેવાનો લાભ મળતો નથી. ગત બજેટમાં ફાળવવામાં આવેલા કામો પુરા કર્યા નથી અને નવા કામોની જાહેરાત કરવામાં આવે છે તેની સામે પણ વિપક્ષે ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. જૂનાગઢ મનપાનાં ૧૫ વોર્ડમાં પ્રત્યેક વોર્ડના રૂા.૭ કરોડ કામો માટે ફાળવવામાં આવેલ જેમાં પણ કાપ મુકી અને માત્ર રૂા.દોઢ કરોડની જ ફાળવણી થતાં મોટાભાગના વોર્ડમાં રસ્તા સહીતનાં કામો કરવામાં બજેટ ઓછું થતું હોય જે બાબતે પણ રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરમાં સુકો અને ભીનો કચરો એકત્રિત કરવા માટે ગાડીઓ ફરે છે. લોકોને આ મુજબ કહેવામાં આવે છે પરંતુ ડમ્પિંગ સાઈટ ખાતે નિયમોનો ઉલાળીયો કરી કાર્યવાહી થતી હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા લલિત પણસારાએ કર્યો છે તેઓએ વધુમાં કહ્યું કે, ડમ્પિંગ સાઈટ ખાતે મૃત પશુઓને બાળવાને બદલે ફેંકી દેવામાં આવે છે અને ભઠ્ઠી પણ બંધ હોય તે બાબતે પણ રજૂઆતો કરી હતી. શાસક પક્ષ દ્વારા મસમોટી જાહેરાતો કરાઈ છે પરંતુ જાહેરાત મુજબના કામો કરવામાં ઉણા ઉતરે છે. તેમજ વિકાસ કામો માટે સરકાર પાસેથી વધુ ગ્રાન્ટ મંજૂર કરાવી શકતું નથી તેવો આક્ષેપ પણ કરેલ છે.

### વિશ્વામિત્રી બચાવો સમિતિનો વિસ્ફોટક આક્ષેપ

# વડોદરામાં બિલ્ડરો-નેતાઓ-અધિકારીઓની 'મિલીભગત'થી પાલિકાને કરોડોનું નુકસાન

## ટીપી ઈન્ક્રિમેન્ટ ચાર્જિસ વસૂલ્યા વગર જ બાંધકામ પરવાનગીઓ અપાઈ; કમિશનરને લેખિત રજૂઆત કરી કડક વસૂલાતની માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાલી થતી જતી તિજોરી પાછળ વહીવટી અણઆવડત નહીં, પરંતુ બિલ્ડરો અને સત્તાધીશોની મિલીભગત જવાબદાર હોવાના સ્ફોટક આક્ષેપો સાથે 'વિશ્વામિત્રી બચાવો સમિતિ' મેદાનમાં આવી છે. સમિતિએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી દાવો કર્યો છે કે, શહેરના વિકાસ માટે બિલ્ડરો પાસેથી હક્કથી વસૂલવા પાત્ર કરોડો રૂપિયાના ટીપી ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશન ચાર્જીસ વસૂલવામાં તંત્ર જાણીજોઈને આળસ કરી રહ્યું છે, જેના કારણે પાલિકાને ગ્રીન બોન્ડ અને બ્લ્યુ બોન્ડ જેવા દેવા કરવાની નોબત આવી છે. સમિતિએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, જ્યારે કોઈ નવો વિસ્તાર ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ હેઠળ વિકાસ પામે છે, ત્યારે ત્યાં મોટા રસ્તા, ડ્રેનેજ લાઈન, પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ અને બાગ-બગીચા જેવી પાયાની સુવિધાઓ ઊભી કરવા માટે કાયદેસર રીતે 'ટીપી ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશન ચાર્જ' લેવામાં આવે છે. આ રકમ જમીનના માપ અને તેના ભાવ વધારાના મૂલ્યાંકન મુજબ કોર્પોરેશનના "મૂલ્યાંકન અને વહેચણી પત્રક (B ફોર્મ)"માં સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલી હોય છે. સરકારી સુવિધાઓ આવતા જ જમીનના ભાવ રાતોરાત દસ ગણા વધી જાય છે, જેનો આર્થિક લાભ બિલ્ડરો પૂરેપૂરો ઉઠાવે છે, પરંતુ તેમાંથી પાલિકાને મળવાપાત્ર હિસ્સો ચૂકવવામાં ઠાગાઠૈયા કરવામાં આવે છે. સૌથી ચોંકાવનારો આક્ષેપ એ છે કે, આ કરોડો રૂપિયાની વસૂલાત અટકાવવા માટે બાંધકામ પરવાનગી વિભાગ, ચોક્કસ બિલ્ડરો, ચૂંટાયેલા પદાધિકારીઓ અને કેટલાક ધારાસભ્યો વચ્ચે મજબૂત 'સાઠગાંઠ' ચાલી રહી છે. નિયમ મુજબ ઈન્ક્રીમેન્ટ ચાર્જ ભર્યા વગર બાંધકામની મંજૂરી કે પ્લિન્થ ચેકિંગ સર્ટિફિકેટ આપી શકાય નહીં, તેમ છતાં વડોદરામાં અનેક પ્રોજેક્ટ્સમાં ચાર્જ ચૂકવ્યા વગર જ તમામ પરવાનગીઓ આપી દેવામાં આવી છે. સમિતિએ પુરાવા સાથે દાવો કર્યો છે કે, કેટલાક કિસ્સાઓમાં તો બિલ્ડરોએ કોર્પોરેશનના ચાર્જીસ ચૂકવ્યા વગર જ મકાનો વેચી દીધા છે. આ મકાનોમાં લોકો રહેવા પણ આવી ગયા છે, વીજળીના કનેક્શન મળી ગયા છે અને પાલિકા ત્યાંથી વેરો વસૂલવાનું પણ શરૂ કરી ચૂકી છે. આમ છતાં, મૂળ ઈન્ક્રીમેન્ટ ચાર્જીસની રકમ હજુ પણ બિલ્ડરોના નામે બાકી બોલે છે. કોર્પોરેશન આ બાકી રકમ વસૂલવાને બદલે ૪૦ ટકા કપાતમાં મેળવેલી કિંમતી જમીનોને સસ્તા ભાવે હરાજી કરીને આર્થિક ખાધ પૂરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે નગરજનો સાથે અન્યાય છે. વિશ્વામિત્રી બચાવો સમિતિએ માગણી કરી છે કે, જે બિલ્ડરોના ચાર્જીસ બાકી છે તેમની સામે તાત્કાલિક કડક હાથે વસૂલાત કરવામાં આવે. જો આ બાકી નાણાં વસૂલવામાં આવે તો કોર્પોરેશનની તિજોરી છલકાઈ જશે અને શહેરના વિકાસ માટે દેવું કરવાની કે બોન્ડ બહાર પાડવાની જરૂર નહીં રહે. સમિતિએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં આ અંગે પારદર્શક તપાસ અને વસૂલાત નહીં થાય તો ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવશે.

# આણંદ નજીક અક્સપ્રેસ વે પર ટ્રક કન્ટેનરમાં ભીષણ આગ લાગતાં ભારે નુકસાન



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૯

અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે ઉપર ટ્રક કન્ટેનરમાં આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. આણંદ ફાયરબ્રિગેડે ચાર કલાકની ભારે જહેમત બાદ ૨૫ હજાર લીટરથી વધુ પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવી લીધો હતો. મળતી વિગતો અનુસાર મુંબઈથી બેડસીટનું મટીરીયલ્સ તેમજ પુસ્તકો ભરીને દિલ્હી જવા માટે નિકળેલું ટ્રક કન્ટેનર ગત રાત્રીના દસ વાગ્યાનાં સુમારે અમદાવાદ વડોદરા એક્સપ્રેસ હાઈવે ઉપર ભાલેજ તરફની એકઝીટ રોડ પરથી પસાર થઈ રહ્યું હતું. ત્યારે અચાનક ટ્રકની કેબિનમાં આગ લાગતા ટ્રક કન્ટેનરનો ચાલક ટ્રક કન્ટેનરને રોડની સાઈડમાં ઉભુ કરી દઈ સુરક્ષિત રીતે બહાર નિકળી ગયો હતો અને જોત જોતામાં ટ્રક કન્ટેનર આગની લપેટોમાં લપેટાઈને ભડ ભડ સળગી ઉઠયું હતું, જેથી કન્ટેનરમાં ભરેલા બેડશીટનું મટીરીયલ્સ તેમજ પુસ્તકો પણ ભડ ભડ સળગવા લાગતા આગ ઝડપથી પ્રસરી હતી, આ ઘટના અંગે ફાયરબ્રિગેડને જાણ થતા આણંદ ફાયર બ્રિગેડના બે ફાયર ફાઈટરો સાથે લાસ્કરોએ ઘટનાસ્થળે પહોંચી જઈને જેસીબી મશીનથી કન્ટેનર ખોલીને સતત ચાર કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી આગ ઓલવી હતી, જોકે, આગને કારણે ૭૦ ટકાથી વધુનો સરસામાન અને કન્ટેનર સળગી જતાં એક કરોડથી વધુનું નુકશાન થયું હોવાનો અંદાજ છે, જે અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

### પાણીના વેડફાટથી તંત્ર સામે રોષ

# વડોદરા પોલીસ ભવન પાસે મુખ્ય પાણીની પાઈપલાઈનમાં ભંગાણ, રસ્તાઓ પર રેલમછેલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ફરી એકવાર પાલિકાની કામગીરી અને મેન્ટેનન્સ પર સવાલો ઉઠ્યા છે. આજે શહેરના અતિ વ્યસ્ત એવા જેલ રોડ પર આવેલા પોલીસ ભવનના પ્રવેશદ્વાર પાસે મુખ્ય પાણીની લાઈનમાં અચાનક ભંગાણ સર્જાતા લાખો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હતો. માર્ગ પર પાણી ફરી વળતા વાહનચાલકો અને સરકારી કચેરીએ આવતા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.મળતી માહિતી મુજબ, જેલ રોડ પોલીસ ભવન પાસેની મુખ્ય લાઈન તૂટવાને કારણે પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે જોતજોતામાં સમગ્ર માર્ગ નદીમાં ફેરવાઈ ગયો હતો. પોલીસ ભવન અને નર્મદા ભવન જેવી મહત્ત્વની સરકારી કચેરીઓ નજીક હોવાથી અહીં લોકોની



અવરજવર સતત રહે છે. પાણી ભરાવાને કારણે ટુ-વ્હીલર ચાલકોને લપસી પડવાનો ભય ઉભો થયો હતો, જયારે રાહદારીઓને ઘૂંટણસમા પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પાલિકા પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં જ્યારે લોકો શુદ્ધ પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે, કચેરીએ જઈ માટલા ફોડી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, ત્યારે આવી રીતે હજારો લિટર પાણી રસ્તા પર વહી જવું એ તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.

ઘટનાની જાણ થતા જ પાણી પુરવઠા વિભાગની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, સમારકામ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિપુલ માત્રામાં પાણીનો વેડફાટ થઈ ચૂક્યો હતો.

# વડોદરામાં ઝૂ ક્યુરેટર અને ઓફિસરની મનમાની, રજા માંગો તો પણ 'માફીપત્ર' લખો! : કર્મચારીઓની ડે.કમિશનરને રજૂઆત

## સયાજીબાગના ૧૦૦ જેટલા કર્મચારીઓનો આક્રોશ; હેરાનગતિ કરાતી હોવાનો આક્ષેપ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૯

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત પ્રસિદ્ધ સયાજીબાગમાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓએ આજે પાલિકાની વડી કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો. કર્મચારીઓએ ઝૂ ક્યુરેટર અને એજ્યુકેશન ઓફિસર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, અધિકારીઓ દ્વારા તેમને માનસિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે અને નિયમોના અમલીકરણમાં પક્ષપાત રાખવામાં આવે છે. સફાઈ કામદારોના જણાવ્યા અનુસાર, ઝૂ એજ્યુકેશન ઓફિસર માનવ મહેતા અને ઝૂ ક્યુરેટર પ્રત્યુષ પાટણકર દ્વારા તેમના પર બિનજરૂરી દબાણ કરવામાં આવે છે. કર્મચારીઓનો મુખ્ય આક્ષેપ છે કે જો કોઈ કર્મચારી સવારે ફરજ પર માત્ર ૫થી ૧૦ મિનિટ પણ મોડો પહોંચે, તો તેની પાસે તાત્કાલિક 'માફી પત્રક' લખાવવામાં આવે છે. એટલું જ નહીં, રવિવારની રજા હોય કે ૧૫મી ઓગસ્ટ જેવી જાહેર રજા, જો કોઈ કર્મચારી અંગત કામસર રજા માંગે તો તેની પાસે પણ માફી પત્રકની માંગણી કરવામાં આવે છે. કર્મચારીએ આક્ષેપો કરતા કહ્યું કે, "અધિકારીઓ પોતાની મનમાની ચલાવી રહ્યા છે અને અંગ્રેજો જેવું શાસન કરી રહ્યા છે. જે કર્મચારીઓ અધિકારીઓના માનીતા કે 'લાડકવાયા' છે, તેઓ મોડા આવે તો પણ તેમને કંઈ કહેવામાં આવતું નથી. જ્યારે પ્રામાણિકપણે કામ કરતા કર્મચારીઓ સામે કડક પગલાં લેવાય છે. નિયમો બધા માટે સમાન હોવા જોઈએ." આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ પહોંચ્યા હતા. કર્મચારીઓએ ચીમકી આપી છે કે જો તેમની હેરાનગતિ બંધ કરવામાં નહીં આવે અને નિયમોમાં સમાનતા નહીં જાળવવામાં આવે તો તેઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે. આ ગંભીર આક્ષેપો અંગે જ્યારે ઝૂ વિભાગના અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે પાલિકા તંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે ખુલાસો સામે આવ્યો નથી. હાલમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે કે શું ખરેખર પાલિકાના અધિકારીઓ સત્તાનો દુરુપયોગ કરી નાના કર્મચારીઓનું શોષણ કરી રહ્યા છે?

### કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી સંદીપ માંગરોલાની રજૂઆતથી

# રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે મારામારીના બનાવમાં નર્મદા જિલ્લાના એસપી પાસે અહેવાલ માંગ્યો

અંકલેશ્વર, તા.૧૯

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામના રહીશ દીપક કોળી પર થયેલ જાનલેવા હુમલા મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)એ ગંભીર નોંધ લીધી છે અને નર્મદા જિલ્લાના પોલીસ અધિક્ષક (SP)ને ૪ અઠવાડિયામાં લેવાયેલા પગલાંનો અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે.દીપક કોળી પર ૨૭/૮/૨૫ના રોજ ૨૦થી વધુ લોકોએ હિંસક હુમલો કર્યો હતો. મેડિકલ રિપોર્ટ મુજબ માથા અને આંખ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના સ્પષ્ટ રીતે ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ ૧૦૯-જાનથી મારવાની કોશિશ લાગુ પડે તેવી છે. તેમ છતાં, પોલીસ દ્વારા નબળી કલમો હેઠળ FIR નોંધવામાં આવી અને માત્ર ૩-૪ આરોપીઓને જ આરોપી બનાવવામાં આવ્યા છે.

આ સમગ્ર બાબતે અગાઉ જિલ્લા પોલીસ અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી હતી છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નહોતી. જેના પગલે NHRC સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. હવે NHRC દ્વારા SP નર્મદા પાસે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી સંદીપ માંગરોલાએ માંગણી કરી છે કે FIRમાં તાત્કાલિક BNS કલમ ૧૦૯ (Attempt to Murder) અને અન્ય ગંભીર કલમો ઉમેરવામાં આવે, તમામ આરોપીઓને કાયદેસરની કાર્યવાહી હેઠળ લાવવામાં આવે, બેદરકારી દાખવનાર પોલીસ અધિકારીઓ સામે વિભાગીય તપાસ થાય, પીડિત અને તેમના પરિવારને પૂરતું રક્ષણ અને સારવાર મળે. કેસની નિષ્પક્ષ તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવે. આ અંગે સંદીપ માંગરોલા એ જણાવ્યુ હતું કે ન્યાય માટે આ લડત ચાલુ રહેશે અને સત્ય બહાર લાવવામાં આવશે.

# કલોલ તાલુકા કેળવણી મંડળમાં વહીવટી ભૂકંપ

## ચેરિટી કમિશનર દ્વારા હોદ્દેદારો પર પ્રતિબંધ અને તપાસના આદેશ

કલોલ, તા.૧૯

કલોલની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શ્રી કલોલ તાલુકા કેળવણી મંડળ'ના આંતરિક વહીવટમાં ચાલી રહેલી અનિયમિતતાઓ અંગે ચેરિટી કમિશનરની કચેરીએ લાલ આંખ કરી છે. સંસ્થામાં ચાલતા ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગના આક્ષેપો વચ્ચે સંયુક્ત ચેરિટી કમિશનરે વચગાળાનો મનાઈ હુકમ જાહેર કરી વર્તમાન ૭ હોદ્દેદારોના વહીવટી અધિકારો પર રોક લગાવી દીધી છે. આ કેસની વિગત મુજબ, સંસ્થા સંચાલિત સી.કે. શાહ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. શંકર રાણા વિરુદ્ધ નાણાકીય ગેરરીતિઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓના ગંભીર આક્ષેપો થયા હતા. આ બાબતે ગુજરાત તકેદારી આયોગ દ્વારા પણ તપાસની સૂચના અપાઈ હતી. આરોપ છે કે સંસ્થાના સેક્રેટરી અને અન્ય હોદ્દેદારોએ પ્રમુખને અંધારામાં રાખીને, તપાસ પૂર્ણ થયા વગર જ પ્રિન્સિપાલને 'ક્લીનચીટ' આપી દીધી હતી. સંસ્થાના પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવેલી અરજી મુજબ, આ હોદ્દેદારો મનસ્વી રીતે ટ્રસ્ટનો વહીવટ ચલાવી રહ્યા હતા અને નાણાકીય ભ્રષ્ટાચારને છાવરી રહ્યા હતા. ચેરિટી કમિશનરની કચેરીએ રજૂ કરાયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખી કરાયેલા આદેશો મુજબ, સામાવાળા (૬ હોદ્દેદારો) સંસ્થાના લેટરપેડનો ઉપયોગ કરી શકશે નહીં કે કોઈ પણ પ્રકારના નાણાકીય વ્યવહારો કરી શકશે નહીં. સંસ્થાનો વહીવટ ખોરંભે ન પડે તે માટે પ્રમુખ અને અન્ય ચાર સભ્યોની કમિટીને બેંક એકાઉન્ટ ઓપરેટ કરવાની મંજૂરી અપાઈ છે. કલમ-૩૪ હેઠળ સંસ્થાના હિસાબોનું પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ફોરેન્સિક ઓડિટ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોઈપણ નાણાકીય ખર્ચ કરતા પહેલા સરકારી નિરીક્ષકની મંજૂરી અને કાઉન્ટર સહી લેવી ફરજિયાત રહેશે. આ બાબતે સંયુક્ત ચેરિટી કમિશનરે ૭ સભ્યોને કારણ દર્શક નોટિસ પાઠવી છે. આ કેસની આગામી સુનાવણી ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ નિયત કરવામાં આવી છે.

### કોલેજમાં બે પ્રોફેસરો દ્વારા જાતિ વિષયક ઉચ્ચારણ અને ત્રાસના પગલે વિદ્યાર્થીના આપઘાતના પ્રયાસનો મામલો

# વડોદરામાં પાયોનિયર મેડિકલ કોલેજ ખાતે NSUIનો ઉગ્ર વિરોધ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯



વડોદરાના આજવા રોડ પર આવેલી પાયોનિયર મેડિકલ કોલેજમાં થોડા દિવસ અગાઉ બનેલા વિદ્યાર્થીના આપઘાત પ્રયાસના બનાવે શહેરમાં ચકચાર મચાવી છે. આજે નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકર્તાઓએ કોલેજ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ દરમિયાન પોલીસ સાથે સામાન્ય ઘર્ષણ થતા કપુરાઈ પોલીસે ૯ કાર્યકર્તાઓની અટકાયત કરી છે. બીએએમએસના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ત્રીજા માળેથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીએ પોતાની ફરિયાદમાં બે પ્રોફેસરો દ્વારા જાહેરમાં જાતિ વિષયક ઉચ્ચારણ અને માનસિક ત્રાસ આપ્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ સમગ્ર મામલાની તપાસ હાલ એસ.ટી./એસ.સી. સેલ દ્વારા હાથ ધરાઈ રહી છે. પોલીસે બંને પ્રોફેસરોને નિવેદન માટે હાજર થવા નોટિસ પાઠવી છે. કોલેજ તંત્ર તરફથી બંને પ્રોફેસરોને ખુલાસો આપવા જણાવાયું છે તેમજ આ મામલે તપાસ માટે આંતરિક કમિટી રચી રિપોર્ટ સબમિટ કરવા સૂચના આપવામાં આવી છે. તેમ છતાં હજુ સુધી બંને પ્રોફેસરો સામે કોઈ સસ્પેન્શન અથવા શિસ્તભંગની કાર્યવાહી ન થતાં વિદ્યાર્થીઓ અને NSUI કાર્યકર્તાઓમાં રોષ વ્યાપ્યો છે. NSUI પ્રમુખ અમર વાઘેલાની આગેવાનીમાં કાર્યકર્તાઓએ કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરી પ્રિન્સિપાલ ઓફિસ અંદર ભારે સૂત્રોચ્ચાર સાથે ધરણા યોજ્યા હતા. કાર્યકર્તાઓએ બંને પ્રોફેસરોને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ ઉઠાવી હતી, જેથી ભવિષ્યમાં અન્ય વિદ્યાર્થીઓ આવા શોષણનો ભોગ ન બને. પોલીસે ઘર્ષણ બાદ ટીંગાટોળી કરી ૯ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

### પવિત્ર રમઝાન માસના પ્રારંભે

# ભાવનગર જિલ્લા જેલમાં મુસ્લિમ કેદીભાઈઓને રમઝાન માસનું મહત્ત્વ સમજાવવા ધાર્મિક કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૯

મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમઝાન માસ તા.૧૯/૨/૨૦૨૬ને ગુરૂવારથી પ્રારંભ થઈ રહ્યો છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં રહેલા મુસ્લિમ બંદીવાનો (કેદીભાઈઓને) પવિત્ર રમઝાન માસનું મહત્ત્વ સમજાવવા અને માર્ગદર્શન આપવા માટે ઈસ્લાહી તકરીરનો કાર્યક્રમ તા.૧૭/૨/૨૦૨૬ને મંગળવારે યોજાયો હતો.



આ કાર્યક્રમમાં ભાવનગર શહેર જિલ્લાની સૌથી મોટી આંબાચોક વિસ્તારમાં આવેલી જુમ્મા મસ્જિદના પેશઈમામ પીરેતરીકત સૈયદ વસીમબાપુ, જેલ અધિક્ષક ડી.ડી. પ્રજાપતિ, પૂર્વ નગરસેવક કાળુભાઈ બેલીમ, શબ્બીરભાઈ ખલાણી, સોહીલભાઈ સીદી સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના પ્રારંભે જેલ અધિક્ષક પ્રજાપતિએ સ્વાગત પ્રવચન કરતા તમામને આવકારી જણાવ્યું હતું કે, તમામ લોકો એક સારા નાગરિક બને, સદ્કાર્યો કરે અને પોતાના પાપોનું પ્રશ્ચાતાપ કરે અને પોતાના ધર્મે બતાવેલા સિદ્ધાંતોના માર્ગ ઉપર ચાલે, તમામ ધર્મ લોકોને ગુનાઓ અને બુરાઈઓથી દૂર રહેવા અને બચવા જ જણાવે છે. કોઈ ધર્મ ગુનાઓને અને બુરાઈઓને પ્રોત્સાહન આપતું જ નથી. તેમજ જુમ્મા મસ્જિદના પેશઈમામ વસીમબાપુએ ઈસ્લાહી તકરીર ફરમાવી પવિત્ર રમઝાન માસના રોઝા, નમાઝ, કુર્આન શરીફની તિલાવત અને આખો માસ બંદગી કરવા કેદીભાઈઓને અપીલ કરી હતી તેમજ જિલ્લા જેલમાં રહેલા તમામ હિન્દુ-મુસ્લિમ કેદી ભાઈઓ ગુનાઓના માફી માંગી પાપોનું પ્રશ્ચાતાપ કરી નેક ઈન્સાન બની સારા ભારતીય નાગરિક બને અને આપણો ભારત દેશ પ્રગતિ કરે, આપણો દેશ વિકાસ કરે અને વિશ્વભરમાં આપણો દેશ સર્વશ્રેષ્ઠ બને તેમજ હિન્દુ મુસ્લિમ એકતા અને ભાઈચારો કાયમ રહે અને આખો રમઝાન માસ સતત બંદગીમાં કેદીભાઈઓ પસાર કરે તેવી અપીલ પણ કરી હતી. આ કાર્યક્રમના અંતમાં વસીમબાપુએ સલાતો સલામ પઢાવી સામૂહિક દુઆઓ પણ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવનગર જિલ્લા જેલના જેલર જે.જી.ગોહિલ, જેલર વી.આઈ.વાઘેલા, સુબેદાર બી.કે.મીર સહિતના જેલના સ્ટાફે સારી જહેમત ઉઠાવી હતી.

# ડેડિયાપાડામાં નર્મદા જિલ્લા ભાજપની સંગઠનાત્મક બેઠક યોજાઈ



(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૧૯

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના સુચારૂ આયોજન અને અમલીકરણ માટે ડેડિયાપાડા ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ નીલભાઈ રાવની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં સંગઠનલક્ષી માળખાને વધુ વેગવંતુ બનાવવા અને આગામી સમયમાં યોજાનાર વિવિધ લોકહિતના કાર્યક્રમોને સફળ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન તાલુકા અને મંડલ સ્તરે આગામી કાર્યક્રમો માટે સચોટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જવાબદારીઓના વિતરણ સાથે માઈક્રો પ્લાનિંગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા અને આઈ.ટી. વિભાગને પણ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સંગઠનની કામગીરી લોકો સુધી પહોંચાડવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ બેઠકમાં જિલ્લા મહામંત્રી હિતેશભાઈ વસાવા, પૂર્વ મંત્રી મોતીભાઈ વસાવા, જિલ્લા પંચાયત સદસ્ય પર્યુષાબેન વસાવા તથા ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ વસાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આગેવાન રણજીતભાઈ ટેલર, મંડલ પ્રમુખ મનસુખભાઈ વસાવા, મહામંત્રીઓ રમેશભાઈ વસાવા અને મોહનભાઈ વસાવા સહિત જિલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, શક્તિકેન્દ્ર સંયોજકો અને મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકરો જોડાયા હતા.

# સુરેન્દ્રનગરમાં વધુ ૧૨ ગામોમાં વીજચોરી ઝડપાઈ : રૂા.૮૩.૧૮ લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગરમાં વીજ ચોરી સતત વધતી થઈ રહી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાનો વીજ લોસ પણ ૨૫% પહોંચી ગયો છે. ત્યારે પીજીવીસીએલ વિભાગની ૬૦ જેટલી ટીમો દ્વારા સુરેન્દ્રનગર શહેરના ગ્રામીણ વિસ્તારોમાં ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોઈપણ પ્રકારની હુમલાની ઘટના ન બને તે માટે ૧૮ જેટલા એસઆરપીના જવાનો અને ૧૭ જેટલા પોલીસ કર્મચારીઓના સ્ટાફ સાથે ૦૫ જેટલા વીડિયોગ્રાફરોને સાથે રાખીને ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં મુખ્યત્વે રાણાગઢ, શિયાણી, ટોકરાળા, લાલિયાદ, મોટા ટીમલા, નોળી, રળોલ, ધજાડા, ગોરૈયા, કુંડલા, લાખાવાડ સહિતના ૧૨ ગામોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને વીજ ચોરી ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા ત્યારે વીજચોરી વ્યાપક ઝડપાઈ હતી.

વીજ ચેકિંગ દરમિયાન કુલ ૧૪૫ જેટલા વીજ જોડાણોમાં વ્યાપક વીજ ચોરી ઝડપાઈ હતી. આ પૈકીના વીજ જોડાણો વગર સીધા વીજ લાઈનમાં દોરડા નાખી અને ૭૮ જેટલા કનેક્શન ચલાવવામાં આવતા હોવાનો પણ ધડાકો થયો હતો.

ત્યારે આ મુદ્દે ૮૩.૧૮ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને પીજીવીસીએલ વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જોકે સુરેન્દ્રનગરના ગ્રામીણ વિસ્તારોમાં દરોડાની કાર્યવાહી બાદ ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

### વિધાનસભાના બજેટ સત્રમાં ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં થયો ખુલાસો

# આદિવાસી જિલ્લા નર્મદાની ૧૪૫ શાળાઓ માત્ર ૧ શિક્ષકથી ચાલતી હોવાનો પર્દાફાશ

## દાહોદમાં ૧૫ શાળા વચ્ચે ૧ શિક્ષક; ૧૨૮૪ શિક્ષકોની ઘટ !

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ધારાસભ્ય ચૈતર વસાવાના સવાલના જવાબમાં રાજ્ય શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું છે કે નર્મદા જિલ્લામાં ૧૪૫ શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલી રહી છે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્યો દ્વારા પૂછાતા પ્રશ્નોના જવાબમાં કેટલીકવાર સરકારની કામગીરીની સ્થિતિ છતી થતી હોય છે રાજ્યની પરિસ્થિતિનો ચિતાર મંત્રી ખુદ જવાબમાં આવતા હોય છે આવું જ કંઈક આ પ્રશ્નના જવાબમાં બન્યું છે. મંત્રીના જવાબ મુજબ નર્મદા જિલ્લાની ૧૪૫ શાળામાં ૧ જ શિક્ષક છે જ્યારે દાહોદની ૧૫ શાળા જ શિક્ષકથી ચાલી રહી છે. બીજી તરફ નર્મદા જિલ્લામાં ૫૪૯ શિક્ષકોની ઘટ નોંધાઈ છે અને દાહોદ જિલ્લામાં ૧૨૮૪ શિક્ષકોની ખાલી જગ્યા છે. વયનિવૃત્તિ અને જિલ્લા ફેરબદલીને કારણે અનેક જગ્યાઓ ખાલી રહી હોવાનો ખુલાસો મંત્રી દ્વારા જવાબમાં કરાયો છે. વધુમાં શિક્ષકના અભાવે ભણતર બાધિત ન થાય તે માટે સરકાર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. "જ્ઞાન સહાયક યોજના" હેઠળ શિક્ષણ વ્યવસ્થા જાળવવા પ્રયાસ થઈ રહ્યો હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

### રમઝાનના પ્રથમ દિવસે જામા મસ્જિદ ખાતે મુસ્લિમ બિરાદરોની ભારે ભીડ



પવિત્ર રમઝાન માસના પ્રથમ દિવસે અમદાવાદની ઐતિહાસિક જામા મસ્જિદ ખાતે મુસ્લિમ બિરાદરોની વિશાળ ભીડ જોવા મળી હતી.સાંજના ઈફતાર સમયે મસ્જિદના વિશાળ પ્રાંગણમાં મોટી સંખ્યામાં રોજેદારો એકત્રિત થયા હતા.

### રાજ્યના પોલીસ વડા કે.એલ.એન રાવ કચ્છના સરહદી ગામોની મુલાકાતે

# ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ વિસ્તારની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે

## ભૂજમાં હાઈલેવલ ક્રાઈમ કોન્ફરન્સમાં સેના-BSF-કોસ્ટ ગાર્ડ સાથે કરાશે સુરક્ષા મંથન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન રાવ આગામી તા.૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન કચ્છ જિલ્લાના સરહદી ગામોની વ્યૂહાત્મક મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ અભેદ્ય બનાવવાનો છે.

બે દિવસીય પ્રવાસ દરમિયાન રાજ્યના પોલીસ વડા ભુજ ખાતે એક મહત્વપૂર્ણ 'ક્રાઈમ કોન્ફરન્સ'ની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં માત્ર પોલીસ વિભાગ જ નહીં, પરંતુ ભારતીય સેના, સીમા સુરક્ષા બળ (BSF), ભારતીય કોસ્ટ ગાર્ડ અને વાયુસેનાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. સરહદી ઘૂસણખોરી, ડ્રગ્સની હેરાફેરી અને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓને રોકવા માટે તમામ એજન્સીઓ વચ્ચે મજબૂત કોઓર્ડિનેશન પર ભાર મૂકવામાં આવશે. કે.એલ.એન.રાવ ખાસ કરીને જખૌ અને પિંગલેશ્વર જેવા સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈને ત્યાં તૈનાત મરીન પોલીસ અને સુરક્ષા એજન્સીઓની સજ્જતા ચકાસશે. આ ઉપરાંત, દુર્ગમ વિસ્તારોમાં ફરજ બજાવતા પોલીસ જવાનોના મનોબળને વધારવા માટે તેમની સાથે સીધો સંવાદ કરશે અને તેમના કલ્યાણ માટેની સુવિધાઓની સમીક્ષા કરશે.

### એક્સેસ પાસ માછીમારોને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારીની સત્તાવાર પરવાનગી આપશે

# વેરાવળમાં એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન-EEZમાં માછીમારો માટે એક્સેસ પાસની સુવિધા આજે લોન્ચ થશે

## રાજ્યમાં એક્સેસ પાસ દ્વારા માછીમારો સશક્ત બનશે; નિકાસ વધશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ) નિયમોને અમલમાં મૂકવા અને ઊંડા સમુદ્રમાં માછીમારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી અને પંચાયતી રાજ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ આવતીકાલે ૨૦ ફેબ્રુઆરીએ વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્ર (EEZ)માં માછીમારી માટે એક્સેસ પાસ ફ્રેમવર્ક લૉન્ચ કરશે. આ નવું માળખું માછીમારોને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારી માટે સત્તાવાર પરવાનગી (એક્સેસ પાસ) મેળવવાનું સરળ બનાવશે.

આ પહેલ ભારતના મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવશે. ગુજરાતમાં મત્સ્યઉદ્યોગ ક્ષેત્રને મજબૂત બનાવવાના પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે એક્સેસ પાસની પહેલ પરંપરાગત અને નાના પાયાના માછીમારો, સહકારી મંડળીઓ, સ્વ-સહાય જૂથો અને મત્સ્યઉદ્યોગ ઉત્પાદક સંગઠનો (FFPO)ને સશક્ત બનાવશે. ઉલ્લેખનીય છે કે, એક્સેસ પાસ ભારતના EEZમાં માછીમારોને માછીમારી માટે કાયદેસર અને પારદર્શક રીતે પરવાનગી આપશે. તે તેમને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં ટુના જેવી ઉચ્ચ-મૂલ્યની પ્રજાતિઓને પકડવામાં મદદ કરશે તેમજ આંતરરાષ્ટ્રીય ધોરણોનું યોગ્ય ટ્રેકિંગ અને પાલન પણ સુનિશ્ચિત કરશે.

ભારત ૧૧,૦૯૯ કિમીનો દરિયાકિનારો ધરાવે છે અને ૨૪ લાખ ચોરસ કિમીમાં EEZ ધરાવે છે. પુષ્કળ દરિયાઈ સંપત્તિથી સમૃદ્ધ હોવા છતાં મોટાભાગની માછીમારી પ્રવૃત્તિઓ ૪૦-૫૦ નોટિકલ માઈલ સુધી મર્યાદિત રહે છે. EEZ રૂલ્સ, ૨૦૨૫માં માછીમારીના ટકાઉ ઉપયોગને ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટેરિટોરિયલ વોટર્સ, કોન્ટિનેન્ટલ શેલ્ફ, એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન અને અન્ય મેરીટાઈમ ઝોન્સ એક્ટ, હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા. આ નિયમો એક મજબૂત કાનૂની અને સંસ્થાકીય માળખું બનાવે છે, જેમનો ઉદ્દેશ EEZમાં માછીમારી પ્રવૃત્તિઓને જવાબદાર અને ટકાઉ રીતે વિસ્તૃત કરવાનો છે. આ માળખું દેખરેખ, પાલન અને સલામતીમાં સુધારો કરશે, સાથે સાથે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં આવકમાં વધારો કરશે. ગુજરાતમાં વેરાવળ એક મુખ્ય ફિશરીઝ પ્રોસેસિંગ (મત્સ્યઉદ્યોગ પ્રક્રિયા) અને નિકાસ કેન્દ્ર છે અને તેના વ્યૂહાત્મક સ્થાનના કારણે તેને એક્સેસ પાસના લૉન્ચ માટે પસંદ કરવામાં આવ્યું છે. ભારત સરકારનો ઉદ્દેશ દેશભરમાં ૩૪ મત્સ્યઉદ્યોગ ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્લસ્ટરોનો વિકાસ કરવાનો છે, જેમાં વેરાવળ સીફૂડ નિકાસ, મૂલ્યવર્ધન અને પ્રોસેસિંગ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્ર (EEZ)માં માછીમારી માટે એક્સેસ પાસની સુવિધા લૉન્ચ થવાથી આ પ્રદેશ મત્સ્યઉદ્યોગ વિકાસ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

### રાજ્યના ખેડૂતોના હિતમાં કેબિનેટમાં લેવાયો નિર્ણય

# રાજ્યભરમાં આગામી તા.૨૩ ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

વિધાનસભા સત્ર દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં આગામી તા. ૨૩ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. વિગતવાર માહિતી આપતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમની

#### રાજ્યના ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું

ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરીને ઉત્પાદનોની ખરીદી કરવામાં આવે છે. વાવેતર શરૂ થયા પહેલા જ ભારત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે તુવેરનો ટેકાનો ભાવ રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૬૦૦ પ્રતિ મણ) જાહેર કરતા રાજ્યના ખેડૂતો દ્વારા તુવેરનું પુષ્કળ વાવેતર કરવામાં આવ્યું છે. તુવેરના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્યના કુલ ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે તુવેરના વેચાણ માટે નોંધણી કરાવી છે, રાજ્યમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને આશરે ૧૩૦ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે. આ ખરીદ કેન્દ્રો ખાતેથી આગામી તા. ૨૩ ફેબ્રુઆરીના રોજથી તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવાનો આજે કેબિનેટ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે. તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલા ખેડૂતોએ SMSથી ખરીદી માટેની અગાઉથી જાણ કરવામાં આવશે અને SMS મળ્યેથી ફાળવેલ ખરીદ કેંદ્ર ખાતે ખેડૂતોએ જથ્થા સાથે ઉપસ્થિત રહી આ યોજનાનો લાભ મેળવવા અનુરોધ કરાયો છે. રાજ્ય સરકાર દ્વારા તુવેર પાકની નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકારે તમામ આગોતરૂ આયોજન હાથ ધર્યું હોવાનું મંત્રીએ કહ્યું હતું.

### શહેરના અગ્રણી બિલ્ડર ગ્રુપ દીપ અને કામેશ્વરને ત્યાં સર્ચ જારી

# અમદાવાદમાં જાણીતા બિલ્ડર ગ્રુપના સંચાલકો પર ઈન્કમટેક્સના દરોડા

## ૫૦ જેટલા બેંક લોકરમાંથી ૧૭ કરોડ કેશ તથા ૩૫ કરોડના દાગીના મળ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં આવકવેરા વિભાગે શહેરના જાણીતા બિલ્ડર દીપ અને કામેશ્વર ગ્રુપના સંચાલકો પર મોટા પાયે દરોડા પાડ્યા છે. તપાસ દરમિયાન ૬૦ બેંક લોકરમાંથી અત્યાર સુધીમાં ૫૦ લોકર ખોલવામાં આવ્યા છે, જેમાંથી ૧૭ કરોડ રૂપિયાની રોકડ અને લગભગ ૩૫ કરોડ રૂપિયાના સોના-દાગીના જપ્ત કરવામાં આવ્યા છે.

ઈન્કમટેક્સ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, બાકીના ૧૦ લોકરની તપાસ પૂર્ણ થતાં વધુ મોટી રોકડ અને મૂલ્યવાન વસ્તુઓ મળી શકે છે. તપાસ દરમિયાન મળેલા દસ્તાવેજોમાં બેનામી મિલકતો, હવાલા લેવડદેવડ અને અન્ય નાણાકીય અનિયમિતતાઓના પુરાવા મળી આવ્યા છે. આઈટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર બિલ્ડરો દ્વારા બેનામી નામે મોટા પાયે જમીન-મિલકતો ખરીદવામાં આવી હતી અને રોકડના વ્યવહારો છુપાવવા માટે હવાલા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તપાસમાં મળેલા દસ્તાવેજોનું વિગતવાર વિશ્લેષણ ચાલુ છે, જેના આધારે આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસાઓ થઈ શકે છે. આ દરોડા અમદાવાદના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ખળભળાટ મચાવી રહ્યા છે. આઈટી વિભાગે આ કાર્યવાહીને 'બેનામી સંપત્તિ અને કાળા નાણાંના વ્યવહારો પર કડક કાર્યવાહી' તરીકે વર્ણવી છે. બિલ્ડરોના પરિવારના સભ્યો અને સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લેવાની પ્રક્રિયા પણ ચાલુ છે. આ કેસમાં આગામી દિવસોમાં વધુ ધરપકડ અને કાર્યવાહીની શક્યતા સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આવકવેરા વિભાગનું સર્ચ ઓપરેશન ફરીવાર શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદમા વિનોદ ટેક્સટાઈલમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. એક સાથે ૩૫ સ્થળો પર સર્ચ હાથ ધરાતા ટેક્સટાઈલ સાથે જોડાયેલા ધંધાર્થીઓમાં ભય ફેલાયો છે. વિનોદ મિત્તલ અને તેમના ભાઈ સહિત ૧૯ નિવાસ સ્થાને આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા.

# એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતા રાજ્યના વાતાવરણમાં ફેરફાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગઈકાલે ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં મોડીરાત્રે વરસાદી ઝાપટા પડ્યા હતા અને ત્યારબાદ પવન ફૂંકવાનું શરૂ થયું હતું. જોકે આજે હવામાન વિભાગ દ્વારા માવઠાને લઈને કોઈ આગાહી કરવામાં આવી નથી. આગામી કેટલાક દિવસોમાં પવનની ગતિ આશરે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ત્યારબાદ આજથી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાં ફેબ્રુઆરી મહિનામાં જ ગરમીનો અહેસાસ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુંછે, જ્યારે રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન ડીસામાં ૩૪.૩ ડિગ્રી નોંધાયું છે. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કેશોદમાં ૧૩.૫ ડિગ્રી નોંધાયું છે. ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય કરતાં ઊંચું તાપમાન નોંધાતા લોકોને વહેલી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ઉત્તર ગુજરાત વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સક્રિય બન્યા છે. આ સિસ્ટમ સક્રિય થવાના કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં ફરી એકવાર કમોસમી માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે સામાન્યથી મધ્યમ માવઠાની આગાહી કરી છે. સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં માવઠાની શક્યતા દર્શાવવામાં આવી હતી, જેને પગલે અમદાવાદમાં પણ મોડી રાત્રે વરસાદી ઝાપટા પડ્યા હતા અને પવન ફૂંકાયા હતા. હવામાન વિભાગ મુજબ હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય બનતા વાતાવરણમાં ફેરફાર નોંધાઈ રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સક્રિય હોવાથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.

## સુરત એરપોર્ટ પર રૂા.૬.૫ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

(સંવાદદતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

હીરાનગરી સુરતનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હવે દાણચોરો માટે જોખમી બની રહ્યું છે. સુરત એરપોર્ટ કસ્ટમ્સ વિભાગે એક મોટી કાર્યવાહી કરતા બેંગકોકથી આવેલા બે જયપુરના મુસાફરો પાસેથી કરોડોની કિંમતનો ઉચ્ચ ગુણવત્તાનો ૬.૫ કરોડનો ૬.૪ કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો છે. આ મામલે કસ્ટમ્સ વિભાગે બંને યુવકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ૧૮ ફેબ્રુઆરીના રોજ રાત્રે બેંગકોકથી સુરત આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર IX-૨૬૩ના મુસાફરોનું કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા રૂટિન ચેકિંગ અને પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન જયપુરના બે પુરૂષ મુસાફરોની હિલચાલ શંકાસ્પદ જણાતા તેમને અટકાવી સઘન પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે આ મુસાફરોએ ચેક-ઈન કરેલા સામાનની તપાસ કરવામાં આવી, ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સામાનની અંદર ખૂબ જ સાવચેતીપૂર્વક છુપાવેલા ૩૦ વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીન પેકેટ્સ મળી આવ્યા હતા. આ પેકેટ્સમાં લીલા પાંદડા જેવો પદાર્થ ભરેલો હતો. કુલ જથ્થો આશરે ૬.૪ કિલો અને વેક્યુમ-સીલ્ડ જેથી ગંધ બહાર ન આવે. ડ્રગ ડિટેક્શન કિટ દ્વારા તપાસ કરતા આ પદાર્થ હાઈબ્રિડ ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. જેની બજાર કિંમત અંદાજિત ૬.૫ કરોડ જેટલી થાય છે. આટલી મોટી માત્રામાં માદક દ્રવ્યો મળી આવતા કસ્ટમ્સ વિભાગે NDPS એક્ટ, ૧૯૮૫ની વિવિધ કલમો હેઠળ પ્રતિબંધિત પદાર્થ જપ્ત કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા બંને મુસાફરોની સ્થળ પર જ ધરપકડ કરવામાં આવી છે.

## વિજ્ઞાન પ્રદર્શનમાં F.D. ઈંગ્લિશ સ્કૂલ, મકતમપુરના વિદ્યાર્થીઓએ રસપ્રદ પ્રોજેક્ટ રજૂ કર્યા



અમદાવાદ, તા.૧૯

૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ F.D. ઈંગ્લિશ સ્કૂલ, મક્તમપુર કેમ્પસ ખાતે ધોરણ ૫થી ૯ અને ૧૧ સાયન્સના વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય વિજ્ઞાન પ્રદર્શન સફળતાપૂર્વક યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, સમર્પણ અને વિજ્ઞાન તથા ગણિત પ્રત્યેના ઉત્સાહનું સુંદર પ્રતિબિંબ હતું.

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ રોબોટિક્સ, ઓટોમેશન મોડલ, મેડિકલ કન્સેપ્ટ્સ તેમજ ગણિતના પ્રયોગાત્મક મોડલ જેવા વિવિધ નવીન પ્રોજેક્ટ રજૂ કર્યા. દરેક પ્રદર્શન વિદ્યાર્થીઓની ઊંડી સમજ, મૂળપણું અને વૈજ્ઞાનિક અભ્યાસ પ્રત્યેની ઉત્સુકતા દર્શાવતું હતું.

આ કાર્યક્રમમાં મહેમાનો તરીકે આર.એમ.ફારૂકી (વાઈસ ચેરમેન, એફ.ડી.એજ્યુકેશન સોસાયટી), શફી મનિઆર (ટ્રસ્ટી), વિજીરમિયા શેખ (એક્સેક્યુટિવ મેમ્બર એન્ડ સાયન્સ ફેકલ્ટી કો-ઓડિનેટર એફ.ડી.એજ્યુકેશન સોસાયટી) અને આર.એમ ચૌહાણ (પોલીસ ઈન્સ્પેક્ટર, વેજલપુર પોલીસ સ્ટેશન) ઉપસ્થિત રહ્યા. તેમના પ્રેરણાદાયક શબ્દોએ વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા ભરી. આ ઉપરાંત ઈમ્તિયાઝ શેખ (જોઈન્ટ સેક્રેટરી), ઈકબાલ શેખ (ટ્રસ્ટી), મઝહરઅલી સૈયદ (ટ્રિઝરર) તથા ઈમ્તિયાઝ શેખ (એક્સેક્યુટિવ મેમ્બર, એફ.ડી.એજ્યુકેશન સોસાયટી)ની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી. આચાર્ય ફિરદોશ જંબુસરવાલા અને સમગ્ર આયોજન ટીમે આ કાર્યક્રમને ભવ્ય સફળતા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

## જૂનિયર કલાર્ક CCEમાં ૧૧૮૦ નવી જગ્યાઓનો ઉમેરો, ફોર્મ ભરવાની તારીખ લંબાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં સરકારી નોકરીની આતુરતાથી રાહ જોઈ રહેલા અને દિવસ-રાત તૈયારી કરી રહેલા હજારો ઉમેદવારો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત CCE (Combined Competitive Examination)ની ચાલુ ભરતી પ્રક્રિયામાં જગ્યાઓની સંખ્યામાં મોટો વધારો કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી વધુ યુવાનોને રાજ્ય સેવામાં જોડાવાની સુવર્ણ તક પ્રાપ્ત થશે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા સુધારા મુજબ, CCEની વર્તમાન ભરતીમાં નવી ૧,૧૮૦ જગ્યાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. અગાઉ જાહેર કરવામાં આવેલી જગ્યાઓમાં આ નોંધપાત્ર વૃદ્ધિ થતાં હવે કુલ ૬,૫૫૦ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વધારાને પગલે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓમાં નવો ઉત્સાહ અને આશાનો સંચાર થયો છે. ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા ગુજરાત ગૌણ સેવા વર્ગ -૩ (ગ્રૂપ A તથા ગ્રૂપ B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટેની જાહેરાત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવી હતી તેમાં સરકારના વિવિધ વિભાગોના માંગ પત્રકને ધ્યાને રાખીને ૫૩૭૦ જગ્યાઓ જાહેર કરવામાં આવી હતી. જો કે હવે તેમાં ૧૧૮૦ વધારાની જગ્યાનો ઉમેરો કરવામાં આવ્યો છે. જેથી હવે આ ભરતી કુલ ૬૫૫૦ પદ પર કરવામાં આવશે. આ ઉપરાંત ફોર્મ ભરવા માટેની અંતિમ તારીખ ૨૦/૦૨/૨૦૨૬ હતી તે પણ વધારીને ૦૨/૦૩/૨૦૨૬ કરવામાં આવી છે. બાકીના તમામ નિયમો અને શરતો યથાવત્ રહેશે પરંતુ માત્ર ભરવા પાત્ર જગ્યા અને અંતિમ તારીખમાં વધારો કરવામાં આવ્યો છે.

## ગૌડિયમ આઈવીએફ એન્ડ વિમેન હેલ્થ લિ.નો IPO આજે ખૂલશે

અમદાવાદ,તા.૧૯

ગૌડિયમ આઈવીએફ એન્ડ વિમેન હેલ્થ લિમિટેડે જાહેર કર્યું છે કે તેના ઈક્વિટી શેર્સ માટેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર ખુલવાની તારીખ શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ રહેશે. ઓફરમાં ૧,૧૩,૯૨,૫૦૦ સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યુ તથા પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર ડો. મનિકા ખન્ના દ્વારા ૯૪,૯૩,૭૦૦ સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર ગુરૂવાર, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ખુલશે અને બંધ થશે. બિડ/ઓફર શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને મંગળવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શરૂ રૂા.૭૫થી રૂા.૭૯ નક્કી કરવામાં આવ્યો છે. ઓછામાં ઓછા ૧૮૯ ઈક્વિટી શેર માટે અને ત્યાર બાદ ૧૮૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડસ કરી શકાય છે.

### પ્રસિદ્ધ કોલમિસ્ટ

## કમલેશ ઓઝાના ત્રણ પુસ્તકોનું ભવ્ય વિમોચન

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના સેટેલાઈટ ખાતે 'ડાઉન પ્રીમેવહોલ'માં એક ભવ્ય પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રસિદ્ધ કોલમિસ્ટ કમલેશ ઓઝાના ત્રણ પુસ્તકોનું ૧. સંવેદનાની સફર (ભાગ-૧) ૨. સંવેદનાની સફર (ભાગ-૨) ૩. વિદેશી વાયરા (પ્રકાશક : શોપીજન પ્રકાશન)નું વિમોચન થયું. ડો. કેશુભાઈ દેસાઈ (૧૨૫થી વધુ પુસ્તકોના લેખક)એ કહ્યું કે, કમલેશ ઓઝાની કલમે હંમેશા ગરીબ, પીડિત અને છેવાડાના માનવીને મુખ્યધારામાં લાવવાનું કાર્ય કર્યું છે. ૮૨ વર્ષની ઉંમરે ૨૮ વર્ષનો તરવરાટ ધરાવતા કમલેશભાઈની લેખનયાત્રા સૌ માટે પ્રેરણારૂપ બની રહી. આ પ્રસંગે દિગ્ગજ સાહિત્યકાર યશવંત મહેતા અને મનિષી જાની પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કમલેશભાઈએ પોતાની ૭૦થી વધુ સત્ય ઘટનાઓના આલેખન પાછળના સંસ્મરણો વાગોળ્યા અને પરિવારજનો તેમજ સહયોગીઓનો ભાવપૂર્વક આભાર માન્યો.

ઉલ્લેખનીય છે કે, કમલેશ ઓઝા જેવા પીઢ કટારલેખકના ત્રણ પુસ્તકો-'સંવેદનાની સફર' (ભાગ ૧ અને ૨) અને 'વિદેશી વાયરા'નું એકસાથે પ્રકાશન થવું એ તેમની લેખન ક્ષમતા અને લોકપ્રિયતાનો પુરાવો છે. ડો. કેશુભાઈ દેસાઈએ 'કમલેશ' શબ્દને 'વિષ્ણુ સ્વરૂપ' સાથે જોડીને, જે રીતે તેમણે કમલેશભાઈના પરિવાર પ્રત્યેના સમર્પણ અને શોષિત-પીડિતો માટેની તેમની કલમની નિષ્ઠાને બિરદાવી છે, તે હૃદયસ્પર્શી છે.

## ક્લિનમેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સનો IPO ૨૩ ફેબ્રુ.એ ખૂલશે

અમદાવાદ,તા.૧૯

ભારતના સૌથી મોટા વાણિજિયક અને ઔદ્યોગિક (C&I) રિન્યુએબલ એનર્જી પૂરી પાડનાર ક્લિનમેક્સે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા.૧/-પ્રતિ મૂળ કિંમતના ઈક્વિટી શેર માટે રૂા.૧,૦૦૦/-થી રૂા.૧,૦૫૩/-ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ખૂલશે, જે સબ્સ્ક્રિપ્શન માટે ઉપલબ્ધ થશે અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે રોકાણકારો ઓછામાં ઓછા ૧૪ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૪ ઈક્વિટી શેરના ગુણાકમાં બોલી લગાવી શકે છે આ આઈપીઓ રૂા.૧.૨૦૦ કરોડ સુધીનો નવો ઈશ્યુ છે.

**નામ બદલેલ છે**

મેં મારૂં જૂનું નામ

**મલીક આબીદહુસેન યાસમીનમીયા**

હતું, જે બદલીને

**મલીક આબીદહુસેન યાસીનમીયા**

કરેલ છે.

સરનામું : એ-૩૦, એલીકોન ટાવર, મકતમપુરા, અમદાવાદ-380055

# ‘આ ચૂંટણી નરસંહાર છે’ : નાગરિક સમાજ ગઠબંધને કર્ણાટક સરકારને રાજ્યમાં SIRનો વિરોધ કરવાની માંગ કરી

(એજન્સી) તા.૧૯

"માય વોટ, માય રાઈટ" ગઠબંધનના સભ્યોએ બુધવારે બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં ખાસ સઘન સુધારા અથવા SIRનો વિરોધ કરવા માટે કોંગ્રેસ સરકાર પાસેથી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી. આ ગઠબંધને ૧૦ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા SIRને જે રીતે લાગુ કરવામાં આવ્યું છે તે અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને કર્ણાટકમાં ચાલી રહેલા મેપિંગ કવાયતમાં સમસ્યાઓ દર્શાવી હતી.

ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ટ્રેડ યુનિયનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ક્લિફ્ટન ડી’રોઝારિયોએ જણાવ્યું હતું કે SIR પોતે એક મનસ્વી પ્રક્રિયા છે, ત્યારે તેનો અમલ રાજ્યોમાં અલગ છે. પશ્ચિમ બંગાળનો ઉલ્લેખ કરતા, તેમણે નિર્દેશ કર્યો કે અધિકારીઓએ "તાર્કિક વિસંગતતાઓ" નામની એક નવી શ્રેણી રજૂ કરી છે, જેના હેઠળ સોફ્ટવેર દસ્તાવેજોમાં જોડણી અથવા ઉંમરમાં ભિન્નતા જેવા મુદ્દાઓ શોધી કાઢ્યા પછી મતદારોને નોટિસ જારી કરવામાં આવે છે. તેઓ લોકો માટે મતદાર યાદીમાં નામ દાખલ કરવાનું શક્ય તેટલું મુશ્કેલ બનાવી રહ્યા છે.

કાર્યકર્તા અને બુદ્ધિજીવીએ દલીલ કરી હતી કે SIRની સામૂહિક રીતે બાકાત રાખવા માટે છે. કેટલા લોકો પાસે તેમણે નોંધાયેલા ૧૧ દસ્તાવેજોમાંથી કોઈ હશે? સ્થળાંતરિત કામદારો અને ગરીબો ૨૦૦૨ની યાદીમાં તેમના નામ કેવી રીતે શોધશે જે ECI વેબસાઈટ્સ પર અપલોડ કરવામાં આવી છે ? દલિત સંઘર્ષ સમિતિ - આંબેડકરવાડાના રાજ્ય સંયોજક માવલ્લી શંકરે SIRને "આપણા દેશના બંધારણીય માળખાને નષ્ટ કરવા માટે ભાજપ શાસનનું એક શસ્ત્ર" ગણાવતા કહ્યું કે, આ ચૂંટણીલક્ષી નરસંહાર છે. કોંગ્રેસ પાર્ટીને જે લોકો મત આપે છે, જેઓ દલિત, ધાર્મિક લઘુમતીઓ અને અન્ય પછાત વર્ગોમાંથી આવે છે, તેમના વતી બોલવાનો સમય આવી ગયો છે. મુખ્યમંત્રી કેવી રીતે કહી શકે કે તેઓ SIRનું રાજકારણ કરવાનો ઈન્કાર કરે છે?

નાવેદ્દુ નિલ્લાદિદ્રે સાથે મહિલા અધિકાર કાર્યકર્તા મમતા યજમાનએ કહ્યું કે SIR ખાસ કરીને મહિલાઓને લક્ષ્ય બનાવશે. ૨૦૨૫ અને ૨૦૦૨ની મતદાર યાદીના મેપિંગમાં BLOsને પુત્રવધૂઓનો સમાવેશ કરવાની મંજૂરી નથી, ખાસ કરીને લગ્ન પછી સ્થળાંતર થયેલી મહિલાઓ માટે. ૨૦૦૨ની યાદીમાં તેના માતાપિતા અને દાદા-




દાદીની વિગતો શોધવાની જવાબદારી મહિલા પર મૂકવામાં આવી છે. આંતર-જાતિ અને આંતર-ધાર્મિક લગ્નોમાં મહિલાઓ માટે આ ચોક્કસપણે વધુ મુશ્કેલ બનશે. SIR મહિલાઓને સમાનતાની બંધારણીય ગેરંટીને સ્પષ્ટપણે નષ્ટ કરે છે અને તેનો સખત વિરોધ કરવો જોઈએ.

મૂવમેન્ટ ફોર જેન્ડર એન્ડ સેક્સ્યુઅલ પ્લ્યુરાલિઝમના નિશા ગુલુરે જણાવ્યું હતું કે SIR ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકારો અને જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના ડિઝાઈન કરવામાં આવ્યો છે. તેણીએ કહ્યું કે સમુદાય કર્ણાટકના દરેક જિલ્લામાં મતદાનના અધિકારનો બચાવ કરવા માટે વિરોધ કરશે. અમે અમારા પરિવારો છોડી દીધા છે, અને ઘણા ટ્રાન્સજેન્ડર લોકોએ તેમના દસ્તાવેજો પણ છોડી દીધા છે. અમારા સમુદાયને મતદાર યાદીમાંથી સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવશે.

"માય વોટ, માય રાઈટ"ના સભ્ય ખલીલુલ્લાહે ચેતવણી આપી હતી કે બૂથ, વિધાનસભા મતવિસ્તારોમાં ફેરફાર અને પંચાયતોથી નગરપાલિકાઓમાં સંક્રમણ પણ ઘણી મુશ્કેલીઓ ઊભી કરશે. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝના ઐશ્વર્યા આર.એ કર્ણાટકમાં મેપિંગ કવાયત અંગે પારદર્શિતાના સંપૂર્ણ અભાવ પર કહ્યું કે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs)એ ગઠબંધન સાથે શેર કર્યું છે કે તેઓ તેમના બૂથમાં મતદાર યાદીઓનું મેપિંગ પૂર્ણ કરવા માટે અવાસ્તવિક લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ભારે દબાણનો સામનો કરી રહ્યા છે.

ગઠબંધને માંગ કરી હતી કે રાજ્ય સરકાર આગામી બજેટ સત્ર દરમિયાન વિધાનસભા અને પરિષદ બંનેમાં SIR વિરુદ્ધ ઠરાવ પસાર કરે, અને આ કવાયતને લગતી ચિંતાઓને સમજવા માટે તાત્કાલિક નાગરિક સમાજ સંગઠનોની બેઠક બોલાવે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકારે એવી પ્રક્રિયા સામે સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ જેમાં મોટા પાયે મતાધિકારથી વંચિત રહેવાનું જોખમ છે.

કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીને આ ગઠબંધને ચાલુ મેપિંગ કવાયત દરમિયાન મતદારો જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરવા માટે નાગરિક સમાજ સંગઠનો અને રાજકીય પક્ષો સાથે તાત્કાલિક બેઠક બોલાવવાની હાકલ કરી. તેમણે આગ્રહ કર્યો કે જ્યાં સુધી આ ચિંતાઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી કર્ણાટકમાં SIR શરૂ થવા દેવું જોઈએ નહીં. તેમણે માંગણી કરી કે મેપ કરેલા અને મેપ ન કરાયેલા મતદારોની જિલ્લાવાર અને બૂથવાર વિગતો જાહેર કરવામાં આવે, સાથે જ મતદારો મેપ ન કરાયેલા કેમ નથી તેના કારણો પણ જાહેર કરવામાં આવે. તેમણે કહ્યું કે, મેપિંગ પ્રક્રિયા સંબંધિત તમામ આદેશો અને પરિપત્રો પારદર્શિતાના હિતમાં પ્રકાશિત કરવા જોઈએ. ગઠબંધને એવો પણ આગ્રહ કર્યો કે કર્ણાટકમાં મતદાર યાદીઓનું પુનરાવર્તન પારદર્શક અને લોકશાહી રીતે કરવામાં આવે, જેમાં SIRના તબક્કા I અને II દરમિયાન અન્ય રાજ્યોમાં નોંધાયેલા મુદ્દાઓને સંબોધવા માટે ફેરફારોનો સમાવેશ થાય છે. તેમણે ભારતના નિયંત્રક અને મહાલેખાકાર ૨૦૨૩ના ઓડિટિંગ ધોરણો અને મતદાર યાદીઓના મેન્યુઅલ ૨૦૨૩ અનુસાર મતદાર યાદીઓનું ફરજિયાત સામાજિક ઓડિટ કરવાની હાકલ કરી. તેમણે માંગણી કરી કે કર્ણાટકમાં SIRના રોલઆઉટને સુપ્રીમ કોર્ટ પ્રક્રિયાને પડકારતા પેન્ડિંગ કેસોમાં પોતાનો ચુકાદો ન આપે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવે.

તેમણે મુખ્ય ચૂંટણી અધિકારીને નાગરિક સમાજ જૂથો અને રાજકીય પક્ષોના બૂથ સ્તરના એજન્ટો માટે જાગૃતિ લાવવા અને મતદારોના નામ મનસ્વી રીતે કાઢી ન નાખવામાં આવે તેની ખાતરી કરવા માટે વર્કશોપ અને ઓરિએન્ટેશનનું આયોજન કરવા પણ કહ્યું છે.

# સુપ્રીમ કોર્ટે ‘બેજવાબદાર’ રીતે મફત લાભો આપવા અને ચૂંટણી પહેલાં યોજનાઓ જાહેર કરવાના સમય બદલ રાજ્યોને ફટકાર લગાવી

## કોર્ટે ખાસ કરીને તમિલનાડુ સરકારને એ સમજાવવા કહ્યું કે છેલ્લી ઘડીએ મફત વીજળી યોજનાની જાહેરાત કેમ કરવામાં આવી, જેના કારણે વીજળી વિતરણ કંપનીઓ (ડિસ્કોમ) ટેરિફ અને બજેટ ગણતરીઓને સમાયોજિત કરવામાં મુશ્કેલી પડી રહી છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૯

ભારતીય સુપ્રીમ કોર્ટે રાજ્યો દ્વારા જાહેર નાણાં પર દબાણ લાવતા "બેજવાબદાર" મફત લાભો જાહેર કરવા બદલ આકરી ટીકા કરી છે, વીજળી સબસિડી સંબંધિત મામલાની સુનાવણી કરતી વખતે આવા નિર્ણયોના સમય અને નાણાકીય તર્ક પર પ્રશ્ન ઉઠાવ્યો છે. કોર્ટે ખાસ કરીને તમિલનાડુ સરકારને એ સમજાવવા કહ્યું કે છેલ્લી ઘડીએ મફત વીજળી યોજનાની જાહેરાત કેમ કરવામાં આવી, જેના કારણે વીજળી વિતરણ કંપનીઓ (ડિસ્કોમ) ટેરિફ અને બજેટ ગણતરીઓને સમાયોજિત કરવામાં મુશ્કેલી અનુભવી રહી છે.

કોર્ટે કહ્યું કે, ઘણા રાજ્યો પહેલેથી જ મહેસૂલ ખાધનો સામનો કરી રહ્યા છે. બેન્ચે પ્રશ્ન કર્યો કે સરકારો પૂર્વ નાણાકીય આયોજન વિના મોટી સબસિડી પ્રતિબદ્ધતાઓ કેવી રીતે પોસાય શકે છે. તેણે ચેતવણી આપી હતી કે અનિયંત્રિત ઉદારતા દેશના આર્થિક વિકાસને અવરોધી શકે છે.

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે તે ઘણા રાજ્યોમાં એવા કિસ્સાઓથી વાકેફ છે જ્યાં તાજેતરની ચૂંટણીઓ પહેલા અચાનક કલ્યાણકારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. જો ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર યોજનાઓ જાહેર કરવામાં આવે, તો શું લોકો કામ કરશે? જો સરકારો મફત પૈસા, વીજળી અને અન્ય સુવિધાઓ પૂરી પાડતી રહેશે, તો આખરે ખર્ચ કોણ ઉઠાવશે?" કોર્ટે કહ્યું. કોર્ટે જણાવ્યું હતું કે મફત ભેટોનો બોજ આખરે કરદાતાઓ પર પડશે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ પંચોલીની બેન્ચે વીજળી સુધારા નિયમો, ૨૦૨૪ના નિયમ ૨૩ને પડકારતી તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ દ્વારા દાખલ કરાયેલી રિટ અરજીની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

કોર્ટે નોંધ્યું હતું કે જો સબસિડીની જાહેરાત અગાઉથી કરવામાં આવી હોત, તો ડિસ્કોમ તેને ટેરિફ પ્લાનિંગ અને નાણાકીય અંદાજોમાં સામેલ કરી શક્યા હોત. તેણે કહ્યું કે અચાનક નીતિગત નિર્ણયો મનસ્વીતા પેદા કરે છે અને નિયમનકારી પ્રક્રિયાઓને વિક્ષેપિત કરે છે. કોર્ટે એ પણ નિર્દેશ કર્યો કે વીજળી માટે અપીલ ટ્રિબ્યુનલ અને વીજળી વિતરણ કંપનીઓ જેવી સંસ્થાઓ ટેરિફ નક્કી કરવા માટે જવાબદાર છે, અને છેલ્લી ઘડીની સબસિડી તેમના માટે વીજળીની સચોટ કિંમત નક્કી કરવામાં અને નાણાકીય સ્થિરતા જાળવવામાં મુશ્કેલી ઊભી કરે છે.

દેશમાં ફ્રીબી સિસ્ટમ પર ટિપ્પણી કરતા, CJI સૂર્યકાન્તે જણાવ્યું હતું કે "આ રીતે ફ્રીબીનું વિતરણ દેશના આર્થિક વિકાસમાં અવરોધ ઊભો કરશે. રાજ્યની ફરજ છે કે જેઓને



શિક્ષણ કે મૂળભૂત જીવનનિર્વાહ પરવડી શકતા નથી તેમને સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. પરંતુ જેઓ તેનો આનંદ માણી રહ્યા છે તેઓ પહેલા ફ્રીબીનો ખર્ચ ઉઠાવી રહ્યા છે... શું આ બાબત પર સરકારે ધ્યાન આપવું જોઈએ નહીં? આપણે એક એવા રાજ્ય વિશે જાણીએ છીએ જ્યાં વીજળી મફત છે, પરંતુ જો તમે મોટા મકાનમાલિક હોવ તો પણ તમે લાઈટ ચાલુ કરો છો. જો તમને કોઈ સુવિધાની જરૂર હોય, તો તમારે તેના માટે ચૂકવણી કરવી પડશે. આ ટેક્સના પૈસા છે. અમે ફક્ત તમિલનાડુ વિશે વાત કરી રહ્યા નથી.

કોર્ટે અવલોકન કર્યું કે, "અમે પૂછવા માંગીએ છીએ કે ચૂંટણી પહેલા જ યોજનાઓ કેમ જાહેર કરવામાં આવી રહી છે. બધા રાજકીય પક્ષો, સમાજશાસ્ત્રીઓ અને વિચારધારાઓએ આ અંગે પુનર્વિચાર કરવાની જરૂર છે. આ ક્યાં સુધી ચાલુ રહેશે? રાજ્યો ખોટમાં ચાલી રહ્યા છે, છતાં તેઓ મફતમાં આપી રહ્યા છે. જો તમે વાર્ષિક ૨૫% આવક એકત્રિત કરો છો, તો તેનો ઉપયોગ રાજ્યના વિકાસ માટે કેમ ન થઈ શકે?

રાજ્ય વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ સુબ્રમણ્યમને સંબોધતા, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે પ્રશ્ન કર્યો કે શું સરકારો માટે આવી સબસિડીનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવો જાહેર હિતમાં છે? તેમણે કહ્યું કે આ મુદ્દો ફક્ત તમિલનાડુ પૂરતો મર્યાદિત નથી પરંતુ ફ્રીબી રાજકારણ દ્વારા સંચાલિત વ્યાપક, સમગ્ર ભારતમાં એક વલણને પ્રતિબિંબિત કરે છે. મુખ્ય ન્યાયાધીશે પૂછ્યું કે જો વીજળીના બિલ ચૂકવી શકે તેવા લોકો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો વચ્ચે ભેદ પાડ્યા વિના લાભો આપવામાં આવે તો કેવા પ્રકારની નીતિગત સંસ્કૃતિ આવી રહી છે. નબળા લોકોને ટેકો આપવાની કલ્યાણકારી રાજ્યની ફરજને સ્વીકારતા, તેમણે ચેતવણી આપી કે સ્પષ્ટ પાત્રતા માપદંડ વિના, આડેધડ લાભો આપવાથી લક્ષ્યાંકિત રાહતને બદલે તુષ્ટિકરણ-સંચાલિત અભિગમ ઊભો થઈ શકે છે.

# કેરળના મુખ્યમંત્રી વિજયને ‘ધ કેરળ સ્ટોરી ૨’ને ‘ધ ધર્મનિરપેક્ષતા માટે ખતરો’ ગણાવી

## કામાખ્યા નારાયણ સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ‘કેરળ સ્ટોરી ૨ : ગોઝ બિયોન્ડ’નું ટીઝર તાજેતરમાં રિલીઝ થયું હતું

(એજન્સી) તિરુવનંતપુરમ,તા.૧૯

કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયને બુધવારે ‘ધ કેરળ સ્ટોરી’ના બીજા ભાગની આગામી રિલીઝ પર ચિંતા વ્યક્ત કરી હતી, અને દાવો કર્યો હતો કે તેનો પહેલો ભાગ "રાજ્ય સામે નફરત ફેલાવવા અને તેની ધર્મનિરપેક્ષ પરંપરાને નબળી પાડવાના હેતુથી બનાવવામાં આવ્યો હતો." વિજયને તેમના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે "સમાજમાં વિભાજન અને નફરત ફેલાવવા માટે ઉત્પાદિત ઝેરી કાર્યો"ને કેવી રીતે પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવી, જ્યારે ‘બીફ’ જેવી ફિલ્મને ફિલ્મ ફેસ્ટિવલમાંથી રોકવામાં આવી. તેમણે વધુમાં કહ્યું કે સંઘ પરિવારના કેન્દ્રોએ ‘ધ કેરળ સ્ટોરી’ દ્વારા આપવામાં આવતી ખોટી વાર્તાનો કબજો મેળવી લીધો છે અને ફેલાવી દીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું, "તેઓ પરસ્પર સંમતિથી કરવામાં આવતા લગ્નોને પણ સાંપ્રદાયિકતા અને બળજબરીથી ધર્મ પરિવર્તનના ઉદાહરણ તરીકે દર્શાવીને ખોટો પ્રચાર ફેલાવી રહ્યા છે." તેમણે દલીલ કરી હતી કે આવી શક્તિઓ કેરળને - કોઈ સાંપ્રદાયિક રમખાણો અને સમુદાયો વચ્ચે પરસ્પર આદરની પરંપરા વિના - દુશ્મનાવટથી જુએ છે, અને તેમને "રાજ્યના દુશ્મનો" ગણાવ્યા હતા જેઓ પ્રદેશની શાંતિ અને સુલેહ-શાંતિનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. "આપણે સામૂહિક રીતે કેરળ, જે ટકાઉ વિકાસમાં મોખરે છે અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં એક મોડેલ છે, તેને




આતંકવાદના કેન્દ્ર તરીકે દર્શાવવાના પ્રયાસોને નકારી કાઢવા જોઈએ," વિજયને કહ્યું કે, "આપણા દરેકની જવાબદારી છે કે ખોટા પ્રચાર દ્વારા કેરળના ધર્મનિરપેક્ષ પાયાને નબળો ન પાડવામાં આવે અને ધર્મનિરપેક્ષતા અને ભાઈચારાના મૂલ્યોને જાળવી રાખીને તેને નકારી કાઢવાની." કામાખ્યા નારાયણ સિંહ દ્વારા દિગ્દર્શિત, ‘કેરળ સ્ટોરી ૨: ગોઝ બિયોન્ડ’નું ટીઝર તાજેતરમાં રિલીઝ થયું. પહેલી ફિલ્મ, ‘ધ કેરળ સ્ટોરી’, એ ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ દિગ્દર્શન અને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી માટે પુરસ્કારો જીત્યા.

# કેરળના મુખ્યમંત્રીએ ફિલ્મને ‘કોમી એજન્ડા’ ગણાવી : ‘કેરળ સ્ટોરી-૨ ’ના દિગ્દર્શકે વળતો પ્રહાર કરતા કહ્યું : ‘તેઓ આંખો બંધ કરીને સત્ય સ્વીકારી રહ્યા નથી’

## કેરળના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ‘કેરળ ફરી એકવાર આપણા ધર્મનિરપેક્ષ માળખાને તિરસ્કારથી ખલનાયક બનાવવાના આ પ્રયાસને નકારી કાઢશે’

૨૦૨૩ની વિવાદાસ્પદ ફિલ્મ ‘ધ કેરળ સ્ટોરી’ની આગામી સિક્વલ ‘ધ કેરળ સ્ટોરી-૨: ગોઝ બિયોન્ડ’ની રિલીઝ પહેલા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને આ ફિલ્મ પર કટાક્ષ કર્યો હતો અને દાવો કર્યો હતો કે, તેનો હેતુ રાજ્ય વિશે નફરત ફેલાવવાનો છે. ત્યારે હવે ડિરેક્ટર કામાખ્યા નારાયણ સિંહે NDTV સાથેની એક વિશિષ્ટ વાતચીતમાં મુખ્યમંત્રીના દાવાઓ પર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, તેઓ ‘સત્ય સ્વીકારી રહ્યા નથી.’

**આ વિવાના મુખ્ય મુદ્દાઓ**

● ધ કેરળ સ્ટોરી-૨ના દિગ્દર્શકે NDTVના દિવ્યા વાધવાને કહ્યું, ‘આપણે દરરોજ સમાચારોમાં આ જોઈએ છીએ; આવા કિસ્સાઓમાં FIR નોંધાતી જોઈએ છીએ. હું તેમને સત્ય જોવા વિનંતી કરૂં છું. ધ કેરળ સ્ટોરીના રિલીઝ દરમિયાન અમે પીડિતોને કેમેરા સામે લાવ્યા. તેમણે આંખો બંધ કરીને સત્ય ન સ્વીકારવાનું નક્કી કર્યું છે. આ સમસ્યા દુષ્ટ છે - આપણે સાથે મળીને તેની સામે લડવાની જરૂર છે.’

● તેમણે કહ્યું, ‘એક ફિલ્મ નિર્માતા તરીકે, સમાજમાં સત્ય બહાર લાવવાની અને લોકો સાથે શું થઈ રહ્યું છે તે અંગે સંવેદનશીલ બનાવવાની આપણી જવાબદારી છે. આ દેશમાં પ્રેમના નામે એક જાળ ચલાવવામાં આવી રહી છે. તેઓ છોકરીઓને ફસાવે છે અને તેમને તેમના ધર્મમાં રૂપાંતરિત કરવા દબાણ કરે છે, જે ખોટું છે. તેઓ આ દેશની વસ્તી વિષયક સ્થિતિ બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેને સમાજ સ્વીકારશે નહીં અને ફિલ્મ તેના વિશે જ છે.’

● જો આપણે આંખો બંધ કરીશું, તો દેશની શાંતિ અને સુમેળનો નાશ થશે. આપણે સત્યનો સામનો કરવાની જરૂર છે અને સત્ય એ છે કે, દેશમાં રાષ્ટ્રીય સાર્વભૌમત્વને તોડી પાડવાનું આ કાવતરૂં ચાલી રહ્યું છે. આપણે તેનો સામનો કરવાની જરૂર છે. કેરળ સ્ટોરી- ૨ એ બધું જ કહે છે; તે આ દેશને અને તેની સંસ્કૃતિને જાળવી રાખવા વિશે છે. કેરળ સ્ટોરી-૨નું દરેક દૃશ્ય વાસ્તવિક છે. તે ઓછામાં ઓછી ૧૫-૨૦ ઘટનાઓથી પ્રેરિત છે જે આપણે જોઈ છે. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન આજે કહ્યું હતું કે, ધ કેરળ સ્ટોરી-૨ ફિલ્મ રાજ્યના ‘ધર્મનિરપેક્ષ માળખા’ને બદનામ કરવાનો હેતુ ધરાવે છે તેમણે તે અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને ફિલ્મની ‘ખૂબ ગંભીરતાથી’ તપાસ કરવાની વિનંતી કરી હતી. નફરત ફેલાવતી ફિલ્મ ‘ધ કેરળ સ્ટોરી’ની સિક્વલ રિલીઝ થવાના અહેવાલોને ખૂબ જ ગંભીરતાથી જોવા જોઈએ. પહેલા ભાગના સાંપ્રદાયિક એજન્ડા અને સ્પષ્ટ જૂઠ્ઠાણા પહેલાથી જ જોઈ લીધા પછી કેરળ ફરી એકવાર આપણા ધર્મનિરપેક્ષ માળખાને તિરસ્કારથી દાનવી બનાવવાના આ પ્રયાસને નકારી કાઢશે. આ આઘાતજનક છે કે, સાંપ્રદાયિક વિખવાદને ઉશ્કેરવાના હેતુથી બનાવટી કથાઓને કેવી રીતે મંજૂરી મળે છે અને કલાના ટીકાત્મક અભિવ્યક્તિઓને દબાવી દેવામાં આવે છે. આપણી સંવાદિતાની ભૂમિને આતંકના કેન્દ્ર તરીકે દર્શાવવાના આ પ્રયાસો સામે આપણે એક થવું જોઈએ. સત્યનો હંમેશા વિજય થશે. ૨૦૨૩માં સુદીપ્તો સેન દ્વારા દિગ્દર્શિત, ધ કેરળ સ્ટોરી તેની રજૂઆત નજીક આવતા જ એક તોફાનમાં આવી ગઈ. શરૂઆતમાં ‘૩૨,૦૦૦ મહિલાઓની સાચી વાર્તા’ પર આધારિત હિન્દી ભાષાની આ ફિલ્મ, જેમને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું હતું, તેને ગયા વર્ષે બે રાષ્ટ્રીય પુરસ્કારો પણ મળ્યા. વિપુલ શાહ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું હતું કે, કેવી રીતે કેરળની મહિલાઓને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું હતું અને આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ (IS)માં ભરતી કરવામાં આવી હતી. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલા ૭૧મા રાષ્ટ્રીય પુરસ્કારોના વિજેતાઓની જાહેરાત ફીચર ફિલ્મ જ્યુરીના અધ્યક્ષ આશુતોષ ગોવારિકર દ્વારા કરવામાં આવી હતી. આ વિજેતાઓમાં ધ કેરળ સ્ટોરીનો સમાવેશ થાય છે, જેને બે શ્રેણીઓમાં સન્માનિત કરવામાં આવ્યા છેઃ સુદીપ્તો સેનને શ્રેષ્ઠ દિગ્દર્શક અને પ્રશાંતનુ મહાપાત્રને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી એવોર્ડ આપવામાં આવ્યો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રજૂ કરાયેલ ધ કેરળ સ્ટોરી-૨ના ટ્રેલરમાં ત્રણ સમાંતર વાર્તાઓ રજૂ કરવામાં આવી છે જે હિન્દુ છોકરીઓ પર કેન્દ્રિત છે જેમને મુસ્લિમ પુશ્રૃષો સાથે સંબંધ બાંધ્યા પછી બળજબરી અને ધર્મ પરિવર્તનનો સામનો કરવો પડે છે. તે એક કડક ચેતવણી સાથે શરૂ થાય છે કે, આગામી ૨૫ વર્ષોમાં ભારત શરિયા કાયદા દ્વારા સંચાલિત ઈસ્લામિક રાજ્યમાં પરિવર્તિત થઈ શકે છે. આ વાર્તા પછી રાજસ્થાન તરફ વળે છે, જ્યાં એક હિન્દુ પરિવાર પોક્સો ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે છે, જેમાં દાવો કરવામાં આવે છે કે, તેમની ૧૬ વર્ષની પુત્રીને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું છે. બીજો કિસ્સો મધ્યપ્રદેશમાં છે, જ્યાં એક યુવાન હિન્દુ મહિલાને ખોટા બહાના હેઠળ લગ્ન માટે છેતરવામાં આવે છે અને બાદમાં ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવે છે. ત્રીજી વાર્તા દર્શકોને કેરળ લઈ જાય છે, જ્યાં એક મુસ્લિમ પુરૂષ તેની હિન્દુ ગર્લફ્રેન્ડને લિવ-ઈન સંબંધનું સૂચન કરે છે. જ્યારે તે ધર્મ પરિવર્તન કરવાનો ઈન્કાર કરે છે, ત્યારે તણાવ વધે છે. આ ફિલ્મમાં ઉલ્કા ગુપ્તા, અદિતિ ભાટિયા અને ઐશ્વર્યા ઓઝા એ ત્રણ યુવતીઓની ભૂમિકા ભજવે છે જેમનું જીવન પ્રેમમાં પડ્યા પછી નવો વળાંક લે છે. નિર્માતાઓના મતે આ સિક્વલનો હેતુ કથાને વધુ વિસ્તૃત કરવાનો છે, જેને તેઓ ધાર્મિક પરિવર્તનના સંગઠિત એજન્ડા તરીકે જે વર્ણવે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ધ કેરળ સ્ટોરી-૨ઃ ગોઝ બિયોન્ડનું નિર્માણ વિપુલ અમૃતલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું છે અને સનશાઈન પિક્ચર્સ બેનર હેઠળ આશીન એ શાહ દ્વારા સહ-નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

## કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યું કે, ‘ધ કેરળ સ્ટોરી-૨ ’માં ઈશ્વરના દેશ (કેરળ રાજ્ય)ને આતંકવાદના કેન્દ્ર તરીકે દર્શાવવામાં આવ્યો છે

**કામાખ્યા નારાયણ સિંહ દ્વારા દિગ્દર્શિત અને વિપુલ અમૃતલાલ શાહ દ્વારા નિર્મિત, આ ફિલ્મ ‘ધ કેરળ સ્ટોરી-૨ઃ ગોઝ બિયોન્ડ’માં ૩ મહિલાઓને મુસ્લિમ પુરૂષો દ્વારા લગ્ન માટે લાલચ આપવામાં આવે છે અને પછી ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવે છે તેવું દર્શાવવામાં આવ્યું છે**

# ફિલ્મ ‘કેરળ સ્ટોરી-૨ ’ એ કેરળનું અપમાન કરવા માટે ‘ખોટી વાર્તાઓ રજૂ કરે છે’ : કે.સી. વેણુગોપાલ

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૯

કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે ગુરૂવારે દાવો કર્યો હતો કે, આગામી ફિલ્મ ‘કેરળ સ્ટોરી-૨ઃ ગોઝ બિયોન્ડ’ રાજ્યમાં લોકોને ગૌમાંસ ખાવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે તે અંગે ‘ખોટી વાર્તાઓ’ બનાવીને કેરળનું ‘અપમાન અને સાંપ્રદાયિક રીતે વિભાજન’ કરવાનો છે. ફિલ્મના ટ્રેલરનો ઉલ્લેખ કરતા અલાપ્પુઝાના સાંસદ વેણુગોપાલે આરોપ લગાવ્યો કે, આ રાજ્ય વિશે વૈશ્વિક સ્તરે ગેરસમજ ઊભી કરવા માટે ‘આયોજિત પગલું’ છે. ફેસબૂક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવે કહ્યું કે, ભાજપ સરકાર, જેણે ફિલ્મના પહેલા ભાગ - ‘જે ફક્ત જૂઠ્ઠાણા પર આધારિત હતું’ને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યું હતું, તે આવા નફરતના અભિયાનોને વેગ આપી રહી છે. સમગ્ર રાજ્યની મજાક ઉડાવતા નકલી કાર્યોને સત્તાવાર રીતે માન્યતા આપવા અને પ્રોત્સાહન આપવાનું કેન્દ્ર સરકારનું પગલું લોકશાહી માટે ખતરો છે. સંઘ પરિવાર દ્વારા પ્રાયોજિત આવા જૂઠ્ઠાણા કેરળના ધર્મનિરપેક્ષ માળખાને તોડી શકતા નથી. આ ફિલ્મના ‘પાયાવિહોણા દૃશ્યો’ લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા અને સમાજમાં નફરત ફેલાવવા માટે ગૌમાંસ ખાવા માટે દબાણ કરવામાં આવતા દર્શાવવામાં આવ્યા છે. આ રીતે એક રાજ્યનું ચિત્રણ કરવું અત્યંત વાંધાજનક છે, જે તેની ધર્મનિરપેક્ષતા માટે જાણીતું છે અને ખોરાક કે કપડાંના આધારે લોકો વચ્ચે ભેદભાવ કરવામાં આવતો નથી. વેણુગોપાલે કહ્યું કે, કેરળના લોકોએ આવા ‘ઝેરી અભિયાનો’ને તિરસ્કાર સાથે ફગાવી દેવા જોઈએ. મુખ્યમંત્રી પિનરાઈ વિજયને બુધવારે




‘ધ કેરળ સ્ટોરી’ના બીજા ભાગની આગામી રિલીઝ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને દાવો કર્યો હતો કે, તેનો પહેલો ભાગ ‘રાજ્ય સામે નફરત ફેલાવવા અને તેની ધર્મનિરપેક્ષ પરંપરાને નબળી પાડવાના’ હેતુથી બનાવવામાં આવ્યો હતો. તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, સંઘ પરિવારના કેન્દ્રોએ ‘ધ કેરળ સ્ટોરી’ દ્વારા આપવામાં આવેલી ખોટી વાર્તાનો કબજો મેળવી લીધો છે અને ફેલાવી દીધો છે.

પહેલી ફિલ્મ ‘ધ કેરળ સ્ટોરી’ એ ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં શ્રેષ્ઠ દિગ્દર્શન અને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી માટે પુરસ્કારો જીત્યા હતા. કામાખ્યા નારાયણ સિંહ દ્વારા દિગ્દર્શિત ‘કેરળ સ્ટોરી- ૨ઃ ગોઝ બિયોન્ડ’નું ટીઝર તાજેતરમાં રિલીઝ થયું હતું.

# યુવતીઓને ફસાવવા માટે પ્રેમજાળનો ઉપયોગ થાય છે, ફિલ્મ ‘ધ કેરળ સ્ટોરી-૨ ’ સત્ય દર્શાવે છે : ફિલ્મના વિવાદ વચ્ચે દિગ્દર્શકની સ્પષ્ટતા

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને ફિલ્મને ‘ખોટા પ્રચાર’ અને ‘ઝેરી કાર્ય’ ગણાવ્યા બાદ દિગ્દર્શક કામાખ્યા નારાયણ સિંહે તાજેતરમાં ધ કેરળ સ્ટોરી-૨ની આસપાસના વિરોધ પર પ્રતિક્રિયા આપી હતી. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા ફિલ્મ નિર્માતાએ કહ્યું કે, આ ફિલ્મ સત્ય રજૂ કરે છે અને ‘યુવાન દીકરીઓ અને બહેનો’ને ‘રાષ્ટ્રની વસ્તી વિષયક સ્થિતિ બદલવા’ના હેતુથી બનાવવામાં આવેલી જાળ સામે ચેતવણી આપવાનો પ્રયાસ કરે છે. આ એક હકીકત પર આધારિત ફિલ્મ છે. દેશભરમાં આવી ઘટનાઓ બની રહી છે જ્યાં છોકરીઓને ફસાવવા માટે, દેશની વસ્તી વિષયક સ્થિતિ બદલવા માટે પ્રેમનો ઉપયોગ કરવામાં આવે છે. દેશને હકીકતો, દેશની પરિસ્થિતિ વિશે અને છોકરીઓને કેવી રીતે ફસાવવામાં આવી રહી છે તે જાણવું મહત્ત્વપૂર્ણ છે અને તેથી જ અમે આ ફિલ્મ બનાવી છે.

# વડોદરા કોર્પોરેશનના અંદાજપત્ર અંગે શ્વેત પત્ર જાહેર કરવા વિપક્ષના પૂર્વ નેતા અમી રાવતે માંગ કરી

## કોંગ્રેસના ૪૦૦થી વધુ વિકાસના ઠરાવો ચર્ચા વિના ફગાવી દેવામાં આવ્યા હોવાનો અમી રાવતનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા કોર્પોરેશનનું આગામી વર્ષ ૨૦૨૬-૨૭નું ડ્રાફ્ટ તથા ૨૦૨૫-૨૬નું રિવાઈઝ્ડ બજેટ સમગ્ર સભામાં અધૂરી ચર્ચાએ કોંગ્રેસના તમામ સભ્યોને રજૂઆત વિના સસ્પેન્ડ કરીને ભાજપ દ્વારા બહુમતીના જોરે પસાર કરી દેવા અંગે પાલિકા પૂર્વ વિરોધ પક્ષના નેતા અમી રાવતે બજેટ પર આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી નવી બોટલમાં જૂનો દારૂ ભર્યો હોવાનું જણાવી શ્વેત પત્ર જાહેર કરવાની માંગ પણ કરી હતી.



ઉલ્લેખનીય છે કે, પાલિકાની સમગ્ર સભામાં ભાજપના શાસનમાં ગઈકાલે છઠ્ઠું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. પાલિકાની સમગ્ર સભામાં કોંગ્રેસના સભ્યોને સસ્પેન્ડ કરીને પહેલીવાર વાર્ષિક બજેટ વિપક્ષ કોંગ્રેસ પક્ષને સૂચનો, દલીલો, વિચારો આપવા અથવા બજેટની ટીકા કરવાની તક આપ્યા વિના પસાર કરવામાં આવ્યું. પાલિકા મેયર સામે આક્ષેપ કરીને મહિલા વિપક્ષી નેતા અમી રાવતે એક સુઆયોજિત નાટક પર મેયરે તેમના ડેસ્ક પર એક ચિઠ્ઠીમાં લખેલા સાર્જન્ટ્સની યાદી સાથે, તમામ વિપક્ષી કાઉન્સિલરોને સસ્પેન્ડ કર્યા, કોંગ્રેસના ૪૦૦થી વધુ વિકાસના ઠરાવો ચર્ચા વિના ફગાવી દેવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

અમી રાવતે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી નજીક આવતાં વિપક્ષને બોલવા દીધા વિના બજેટ મંજૂર કરવાનું પગલું ભર્યું છે. બજેટમાં રજૂ કરાયેલા ૧૫૦૦૦ કરોડના કાર્યો રજૂ કરાયા હતા.સને ૨૦૦૯થી જે જૂની વાતો કરીએ છીએ એ જ વાતો અત્યારે રિપીટ કરાયાનો તેમણે આક્ષેપ કરીને જણાવ્યું હતું કે, સને ૨૦૦૯માં ૧૫ પોઈન્ટ્સને પ્રાયોરિટી આપેલી આમાંથી બધા જ પોઈન્ટ આ વર્ષે બજેટમાં રિપીટ કરી ૨૦૨૨માં તમામ કાર્યો થઈ જવા જોઈતા હતા. બજેટ વાયદાથી ભરેલું હોવાનું જણાવી તેમણે વધુમાં કહ્યું હતું કે વડોદરાના વાયદાથી વિકાસ થયા, કહેવાતું અવિકસિત વડોદરાના સેટ કરીને કહ્યું હતું કે, જાહેરાતો મોટી મોટી પણ જમીન પર કામ શૂન્ય.! નો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

અમદાવાદ અને સુરત કરતાં વડોદરા શહેરનો વ્યક્તિદીઠ ખર્ચ ઓલમોસ્ટ ડબલ છે એટલે કે વ્યક્તિદીઠ વાર્ષિક ખર્ચાની સામે વડોદરામાં વ્યક્તિદીઠ ૩૪ હજાર રૂપિયાથી વધુ કોર્પોરેશન વાપરે છે તેમ છતાં વિકાસમાં વડોદરા પાછળ

## ૨૦૦૯થી જે જૂની વાતો કરીએ છે એ જ વાતો રિપીટ કરાયાનો આક્ષેપ

હોવાનું પણ તેમણે કહ્યું હતું. વડોદરાની ૨૦૨૪-૨૫ની બેલેન્સશીટ પ્રમાણે ઘટાડો થઈ ૯૦.૧૬ કરોડની ખાધ રેવેન્યુ બજેટમાં હતી.

આ વર્ષે પણ રેવન્યુ એક્સપેન્સ રૂપિયા ૧૯૭૯.૯૧ કરોડ બતાવવામાં આવ્યો છે તેની સામે ઇન્કમ ફક્ત રૂપિયા ૧૭૬૩.૪૮ કરોડ બતાવી છે. એટલે કે આ વર્ષનું બજેટ પણ ખાધ વાળું જ જૂની જેમ બચતી છે એ વપરાશે રહી હોવાનું અમી રાવતે જણાવી કહ્યું હતું કે વડોદરા શહેરના ફાઈનાન્સ સ્ટેટસનું વ્હાઈટ પેપર બહાર પાડવામાં આવે અને બેલેન્સશીટ અને બજેટમાં આંકડાઓ તફાવતની સત્યતા બહાર આવશે.

બજેટ એટલે રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં વપરાશે તેની સમીક્ષા જોઈએ તો ફક્ત ૪.૩૮ ટકા કુલ આવક બચે છે એટલે કે વિકાસના કામો માટે આ તો એટલા પણ નથી કે આપણે મેચિંગ ગ્રાન્ટ અંગે પણ તેમણે ખુલાસો કર્યો હતો.ટૂંકમાં આપણે ખાલી મહેકમ ચાલે એટલી જ આવક કોર્પોરેશનની છે અને સામે આપણે રૂપિયા ૨૫૦૦ કરોડના કામો સામે હકીકતમાં ફક્ત રૂપિયા ૧૩૦૦થી ૧૪૦૦ કરોડના કામો થશે. એની સામે વિકાસના રૂપિયા ૪૦૦૦ કરોડના કામનું આ વર્ષનું આયોજન છે બધાની સામે ફક્ત રૂપિયા ૧૩૦૦ કરોડના કામ થશે તેમ જણાવી હાઉસિંગના ૧૦૦૦૦ નવા મકાનની સામે જૂના જે મકાનો ૮૦૦૦ પીપીપીપીના મકાન પેન્ડિંગ સામે ૭૦૦૦ મકાન બનેલા છે રિપેર માટે કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી એવો આક્ષેપ કરી વાસ્તવિક બજેટ બનાવવા તેમણે સૂચન કર્યું હતું. હાઉસિંગ, ફ્લડ મીટીગેશન માટે દબાણ દૂર કરવા વિશ્વામિત્રી નદીના તમામ કામોને પ્રાયોરિટી આપવા સહિત પ્રજાકીય કાર્યો, વિકાસના કામ સહિત અનેક પ્રશ્નો અંગે અંતમાં સૂચન કર્યું હતું.

# સુરતના સરથાણામાં યુટીલીટી સેન્ટરની કામગીરી શરૂ થયા બાદ કોર્ટ મેટરને પગલે રૂા. ૨૪ લાખ પાણીમાં ગયા

## જમીન માલિકે હાઈકોર્ટમાં કેસ કરતાં તંત્ર દ્વારા હવે યુટીલીટી સેન્ટરનાં સ્થળ ફેર માટે કવાયત હાથ ધરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

સુરત મહાનગરપાલિકાનાં અંધેર વહીવટનો વધુ એક નમુનો ચર્ચાની એરણે ચઢ્યો છે. લાખના બાર હજાર કરવામાં મહારત હાંસલ કરનાર અધિકારીઓની દુરંદેશીના અભાવે શહેરીજનોનાં પરસેવાના ૨૪ લાખ રૂપિયાનું આંધણ થઈ ચુક્યું છે. સરથાણા ખાતે ૨૦૨૩માં ચાર કરોડ રૂપિયાનાં ખર્ચે યુટીલીટી સેન્ટર બનાવવા માટે કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો અને ઈજારદારે સ્થળ પર કામગીરી પણ શરૂ કરી દીધી હતી. અલબત્ત, આ દરમિયાન જમીન માલિક દ્વારા હાઈકોર્ટનાં દરવાજા ખખડાવતાં હાલનાં તબક્કે આ કામગીરી ટલ્લે ચઢી જવા પામી છે. જેને પગલે નાછૂટકે હવે યુટીલીટી સેન્ટર માટે સ્થળ તબ્દીલ કરવાની દરખાસ્ત વહીવટી તંત્ર દ્વારા શાસકો સમક્ષ રજુ કરવામાં આવી છે અને જે સંદર્ભે સ્થાયી સમિતિ દ્વારા આગામી દિવસોમાં નિર્ણય લેવામાં આવશે.

સને ૨૦૨૨માં સરથાણા ઝોનમાં ટીપી ૨૪માં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૯૭માં સેનિટેશન વોર્ડ ઓફિસ, વીબીડીસી યુનિટ અને વાંચનાલય બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૦૨૩માં જાન્યુઆરી મહિનામાં પાલિકાનાં વહીવટી તંત્ર દ્વારા ઈજારદાર સિધ્ધિવિનાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વર્ક ઓર્ડર પર આપી દેવામાં આવ્યો હતો. અલબત્ત, વર્ક ઓર્ડર મળતાં જ ઈજારદાર દ્વારા સ્થળ પર આઠ ટકા જેટલી કામગીરી કરી દેવામાં આવી હતી. બીજી તરફ સ્થળ પર પાલિકાની કામગીરીનાં ધમધમાટ બાદ મુળ માલિક જયંતિ સભાયા દ્વારા હાઈકોર્ટમાં મહાનગર પાલિકા વિરૂદ્ધ અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટ દ્વારા અરજદારની વિગતો તથા મનપાનાં અભિપ્રાયને ધ્યાને લેતાં જયંતિ સભાયાની અરજી ગ્રાહ્ય રાખી ન હતી. જો કે, કોર્ટ મેટરને પગલે ઈજારદાર દ્વારા ૨૦૨૩માં માર્ચમહિનાથી જ કામગીરી બંધ કરી દીધી હતી. આ દરમિયાન ૨૦૨૫માં વધુ એક વખત જયંતિ સભાયા દ્વારા હાઈકોર્ટમાં મનપા વિરૂદ્ધ દાવા પ્રકરણ ઉપસ્થિત કરવામાં આવેલ હતો. જેનો આજ દિન સુધી નિકાલ ન થતાં વિવાદાસ્પદ જમીન પર યુટીલીટી સેન્ટર બનાવવાની કામગીરી અધ્ધરતાલ થઈ જવા પામી હતી. સરથાણાનાં ટીપી ૨૪ની એફપી ૧૯૭માં જમીન માલિક દ્વારા વિવાદ ઉભો કરતાં હવે પાલિકાનાં વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાની સુખાકારીને ધ્યાને રાખીને એફપી ૧૮૭ ખાતેનવેસરથી સેનિટેશન વોર્ડ ઓફિસ અને વીબીડીસી યુનિટ સહિત વાંચનાલય બનાવવાની કવાયત હાથ ધરી છે. વિવાદિત પ્લોટથી ૩૦૦ મીટરનાં અંતરે આવેલ એફપી ૧૮૭નો કુલ એરિયા ૧૮૦૭ ચો.મી. હોવાને કારણે આ સ્થળ માપને ધ્યાને રાખીને જરૂરિયાત મુજબ પ્લાન રીવાઈઝ્ડ કરી સ્થાન ફેર કરવા સાથે ઈજારદાર સિધ્ધિવિનાયક ઈન્ફ્રાસ્ટ્રકચરને કામગીરી સોંપવા અંગેની દરખાસ્ત શાસકો સમક્ષ રજુ કરવામાં આવી છે.

૨૬ ફેબ્રુઆરીથી પરીક્ષાનો પ્રારંભ

# નર્મદામાં બોર્ડની પરીક્ષાનો એક્શન પ્લાન તૈયાર; ૧૪,૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. પરીક્ષા પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી નિવાસી અધિક કલેક્ટર સી.કે. ઉંધાડના અધ્યક્ષસ્થાને ઓબ્ઝર્વરોની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં પરીક્ષા કેન્દ્રો પર પાયાની સુવિધાઓથી લઈને સુરક્ષા વ્યવસ્થા સુધીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન અધિક કલેક્ટરે જણાવ્યું હતું કે, તમામ ઓબ્ઝર્વરોએ તેમને ફાળવેલા કેન્દ્રોની પૂર્વ મુલાકાત લઈ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, સીસીટીવી કેમેરાનું વર્કિંગ અને પીવાના પાણી જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવી. પરીક્ષા દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે પોલીસ વિભાગ અને વિદ્યાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી શકે તે માટે એસ.ટી. વિભાગને સંકલન સાધવા સૂચના અપાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો. કિરણબેન પટેલે બેઠકમાં જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં આ વર્ષે કુલ ૧૪,૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. ધોરણ-૧૦ (SSC) : કુલ ૧૬ કેન્દ્રો પર ૨૭ બિલ્ડિંગોમાં ૩૦૩ બ્લોકમાં ૮,૭૧૯ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) : ૬ કેન્દ્રો પર ૧૫ બિલ્ડિંગોમાં ૧૬૬ બ્લોકમાં ૪,૮૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# અમરેલી નગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું અધધ... રૂા.૧,૧૩,૪૪,૪૪,૦૦૦નું બજેટ મંજૂર

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૯

અમરેલી નગરપાલિકા કારોબારી સમિતિની બેઠકમાં અમરેલી નગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. બેઠકમાં કુલ રૂા.૧,૧૩,૪૪,૪૪,૦૦૦નું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટ રૂા.૯,૩૧,૦૦૦ની પુરાંતવાળુ બજેટ છે.

અમરેલી શહેરની સુખ સુવિધાઓમાં વધારો થાય તેમજ નાગરિકોની સુખાકારી વધે તે લક્ષ્યાંક સાથે શહેરી સુવિધાઓમાં વધારો થશે, રોડ રસ્તાના આધુનિકીકરણ પર ફોકસ થશે, મોડેલ ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની યોજનાકીય ગ્રાન્ટમાંથી અંદાજે રૂા.૫ કરોડના ખર્ચે શહેરના અલગ અલગ સ્થળોએ એલ.ઈ.ડી લાઈટીંગ પોલ, એન્ટ્રી લાઈટીંગ ગેટ, બોક્ષ કલ્વર્ટ, પાણીના બોર, અવેડા, આંગણવાડીઓને કંપાઉન્ડ વોલ, ઓક્સિજન પાર્ક, વૃક્ષારોપણ, સી.સી રોડ રસ્તા, તેમજ સ્પોર્ટ્સ સુવિધાઓ વધશે.

ઉપરાંત સરકારની ઓ.જી. ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂા.૫ કરોડના ખર્ચે આઉટગ્રોથ વિસ્તારમાં રોડ રસ્તાના વિકાસકાર્યો, તેમજ ગૌરવપથ હેઠળની ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૫ કરોડના ખર્ચે શહેરના મુખ્ય ત્રણ રસ્તાઓ સિવિલ હોસ્પિટલ રોડ, સેન્ટર પોઈન્ટથી મણીનગર રોડ, ભીડભંજન મહાદેવ મંદિર થી ચક્કરગઢ રોડ બાયપાસને આઈકોનિક રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરાંતસ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી કરવામાં આવશે.

શહેરના લાઠી રોડ પર નવો ટાઉનહોલ બનાવવામાં આવશે. શહેર સુંદર યોજના હેઠળ રૂા.૧૨૫ લાખના ખર્ચે રસ્તાઓના બ્યૂટીફિકેશનની કામગીરી પણ કરવામાં આવશે.

આ બજેટમાં શહેરના લોકોની પ્રાથમિક સુવિધાઓ, આરોગ્ય અને સુખાકારીને કેન્દ્રમાં રાખીને સર્વાંગી વિકાસનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી નગરપાલિકા કારોબારી સમિતિની બેઠકમાં કારોબારી સમિતિ ચેરમેન મનિષભાઈ ધરજીયા સહિત સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ નગરપાલિકા ચીફ ઓફીસરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભાજપની મહિલા કોર્પોરેટરની કેનેડામાં ભણતી દીકરી પર તબક્કાવાર ત્રણ વખત સ્પ્રે છાંટી હુમલો

## જે નંબરથી ધમકી આપવામાં આવી તે નંબર નો ઉપયોગ બિલ્ડર કરતો હોવાના આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

સુરત શહેરમાં ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. ભાજપની મહિલા કોર્પોરેટરની કેનેડામાં ભણતી દીકરી પર તબક્કાવાર ત્રણ વખત સ્પ્રે છાંટી હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ બનાવ બાદ પરિવાર પર ધમકીઓનો સિલસિલો શરૂ થયો હોવાનું સામે આવ્યું છે.મહિલા કોર્પોરેટરના પતિને વોટ્સએપ પર ગર્ભિત ધમકી ભર્યો મેસેજ મોકલાયો હતો. મેસેજમાં લખાયું હતું, તમારી દીકરી વિદેશમાં ભણવા ગઈ છે, ખૂબ ખૂબ અભિનંદન શહેરમાં કોઈ સાથે ખોટું નહીં કરતા તો ઈશ્વરની શક્તિ તમારી છોકરી સાથે ખોટું નહીં થવા દે હવે ધ્યાન રાખજો, કોઈની સાથે ભ્રષ્ટાચાર કરતા પહેલા મહેરબાની કરશો.આ મેસેજ બાદ પરિવાર ચિંતિત બન્યો અને દીકરી પર થયેલા હુમલાને પગલે તે પરત ભારત આવી હોવાનું જાણવા મળ્યું છે. મામલો ગંભીર બનતા સુરત સાયબર ક્રાઈમ સેલે તાત્કાલિક તપાસ શરૂ કરી છે.જો કે તપાસ દરમિયાન જે નંબર પરથી ધમકી આપવામાં આવી હતી તે ડમી નંબર હોવાનું સામે આવ્યું છે. આ નંબરનો ઉપયોગ વરિયાળી બજાર સ્થિત હોડી બંગલાના બિલ્ડર રિફાઈ મુહમંદ અશફાક નઈમદ્દીન દ્વારા થતો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. પોલીસે બિલ્ડરને નોટિસ ફટકારી છે અને સમગ્ર મામલે પૂછપરછ હાથ ધરી છે.શહેરના રાજકીય વર્તુળોમાં આ બનાવે ભારે આક્રોશ ફેલાવ્યો છે.

# સાંતલપુરના વારાહી ખાતે ૧.૨૫ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૧૯

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના વારાહી પોલીસ મથકે એક કરોડ પચ્ચીસ લાખ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ પ્રવીણકુમાર છેલ્લા પાંચ વર્ષથી વારાહી ગંજબજારમાં જીરૂ, વરિયાળી અને ઈસબગુલનો વેપાર કરે છે. આરોપી અમરતભાઈ ચૌધરી ઊંઝા માર્કેટમાં એજન્ટ તરીકે કામ કરતા હોવાથી અને સમાન સમાજના હોવાથી બંને વચ્ચે પરિચય થયો હતો. જેને લઈ વિશ્વાસના આધારે પ્રવીણકુમારે ૨૦ માર્ચ, ૨૦૨૪થી ૧૩ જુલાઈ, ૨૦૨૪ દરમ્યાન અમરતભાઈને એજન્ટ તરીકે વેચાણ કરવા માટે જીરૂ, ઈસબગુલ અને સુવાનો માલ ગાડીઓ ભરીને મોકલ્યો હતો. આ સમયગાળામાં કુલ રૂા.૧૦,૩૪,૩૪,૩૬૦નો માલ વેચવામાં આવ્યો હતો. જેના વેચાણ પેટે રૂા. ૯,૦૯,૩૪,૩૬૦ ચૂકવી આપ્યા હતા, પરંતુ બાકી નીકળતી રૂા.૧,૨૫,૦૦,૦૦૦ની રકમ વારંવાર માગવા છતાં ચુકવી ન હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે અમરતભાઈ ચૌધરીએ ઊંઝા એપીએમસી માર્કેટની વિવિધ પેઢીઓમાં એજન્ટ તરીકે માલ વેચીને કમિશન અને માલની રકમ મેળવી લીધી હતી, પરંતુ મૂળ રકમ પ્રવીણકુમારને પહોંચાડી ન હતી. વારાહી પોલીસે આ મામલે ગુનો નોંધી પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.એન. પટેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# પાટણની પોક્સો કોર્ટે અપહરણ અને દુષ્કર્મ કેસના આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૯

પાટણની સ્પેશિયલ પોક્સો કોર્ટે સિદ્ધપુરના એક ગામની કિશોરીના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપી અનિલભાઈ ખોડાભાઈ ઠાકોરને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને ૫૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ કર્યો છે. આ ઉપરાંત, ભોગ બનેલી સગીરાને ૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા માટે પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને ભલામણ કરવામાં આવી છે. સરકારી કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સખ્ર કેદ અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે પોક્સો એક્ટની કલમ મુજબ ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

કેસની વિગતો અનુસાર, સિદ્ધપુર તાલુકાના એક ગામની ૧૭ વર્ષીય કિશોરી તા.૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાત્રે કુદરતી હાજતે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. તે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ કરી હતી, પરંતુ તે ન મળતા સિદ્ધપુર પોલીસ મથકે તેના અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આરોપી અનિલે કિશોરીને લગ્ન કરવા માટે ભાગી જવાનું કહ્યું હતું, જેના માટે કિશોરી સંમત થઈ હતી. ઘટનાની રાત્રે કિશોરી ઘરેથી નીકળ્યા બાદ બંને અનિલની રિક્ષામાં વિસનગરના એક ગામમાં અનિલના પિતાના મામાના ઘરે રોકાયા હતા. ત્યાં આરોપીએ કિશોરી સાથે છ વખત દુષ્કર્મ આચર્યું હતું. તા.૨ માર્ચ, ૨૦૨૪ના રોજ કિશોરી વિસનગરના તે ગામમાંથી મળી આવી હતી. તેણે પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, તેનો આરોપી અનિલ સાથે ઈન્સ્ટાગ્રામ પર પરિચય થયો હતો અને તેમને પ્રેમસંબંધ બંધાયો હતો. અનિલના સગાં આવતા અનિલ ડરીને કિશોરીને ત્યાં એકલી મૂકીને નાસી ગયો હતો. અનિલના સગાઓએ કિશોરીને સિદ્ધપુર પોલીસ મથકે રજૂ કરી હતી. કિશોરીએ તેના માતા-પિતા પાસે જવાનો ઈન્કાર કરતા તેને પાટણની ધારપુર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો હતો. કિશોરીના નિવેદનના આધારે આરોપી સામે પોક્સોની કલમો ઉમેરવામાં આવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આરોપીએ સગીરાની સંમતિથી સંબંધ બાંધ્યો હતો, પરંતુ સગીરાની સંમતિ કાયદેસરની નહોતી. ફરિયાદ પક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકા રહિત પૂરવાર કરવામાં સફળ રહ્યો છે.

# લુણાવાડામાં રમઝાન માસના પ્રારંભે મિશ્ર વાતાવરણનું અનુભવ

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા,તા.૧૯

તા-૧૮/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ પવિત્ર રમજાન માસનો ચાંદ દેખાઈ જતા મસ્જિદોમાં નમાઝ અને ખાસ તરાવીહ પઢવા માટે લઘુમતી વિસ્તારની જુમ્મા મસ્જિદ, અસ્તાના મસ્જિદ, હુશેની મસ્જિદ અને અન્ય તમામ મસ્જિદોમાં ભારે ભીડ જોવા મળી હતી. એક માસ ચાલનારા આ પવિત્ર રમજાન માસઝનો અનેરો મહિમા છે, જેમાં રોજા,નમાઝ,ઝકાત,ફીત્રો અને મુસ્લિમ સમાજનો પવિત્ર ગ્રંથ કુર્આન શરીફના પઠનમાં સમાજ વ્યસ્ત થઈ જાય છે.સમ્રગ મહીનામાં રોજા, નમાઝ જેવા નેક કામોની સાથે સાથે અલ્લાહની બંદગી કરવાની હોય છે. અસ્તગફાર અને ગરીબોની દેખભાળ વગેરે કામો કરવા માટે આ પવિત્ર રમઝાન માસનો ખાસ મહત્વ છે. આ રમઝાન માસના પવિત્ર દિવસની શરૂઆતમાં વહેલી સવારમાં સહેરી કરવાના સમય દરમિયાન વાતાવરણમાં ઠંડી જેવુ અને બપોરના સમયે ગરમી જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને રોજો છોડવાના સમયે પણ ઠંડી જેવુ વાતાવરણ નજરે પડી રહ્યુ છે.

સાડાબાર કલાકથી સાડા તેર કલાક જેટલો સમય રોજો રાખી સમગ્ર મુસ્લિમ બિરાદરો અલ્લાહની બંદગીમાં મશગુલ રહેશે. બજારોમાં પણ રોજ કરતાં વધારે ભીડ જોવા મળી રહી છે.

# રાજસ્થાન પોલીસે માવલ ચેકપોસ્ટ પર ૨૦૦ કિલો ગાંજો પકડ્યો

## ગુજરાતમાં ઘૂસતાં કન્ટેનરમાંથી એકની અટકાયત

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૯

રાજસ્થાન પોલીસે ગુજરાતમાં પ્રવેશતા પહેલા બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ નજીક આવેલી માવલ ચેકપોસ્ટ પરથી ૨૦૦ કિલો ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ માદક પદાર્થ એક કન્ટેનરમાંથી મળી આવ્યો હતો, અને પોલીસે કન્ટેનર ચાલકની અટકાયત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, માવલ ચેકપોસ્ટ પર પોલીસ કર્મચારીઓ નિયમિત વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલા એક કન્ટેનર પર શંકા જતાં તેને રોકવામાં આવ્યું હતું. કન્ટેનરની તલાશી લેતા પોલીસને તેમાં મોટા પ્રમાણમાં ગાંજો છુપાવેલો મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનરમાંથી મળી આવેલા ગાંજાનું વજન કરાવતા તે કુલ ૨૦૦ કિલો હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગાંજો ગુજરાતમાં સપ્લાય કરવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો. આ મામલે પોલીસે કન્ટેનર ચાલક દીપકકુમાર આહિર (રહે. બાલીછાપરા, બિહાર)ની અટકાયત કરી છે. તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ હવે ગાંજો સપ્લાય કરનાર અને ગુજરાતમાં ખરીદનાર મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે સઘન તપાસ કરી રહી છે.

# અમીરગઢનાં શિક્ષક દારૂ પીધેલી હાલતમાં ઝડપાતાં સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૯

અમીરગઢ તાલુકાની એક પ્રાથમિક શાળાનો એક શિક્ષકને દારૂના નશાની હાલતમાં ગ્રામજનોએ પકડી પાડ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ કાર્યવાહી કરીને શિક્ષકને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. અમીરગઢ તાલુકાની એક પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા રાજકુમાર રતિલાલ સોનેરા નામના શિક્ષકને દારૂના નશામાં ગ્રામજનોએ પકડી પાડ્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો ચર્ચામાં આવ્યો હતો. ઘટનાને ગંભીરતાથી લઈ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો.વિનુભાઈ પટેલે કાર્યવાહી કરી શિક્ષકને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે.

સાથે જ તેની અન્ય તાલુકામાં બદલી કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. શિક્ષક જેવા જવાબદાર પદ પર રહેલી વ્યક્તિ દારૂની હાલતમાં ઝડપાતા વાલીઓ અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# CETની ફાઈનલ આન્સર કી જાહેર - વિદ્યાર્થીઓને ૧ ગુણ ગ્રેસ અપાશે

## ફાઈનલ આન્સર કીમાં એક પ્રશ્નમાં ભુલ જણાતા ૫.૮૮ લાખ વિદ્યાર્થીઓને ગ્રેસનો નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

જ્ઞાનશક્તિ-રક્ષાશક્તિ જેવી પ્રોજેક્ટ સ્કૂલોમાં પ્રવેશ તથા જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ માટે સમગ્ર રાજ્યમાં લેવામાં આવેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં એક પ્રશ્નમાં ભુલ હોવાનું જણાતા તમામ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમમાં ૪ અને અંગ્રેજી માધ્યમમાં ૧ પ્રશ્નના જવાબમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા વિદ્યાર્થીએ જે પણ વિકલ્પ લખ્યો હશે તે સાચો ગણી ગુણ અપાશે.

રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના માટે CET આધારિત મેરિટ પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા CETનું જાહેરનામું બહાર પાડ્યા બાદ નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં સમગ્ર રાજ્યમાંથી કુલ ૭,૫૨,૭૬૯ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. ત્યારબાદ ૩૧ જાન્યુઆરીના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં આવેલા કુલ ૨,૯૬૪ પરીક્ષા કેન્દ્રોના ૨૬,૨૯૯ બ્લોકમાં CET લેવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૫,૮૭,૬૯૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે ૧,૬૫,૦૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ફાઈનલ આન્સર કી જાહેર કરી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલી ફાઈનલ આન્સર કી અનુસાર, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નપત્રમાં એક પ્રશ્નમાં ભુલ હોવાના પગલે તે પ્રશ્ન માટે તમામ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમના પ્રશ્નપત્રમાં ચાર પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પો સાચા હોવાનું જણાતા વિદ્યાર્થીએ ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે તેના ગુણ અપાશે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં પણ એક પ્રશ્નમાં ભુલ જણાતા તેના ગ્રેસ ગુણ આપવાનું નક્કી કરાયું છે. જ્યારે એક પ્રશ્નમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે તો વિદ્યાર્થીઓને ગુણ મળશે.

# હોમગાર્ડ જવાનોને પોલીસ જેવી નોકરીના લાભો આપી શકાય નહીં, પરંતુ લઘુત્તમ પે સ્કેલ આપવા હાઈકોર્ટની ભલામણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે હોમગાર્ડ જવાનોને પોલીસ કર્મચારીઓ સમાન સેવાકીય લાભો આપવાનો ઈન્કાર કર્યો છે, પરંતુ સાથે જ તેમના દૈનિક ભથ્થામાં સુધારો કરવા માટે રાજ્ય સરકારને મહત્વનું સૂચન કર્યું છે. જસ્ટિસ મૌલિક જે.શેલતની ખંડપીઠે આ મામલે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, જો હોમગાર્ડ જવાનોને મળતું દૈનિક ભથ્થું પોલીસ કર્મચારીઓના લઘુત્તમ વેતન કરતા ઓછું હોય, તો સરકારે આ બાબતે વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવો જોઈએ જેથી તેમને સમાન સ્તરે દૈનિક ભથ્થું મળી શકે. આ કેસની વિગતો મુજબ, વિવિધ અરજદારો દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી કે તેમની નિમણૂક બોમ્બે હોમગાર્ડ એક્ટ હેઠળ પોલીસ સત્તાધીશો દ્વારા જ કરવામાં આવી છે. આ નિમણૂક પૂર્વે તેઓએ પોલીસ ભરતીની જેમ જ શારીરિક અને લેખિત પરીક્ષાઓ પાસ કરી છે અને જરૂરી તાલીમ પણ મેળવી છે. હોમગાર્ડના જવાનો મહિનામાં અંદાજે ૨૭ દિવસ ફરજ બજાવે છે અને તેમની કામગીરીનું સ્વરૂપ પણ પોલીસ જેવું જ હોવાથી, તેઓને પોલીસ કર્મચારીઓ જેવો જ પગાર અને અન્ય સેવાકીય લાભો મળવા જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી. સામે પક્ષે રાજ્ય સરકાર દ્વારા આ દલીલોનો વિરોધ કરવામાં આવ્યો હતો. સરકારે રજૂઆત કરી હતી કે હોમગાર્ડ એ એક સ્વૈચ્છિક સંસ્થા છે અને તેની કામગીરી પોલીસ કર્મચારીઓ જેવી કાયમી કે સમાન નથી. હાઈકોર્ટે સરકારની દલીલો અને કાયદાકીય જોગવાઈઓને ગ્રાહ્ય રાખતા સ્પષ્ટ કર્યું કે, હોમગાર્ડ એક્ટ અને ગુજરાત પોલીસ એક્ટ મુજબ બંનેની ફરજો અને કાર્યો અલગ-અલગ છે. અદાલતે જણાવ્યું કે જ્યાં કામ અને ફરજ સમાન ન હોય ત્યાં 'સમાન કામ, સમાન વેતન'નો સિદ્ધાંત લાગુ કરી શકાય નહીં. કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે હોમગાર્ડના જવાનો કટોકટીના સમયે સેવા આપતા સ્વૈચ્છિક સભ્યો છે અને તેઓ તેમની ફ્રી સમયમાં અન્ય વ્યવસાય પણ કરી શકે છે. આથી તેમને બોર્ડર વિંગ હોમગાર્ડ્સની જેમ કાયમી ગણીને સમાન લાભો આપી શકાય નહીં. જોકે, માનવીય અભિગમ દાખવતા કોર્ટે રાજ્ય સરકારને તેમના દૈનિક ડ્યુટી એલાઉન્સ (DDA)ના દરોમાં સુધારો કરવા માટે નિર્દેશ આપ્યો છે, જેથી આ જવાનોને આર્થિક રીતે ન્યાય મળી રહે.

# મહીસાગર જિલ્લામાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ હેઠળ જિલ્લા એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ





(તસવીર : રિયાઝ કાજી, લુણાવાડા)

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા,તા.૧૯

મહીસાગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીની અધ્યક્ષતામાં અને 'સારથિ' સંસ્થા (ગોધર)ના પ્રમુખ નિર્મલા કુંવરબાની વિશેષ ઉપસ્થિતિમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અંતર્ગત જિલ્લા એડવાઈઝરી કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા અને જાતિ પરીક્ષણ વિરોધી કાયદાનું ચુસ્ત અમલીકરણ સુનિશ્ચિત કરવાનો હતો. બેઠક દરમિયાન જિલ્લામાં કાર્યરત સોનોગ્રાફી કેન્દ્રોની નોંધણી, ઓનલાઈન રિન્યુઅલ પ્રક્રિયા અને હોસ્પિટલોમાં ડૉક્ટરોની નિમણૂક કે ફેરફાર અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કમિટી સમક્ષ નવા નોંધાયેલા સોનોગ્રાફી મશીનો, સ્થળ ફેરફારની જોગવાઈઓ અને કાર્યરત કે બંધ થયેલી સંસ્થાઓની યાદી રજૂ કરી કાયદાકીય પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે નિયમોનું ઉલ્લંઘન કરનાર સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અંતમાં, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ જિલ્લાના વર્તમાન જાતિ પ્રમાણ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દીકરા-દીકરીના સમાન દરજ્જા અને જન્મેલા બાળકોના જાતિ પ્રમાણને સંતુલિત કરવા માટે કમિટીના સભ્યો પાસેથી રચનાત્મક સૂચનો માંગ્યા હતા. આ બેઠકમાં સંતરામપુર સ્ટેટ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. મધુલિકા મુખરજી, ડૉ. શૈલેષ પંચાલ, સહિત કમિટીના અન્ય સભ્યો અને આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# છત્તીસગઢ : આદિવાસી ખ્રિસ્તી મૃતદેહોના ઉત્ખનન અને ગામની બહાર પુનઃદફન કરવા સામે કોર્ટનો સ્ટે

## છત્તીસગઢમાં આદિવાસી ખ્રિસ્તીઓના મૃતદેહોને બળજબરીથી બહાર કાઢવા અને ગામની સીમાઓની બહાર દફનાવવા પર રોક લગાવવા માટે સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી, કોર્ટે એક નોટિસ જારી કરીને જણાવ્યું હતું કે, આ દરમિયાન દફનાવવામાં આવેલા મૃતદેહોને બહાર કાઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે બુધવારે (૧૮ ફેબ્રુઆરી) છત્તીસગઢમાં ગામડાની સીમાઓની બહાર આદિવાસી ખ્રિસ્તી મૃતદેહોના ઉત્ખનન અને સ્થળાંતરણ પર પ્રતિબંધ મૂકતો વચગાળાનો આદેશ પસાર કર્યો હતો. લાઈવ લૉના અહેવાલ મુજબ રાજ્યમાં આદિવાસી ખ્રિસ્તી મૃતદેહોના ઉત્ખનન અને પુનઃદફનને પડકારતી જાહેર હિતની અરજી (PIL) પર નોટિસ જારી કરતી વખતે ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચે આ આદેશ આપ્યો હતો. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કોલિન ગોન્સાલ્વિસે રાજ્યમાં આદિવાસી ખ્રિસ્તીઓના મૃતદેહોના ઉત્ખનન અને પુનઃદફનનો વિરોધ કર્યો હતો. વચગાળાની રાહત માંગતા તેમણે આરોપ લગાવ્યો હતો કે, રાજ્ય આ નિકાલને સમર્થન આપી રહ્યું છે. નોટિસ જારી કરીને કોર્ટે આદેશ આપ્યો હતો કે, 'આ દરમિયાન દફનાવવામાં આવેલા મૃતદેહોને બહાર કાઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં.' આ જાહેર હિતની અરજી બંધારણની કલમ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવી હતી. તેમાં દાવો કરવામાં આવ્યો છે કે, છત્તીસગઢમાં આદિવાસી ખ્રિસ્તીઓને અમુક વ્યક્તિઓ દ્વારા તેમના ગામોની સીમામાં તેમના મૃતદેહોને દફનાવવાથી બળજબરીથી અટકાવવામાં આવી રહ્યા છે, જ્યારે અન્ય સમુદાયોને તેમ કરવાની સ્વતંત્રતા છે. આ અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે,



અરજદારોના મૃતક સંબંધીઓના મૃતદેહોને તેમની જાણ વગર બળજબરીથી બહાર કાઢવામાં આવ્યા હતા અને ગામથી દૂર સ્થળોએ તેમને ફરીથી દફનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે, રમેશ બઘેલ વિરૂદ્ધ છત્તીસગઢ રાજ્ય કેસમાં સુપ્રીમ કોર્ટના વિભાજિત નિર્ણયનો ઉપયોગ છત્તીસગઢ પોલીસ દ્વારા આદિવાસી ખ્રિસ્તીઓને તેમના પોતાના ગામોમાં દફનાવવામાં આવતા અટકાવવા માટે કરવામાં આવી રહ્યો છે, એવી જગ્યાએ પણ જ્યાં કોઈ સ્થાનિક વિવાદ નથી. એ વાત જાણીતી છે કે, ગયા વર્ષે જાન્યુઆરીમાં સુપ્રીમ કોર્ટે છત્તીસગઢના એક ખ્રિસ્તી વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર રમેશ બઘેલ કેસમાં વિભાજિત નિર્ણય આપ્યો હતો. આ વ્યક્તિએ તેના પિતા જે એક પાદરી હતા, તેમના મૃતદેહને તેના મૂળ ગામ, છિંદવાડાના કબ્રસ્તાનમાં અથવા તેમની ખાનગી ખેતીની જમીન પર દફનાવવાની પરવાનગી માંગી હતી. ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ અપીલકર્તાને તેમની ખાનગી જમીન પર મૃતદેહને દફનાવવાની મંજૂરી આપી હતી, જ્યારે ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માએ જણાવ્યું હતું કે, દફનવિધિ ફક્ત ખ્રિસ્તીઓ માટે નિયુક્ત વિસ્તારમાં જ થઈ શકે છે, જે કરકપાલ ગામમાં સ્થિત છે (કથિત રીતે અપીલકર્તાના મૂળ ગામથી લગભગ ૨૦-૨૫ કિલોમીટર દૂર). આ પૃષ્ઠભૂમિ સામે, પીઆઈએલ એવી ઘોષણા માંગે છે કે ધર્મ, જાતિ અથવા એસસી/એસટી/ઓબીસી જોડાણને ધ્યાનમાં લીધા વિના, બધા વ્યક્તિઓને તેમના મૃતકોને તે ગામમાં દફનાવવાની સ્વતંત્રતા હોવી જોઈએ જ્યાં તેઓ રહે છે. તે રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને દરેક ગામમાં તમામ સમુદાયો માટે નિયુક્ત દફન સ્થળો નિયુક્ત કરવા અને ત્યાં દફનવિધિ કરવાની મંજૂરી આપવાનો નિર્દેશ પણ માંગ કરે છે. આ અરજીમાં પરંપરાગત દફનવિધિમાં દખલ અટકાવવા અને શક્ય હોય ત્યાં સુધી બધા સમુદાયો માટે એક સામાન્ય કબ્રસ્તાન સુનિશ્ચિત કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ જ ઘટનાક્રમમાં ૧૬ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજીને ફગાવી દીધી હતી જેમાં ગ્રામ સભાએ ગામના ચોક્કસ પ્રવેશદ્વારો પર હોર્ડિંગ્સ લગાવવાની કાર્યવાહીને સમર્થન આપ્યું હતું. આ હોર્ડિંગ્સ ખ્રિસ્તી પાદરીઓ અને ધર્માંતરિત ખ્રિસ્તીઓને ગામમાં પ્રવેશવાથી રોકતા હતા.

# યદાદ્રીમાં તોડફોડ કરાયેલી મસ્જિદના સમારકામમાં રાજેન્દ્ર મદદ કરે છે

## પ્રવાસ પછી અગ્રવાલે સમિતિને ચેક સોંપ્યો, જેમાં ક્ષતિગ્રસ્ત સીમા દિવાલ, દરવાજા અને માઇક્રોફોનના પુનઃનિર્માણ માટે સમર્થનનું વચન આપ્યું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

તેલંગાણાના યદાદ્રી ભુવનગિરીમાં જામા મસ્જિદમાં તોડફોડ થયાના થોડા દિવસો પછી સાંપ્રદાયિક સૌહાર્દના પ્રદર્શનમાં બુધવાર, ૧૮ ફેબ્રુઆરીના રોજ એક હિન્દુ વ્યક્તિએ તેનું સમારકામ કરવાની પહેલ કરી. રામા કંકસ્ટ્રક્શનના મેનેજિંગ ડિરેક્ટર રાજેન્દ્ર અગ્રવાલ તરીકે ઓળખાતા આ વ્યક્તિએ બોમ્મલરામરમ મંડળના જલાલપુર ગામમાં તોડફોડ પર નિરાશા વ્યક્ત કરી. તેમણે મજલિસ બચાવો તહરીક (MBT)ના પ્રવક્તા અમજદ ઉલ્લાહ ખાનનો સંપર્ક કર્યો અને મસ્જિદના સમારકામ માટે નાણાકીય સહાયની ઓફર કરી. અગ્રવાલ અને ખાન મસ્જિદની મુલાકાત લીધી અને મસ્જિદ સમિતિના પ્રમુખ મોહમ્મદ સલીમને મળ્યા. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોમાં ખાન અગ્રવાલને મસ્જિદનો પ્રવાસ કરાવતા અને પરિસ્થિતિ વિશે માહિતી આપતા જોવા મળ્યા. પ્રવાસ બાદ અગ્રવાલે સમિતિને ચેક સોંપ્યો, જેમાં ક્ષતિગ્રસ્ત સીમા દિવાલ, દરવાજા અને માઇક્રોફોનના પુનઃનિર્માણ માટે સમર્થનનું વચન આપ્યું. ઉદ્યોગપતિએ મસ્જિદ સમિતિને ખાતરી આપી કે જો વધારાના ભંડોળની જરૂર પડશે, તો તેઓ વધુ નાણાકીય સહાય કરશે. આ હાવભાવ પર પ્રતિક્રિયા આપતા ખાને કહ્યું, 'તેલંગાણામાં ભાઈચારો અને સંવાદિતાની સંયુક્ત સંસ્કૃતિ જીવંત છે.' તેમણે આગળ કહ્યું કે, આવા હાવભાવ દર્શાવે છે કે, તેલંગાણાના લોકો એકતા, શાંતિ અને પરસ્પર આદરમાં માને છે. એમબીટી પ્રવક્તાએ કહ્યું કે, અગ્રવાલના આ હાવભાવ ભારતને સાંપ્રદાયિક અને ધ્રુવીકરણ કરવાના પ્રયાસ કરનારાઓ પર થપ્પડ છે. તેમણે કહ્યું કે, જ્યારે કેટલાક અસામાજિક તત્ત્વો પૂજા સ્થળો પર હુમલો કરીને નફરત અને વિભાજન બનાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે અગ્રવાલ જેવા જવાબદાર નાગરિકો તેમના કાર્યો દ્વારા એકતા અને ભાઈચારાને મજબૂત બનાવી રહ્યા છે. ૧૫ ફેબ્રુઆરીએ અજાણ્યા લોકો દ્વારા મસ્જિદમાં તોડફોડ કરવામાં આવ્યા બાદ ઉદ્યોગપતિનું દાન આવ્યું છે. તોડફોડ ઉપરાંત



કુર્આનની નકલોનું પણ અપમાન કરવામાં આવ્યું હતું. ૧૮ ફેબ્રુઆરીના રોજ નમાજ પઢનારાઓ મસ્જિદની મુલાકાત લેતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. મસ્જિદ પરિસરમાં બીયરની બોટલો પણ મળી આવી હતી. કેટલાક વ્યક્તિઓ નમાઝ પઢવા માટે આવેલા સ્થળે ઘૂસી ગયા હતા, દીવાલો, બારીના કાચ, શૌચાલયના દરવાજા અને માઈક સિસ્ટમને નુકસાન પહોંચાડ્યું હતું. પરિસરમાં કુર્આનની અનેક નકલો વિખરાયેલી હતી. આ ઘટનાની નિંદા કરતા અમજદ ઉલ્લાહ ખાને માંગ કરી હતી કે, પોલીસ ફોજદારી કેસ દાખલ કરે અને વહેલી તકે સંપૂર્ણ તપાસ શરૂ કરે. Siasat.com સાથે વાત કરતા ખાને કહ્યું કે, સ્થાનિક હિન્દુઓ ૨૦૧૮માં પહેલી વાર મસ્જિદનું નિર્માણ થયું ત્યારથી સતત વાંધો ઉઠાવી રહ્યા છે. પડોશી ત્રણ ગામો - બંદાકડીપલ્લી, થુમુકુંટા અને જલાલપુર છે જેનો સાંપ્રદાયિક ઘટનાઓનો ઇતિહાસ છે. '૨૦૧૮ પહેલા આ ગામોમાં મુસ્લિમ સમુદાય પાસે નમાઝ પઢવા માટે જગ્યા નહોતી. તેઓએ બંદાકડીપલ્લી અને થુમુકુંટામાં મસ્જિદ બનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ સ્થાનિક હિન્દુઓએ સખત વાંધો ઉઠાવ્યો. ૨૦૧૮માં જલાલપુર ગામમાં જામા મસ્જિદ મસ્જિદ બનાવવામાં આવી હતી,' તેમણે કહ્યું. ખાને કહ્યું કે, તેના બાંધકામ પછી પણ મસ્જિદના અધિકારીઓ, ખાસ કરીને ઈમામ, સતત મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. 'ગયા વર્ષે મે મહિનામાં, એક જમાત (મંડળ) આવી હતી. સ્થાનિકોને આ વાત સારી ન લાગી અને તેમણે પોલીસ પર તેમને પાછા મોકલવા દબાણ કર્યું,' તેમણે આરોપ લગાવ્યો. 'આ લોકોએ દરેક બાબતમાં વાંધો છે. તેઓ લાઉડસ્પીકર પર અઝાન જાહેર થાય તેવું ઇચ્છતા નથી,' તેમણે કહ્યું. એમબીટી નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે, પોલીસે સંભવિત પુરાવાઓનો નાશ કર્યો છે જે તેમને ગુનેગારો સુધી પહોંચાડી શકે છે. Siasat.comએ બોમ્મલરામરમ પોલીસ સાથે વાત કરી, ત્યારે એક અધિકારીએ સાંપ્રદાયિક દૃષ્ટિકોણને ઓછો અંદાજ આપ્યો અને કહ્યું કે, પરિસરમાં ફક્ત બીયરની બોટલો ફેંકવામાં આવી હતી અને ત્યારથી મસ્જિદ 'સાફ કરવામાં આવી છે'. ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૩૧(૪) (ઘરમાં પ્રવેશ અથવા ઘર તોડવા માટે સજા), ૩૨૯(૪) (ગુનાહિત પ્રવેશ અથવા ઘરનો પ્રવેશ), ૨૯૮ (પૂજા સ્થળને નુકસાન પહોંચાડવું અથવા અપવિત્ર કરવું), ૩૨૪(૪) (દુષ્કર્મ) અને ૧૯૬ (ધર્મ, જાતિ, પૂજા સ્થળ વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળ અજાણ્યા વ્યક્તિઓ સામે પ્રથમ માહિતી અહેવાલ (FIR) નોંધવામાં આવ્યો છે.

# સુપ્રીમ કોર્ટે ચૂંટણીલક્ષી આસામમાં મતદાર યાદીના SIR માટેની અરજી પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો

## CJIએ કહ્યું કે, અંતિમ યાદી પ્રકાશિત થતાં અરજી નિષ્ક્રિય છે પરંતુ ચેતવણી આપે છે કે, ECI પાસે એકપક્ષીય રીતે વ્યક્તિઓને વિદેશી જાહેર કરવાનો કોઈ અધિકાર નથી

(એજન્સી) તા.૧૯

ગુરૂવારે સુપ્રીમ કોર્ટે ભારતીય ચૂંટણી પંચ (ECI)ને ચૂંટણીલક્ષી આસામમાં મતદાર યાદીનું ખાસ સઘન સંશોધન (SIR) કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL) પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, અંતિમ યાદીઓ પહેલાથી જ પ્રકાશિત થઈ ગઈ હોવાથી આ મામલો હવે ટકી રહ્યો નથી. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે ચૂંટણી પેનલ દ્વારા રજૂ કરાયેલી રજૂઆતની નોંધ લીધી કે આસામ માટે અંતિમ મતદાર યાદી ૧૦ ફેબ્રુઆરીના રોજ બહાર પાડવામાં આવી હતી. 'હવે કંઈ બચ્યું નથી,' CJIએ અવલોકન કર્યું અને અસરકારક રીતે મામલો બંધ કરી દીધો. મૃણાલકુમાર ચૌધરી દ્વારા દાખલ કરાયેલી PILએ ECIના આસામમાં અન્ય ઘણા રાજ્યોમાં હાથ ધરવામાં આવેલા વધુ કડક SIR કરતાં પ્રમાણભૂત વિશેષ સુધારણા (SR) હાથ ધરવાના નિર્ણયને પડકાર્યો હતો. અરજદારે ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ SRને આદેશ આપતા મતદાન પેનલના મેમોરેન્ડમને રદ કરવા અને તેના બદલે ૨૦૨૬ની આસામ વિધાનસભા ચૂંટણી પહેલા જૂન ૨૦૨૫માં બિહારમાં હાથ ધરાયેલા માપદંડો જેવા જ માપદંડો પર SIR ફરજિયાત કરવા માટે નિર્દેશ માંગ્યો હતો. અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ દલીલ કરી હતી કે, આસામને મતદાર યાદીઓની અખંડિતતા જાળવવા માટે વધુ સઘન સુધારાની જરૂર છે. તેમણે મતદાર યાદીમાં સમાવેશ માટે માન્ય દસ્તાવેજ તરીકે આધારને બાકાત રાખવાની પણ માંગ કરી હતી. જો કે, ECIનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ડી.એસ. નાયડુએ કોર્ટને જાણ કરી હતી કે, અંતિમ યાદીઓ પહેલાથી જ સૂચિત કરવામાં આવી છે, જેનાથી અરજી નિરર્થક બની ગઈ છે. હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરતી વખતે બેન્ચે મુદ્દાની સંવેદનશીલતા પર ભાર મૂક્યો. તેણે ભાર મૂક્યો કે, વર્તમાન કાયદાકીય અને ન્યાયિક માળખા હેઠળ, ECI પાસે વ્યક્તિઓને એકપક્ષીય રીતે વિદેશી જાહેર કરવાનો અધિકાર નથી. કોર્ટે નોંધ્યું કે નાગરિકતાનું નિર્ધારણ, વૈધાનિક કટ-ઓફ તારીખો દ્વારા સંચાલિત થાય છે અને વિશિષ્ટ વિદેશી ટ્રિબ્યુનલ દ્વારા નિર્ણય લેવામાં આવે છે. 'તમારે ખૂબ જ સંવેદનશીલ અને સાવચેત રહેવું પડશે,' CJIએ સુનાવણી દરમિયાન હંસારિયાને કહ્યું. આસામમાં SIRની માંગ પણ અગ્રણી વિપક્ષી નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવી છે, જેઓ દલીલ કરે છે કે, નાગરિકતા ચકાસણી સાથે રાજ્યના ભરચક ઈતિહાસને ધ્યાનમાં રાખીને મતદાર યાદીઓની વ્યાપક ચકાસણી જરૂરી છે. ૨૦૧૯માં અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ આસામના રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) કવાયતમાં ૧૯ લાખથી વધુ અરજદારોને બાકાત રાખવામાં આવ્યા હતા, જેના કારણે વ્યાપક કાનૂની લડાઈઓ, વહીવટી મૂંઝવણ અને મનસ્વી બાકાત રાખવાના આરોપો ઊભા થયા હતા. રાજ્યમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવાના હેતુથી આ પ્રક્રિયાને વ્યાપકપણે અસ્તવ્યસ્ત તરીકે વર્ણવવામાં આવી હતી, જેના કારણે ઘણા વાસ્તવિક રહેવાસીઓ મૂંઝવણમાં મૂકાયા હતા જ્યારે અસંગતતાઓ અને દસ્તાવેજીકરણ અવરોધો માટે પણ ટીકા થઈ હતી. ઘણા વિપક્ષી અવાજોએ દલીલ કરી છે કે, NRC અનુભવ અને કથિત 'ગેરકાયદેસર મતદારો' પર સતત ચિંતાઓને ધ્યાનમાં રાખીને, એક પ્રમાણભૂત SR અપૂરતી હોઈ શકે છે. તેમનો દાવો છે કે, ફક્ત SIR, જેમાં ઘરે-ઘરે ચકાસણી અને ઊંડી ચકાસણીનો સમાવેશ થાય છે, તે વિશ્વસનીયતા સુનિશ્ચિત કરશે અને વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર કાયદેસરતાની આસપાસ રાજકીય રીતે પ્રેરિત વાર્તાઓને અટકાવશે. જો કે, શાસક પક્ષે જણાવ્યું છે કે, કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું છે અને ECIને હાલના કાયદાકીય માળખામાં સુધારા કરવા માટે સત્તા આપવામાં આવી છે. SR કવાયતના સમાપન પછી, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે, આસામની મતદારોની સંખ્યામાં ૨.૪૩ લાખનો ઘટાડો થયો છે - આ ઘટનાક્રમ ચૂંટણી પહેલા રાજકીય ચર્ચાને વધુ તીવ્ર બનાવવાની શક્યતા છે.

# આસામ વિધાનસભા ચૂંટણી : કોંગ્રેસે ભાજપ સરકાર વિરુદ્ધ '૨૦ મુદ્દાની ચાર્જશીટ' જાહેર કરી; તેના પર 'બેફામ ભ્રષ્ટાચાર'નો આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગુરૂવારે ભાજપની આગેવાની હેઠળની આસામ સરકાર વિરુદ્ધ ૨૦ મુદ્દાની 'ચાર્જશીટ' જાહેર કરી, જેમાં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર ભ્રષ્ટાચાર અને લઘુમતીઓમાં ભય ફેલાવવા માટે રાજ્ય મશીનરીનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. ૧૨૬ સભ્યોની આસામ વિધાનસભાની આગામી ચૂંટણીઓ પહેલા ગુવાહાટીમાં આ ચાર્જશીટ રજૂ કરવામાં આવી. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, ભાજપ સરકારે તેના દાયકા લાંબા કાર્યકાળ દરમિયાન આપેલા મુખ્ય વચનો પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. ઉઠાવવામાં આવેલા મુદ્દાઓમાં પાર્ટીએ કહ્યું કે, સરકારે વચન મુજબ છ આદિવાસી સમુદાયોને અનુસૂચિત જનજાતિ (ST)નો દરજ્જો આપ્યો નથી. તેણે એવો પણ આરોપ લગાવ્યો કે, ભાજપ ચાના બગીચાના કામદારોના દૈનિક વેતનમાં ૩૫૧ રૂપિયાનો વધારો કરવામાં નિષ્ફળ રહી



છે. કોંગ્રેસે રાજ્ય સરકાર પર 'બેફામ ભ્રષ્ટાચાર'નો પણ આરોપ લગાવ્યો અને દાવો કર્યો કે, મુખ્યમંત્રી, તેમના કેટલાક નજીકના મંત્રીઓ અને તેમના પરિવારના સભ્યોએ 'ગેરકાયદેસર રીતે સંપત્તિ એકઠી કરી છે.' ચાર્જશીટમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે, સરકારે 'બુલડોઝર ન્યાય' કર્યો છે અને લઘુમતીઓને નિશાન બનાવીને પસંદગીયુક્ત રીતે હાંકી કાઢ્યા છે, એમ સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર. આસામ ચૂંટણી માટે કોંગ્રેસ સ્ક્રીનિંગ કમિટીના અધ્યક્ષ પ્રિયંકા ગાંધી, પાર્ટીના ઉમેદવારોની યાદીને અંતિમ સ્વરૂપ આપવા માટે રાજ્યના બે દિવસના પ્રવાસે છે. એરપોર્ટ પર તેમનું સ્વાગત આસામ કોંગ્રેસના પ્રમુખ ગૌરવ ગોગોઈ અને અન્ય વરિષ્ઠ નેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પહોંચ્યા પછી તરત જ તેમણે નીલાચલ હિલ્સની ટોચ પર આવેલા પૂજનીય કામાખ્યા મંદિરમાં પૂજા કરવા માટે મુલાકાત લીધી. 'મેં મા કામાખ્યાના આશીર્વાદ લીધા અને મંદિરમાં પ્રાર્થના કર્યા પછી મને ખૂબ સારૂં લાગી રહ્યું છે,' તેમણે પત્રકારોને જણાવ્યું. પાર્ટીની તૈયારીઓ વિશે બોલતા ગાંધીએ કહ્યું કે, ટિકિટ વિતરણ કરતા પહેલા તેઓ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને વ્યક્તિગત રીતે મળશે અને પ્રતિસાદ એકત્રિત કરશે. 'હું દરેકને મળી રહી છું અને તેમના સૂચનો અને પ્રતિભાવો લઈ રહી છું. અમે બે દિવસ સુધી આ જ કરીશું, શક્ય તેટલા લોકોને વ્યક્તિગત રીતે મળવાનો પ્રયાસ કરીશું. સ્ક્રીનિંગ કમિટીના સભ્યો દરેક જિલ્લામાં જઈ રહ્યા છે. તેઓ પ્રતિભાવ લેશે અને પછી તેનું મૂલ્યાંકન કરશે. અમારા પ્રયાસો ટિકિટોનું સારી રીતે વિતરણ કરવાનો અને મજબૂતીથી ચૂંટણી લડવાનો છે,' તેણીએ કહ્યું. ગઠબંધનની વાટાઘાટો વિશે પૂછવામાં આવતા તેણીએ કહ્યું કે, લોકોએ 'રાહ જુઓ અને જુઓ શું થાય છે.' આ દરમિયાન સીએમ સરમાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્યમાં સત્તામાં પાછો આવશે. ગુવાહાટીમાં ભાજપની 'બૂથ વિજય સંકલ્પ સભા'ને સંબોધતા સરમાએ આસામમાં વિકાસ પહેલ પર પ્રકાશ પાડ્યો, જેમાં ગોહપુર અને નુમાલીગઢને જોડતી બ્રહ્મપુત્ર નદીમાં તાજેતરમાં મંજૂર કરાયેલ પાણીની અંદરની ટનલનો સમાવેશ થાય છે. તેમણે તેને 'આસામ માટે એક અકલ્પનીય ભેટ' તરીકે વર્ણવ્યું. 'આ વખતે આપણે રેકોર્ડ બનાવીને જીતીશું. આપણે જે ઈચ્છીએ છીએ તે વડાપ્રધાને આસામને આપ્યું. જે આપણે કલ્પના પણ કરી શકતા નથી, વડાપ્રધાને આસામને અકલ્પનીય ભેટ આપી છે,' સરમાએ કહ્યું.

# તરનતારનમાં લગ્ન સમારંભમાં AAP સરપંચની ગોળી મારીને હત્યા, આ વર્ષે શાસક પક્ષના કાર્યકર્તા પર આવો ત્રીજો હુમલો

## પંજાબ પોલીસે દિવસના અજાણ્યા ગોળીબારના કલાકો પછી SHO અને DSPને સસ્પેન્ડ કર્યા; વિપક્ષ કોંગ્રેસ અને અકાલી દળે કાયદો અને વ્યવસ્થા 'અરાજકતા' પર AAP સરકાર પર પ્રહારો કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પંજાબના તરનતારન જિલ્લામાં બુધવારે એક લગ્ન સમારંભમાં બે અજાણ્યા હુમલાખોરો દ્વારા આમ આદમી પાર્ટી (AAP)ના સરપંચની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેનાથી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સંભાળવા બદલ ભગવંત માન સરકારની નવી ટીકા થઈ હતી. થિયાન મહંતા ગામના સરપંચ ૪૦ વર્ષીય હરબરિન્દર સિંહને બપોરે ૩ વાગ્યાની આસપાસ લગ્ન સમારંભમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે તરનતારન-હરિકે રોડ પર ગોળી મારી દેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે તેમનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ મોત થયું હતું. બાઈક સવાર-હુમલાખોરોનો પીછો કરવાનો પ્રયાસ કરનાર અન્ય એક વ્યક્તિ ક્રોસફાયરમાં ઘાયલ થયો હતો અને તેની સારવાર કરવામાં આવી રહી છે. તેની હાલત સ્થિર છે. હત્યાના કલાકો પછી, પંજાબના પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે બે અધિકારીઓ - સારાહલી પોલીસ સ્ટેશનના SHO ગુરવિંદર સિંહ અને પટ્ટીના નાયબ પોલીસ અધિક્ષક (તરનતારન) જગબીર સિંહને 'પૂરતા નિવારક પોલીસ પગલાંના અભાવ' બદલ સસ્પેન્ડ કર્યા, એક પોલીસ પ્રવક્તાએ જણાવ્યું. મુખ્યમંત્રી ભગવંત માનએ નાયબ પોલીસ મહાનિરીક્ષક (ફિરોઝપુર રેન્જ) સ્નેહદીપ શર્મા અને તરનતારન વરિષ્ઠ પોલીસ અધિક્ષક (SSP) સુરેન્દ્ર લાંબાને તપાસ 'વ્યક્તિગત રીતે દેખરેખ' રાખવા નિર્દેશ આપ્યો છે, એમ પ્રવક્તાએ જણાવ્યું. આ હત્યા આ વર્ષે AAPના પદાધિકારી પર ત્રીજો સીધો જીવલેણ હુમલો છે. આ મહિનાની શરૂઆતમાં, પાર્ટીના પદાધિકારી સતવિંદર પાલ સિંહ, જે લકી ઓબેરોય તરીકે જાણીતા છે, તેમની જલંધરમાં એક ગુરુદ્વારાની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગયા મહિને, તરનતારનના વલતોહા સંધુન ગામના ભૂતપૂર્વ સરપંચ જર્મલ સિંહની અમૃતસરમાં એક લગ્નમાં હાજરી આપતી વખતે એક હુમલાખોર દ્વારા નજીકથી હત્યા કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર વ્યાપકપણે ફરતા થયેલા ગોળીબારના એક વીડિયોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે જાહેર ચર્ચા જગાવી હતી. ત્યારબાદ અમૃતસર પોલીસે તે કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમાં ડીજીપી યાદવે હત્યા માટે બ્રાઝિલ સ્થિત ગેંગસ્ટર પ્રભદીપ સિંહ ઉર્ફે પ્રભ દાસુવાલને જવાબદાર ગણાવ્યા હતા, જેની કથિત રીતે ભૂતપૂર્વ સરપંચ સાથે લાંબા સમયથી દુશ્મની હતી અને તેણે અગાઉ પણ તેને નિશાન બનાવ્યો હતો. બુધવારની હત્યા અંગે, ડીઆઈજી સ્નેહદીપ શર્માએ વ્યક્તિગત દુશ્મનાવટને સૌથી સંભવિત કારણ તરીકે દર્શાવ્યું હતું. 'પીડિતાએ ક્યારેય કોઈ વ્યક્તિ તરફથી કોઈ ખંડણી કે ધમકીની ફરિયાદ કરી ન હતી. પરિવારે પણ ગુનામાં આવા કોઈ ખૂણાનો ખુલાસો કર્યો નથી, અને પ્રથમ દૃષ્ટિએ તે વ્યક્તિગત દુશ્મનાવટ કે બદલાના ખૂણાને કારણે થયું હોય તેવું લાગે છે,' શર્માએ ધ પ્રિન્ટને જણાવ્યું. કોંગ્રેસ નેતાએ ઉમેર્યું: ''પંજાબ આ લોહિયાળ 'બદલાવ' માટે ભારે કિંમત ચૂકવી રહ્યું છે,'' છછ દ્વારા તેના વિકાસ એજન્ડાનો ઉલ્લેખ કરવા માટે ઉપયોગમાં લેવાતા શબ્દનો ઉલ્લેખ કરતા. શિરોમણી અકાલી દળ (SAD)ના પ્રમુખ સુખબીર સિંહ બાદલે પણ માન સરકાર પર નિશાન સાધતા દાવો કર્યો કે ગયા મહિને ૨૫ હત્યાઓ નોંધાઈ હતી અને ફેબ્રુઆરી સુધી હત્યાઓ ચાલુ રહી છે. ''કોઈ પણ જગ્યા સુરક્ષિત નથી - લગ્ન મહેલો, કોર્ટ, મંદિરો, ગુરુદ્વારા, કોલેજો - કંઈ નથી! આ અરાજકતા છે, શાસન નથી. ભગવંત માનને વધુ એક દિવસ પણ ખુરશી પર રહેવાનો અધિકાર નથી,'' તેમણે કહ્યું. વિપક્ષની ટીકા અંગે પૂછવામાં આવતા, AAP પ્રવક્તા બલતેજ પન્નુએ ગુરુવારે જણાવ્યું હતું કે પંજાબ પોલીસે પહેલાથી જ ભૂલ કરનારા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી છે. 'વિપક્ષ કાયદો અને વ્યવસ્થા અંગે અવાજ ઉઠાવી શકે છે, પરંતુ ગુંડાઓ સામે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરનાર ફક્ત AAP સરકાર જ છે,' પન્નુએ ધ પ્રિન્ટને જણાવ્યું. તેઓ રાજ્યના 'ગંગસ્ત્રન તે વાર' અભિયાનનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે આ વર્ષે ગુનાહિત સિન્ડિકેટ અને તેમના નેટવર્ક પર કાર્યવાહી કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. AAP ૨૦૨૨થી રાજ્યમાં સત્તામાં છે.

# કેનેડાએ કુશળ ઈમિગ્રેશન સિસ્ટમને વધુ તીવ્ર બનાવી, ૨૦૨૬ માટે નવી એક્સપ્રેસ એન્ટ્રી કેટેગરીઝનું અનાવરણ કર્યું

(એજન્સી) તા.૧૯

કેનેડાના ઈમિગ્રેશન મંત્રી - લેના મેટલેજ ડાયબે, ગઈકાલે રાત્રે ૨૦૨૬ માટે નવી એક્સપ્રેસ એન્ટ્રી ઈમિગ્રેશન કેટેગરીઝની જાહેરાત કરી. દીવાલ પર લખાણ સ્પષ્ટ છે : 'મજબૂત ભવિષ્યના નિર્માણમાં મદદ કરવા માટે યોગ્ય લોકોને લાવવા' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં ઈમિગ્રેશન નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે, એક્સપ્રેસ એન્ટ્રી ડ્રો (કુશળ અરજદારોને કાયમી રહેઠાણ મેળવવા માટે પોઈન્ટ-આધારિત માર્ગ) 'કેટેગરી-આધારિત' ડ્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ફ્રાન્કોફોન ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપવા પર કેનેડાના સતત ભાર સાથે, આ વર્ષે ઘણા ફ્રેન્ચ-ભાષા પ્રાવીણ્ય ડ્રો પણ યોજાવાની શક્યતા છે. કેનેડિયન કાર્ય અનુભવ ધરાવતા વિદેશી તબીબી ડોક્ટરો માટે પ્રથમ એક્સપ્રેસ એન્ટ્રી કેટેગરી ડ્રો આગામી દિવસોમાં યોજાશે. ડાયબે કેનેડિયન અનુભવ ધરાવતા સંશોધકો અને વરિષ્ઠ મેનેજરો, પાઈલોટ્સ અને એરક્રાફ્ટ મિકેનિક્સ જેવા પરિવહન ક્ષેત્રના કામદારો અને વિશિષ્ટ ભૂમિકાઓ (જેમ કે ડોક્ટરો, નર્સો અને પાઈલોટ્સ) માટે કુશળ વિદેશી લશ્કરી ભરતીઓ માટે લક્ષિત એક્સપ્રેસ એન્ટ્રી પાથવે ઉમેરવાની પણ જાહેરાત કરી. 'કાયમી નિવાસ માટે સ્પષ્ટ માર્ગ પ્રદાન કરીને, અમે નવીનતા અને વૃદ્ધિને આગળ વધારવા માટેના વ્યાપક ફેડરલ પ્રયાસોને સમર્થન આપી રહ્યા છીએ, જેમાં ડિસેમ્બરમાં ઈનોવેશન, સાયન્સ અને ઈકોનોમિક ડેવલપમેન્ટ કેનેડા દ્વારા વિશ્વના અગ્રણી સંશોધકોને કેનેડામાં આકર્ષવા માટે જાહેર કરાયેલ ૧.૭ અબજ ડૉલર પહેલનો સમાવેશ થાય છે,' ડાયબે જણાવ્યું. તે જ સમયે ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC), મજબૂત ફ્રેન્ચ-ભાષા કૌશલ્ય ધરાવતા ઉમેદવારો અને આરોગ્યસંભાળ અને સામાજિક સેવાઓ વ્યવસાયો (જેમ કે નર્સ પ્રેક્ટિશનર્સ, ડેન્ટિસ્ટ, ફાર્માસિસ્ટ, મનોવૈજ્ઞાનિકો અને કાયરોપ્રેક્ટર) અને સુથાર, પ્લમ્બર અને મશીનિસ્ટ અને STEM-સંબંધિત વ્યવસાયો જેવા કુશળ 'વેપાર' ધરાવતા ઉમેદવારો માટે શ્રેણી-આધારિત ડ્રો ચાલુ રાખશે. 'અમે શિક્ષણ વ્યવસાયોને સમર્થન આપીશું : વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત. STEM શ્રેણીઓમાં એન્જિનિયરો અને સાયબર સુરક્ષા નિષ્ણાતોનો સમાવેશ થાય છે. આવતીકાલનું અર્થતંત્ર નવીનતા અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી તકનીકો દ્વારા સંચાલિત થશે. આ ઉદ્યોગોનો વિકાસ ભવિષ્ય માટે નોકરીઓ અને તકોનું સર્જન કરે છે,' મંત્રીએ કહ્યું. ટેક ક્ષેત્રના ભારતીય ઉમેદવારો માટે, STEM ક્ષેત્રમાં ઉમેદવારોને સતત પ્રોત્સાહન એ સારા સમાચાર છે, જો કે, ઈમિગ્રેશન નિષ્ણાતો ઝડપથી નિર્દેશ કરે છે કે, રસોઈયા હવે 'વેપાર' શ્રેણીમાં આવતા નથી.

જો કે, ૨૦૨૫માં સપ્ટેમ્બરમાં ફક્ત એક જ 'વેપાર' વ્યવસાય ડ્રો યોજાયો હતો. વધુમાં ભારતના ઘણા રસોઈયા કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ ડ્રો હેઠળ સફળ થયા છે. માર્ગ હતો: કેનેડામાં હોસ્પિટાલિટી સ્ટ્રીમમાં અભ્યાસ કરવો, પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પ્રોગ્રામ હેઠળ રસોઈયા તરીકે કામ કરવું, એક વર્ષનો અનુભવ મેળવવો અને CEC ડ્રો માટે લાયક બનવા માટે લાયક બનવું. આ વિકલ્પ ખુલ્લો રહે છે પરંતુ આજે આવા ડ્રો ઉચ્ચ કટ-ઓફ સ્કોર્સને આધીન છે. સુધારેલા નિયમો હેઠળ, વ્યવસાયિક શ્રેણીઓ માટે લઘુત્તમ કાર્ય-અનુભવની જરૂરિયાત છેલ્લા ત્રણ વર્ષમાં વધારીને એક વર્ષ કરવામાં આવી છે, જે અગાઉના છ મહિનાની જરૂરિયાત કરતાં વધુ હતી, જો કે, અનુભવ હવે સતત રહેવાની જરૂર નથી. ડાયબે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'પ્રતિભાને આકર્ષવા માટે IRCCનો પ્રયાસ અમારી સરકારની આંતરરાષ્ટ્રીય પ્રતિભા આકર્ષણ વ્યૂહરચનાનો એક ભાગ છે. અમે યોગ્ય લોકો અમને શોધવાની રાહ જોઈ રહ્યા નથી. અમે આપણા દેશને જરૂરી લોકોની ભરતી કરવા, તેમને કેનેડિયન નોકરીદાતાઓ સાથે જોડવા અને તેમના કારકિર્દી અને જીવન બનાવવા માટે કેનેડા વિશ્વનું શ્રેષ્ઠ સ્થળ કેમ છે તે પ્રકાશિત કરવા માટે વિશ્વમાં જઈ રહ્યા છીએ.' 'નોકરીદાતાઓ તેમના માટે અસરકારક રીતે કાર્ય કરતા એક્સપ્રેસ એન્ટ્રી પ્રોગ્રામ સાથે આત્મવિશ્વાસ સાથે યોજના બનાવી શકે છે, ભાડે રાખી શકે છે અને રોકાણ કરી શકે છે,' તેણીએ ઉમેર્યું. આ જાહેરાત ત્યારે આવી છે જ્યારે કેનેડા થોડા વર્ષો પહેલા ઉચ્ચ પ્રવાહ પછી ઈમિગ્રેશન સ્તરને ફરીથી માપાંકિત કરે છે, જ્યારે આનાથી શ્રમની અછતને દૂર કરવામાં મદદ મળી - ખાસ કરીને રોગચાળા દરમિયાન - તેણે આવાસ, માળખાગત સુવિધાઓ અને સામાજિક સેવાઓ પર પણ દબાણ ઉમેર્યું. ત્યારથી સરકારે સિસ્ટમને સ્થિર કરવા અને ઈમિગ્રન્ટ્સના પ્રવેશને ઘટાડવા માટે આગળ વધ્યું છે. ૧ જાન્યુઆરીથી કેનેડાએ તેનો સ્ટાર્ટ-અપ વિઝા પ્રોગ્રામ સ્થગિત કરી દીધો હતો. જ્યારે તેના વિશે પૂછવામાં આવ્યું ત્યારે ડાયબે ઉલ્લેખ કર્યો કે, આગળ વધીને તે કેવી રીતે કાર્ય કરવું જોઈએ તે નક્કી કરવા માટે પરામર્શ ચાલુ છે.

# ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે ટ્રમ્પની તમામ શરતો નામંજૂર, ૫૦ ફાઈટર જેટ અને યુદ્ધ જહાજ તૈનાત

(એજન્સી) જીનીવા, તા.૧૯

જીનીવામાં ચાલી રહેલી અમેરિકા અને ઈરાન વચ્ચેની પરમાણુ વાટાઘાટો અંગે એક ઈઝરાયેલી અધિકારીએ મહત્ત્વપૂર્ણ દાવો કર્યો છે. તેમના જણાવ્યા મુજબ અમેરિકા આ વાટાઘાટોને નિરર્થક માને છે અને હવે યુદ્ધને એકમાત્ર વિકલ્પ તરીકે જુએ છે. અધિકારીએ દાવો કર્યો કે, અમેરિકાએ ઈઝરાયેલને સ્પષ્ટ રીતે જાણ કરી છે કે, ઈરાન સાથેની ચર્ચાઓથી કોઈ પરિણામ નીકળવાનું નથી. ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા માટે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોમાં રાહત માંગી રહ્યું છે. ઈરાને દાવો કર્યો છે કે, તેણે તેહરાનના પરમાણુ કાર્યક્રમ સંબંધિત વિવાદ ઉકેલવા માટે અમેરિકા સાથે કેટલાક મુખ્ય 'માર્ગદર્શક સિદ્ધાંતો' પર સહમતિ મેળવી છે. તેમ છતાં યુદ્ધનો ભય હજુ પણ યથાવત્ છે. જીનીવામાં થયેલી પરોક્ષ વાટાઘાટો બાદ અમેરિકાએ જણાવ્યું હતું કે, ચર્ચામાં પ્રગતિ થઈ છે. બીજી તરફ, ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે, હજી પણ ઘણું કામ બાકી છે. આ વચ્ચે અમેરિકા મધ્ય-પૂર્વમાં પોતાની લશ્કરી હાજરી વધારી રહ્યું છે, જે વિસ્તારમાં તણાવને વધુ ગંભીર બનાવે છે. વાટાઘાટોમાં મધ્યસ્થી તરીકે કાર્ય કરી રહેલા ઓમાનના વિદેશપ્રધાન બદ્ર અલ્બુસૈદીએ જણાવ્યું હતું કે, ચર્ચાઓ સામાન્ય લક્ષ્યો અને મુખ્ય તકનિકી મુદ્દાઓ ઓળખવામાં સારી પ્રગતિ સાથે પૂર્ણ થઈ છે. તેમ છતાં ઈઝરાયેલી અધિકારીના તાજેતરના નિવેદનોએ વાટાઘાટો નિષ્ફળ જવાની શક્યતા વધારી છે.

ઈઝરાયેલી અધિકારીનો મુખ્ય દાવો એ હતો કે, અમેરિકા માને છે કે, ઈરાન સાથેની વાટાઘાટો અર્થહીન છે અને યુદ્ધ એકમાત્ર વિકલ્પ બચ્યો છે. અધિકારીએ જણાવ્યું કે, જીનીવામાં ઈરાન અને અમેરિકા વચ્ચે તેમની શરતો દર્શાવતા દસ્તાવેજોની આપ-લે કરવામાં આવી હતી પરંતુ ઈરાન અમેરિકાની કોઈ પણ વાત સાંભળવા તૈયાર નથી. અધિકારીએ વધુમાં કહ્યું કે, ઈરાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કોઈપણ શરતો સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. ગયા મહિને ઈરાનમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન ટ્રમ્પે વારંવાર ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી હતી. અમેરિકા સતત ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમને છોડી દેવાની ચેતવણી આપી રહ્યું છે અને ગંભીર પરિણામોની વાત કરી રહ્યું છે. ઈરાને વાટાઘાટોમાં કેટલીક મુખ્ય શરતો મૂકી છે. ઈરાનનું કહેવું છે કે, જો અમેરિકા તેના પરના આર્થિક પ્રતિબંધો હટાવે તો જ તે તેના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા તૈયાર થશે. હાલની સ્થિતિમાં અમેરિકા, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતો તણાવ સમગ્ર મધ્ય-પૂર્વ માટે ચિંતાજનક બન્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સે મધ્ય-પૂર્વમાં અચાનક તેની લશ્કરી હાજરીનો વિસ્તાર કર્યો છે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૦થી વધુ ફાઈટર જેટ તૈનાત કર્યા છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને ઈરાન વચ્ચે નવી રાજદ્વારી વાટાઘાટો વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. યુએસ અધિકારીઓના મતે આ તૈનાતીનો હેતુ પ્રદેશમાં હવાઈ અને નૌકાદળ શક્તિને મજબૂત બનાવવાનો છે. ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા અને લશ્કરી ઉડ્ડયન મોનિટર અનુસાર, F-22s, F-35s અને F-16s જેવા અદ્યતન ફાઈટર જેટ મધ્ય-પૂર્વ તરફ આગળ વધતા જોવા મળ્યા છે. તેમની સાથે ઘણા હવાઈ રિફ્યુઅલિંગ ટેન્કરો પણ મોકલવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે, યુએસ સૈન્ય લાંબા લશ્કરી કાર્યવાહી માટે તૈયારી કરી રહ્યું છે.

**માહે રમઝાન : ૨**



**વક્તે ઇફતાર**
**સાંજના : ૬:૪૧**
**ખત્મે સહરી**
**સવારના : ૫:૪૩**


પૂરા પરિવાર માટે રેડીમેઇડ તથા કાપડની વિશાળ રેન્જ
સાકરવાલા જંકશન
દરિયાપુર, અમદાવાદ
મો. : ૭૬૦૦૦ ૭૪૪૯૭


## રમઝાન આપણામાં પરિવર્તન લાવે છે

વર્ષ દરમ્યાન દરેક મહિનામાં ઓછામાં ઓછો એક તહેવાર તો અવશ્ય આવે છે અને તેથી તે દિવસે કાંઈ નહીં તો સ્વાદિષ્ટ ભોજન બનાવવામાં આવે છે. પરંતુ રમઝાન એવો મહિનો છે કે, તેમાં ત્રીસે ત્રીસ દિવસોએ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ, ખર્ચાળ અને ભારે (પચવામાં તેમજ પૈસામાં) ખોરાક રાંધવામાં આવે છે, જેમ કે. કસ્ટર્ડ, ફાલુદો, મિઠાઈઓ, જાત જાતના કબાબ, સમોસા, વિવિધ પ્રકારના વડા, ગોટા ભજીયા, અનેક જાતના પુલાવ, બિરયાની, મુતેફર, મુતંજન, ફળફળાદી વગેરે ન ગણી શકાય તેટલા વ્યંજનો (ભોજન) અમીર તેમજ ગરીબ, તમામ ઘરોમાં લગભગ ઉપલબ્ધ છે. જાણે કે આ તહેવાર (આખો મહિનો) વિવિધ પ્રકારના ભોજનો બનાવવાનો અને આરોગવાનો ના બનાવવાનો? ખરી રીત તો રમઝાનમાં ખોરાકની સંખ્યા (ત્રણ ટાઈમને બદલે બે ટાઈમ) અને માત્ર (ચાર રોટલીને બદલે બે રોટલી) ઘટાડવી જોઈએ તેમજ સહેલાઈથી પચી જાય તેવો ખોરાક લેવો જોઈએ. આ પરકારનો ખોરાક લેવાથી માનવીની નિંદ્રા ઓછી થઈ જાય છે અને આળસનું તો નામોનિશાન મટી જાય છે. રોઝદાર આ મહિનામાં ખાસ કરીને સામાન્ય રીતે નીચે પ્રમાણેના ચાર પ્રકારના કામો કરે છે.

(૧) તે વ્યસનો, અસત્ય અને નિર્લજ વાણી અને વર્તન વગેરેથી બચવા પ્રયત્નશીલ રહે છે.

(૨) તે આખા મહિનામાં સત્ય અને ભલાઈના કામોનું આયોજન કરે છે.

(૩) પોતાની જાત સાથે સાથે બીજાઓની ચિંતા કરે છે એટલું જ નહીં પરંતુ પોતાની શક્ત અનુસાર ગરીબોને મદદ કરે છે.

(૪) પોતાના સર્જક અને કુલ મુખત્યાર સર્વોપરિ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા તનતોડ મહેનત કરે છે.

જો રોઝદાર મિતાહારી બની જાય એટલે કે પ્રમાણસર જરૂર પ્રમાણે યોગ્ય ભોજન લે અને ખર્ચમાં ઘટાડો કરે તો તે ઉપરોક્ત ચારે ચાર કાર્યો સરળતા અને સફળતાપૂર્વક કરી શકે. કરકસરના કારણે બચાવેલી રકમ લોકોના કલ્યાણ માટે ખર્ચી શકે અને રમઝાન મહિનામાં આ કલ્યાણના કામોનો સવાબ સિત્તેર ગણો વધી જાય છે.

રમઝાન જો આપણામાં પરિવર્તન ન લાવે તો સમજવું કે રમઝાનમાં આપણે કરેલ મહેનત અને કોશિશ આપણા માથે પડી છે. જો આપણે થોડી સંભાવના રાખી, અમલ કરી એને તો રમઝાનના રોઝા તો આપણને ક્યાંથી ક્યાં લઈ જાય. તે ઉપરાંત તે ખૂબ જ ઉચ્ચ પ્રકારનું જીવન જીવવાની જડીબુટ્ટી આપી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો રમઝાનમાં વ્યસનો છૂટી જાય છે. શરીરમાં સ્ફૂર્તિ આવે છે. શરીરના કેટલાય રોગો મટી જાય છે. દિમાગ અને દિલમાં ખરાબ કૃત્યોથી દૂર રહેવાનું વલણ કેળવાય છે અને તે રોઝદારને એક સાચા માનવી તરીકે જીવન જીવવા માટેની સાચી રાહ મળી જાય છે. અને જો આપણે એ મેળવેલ સીધા અને સાચા માર્ગ (સિરાતે મુસ્તકિમ) પર કાયમ થઈ જઈએ તો દીન અને દુનિયા બંને સરળતાથી પ્રાપ્ત કરી લઈએ. (આમીન.) આવી રીતે રમઝાન રોઝદારમાં સાચું પરિવર્તન લાવે છે.

### ગુજરાત સરકાર રાજ્યમાં UCC લાગુ કરવા ઉતાવળી બની હોય તેમ

# રાજ્યમાં UCC મુદ્દે રચાયેલી સમિતિ દ્વારા અંતિમ તારણો તૈયાર : દિલ્હીની બેઠકમાં મંતવ્યો-ચર્ચાયા

### નાગરિકો-સંસ્થા-સંગઠનો સાથે સૂચનો લઈ ચર્ચા કરાયાની વાત સામે ઊઠી રહેલા સવાલો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકાર રાજ્યમાં આગામી સમયમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) લાગુ કરવા તરફ ગંભીરતાથી આગળ વધી રહી છે. જેના ભાગરૂપે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (Uniform Civil Code - UCC)ના અમલીકરણ માટે સરકાર દ્વારા રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત UCCના ડ્રાફ્ટની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં UCCના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે. આ બેઠકમાં સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, સમિતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. અગાઉ મેળવવામાં આવેલા નાગરિકોના સૂચનો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનો સાથેની ચર્ચાઓ બાદ તૈયાર કરવામાં આવેલા અંતિમ તારણો અંગે સમિતિના સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સમિતિ દ્વારા નાગરિકો વગેરેના સૂચનો લેવા તથા સંસ્થા સંગઠનો સાથે ચર્ચાઓ કરાયાની વાત કરાઈ છે ત્યારે એવી તે ઘણી મહત્ત્વપૂર્ણ સંસ્થા-સંગઠન વ્યક્તિઓ છે. જે યુસીસી બોલાવે કે સૂચનો માંગે તેની રાહ જોઈ રહ્યા છે. પરંતુ તેઓ આ બધી વિધિથી અજાણ રહ્યા અને સમિતિએ તેના અંતિમ તારણો તેયાર પણ કરી નાખ્યા છે. ત્યારે તેને લઈને આ સંસ્થા-સંગઠનો દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. જેને લઈને આગામી સમયમાં વિવાદ ઊભો થાય તેવી શકયતાઓ જણાઈ રહી છે. આ બેઠકમાં સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત IAS અધિકારી સી. એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

### ભવનાથ તળેટીમાં વિવાદો શાંત થવાનું નામ નથી લઈ રહ્યા !

# રુદ્રેશ્વર જાગીર આશ્રમના મહંત અને અગ્રણી સંત ઈન્દ્રભારતી બાપુ સામે ગંભીર આક્ષેપો કરતી પત્રિકા વાયરલ

### રુદ્રેશ્વર જાગીરમાં જે સંચાલન છે એ એપસ્ટિનની ફાઈલ ખૂલી એના કરતાં પણ વધારે શોભાયમાન નથી : અમરગિરિ બાપુના ઈન્દ્રભારતી બાપુ પર આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

જૂનાગઢના ભવનાથ તળેટીમાં વિવાદો શાંત થવાનું નામ નથી લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલે મૃગીકુંડમાં સ્નાન કરવાના વિવાદે જોર પકડ્યું છે, ત્યાં જ રુદ્રેશ્વર જાગીર આશ્રમના મહંત અને અગ્રણી સંત ઈન્દ્રભારતી બાપુ સામે ગંભીર આક્ષેપો કરતી એક પત્રિકા સોશિયલ મીડિયામાં વાયુવેગે વાઈરલ થઈ રહી છે. નોંધનીય છે કે, આ પત્રિકા કીર્તિ પટેલના વિવાદ પહેલા વાઈરલ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પત્રિકામાં બાપુના અંગત જીવન અને તેમના ભૂતકાળને લઈને આક્ષેપો કરવામાં આવ્યા છે. જેણે સનાતન ધર્મના અનુયાયીઓમાં ચર્ચા જગાવી મુકી છે. તો બીજી તરફ પત્રિકા વિવાદ વચ્ચે ગઈકાલે ભાલકા તીર્થ નજીક શ્રી નિરાલી ખોડિયા ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર બજરંગદાસ બાપુના ગંભીર આક્ષેપોને સમર્થન આપતા અમરગિરી બાપુએ પણ ઈન્દ્રભારતી બાપુ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, રૂદ્રેશ્વર જાગીરમાં જે સંચાલન છે એ એપસ્ટિનની ફાઈલ ખુલી એના કરતા પણ વધારે શોભાયમાન નથી. જે વિવાદ ચાલી રહ્યો છે તે કોઈ સાધુને શોભે નહીં' અમરગિરી બાપુએ શિવરાત્રિ મેળા દરમિયાન મૃગીકુંડમાં ગૃહસ્થ વ્યક્તિઓના સ્નાનને લઈને ચાલી રહેલા વિવાદ પર પોતાનું મંતવ્ય આપ્યું હતું. તેમણે આ બાબતે બજરંગદાસ બાપુના નિવેદનને સમર્થન આપતા કહ્યું હતું કે, અત્યારે જે પ્રકારનો વિવાદ ચાલી રહ્યો છે તે કોઈપણ સાધુને શોભે નહીં. સાધુ સમાજે મર્યાદા જાળવવી જોઈએ તેવી ટકોર પણ તેમણે કહી હતી. બાપુએ કલેક્ટર, પ્રાંત અધિકારી અને મામલતદારને વિનંતી કરી છે કે, ભવનાથ મંદિર અને અંબાજી મંદિરના મહંત તરીકેના નિમણૂક ઓર્ડર વહેલી તકે જારી કરવામાં આવે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ નિમણૂક પ્રક્રિયા જેટલી જલદી પૂર્ણ થાય તેટલું ભવનાથના હિતમાં છે. મહંત અમરગિરી બાપુએ ઈન્દ્રભારતી બાપુ સામે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, તેઓ તેમનાથી ડરતા નથી. ભારતી બાપુના બે આશ્રમ છે. જેમાં વિશ્વંભર ભારતી આશ્રમ અને રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ. રૂદ્રેશ્વર જાગીરમાં જે સંચાલન છે એ એપસ્ટિનની ફાઈલ ખુલી એના કરતા પણ વધારે શોભાયમાન નથી. તેમણે આક્ષેપ કર્યો કે આશ્રમના ગેટ બંધ રાખવાની બાબત વ્યાજબી નથી. સૌથી ચોંકાવનારો આક્ષેપ કરતા અમરગિરી બાપુએ જણાવ્યું કે, ભવનાથને પચાવી પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે અને અમારા ગુરુભાઈ રમેશગીરી બાપુ હતા તેમની હત્યા પાછળ એમનો હાથ છે. તેમણે સરકારને વિનંતી કરી છે કે આવા 'ગુંડા તત્વો' સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને જેઓ સાધુના વેશમાં રહીને કુકર્મ કરે છે તેમના કપડાં ઉતરાવવા જોઈએ.

### ધારાસભ્ય હેમંત ખવા ટ્રેક્ટર ચલાવીને વિધાનસભા પહોંચતા અટકાવાયા

# ગુજરાત વિધાનસભામાં ''આપ'' દ્વારા સતત દેખાવો જારી : ટ્રેક્ટર લઈને વિરોધ પ્રદર્શન

### રાજ્યની ૫૨ ટકા વસ્તી ગામડામાં હોવા છતાં બજેટમાં ભેદભાવ કરાયાના આક્ષેપો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા ૧૮મી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટને 'ગામડા વિરોધી' ગણાવી આજે આમ આદમી પાર્ટી દ્વારા સચિવાલય ખાતે દેખાવો કરવામાં આવ્યા હતા. જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા સવારે ટ્રેક્ટર ચલાવીને વિધાનસભા પહોંચતા રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.



વિધાનસભા બહાર બેનરો સાથે દેખાવ કરતા હેમંત ખવાએ સરકાર પર આંકડાકીય ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'રાજ્યમાં ૫૨ ટકા વસ્તી ગામડાઓમાં વસે છે, છતાં તેમને માત્ર ૧૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જ્યારે તેની સામે ૪૮ ટકા શહેરી વસ્તી માટે ૩૩,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરીને સરકારે ગામડાઓ સાથે અન્યાય કર્યો છે.' AAPના મતે આ બજેટ માત્ર ઉદ્યોગપતિઓ અને શહેરી વિકાસને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયું છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ સરકારના બજેટને આકરા શબ્દોમાં વખોડ્યું હતું. તેમણે જણાવ્યું કે, 'આ બજેટમાં ખેડૂતો, બેરોજગાર યુવાનો અને મધ્યમ વર્ગના લોકો માટે કોઈ નક્કર જોગવાઈ નથી. સરકારે જે 'અમૃતકાળ'ના બજેટની વાત કરી છે તે સામાન્ય માણસ માટે માત્ર નિરાશા લઈને આવ્યું છે.' અત્રે ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય હેમંત ખવા જ્યારે ટ્રેક્ટર લઈને વિધાનસભા પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પોલીસ અને સુરક્ષાકર્મીઓ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા. આપના કાર્યકરોએ 'ખેડૂત વિરોધી આ સરકાર'ના નારા લગાવી બજેટમાં સુધારો કરવાની માંગ કરી હતી.

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના સંચાલકોની બેદરકારી ?

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોયા બાદ બાળકોને ઘેટાં-બકરાંની જેમ રિક્ષામાં ભરીને લઈ જવાયા !

## વીડિયો વાયરલ થતાં લોકોમાં રોષ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

બુધવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને નેધરલેન્ડ વચ્ચે મેચ યોજાઈ હતી. ત્યારે શહેરના બાપુનગર વિસ્તારમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના સંચાલકોની માનવતા અને નિયમોને નેવે મૂકતી એક ઘટના સામે આવી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ક્રિકેટ મેચ બતાવવા ગયેલા માસૂમ બાળકોને પરત લાવતી વખતે રિક્ષાઓમાં ખીચોખીચ ભરીને તેમના જીવ જોખમમાં મૂકવામાં આવ્યા હતા.

૧૮ ફેબ્રુઆરીએ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓના બાળકોને શૈક્ષણિક પ્રવાસ અને મનોરંજનના ભાગરૂપે ક્રિકેટ મેચ બતાવવા માટે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ લઈ જવામાં આવ્યા હતા. મેચ પૂર્ણ થયા બાદ પરત ફરતી વખતે. એક જ રિક્ષામાં ક્ષમતા કરતા અનેકગણા વધારે બાળકોને ખીચોખીચ ભરવામાં આવ્યા હતા. રિક્ષાની બહાર લટકતા અને એકબીજા પર દબાયેલા બાળકોના દ્રશ્યોએ રસ્તા પરથી પસાર થતા લોકોમાં ફફડાટ ફેલાવ્યો હતો. જવાબદાર શિક્ષકો અને શાળાના સંચાલકોની હાજરી હોવા છતાં બાળકોને આવી રીતે મુસાફરી કરાવાઈ હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વીડિયો વાઈરલ થયો છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. લોકોનો આરોપ છે કે શિક્ષણ સમિતિ બાળકોની સુરક્ષાને લઈને આટલી બેદરકાર કેવી રીતે હોઈ શકે? જો રસ્તામાં કોઈ નાની-મોટી દુર્ઘટના સર્જાઈ હોત, તો તેની જવાબદારી કોની હોત? ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે શાળાના વાહનોમાં સુરક્ષા અને ઓવરલોડિંગને લઈને કડક નિયમો બનાવ્યા છે, ત્યારે સરકારી સંચાલિત શાળાઓ જ આ નિયમોનું ઉલ્લંઘન કરે તે ગંભીર બાબત છે.

### રાજ્યમાં ઘોડે ચઢવા-વરઘોડા મુદ્દે અત્યાચારને લઈ દલિત સમાજ લાલઘૂમ

# દલિત સમાજ તરફથી કોન્સ્ટેબલે કર્યો પડકાર, ૧૧ હાથી પર વરઘોડો નીકળશે, તાકાત છે અને કરીશું

### દલિત સમાજની વ્યક્તિ ઘોડે ચડે તો જેને તકલીફ પડે છે તેને ચેલેન્જ કરૂં છું : પો.કોન્સ્ટેબલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં દલિતોને ઘોડા પર બેસવા સામે થઈ રહેલા અત્યાચારને લઈ હવે રોષે ભરાયેલો દલિત સમાજ પણ જાગ્રત થઈ ગયો છે. એમાં પણ અમદાવાદના પોલીસ કોન્સ્ટેબલ કેતન પરમારે ગામડાંમાં પણ આ મુદ્દે જવા માટે તૈયારી દર્શાવતા છે. કહ્યું હતું કે, અમે પણ માણસ છીએ, તમે ઘોડે ચઢો તો અમારે નહીં ચઢવાનું ? હું કોઈ સમાજના વિરૂદ્ધમાં પણ નથી. આવતા સમૂહલગ્નમાં ૧૧ હાથી પર વરઘોડિયાને બેસાડીશું. ચેલેન્જ કરૂં છું તાકાત છે અને કરીશ.

અમદાવાદ શહેરના બાપુનગરમાં તાજેતરમાં યોજાયેલા સમૂહલગ્નમાં શહેરના રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કેતન પરમાર નામના પોલીસ કોન્સ્ટેબલે સ્ટેજ પરથી ભાષણ આપ્યું હતું, જેમાં તેમણે ઘોડીએ ચઢવાના થઈ રહેલા વિરોધનો મુદ્દો ઉઠાવતાં કહ્યું હતું કે આપણે કોઈ સમાજ વિરૂદ્ધ બોલવા નથી માગતા, પરંતુ આપણે બધા પણ માણસ છીએ, તમે ઘોડે ચઢો તો અમારે નહીં ચઢવાનું ?.

તમે થોડા સમય પહેલાં એક ગામનો વીડિયો જોયો હશે. આપણે કોઈ સમાજને નથી કહેતા પણ અમુક વ્યક્તિ આપણા સમાજની વ્યક્તિ ઘોડા પર ચડે તો એ તલવાર લઈને નીકળી જાય છે. અરે યાર૫ ઘોડો તેનો, શૂટ તેનો, બેન્ડવાજાના પૈસા એના તો તને શું તકલીફ પડે છે. આપણે કોઈને ચેલેન્જ નથી આપતા, આવો આ સમૂહ લગ્નના ૧૧ વરઘોડિયાને રોકીને જોઈ લો. પરંતુ તમારે શું કામ એ બધું કરવું છે. એ એની રીતે લગ્ન કરે, તું તારી રીતે કર, તું ૧૦ ઘોડા લાવને... કોણ રોકે છે ?

આપણે માંડ માંડ થોડા સ્ટેબલ થયા છીએ એ પણ નથી ગમતું. થોડા ઘણા એજ્યુકેશનમાં થોડા આગળ ગયા છે, એ પણ નથી પસંદ. અમે તમને રોકતા નથી, અમને તમે શું કરવા રોકો છો. અમે અમારી લાઈફ અમારી રીતે જીવીએ છીએ. ઘોડા શું, હાથી મંગાવીશું. તેમ જણાવાતા તેમણે વધુમાં ઉમેર્યું કે, જે લોકોને તકલીફ છે ને ભાઈ લાઈવ લઈ લેજો. આ તો જે લોકોને તકલીફ છે તેમને કહુ છું. નેક્સ્ટ સમૂહલગ્નમાં અમારા ૧૧ હાથી પર વરઘોડિયા બેસાડીશું, તાકાત છે અને કરીશું હજુ પણ કહું છું. કોઈ સમાજ માટે આ શબ્દ નથી, ફક્ત જાતિવાદી માનસિકતા ધરાવતા અમુક લોકો માટે છે. આ ટીમના ફાઉન્ડર તરીકે ચેલેન્જ કરૂં છું. કરીશ કરીશ ને કરીશ જ.

ઉલ્લેખનીય છે કે, શહેરના બાપુનગર વિસ્તારમાં ભીમરાવ વાંચનાલય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૪ વર્ષથી સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સમૂહલગ્ન યોજાયાં હતાં. આ સમૂહલગ્નમાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સહિત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

### ચિરાગ ગોટીના આતંકનો વધુ એક વીડિયો વાયરલ

# સુરતમાં કુખ્યાત ચિરાગ ગોટીનું ૪૮ કલાકમાં બીજીવાર રિકન્સ્ટ્રક્શન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સુરતમાં કુખ્યાત ચિરાગ ગોટીના આતંકના એક બાદ એક વીડિયો સામે આવ્યા બાદ ફરિયાદનો સિલસિલો ચાલુ થયો છે. ટ્રાવેલર્સ પાસેથી ઉછીના લીધેલા રૂા.૧૮.૭૫ લાખ પરત આપવાને બદલે તે ચાઉં કરી રિવોલ્વરની અણીએ ધમકી આપી પાંચ હજાર પડાવી લેનાર માથાભારે ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંત ગોટીની સરથાણા પોલીસે ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આજે બંને ભાઈઓને દોરડાંથી બાંધીને જે ઘરમાં ઘૂસી માથે પિસ્તોલ મૂકી ધમકી આપી ત્યાં લઈ જવાયો હતો. સુરત પોલીસે છેલ્લા ૪૮ કલાકમાં બીજીવાર ચિરાગ ગોટીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ સમયે જ સોશિયલ મીડિયામાં જે વીડિયો ખૂબ વાઈરલ થઈ રહ્યો છે કે જેમાં ચિરાગ ગોટી એક યુવકને ઊંધો સુવડાવી લાકડીથી ઢોરમાર મારી રહ્યો છે, તે ભોગ બનનાર પાર્થ

#### ગોટી સામે ફરિયાદ નોંધાવાનો સિલસિલો યથાવત્

મિયાણી સામે આવ્યો હતો. ચિરાગના રિકન્સ્ટ્રક્શન સમયે હાજર રહ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાગીદારની કારમાં ડ્રગ્સ મૂકી તેને ફસાવી દેનાર નિંગાળાના ચિરાગ ગોટી દ્વારા લોકો પર અત્યાચારના વીડિયો સામે આવ્યા બાદ તેના વિરૂદ્ધ નોંધાવવા લાગેલી લાઈન વચ્ચે ઉત્રાણ, વીઆઈપી સર્કલ પાસે સિલ્વર પેલેસમાં રહેતા મુકેશ જીણાભાઈ ગજેરા (ઉં.વ.૪૮, મૂળ ધારગણી, ધારી, અમરેલી) એ ગત શુક્રવારે સરથાણા પોલીસ મથકે ચિરાગ અને તેના ભાઈ નિરાંત તથા સાગરિત યુવરાજ જાધવ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

૨૦૨૧માં કોરોના કાળ બાદ ચિરાગ ગોટી અને યુવરાજ જાદવ નાણાંની જરૂરિયાત હોવાથી આ ટ્રાવેલર્સ પાસે આવ્યા હતા અને ચિરાગ ગોટીએ ૧૮.૭૫ લાખ તો યુવરાજે ૧ લાખ ઉછીના લીધા હતા. અઠવાડિયામાં નાણાં પરત કરવાનો વાયદો કર્યા બાદ બંનેએ પોત પ્રકાશ્યું હતું. ચિરાગ ગોટી, નિરાંત અને યુવરાજે કારમાં મુકેશ ગજેરાના ઘરે ધસી જઈ રિવોલ્વર તાકી'' આ કોઈની સગી નહિ થાય'' એમ કહી ધાકધમકી આપી રૂપિયા ૫ હજાર પડાવી લીધા હતા.

સરથાણા પોલીસે આ મામલે ગોટીબંધુઓનો જેલમાંથી કબજો મેળવી ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રિમાન્ડ માગતાં કોર્ટે બંનેને એક દિવસના રિમાન્ડ આપ્યા હતા. આજે ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંત ગોટીને દોરડાંથી બાંધીને યોગીચોક વિસ્તારમાં આવેલી તુલસી દર્શન સોસાયટી ખાતે લઈ જવામાં આવ્યા હતા અને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. એ દરમિયાન મોટી સંખ્યામાં લોકો પણ હાજર રહ્યા હતા. એમાં એક રૂમમાં ગાદલા પર ઊંધો સુવડાવી યુવકને માર મારવામાં આવ્યો હતો.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટમાં લેવાયો નિર્ણય

# ગુજરાત મેરીટાઈમ બોર્ડ-પાણી પુરવઠા બોર્ડ સહિતના બોર્ડ-નિગમોને જમીન ફાળવાઈ

### વિવિધ પ્રોજેક્ટ્સ માટેની ૨૩ દરખાસ્તોને કેબિનેટે આપી મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ માટે મુખ્યમંત્રીએ જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને મંજૂરી આપી છે.

આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીત વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પાણી પુરવઠા બોર્ડ, જેટકો (JETCO), ગુજરાત પાવર કોર્પોરેશન અને મેરીટાઈમ બોર્ડ જેવા સંસ્થાનોને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો. મીટર જમીન ફાળવવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવાનો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જે તે સંસ્થાઓને ફાળવવામાં આવેલી આ જમીનો પર આગામી સમયમાં મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ કાર્યરત થશે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે. સૌથી વધુ ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧,૨૦,૬૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડને વિવિધ ૧૪ સ્થળોએ આશરે ૧,૩૬,૨૯૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જ્યારે, જેટકો (JETCO)ને રાજ્યમાં વીજ માળખું મજબૂત કરવા માટે કુલ ૭ સ્થળોએ અંદાજે ૩૧,૦૧૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત મેરીટાઈમ બોર્ડને પણ મહુવાના કતપર ખાતે બંદર વિકાસ માટે ૨૫,૭૯૫ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે. જેમાં પાણી પુરવઠા બોર્ડને તાપી, મોરબી, ગીર સોમનાથ, છોટા ઉદેપુર, કચ્છ, વલસાડ, અમદાવાદ, રાજકોટ અને બોટાદમાં જ્યારે, જેટકોને ગીર સોમનાથ, છોટા ઉદેપુર, પોરબંદર, વલસાડ, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જમીનની ફાળવણી કરવામાં આવી છે. આ જમીન ફાળવણીથી રાજ્યમાં પીવાના પાણીની સુવિધા તેમજ વીજ પુરવઠાની ક્ષમતા વધશે. તદુપરાંત, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ ગુજરાત નવી ઊંચાઈઓ સર કરશે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS